સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 15
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ ચૈત્ર વદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૧૩ એપ્રિલ, ૨૦૨૫, (૧૮ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# પ. બંગાળના મુર્શીદાબાદમાં સતત બીજા દિવસે વક્ફનો હિંસક વિરોધ

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 86,400/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
WE BUY OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

કોલકાતા: મુસ્લિમ બહુમતી ધરાવતા મુર્શીદાબાદ જિલ્લામાં થયેલા હિંસક વિરોધ પ્રદર્શન વચ્ચે પ. બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ શનિવારે કહ્યું હતું કે વક્ફ એમેન્ડમેન્ટ ઍક્ટ પશ્ચિમ બંગાળમાં અમલી નહીં બને.

જિલ્લામાં શુક્રવારે શરૂ થયેલા હિંસક વિરોધપ્રદર્શનને મામલે અત્યાર સુધીમાં ૧૧૮ જણની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે કહ્યું હતું.

મુર્શીદાબાદના શમશેરગંજમાં બપોરના હિંસક ભીડે એક ગામ પર હુમલો કરી પિતા-પુત્રની હત્યા કરી હતી.

સોશિયલ મીડિયા પરની પૉસ્ટમાં મમતાએ લખ્યું હતું કે અમે એવો કોઈ કાયદો નથી બનાવ્યો જેને કારણે અનેક લોકો ઉશ્કેરાયા છે.

આ કાયદો કેન્દ્ર સરકારે ઘડી કાઢ્યો છે અને એટલે જ આ મામલે તમને કોઈ જવાબ જોઈતો હોય તો તે તમારે કેન્દ્ર સરકાર પાસે માગવો જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

આ મામલે અમે અમારી સ્થિતિ સ્પષ્ટ કરી દીધી છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે અમે આ કાયદાને ટેકો નથી આપતા અને અમારા રાજ્યમાં આ કાયદાનો અમલ નહીં થાય. રાજ્યમાં જે રમખાણો થઈ રહ્યાં છે તે શેના માટે છે એવો સવાલ તેમણે કર્યો હતો.

મુર્શીદાબાદના શમશેરગંજના ધુલિયા (જુઓ પાનું ૨) ▸▸

## મુર્શીદાબાદના શમશેરગંજમાં હિંસક ટોળાએ પિતા-પુત્રની હત્યા કરી





**હિંસક પ્રદર્શન:** વક્ફ ઍક્ટને મામલે પશ્ચિમ બંગાળના મુર્શીદાબાદ જિલ્લાના જાંગીપુર વિસ્તારમાં હિંસક પ્રદર્શન બાદ તૂટેલાં ફર્નિચરો અને આગમાં બળીને ખાક થયેલી બસના અવશેષો જોવા મળ્યા હતા. (એજન્સી)

## મહેબૂબાએ વક્ફ કાયદાના વિરોધ બદલ બંગાળ, તમિળનાડુ, કર્ણાટકનો આભાર માન્યો

શ્રીનગર: પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી)નાં વડાં મહેબૂબા મુફ્તીએ શનિવારે પશ્ચિમ બંગાળ, તમિળનાડુ અને કર્ણાટકના મુખ્ય પ્રધાનનો વક્ફ સુધારા કાયદા સામે "હિંમતવાન અને સૈદ્ધાંતિક વલણ" બદલ આભાર માન્યો હતો.

મુફ્તીએ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજી, તમિળનાડુના એમ કે સ્ટાલિન અને કર્ણાટકના સિદ્ધારમૈયાને સમાન પત્રો લખ્યા હતા.

માઈક્રોબ્લોગિંગ સાઈટ એક્સ પર એક પોસ્ટમાં મુફ્તીએ કહ્યું કે, "મેં ત્રણેને પત્ર લખીને વક્ફ સુધારા બિલ સામેના તેમના હિંમતવાન અને સૈદ્ધાંતિક વલણ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. આજના ભારતમાં જ્યાં કોઈપણ પ્રકારની અસંમતિ વધુને વધુ ગુનાહિત બની રહી છે, તેમનો સ્પષ્ટ અવાજ તાજી હવાના શ્વાસ તરીકે આવે છે." "દેશનો એકમાત્ર મુસ્લિમ બહુમતી ધરાવતો પ્રદેશ - જમ્મુ અને કાશ્મીરના રહેવાસીઓ તરીકે, અમને આ અંધકારમય અને પડકારજનક સમયમાં તમારા અડગ વલણમાં આશ્વાસન અને પ્રેરણા મળે છે." મુફ્તીએ તેના એક્સ હેન્ડલ પર પત્રોની નકલો પણ પોસ્ટ કરી હતી.

એણે લખ્યું હતું કે એક દાયકાથી વધુ સમયથી, ભારતે બહુમતી અને વિવિધતાના તેના મૂળ મૂલ્યોને જોખમમાં મૂકતા વધતા બહુમતીવાદી પ્રવાહનો સામનો કર્યો છે. જ્યારે મોટાભાગના નાગરિકો આ કાર્યસૂચિને નકારે છે. ■

દક્ષિણ ભારત માટે ભાજપનો મોટો દાવ

## એઆઈએડીએમકે સાથે 'ગઠબંધન' કર્યું

ચેન્નઈ: દક્ષિણ ભારતમાં ભારતીય જનતા પાર્ટી વધુ મજબૂત બનવા માટે આજે સૌથી મોટો નિર્ણય લીધો હતો. દક્ષિણ ભારતમાં મજબૂત ગણાતી પાર્ટી એઆઈએડીએમકે સાથે ગઠબંધન કરીને સૌને ચોંકાવ્યા છે. તમિળનાડુના ૨૦૨૬માં વિધાનસભા ચૂંટણીનો જંગ જીતવા માટે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ તમિળનાડુના મુખ્ય વિપક્ષી પાર્ટી એઆઈએડીએમકે સાથે ગઠબંધન કર્યું છે. બંને પક્ષો આગામી વર્ષે રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન એડપ્પાદી કે પલાનીસ્વામી ઇપીએસના નેતૃત્વમાં રાજ્ય વિધાનસભાની ચૂંટણી સાથે મળીને લડશે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે ચેન્નઈમાં એક સંયુક્ત પત્રકાર પરિષદમાં આ ગઠબંધનની જાહેરાત કરી હતી.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે (જુઓ પાનું ૨) ▸▸

## એનએસઈએ નોંધાવ્યો મોટો રેકોર્ડ

### રોકાણકારોનાં ખાતાઓનો આંકડો બાવીસ કરોડને પાર

મુંબઇ: નેશનલ સ્ટોક એક્સચેન્જ એનએસઇ એ નાણાકીય વર્ષ ૨૦૨૫ના એપ્રિલ મહિનામાં એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે, જ્યારે રોકાણકારોના કુલ ખાતાઓ એટલે કે યુનિક ક્લાયન્ટ કોડ્સ યુસીસીની સંખ્યા ૨૨ કરોડને પાર પહોંચી ગઈ છે. સૌથી ખાસ વાત એ રહી છે કે ઓક્ટોબર ૨૦૨૪ માં ૨૦ કરોડના આંકડાને પાર કર્યા પછી માત્ર છ મહિનામાં જ કંપનીએ આ મહત્ત્વપૂર્ણ વૃદ્ધિ હાંસલ કરવામાં સફળતા મેળવી છે. સાથે જ ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીમાં યુનિક રજિસ્ટર્ડ રોકાણકારોની સંખ્યા ૧૧.૩ કરોડ નોંધાઈ છે, જે ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ ૧૧ કરોડના આંકડાને પાર કરી ચૂકી હતી.

એક રોકાણકારના અનેક બ્રોકર્સ સાથે ખાતા હોઈ શકે છે, જેના કારણે તેના નામે એકથી વધુ ક્લાયન્ટ કોડ હોઈ શકે છે. જો રાજ્યોની વાત કરીએ, તો રોકાણકારોના ખાતાઓની સંખ્યાના મામલે મહારાષ્ટ્ર સૌથી આગળ છે, જ્યાં કુલ ૩.૮ કરોડ ખાતાઓ છે. તેના પછી ઉત્તર પ્રદેશનું નામ આવે છે, જ્યાં ૨.૪ કરોડ, ગુજરાતમાં ૧.૯ કરોડ અને રાજસ્થાન અને પશ્ચિમ બંગાળ બન્નેમાં ૧.૩ કરોડ રોકાણકારોના (જુઓ પાનું ૨) ▸▸

ટૅરિફ વોર વચ્ચે ભારતને વધુ એક ઝટકો!

## મૂડીઝે ભારતના જીડીપી વૃદ્ધિ દરનો અંદાજ ઘટાડ્યો

નવી દિલ્હી: અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે નવી ટૅરિફ પોલિસી લાગુ કરીને વૈશ્વિક અર્થતંત્રમાં ખળભળાટ મચાવી દીધો છે, જો કે ભારત સહિત કેટલાક દેશોને ટૅરિફમાંથી રાહત આપવામાં આવી પણ વૈશ્વિક વેપારમાં હજુ અનિશ્ચિતતા છે. જેને કારણે ભારતને ઉદ્યોગોને માઠી અસર થવાની ભીતિ છે. આર્થિક વિકાસના મોરચે ભારતને મોટો ઝટકો લાગ્યો છે. ફાઈનાન્સિયલ સર્વિસ આપતી પ્રતિષ્ઠિત કંપની મૂડીઝ એનાલિટિક્સે કેલેન્ડર વર્ષ ૨૦૨૫ માટે ભારતના કુલ સ્થાનિક ઉત્પાદન જીડીપી વૃદ્ધિનો અંદાજ ૩૦ બેસિસ પોઇન્ટ ઘટાડીને ૬.૧ ટકા કર્યો છે. ડાયમંડ, મેડિકલ ઈક્વિપમેન્ટ અને કાપડ ઉદ્યોગો પર યુએસના સંભવિત ટૅરિફને ધ્યાનમાં રાખીને વૃદ્ધિનો અંદાજ ઘટાડવામાં આવ્યો છે.

મૂડીઝ રેટિંગ્સના યુનિટ મૂડીઝ એનાલિટિક્સે જણાવ્યું હતું કે અમેરિકા ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર છે. ભારતમાંથી થતી આયાત પર ૨૬% ડ્યૂટી લાદવાથી વેપાર સંતુલન પર મોટી અસર પડશે. મૂડીઝ એનાલિટિક્સે (જુઓ પાનું ૨) ▸▸

## દેશભરમાં હનુમાન જયંતીની ભારે ઉત્સાહપૂર્વક ઉજવણી કરાઈ




**શોભાયાત્રા:** દિલ્હીમાં શનિવારે હનુમાન જયંતીની ઉજવણી નિમિત્તે જહાંગીરપુરી વિસ્તારમાં નીકળેલી શોભાયાત્રામાં લોકોએ ભાગ લીધો હતો. (એજન્સી)

નવી દિલ્હી: દેશભરમાં શનિવારે શોભાયાત્રા, આરતી અને ભક્તિગીતો સાથે ભારે ઉત્સાહપૂર્વક હનુમાન જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હનુમાન જયંતી નિમિત્તે તમામ દેશવાસીઓને શુભેચ્છા આપી હતી. મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવે પણ ઈન્દોરસ્થિત પિતૃ પર્વત ખાતે પ્રાર્થના કરી હતી.

દિલ્હીનાં મુખ્ય પ્રધાન ગુપ્તાએ પણ તેમનાં મતદારક્ષેત્ર શાલીમાર બાગમાં આવેલા ભગવાન હનુમાનના મંદિરમાં પૂજા-પ્રાર્થના કરી હતી અને એક કલાકમાં ૧૨૦૦ રોટલી બનાવી શકે તેવા ઓટોમેટિક રોટી મેકરનું ઉદ્ઘાટન કર્યું હતું.

આ ઓટોમેટિક રોટી મેકર ગરીબો અને (જુઓ પાનું ૨) ▸▸

## ત્રણ અઠવાડિયામાં ત્રીજીવાર યુપીઆઈ સેવા ખોરવાઈ

નવી દિલ્હી: ટૅક્નિકલ ખામીને કારણે ત્રણ અઠવાડિયાના સમયગાળામાં ત્રીજીવાર યુપીઆઈ (યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ) સેવા ખોરવાતાં ટ્રાન્ઝેક્શન પર તેની અસર પડી હતી જેને કારણે લોકોની પરેશાનીમાં વધારો થયો હતો. અગાઉ ૨૬મી માર્ચ અને બે એપ્રિલે યુપીઆઈ સેવા ખોરવાઈ હતી.

સેવા ખોરવાઈ જવી, યુપીઆઈની સેવામાં સમસ્યાની ફરિયાદ પર દેખરેખ રાખતા પ્રોબ્લેમ ટ્રેકિંગ પ્લેટફોર્મ ડાઉનડિટેક્ટરના જણાવ્યાનુસાર શનિવારે સવારે ૧૧:૩૦ વાગ્યાથી યુપીઆઈ સેવા ખોરવાઈ હતી. જોકે તે બપોરે ૪:૪૦ પછી પૂર્વવત થઈ હતી. યુપીઆઈ ઈન્સ્ટન્ટ પેમેન્ટ સિસ્ટમ છે જે આરબીઆઈના નિયમન અંતર્ગત કાર્યરત એનપીસીઆઈ દ્વારા વિકસાવવામાં આવી છે અને તેનું સંચાલન પણ એનપીસીઆઈ દ્વારા જ કરવામાં આવે છે.

સિસ્ટમમાં ટૅક્નિકલ ખામી સર્જાઈ હોવાને કારણે ટ્રાન્ઝેક્શન ન થઈ રહ્યા હોવાનાં અહેવાલને એનપીસીઆઈએ સમર્થન આપ્યું હતું. સિસ્ટમને પૂર્વવત કરવાનાં તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવાનું પણ તેમણે કહ્યું હતું.

એનપીસીઆઈ હાલ ટૅક્નિકલ ખામીની સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે જેને કારણે યુપીઆઈના અનેક ટ્રાન્ઝેક્શન નિષ્ફળ જઈ રહ્યા છે. આ ખામી દૂર કરવાના અમે પ્રયાસ કરી રહ્યા છીએ અને એ મામલે અમે તમને અપડેટ આપતા રહીશું. નિર્માણ પામેલી સમસ્યાને કારણે ગ્રાહકોને થયેલી પરેશાની બદલ અમે ખેદ અનુભવીએ છીએ, (જુઓ પાનું ૨) ▸▸

Akshaya Tritiya Offer
Compare Gold Rate + Making Charge per gram and then buy
Gold & Diamonds at Wholesale Prices

CELEBRATING 28 YEARS
0% Making Charges on Selected 22kt Antique Jewellery
LOWEST Gold Rates Guaranteed*
14% Making charges on Antique Jewellery
15% OFF on Diamonds
50% OFF on Making Charges of Diamond Jewellery
IGI Certified Diamonds
SHUBHAM MOTIWALA JEWELLERS
Govt Recognised Star Export House
Unity Heights, Shop No. 5, Chincholi Junction, S. V. Road, Malad (W). Tel: 022 49632752/64, 9833089109.
www.shubhammotiwala.com
OFFER VALID TILL 30TH APRIL

## સાપ્તાહિક ભવિષ્ય – પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧૩–૪–૨૦૨૫ થી તા. ૧૯–૪–૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ તા. ૧૪મીએ મેષ રાશિમાં પ્રવેશે છે. મંગળ કર્ક રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. બુધ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. ગુરુ વૃષભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર મીન રાશિમાં મિશ્ર ગતિએ માર્ગીભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. પ્રારંભે તા. ૧૩મીએ ચંદ્ર તુલા રાશિમાં, તા. ૧૫મીએ વૃશ્ચિક, તા. ૧૮મીએ ધનુ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લે–વેંચના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૧૪, ૧૮, ૧૯ શુભ છે. નાણાંના રોકાણમાં સાવધાની રાખવી જરૂરી છે. ઉત્પાદન, ઉદ્યોગો નવા કામકાજમાં જન્મકુંડળીના આધારે નિર્ણય લેવા જરૂરી છે. નવી ભાગીદારીમાં સાવધાની રાખવી જરૂરી છે. કારોબારની નાણાં આવક જળવાઈ રહેશે. મહિલાઓને કુટુંબમાં યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓના આ સપ્તાહના શૈક્ષણિક પ્રવાસ સફળ બનતા જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં સાપ્તાહિક વેપારમાં સફળતા શક્ય છે. તા. ૧૩, ૧૪, ૧૭ના નોકરીના કામકાજમાં સફળતા મેળવશો. સાહસિકતાથી નવા કામકાજનો પ્રારંભ કરી શકશો. વેપાર, નિજી પ્રવૃત્તિઓથી નાણાંની આવક જળવાઈ રહેશે. નાણાં આવકની વૃદ્ધિ થાય તેવા યોગ દર્શાવે છે. મહિલાઓને આ સપ્તાહમાં નવા કામકાજના પ્રારંભમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં ધાર્યા મુજબના અધ્યયન અભ્યાસ પૂર્ણ થતાં જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નાણાંના રોકાણના પ્રયત્નોમાં સફળતા મેળવશો. તા. ૧૫, ૧૬, ૧૭ના નોકરીના નિર્ણયો સ્વપ્રયત્ને લઈ શકશો. નવા કારોબારનો પ્રારંભ શક્ય છે. સપ્તાહમાં કારોબારની વાટાઘાટો સફળ બનશે. નવીન નાણાં આવકના સાધનો મેળવશો. મહિલાઓને કિંમતી ચીજોની ખરીદી માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષક અધિકારીનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આત્મવિશ્વાસ વધુ દઢ બનશે. નવું નાણાં રોકાણ શક્ય છે. તા. ૧૮, ૧૯ના નિર્ણયો સફળ થતા જણાશે. સામાજિક, રાજકીય પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. કારોબારમાં માન–સન્માન મેળવશો. નવા મિત્રો નિર્માણ થશે. મહિલાઓને નોકરીમાં યશસ્વી અનુભવ થાય. કાર્યક્ષેત્રે મહિલાઓની પ્રતિષ્ઠા વધશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસમાં સફળતાનો અનુભવ થશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લાંબા સમયનું નાણાં રોકાણ શક્ય જણાય છે. તા. ૧૩, ૧૪, ૧૯મીએ નોકરીના કામકાજમાં નવી જવાબદારીઓ હાંસલ કરશો. ભાગીદાર તથા કારોબારના મિત્રો સાથેના પ્રશ્નોનો ઉકેલ આવશે. કાર્યક્ષેત્રે પરિશ્રમ છતાંય સફળતા મેળવશો. નાણાંના આયોજનો એકંદરે સફળ બનતા જણાશે. મહિલાઓને આ સપ્તાહમાં નવી નોકરીના પ્રારંભમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓના અધ્યયનના નિર્ણયો સફળ બનતા જણાશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષા મુજબ નવું રોકાણ શક્ય છે. તા. ૧૬, ૧૭ના નોકરીના કામકાજમાં યશ મેળવશો. કાર્યક્ષેત્રે અપેક્ષિત મિત્રો, વ્યવસાય સંબંધો નિર્માણ થઈ શકશે. નાણાં વ્યવસ્થા વધુ પ્રબળ બનશે. બેન્ક લોનની અપેક્ષા પૂર્ણ થાય. ભાગીદાર દ્વારા કારોબારના પ્રશ્નનો ઉકેલ આવશે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના શૈક્ષણિક પ્રવાસના આયોજનો સફળ થતાં જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જૂનાં રોકાણમાંથી નાણાં મેળવી શકશો. તા. ૧૫, ૧૮, ૧૯ના નોકરીના કામકાજમાં અપેક્ષા મુજબ સફળતા મેળવશો. કાર્યક્ષેત્રે આત્મવિશ્વાસ, મનોબળ, કાર્યદક્ષતાનો પૂર્ણ ઉપયોગ કરી શકશો. નાણાં ઉપાર્જનના પ્રયત્નો સફળ બનશે. વેપાર વધશે. મહિલાઓને નોકરીમાં પરિવર્તનોનો અનુભવ થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શાળા કોલેજના અભ્યાસમાં સફળતાનો અનુભવ થશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરી માટે તા. ૧૬, ૧૭, ૧૯ શુભ પુરવાર થશે. પ્રવાસ દ્વારા કારોબારના કામકાજ પૂર્ણ કરી શકશો. મિત્રો, વ્યવસાયના સંબંધો, ઈત્યાદિ ઉપયોગી થશે. ભાગીદારથી પ્રત્યક્ષ મદદ પ્રાપ્ત થશે. આર્થિક વ્યવહારો સફળ બનશે. મહિલાઓને સંતાનના જવાબદારીના કામકાજમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓનો વાંચનનો નિત્ય નિયમ સફળ બનતો જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ માટે અનુકૂળ તકો મેળવશો. નવી નોકરીનો પ્રારંભ આ સપ્તાહમાં શક્ય જણાય છે. કાર્યક્ષેત્રે જરૂરી સાધનો સગવડતાઓ મેળવી શકશો. વાહનની ખરીદી શક્ય છે. નાણાં આવક વધશે. વેપાર વધશે. મહિલાઓ નવા કામકાજના પ્રારંભમાં પતિનો સહયોગ પ્રાપ્ત કરશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના કામકાજમાં શિક્ષકનો સહયોગ પ્રાપ્ત થતો જણાય છે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષાનુસાર નવા નાણાં રોકાણના નિર્ણયનો અમલ થઈ શકશે. તા. ૧૩, ૧૪, ૧૭ ધાર્યા મુજબ નોકરીના કામકાજ પૂર્ણ કરવા માટે શુભ પુરવાર થશે. ભાઈ–બહેનો સાથેના નાણાં વ્યવહાર પૂર્ણ થઈ શકશે. સરકારી અધિકારી કોર્પોરેટ કંપની સાથેના કામકાજ વધુ સફળ બનતા જણાશે. કાર્યક્ષેત્રે પરિશ્રમ છતાંય નાણાં વ્યવહાર સરળતાથી પૂર્ણ થશે. મહિલાઓને કાર્યક્ષેત્રે પતિનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓના અભ્યાસના નિર્ણયો સફળ બનતા જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. તા. ૧૫, ૧૬, ૧૭ના નોકરીના કામકાજમાં સહકાર્યકરો ઉપયોગી થશે. સપ્તાહમાં વેપારની નાણાં આવકની વૃદ્ધિ થશે. કુટુંબના સભ્યોમાં નાણાં વ્યવહાર સફળતાથી પૂર્ણ થશે. નવા નાણાં આવકના સાધનો મેળવશો. કુટુંબમાં ધાર્યા મુજબના પ્રસંગો પૂર્ણ કરવા માટે મહિલાઓને સફળતા જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના કામકાજ નિયમિતપણે પૂર્ણ થતાં જણાશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સફળતા જણાય છે. નોકરીમાં તા. ૧૮, ૧૯ સફળતા સૂચક છે. રાજકારણના સામાજિક પ્રવૃત્તિના કામકાજમાં સફળતા જણાશે. સંતાન પરિવારના કારોબારમાં સામેલ થશે. ભાઈ–બહેનો સાથેના નાણાં વ્યવહાર સફળતાથી પૂર્ણ કરી શકશો. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબના પ્રસંગોમાં પરિવારજનો ઉપયોગી થતાં જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવૃત્તિમાં યશસ્વી અનુભવ થશે.

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ – સૌર વસંતઋતુ,

### રવિવાર, તા. ૧૩–૪–૨૦૨૫, મીનારકના કમૂર્તા સમાપ્ત, વૈશાખી (પંજાબ)

ભારતીય દ્વિનાંક ૨૩, માહે ચૈત્ર, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬,
ચૈત્ર વદ –૧
જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ વદ–૧
પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન,
માહે ૯મો આદર, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૨જો બેહમન,
માહે ૧૦મો આવાં, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૨૪મો દીન,
માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૧૦મો શવ્વાલ,
સને ૧૪૪૬
મીસરી રોજ ૧૫મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
નક્ષત્ર ચિત્રા રાત્રે ક. ૨૧–૧૦ સુધી, પછી સ્વાતિ
ચંદ્ર કન્યામાં સવારે ક. ૦૭–૩૮ સુધી, પછી તુલામાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૩, સ્ટા.ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૮, સ્ટા. ટા.
–: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
ભરતીઃ બપોરે ક.૧૨–૩૨, મધ્યરાત્રે ક. ૦૦–૨૨
ઓટઃ સાંજે ક. ૧૮–૨૮,

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ – પ્રતિપદા. ઈષ્ટિ, પ્રતિપદા વૃદ્ધિતિથિ છે, ભગવાન શ્રી એકલિંગજી મહારાજનો પાટોત્સવ (રાજસ્થાન), પૂ. પાવનજી મહારાજ પ્રેરિત વેઢું ભાગવત વ્રત, શુક્ર માર્ગી સવારે ક. ૦૬.૩૪. સૂર્ય અશ્વિની, મેષમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭–૨૦ (તા. ૨૦) મું. ૧૫. મહર્ઘ મીનારકના કમૂર્તા સમાપ્ત તા. ૨૭–૨૦, વૈશાખી (પંજાબ), મેષ સંક્રાંતિ (ઓરિસ્સા), વિષુ (કેરાલા).
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, ગાયત્રી પૂજન,જાપ હવન, નિત્ય થતાં પશુ લે–વેંચ, નૌકા સંબંધિત કામકાજ, ખેતીવાડી, બી વાવવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પર્વ પૂજા નિમિત્તે નવા વસ્રો, આભૂષણ, હજામત.
આચમનઃ ચંદ્ર–મંગળ ચતુષ્કોણ વાદવિવાદમાં રચ્યા પચ્યા રહે.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–મંગળ ચતુષ્કોણ
ગ્રહગોચરઃ સૂર્ય–મીન/મેષ, માર્ગી મંગળ–કર્ક, માર્ગી બુધ–મીન, માર્ગી ગુરુ–વૃષભ, માર્ગી શુક્ર–મીન, માર્ગી શનિ–મીન, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૩–૪–૨૦૨૫ થી તા. ૧૯–૪–૨૦૨૫

રવિવાર, ચૈત્ર વદ–૧, વિ. સં. ૨૦૮૧, તા. ૧૩મી એપ્રિલ, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર ચિત્રા રાત્રે ક. ૨૧–૧૦ સુધી, પછી સ્વાતિ. ચંદ્ર કન્યામાં સવારે ક. ૦૭–૩૮ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, પ્રતિપદા વૃદ્ધિતિથિ છે, ભગવાન શ્રી એકલિંગજી મહારાજનો પાટોત્સવ, પૂ. પાવનજી મહારાજ પ્રેરિત વેઢું ભાગવત વ્રત, શુક્ર માર્ગી સવારે ક. ૦૬.૩૪. સૂર્ય અશ્વિની, મેષમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭–૨૦ (તા. ૨૦) મું. ૧૫. મહર્ઘ મીનાર્ક કમૂર્તા સમાપ્ત તા. ૨૭–૨૦, વૈશાખી (પંજાબ), મેષ સંક્રાંતિ (ઓરિસ્સા), વિષુ (કેરાલા). શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, ચૈત્ર વદ–૧, તા. ૧૪મી (એપ્રિલ) નક્ષત્ર સ્વાતિ મધ્યરાત્રે ક. ૨૪–૧૩ સુધી, પછી વિશાખા ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. ડો. બાબાસાહેબ આંબેડકર જયંતી, સંક્રાંતિ પુણ્યકાલ સૂર્યોદયથી ક. ૧૨–૩૯, ચૈત્ર સંક્રાંતિ, મેષાદિ (તમિળનાડુ–બંગાળ), કડકપૂજા (બંગાલ), ચિરોબા (મણીપુર). લગ્ન, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, ઉપનયન, શુભ દિવસ.

મંગળવાર, ચૈત્ર વદ–૨, તા. ૧૫મી એપ્રિલ, નક્ષત્ર વિશાખા મધ્યરાત્રિ પછી ક. ૨૭–૦૯ સુધી (તા. ૧૬મી), પછી અનુરાધા.ચંદ્ર તુલામાં રાત્રે ક. ૨૦–૨૬ સુધી, પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. વૈશાખાદિ (બંગાલ), માઘ બિહુ (આસામ), સારહુલ (બિહાર), હિમાચલ ડે, વિંછુડો પ્રારંભ રાત્રે ક. ૨૦–૨૬. ભદ્રા પ્રારંભ મધ્યરાત્રે ક. ૨૪–૦૬. સામાન્ય દિવસ.

બુધવાર, ચૈત્ર વદ–૩, તા. ૧૬મી, નક્ષત્ર અનુરાધા મધ્યરાત્રિ પછી ક. ૨૯–૫૪ સુધી (તા. ૧૭મી), પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. તૃતીયા. સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય રાત્રે ક. ૨૧–૫૧. દુર્ગાદેવી રથોત્સવ (અંજરાલે–રત્નાગિરી), વિંછુડો. અમૃતસિદ્ધિ યોગ સૂર્યોદયથી ક. ૨૯–૫૬, ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૩–૧૮, લગ્ન, શુભ દિવસ.

ગુરુવાર, ચૈત્ર વદ–૪, તા. ૧૭મી, નક્ષત્ર જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. ચતુર્થી. વિંછુડો. શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, ચૈત્ર વદ–૫, તા. ૧૮મી, નક્ષત્ર જયેષ્ઠા સવારે ક. ૦૮–૨૦ સુધી, પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં સવારે ક. ૦૮–૨૦ સુધી, પછી ધનુ રાશિ પર જન્માક્ષર. ગુડફ્રાઈડે, વિંછુડો સવારે ક. ૦૮–૨૦. લગ્ન, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, સર્વદેવ પ્રતિષ્ઠા. શુભ દિવસ.

શનિવાર, ચૈત્ર વદ–૬, તા. ૧૯મી નક્ષત્ર મૂળ સવારે ક. ૧૦–૨૦ સુધી, પછી પૂર્વાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. ભદ્રા પ્રારંભ સાંજે ક. ૧૮–૨૧, સૂર્ય સાયન વૃષભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૫–૨૭. સૌર ગ્રીષ્મઋતુ પ્રારંભ. લગ્ન, ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા. શુભ દિવસ.

# સૌર ઊર્જા પ્રોત્સાહનઃ યુપી સરકાર ૧૦,૦૦૦ 'પર્યાવરણ સખીઓ' ને તાલીમ આપશે

લખનઊ : ઉત્તર પ્રદેશ સરકારે શનિવારે જણાવ્યું હતું કે તેણે રાજ્ય ગ્રામીણ આજીવિકા મિશન દ્વારા એક પહેલ શરૂ કરી છે જેનો હેતુ ગ્રામીણ મહિલાઓને આર્થિક સ્વતંત્રતા સાથે સશક્ત બનાવવાનો છે.

એક સત્તાવાર નિવેદન અનુસાર, આ વખતે, સૌર ઊર્જા ક્ષેત્રમાં નવીનતાને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેમાં ૧૦,૦૦૦ 'પર્યાવરણ સખીઓ' ને તાલીમ આપવાની અને તેમને ટકાઉ આજીવિકાની તકો સાથે જોડવાની યોજના છે.

''મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ દ્વારા કલ્પના કરાયેલ આ ભવિષ્યલક્ષી પગલું, ગ્રીન એનર્જી ચળવળને આગળ ધપાવતા મહિલાઓની આત્મનિર્ભરતા વધારવા તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું છે. આ પહેલ ઉત્તર પ્રદેશની પર્યાવરણીય રીતે ટકાઉ વિકાસ તરફની યાત્રામાં એક નવો સીમાચિહ્નરૂપ બનવાની અપેક્ષા છે,'' એમ તેમાં કહેવામાં આવ્યું છે.

આ મિશનના ભાગ રૂપે, પ્રેરણા ઓજસ પ્રાઇવેટ લિમિટેડ સૌર ઉર્જા ઉકેલોને પ્રોત્સાહન આપવા માટે સક્રિયપણે કાર્યરત છે, જેમાં સૌર ઉત્પાદન, વિકેન્દ્રિત સૌર પ્રણાલીઓ, સ્વચ્છ રસોઈ ઉત્પાદનો અને સૌર રિટેલ આઉટલેટ્સનો સમાવેશ થાય છે, એમ સરકારે જણાવ્યું હતું.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં, લખનઊમાં એક સૌર ઉત્પાદન એકમની સ્થાપના કરવામાં આવી હતી, અને ૨૦ જિલ્લાઓમાં ૨૦૭ વિકાસ બ્લોકમાં ૪૧૪ સૌર દુકાનો શરૂ કરવામાં આવી હતી, જેનો સીધો લાભ ૪૧૪ મહિલા ઉદ્યોગસાહસિકોને મળ્યો હતો, એમ તેમાં જણાવાયું છે. મિશન ડિરેક્ટર દીપા રંજને જણાવ્યું હતું કે આગામી ત્રણ વર્ષમાં ઉત્તર પ્રદેશને સૌર ઉર્જા અને મહિલા-આગેવાની હેઠળના ઉદ્યોગસાહસિકતાના કેન્દ્ર તરીકે સ્થાપિત કરવા માટે એક વ્યાપક રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. આ વિઝનના ભાગરૂપે, રાજ્યના દરેક વિભાગમાં સૌર ઉત્પાદન એકમો સ્થાપિત કરવામાં આવશે. તમામ ૧૮ વિભાગને આવરી લેતા, આ એકમો ૫૪૦ મહિલાને સીધી રોજગારી આપશે.

## છત્તીસગઢમાં ત્રણ નકસલી ઠાર

બીજાપુરઃ છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં શનિવારે સવારે સુરક્ષા દળો સાથેની અથડામણમાં ત્રણ નકસલીઓ ઠાર કરાયા હતા. આ માહિતી પોલીસે આપી હતી.

પોલીસ મહાનિરીક્ષક(બસ્તર રેન્જ) સુંદરરાજ પી.ના જણાવ્યા અનુસાર સવારે ૯ વાગ્યાની આસપાસ ઇન્દ્રાવતી રાષ્ટ્રીય ઉદ્યાન વિસ્તારનાં જંગલોમાં જ્યારે સુરક્ષા કર્મચારીઓની એક સંયુક્ત ટીમ નકસલ વિરોધી અભિયાન પર હતી ત્યારે અથડામણ શરૂ થઇ હતી. તેમણે જણાવ્યું કે આ અભિયાનમાં બીજાપુર અને દાંતેવાડા જિલ્લાના ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ (ડીઆરજી), સ્પેશિયલ ટાસ્ક ફોર્સ(એસટીએફ), કોબરા(સીઆરપીએફ)નું એક ખાસ યુનિટ-કમાન્ડો બટાલિયન ફોર રિઝોલ્યુટ એક્શન)ની ૨૦૨મી અને ૨૧૦મી બટાલિયનના સૈનિકો સામેલ હતા. ડીઆરજી એ રાજ્ય પોલીસનું એક એકમ છે. અધિકારીએ જણાવ્યું કે ઘટનાસ્થળેથી ત્રણ નકસલીઓના મૃતદેહ મળી આવ્યા હતા. તેમજ હથિયારો અને વિસ્ફોટકોનો જથ્થો મળી આવ્યો હતો. આ વિસ્તારમાં અભિયાન ચાલુ હોવાનું તેમણે જણાવ્યું હતું. નોંધનીય છે કે આ વર્ષે અત્યાર સુધીમાં રાજ્યમાં અલગ-અલગ એન્કાઉન્ટરમાં ૧૩૮ નકસલીઓ માર્યા ગયા છે. જેમાંથી ૧૨૨ નકસલી બસ્તર વિભાગમાં માર્યા ગયા છે, જેમાં બીજાપુર સહિત સાત જિલ્લાઓનો સમાવેશ થાય છે.

## બીજિંગમાં ભારે પવન અને રેતીના તોફાનને કારણે સેંકડો ફ્લાઈટ્સ રદ

બીજિંગઃ ચીનની રાજધાની બીજિંગમાં શનિવારે ભારે પવન અને રેતીના તોફાનને કારણે સેંકડો ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી. તેમજ જાહેર ઉદ્યાનો બંધ કરવામાં આવ્યા હતા. આ ભીષણ વાવાઝોડાને કારણે સેંકડો વૃક્ષો ધરાશાયી થયા હતા. તેમજ કારો અને જૂના મકાનોને ભારે નુકસાન થયું હતું. ચીનના ઉત્તરીય અને દરિયાકાંઠાના વિસ્તારોમાં વધુ હિંસક હવામાનની ચેતવણી જારી કરવામાં આવતા બીજિંગના બે મુખ્ય આંતરરાષ્ટ્રીય એરપોર્ટ-બીજિંગ કેપિટલ અને ડેકિંસગે બપોરે ૨-૦૦ વાગ્યા સુધીમાં ૬૯૩ ઉડાન રદ કરી હતી. ચીનના અન્ય ભાગોમાં પણ ઘણી ફ્લાઇટ્સ અને ટ્રેનો રદ કરવામાં આવી હતી. દેશના કેટલાક ભાગોમાં ૭૫ વર્ષ કરતાં વધુ સમયનો સૌથી તીવ્ર પવન ફૂંકાયો હતો. જેની ઝડપ ૧૪૮ કિમી. પ્રતિ કલાક સુધી હતી.

બીજિંગમાં યુનિવર્સલ સ્ટુડિયો થીમ પાર્ક ઓછામાં ઓછો રવિવાર સુધી બંધ કરવામાં આવ્યો હતો. તેમજ બીજિંગના ફોરબિડન સિટી, સમર પેલેસ અને ટેમ્પલ ઓફ હેવન જેવા ઐતિહાસિક સ્થળોને બંધ કરી દેવામાં આવ્યા હતા. ફૂટબોલ મેચ અને અન્ય આઉટડોર ઇવેન્ટ્સ પણ મુલતવી રાખવામાં આવી છે.

નોંધનીય છે કે ચીનના શુષ્ક ઉત્તર ભાગમાં ભારે પવન અને રેતીના તોફાન ઉદ્ભવે છે. જ્યાં ગીબો અને તકલામાકન રણ ઘાસના મેદાનો, પર્વતો અને જંગલોથી ઘેરાયેલા છે. ચીન દાયકાઓથી રેતીના તોફાનોની અસર ઘટાડવા માટે લડી રહ્યું છે. ખાસ કરીને બીજિંગમાં કે જે શુષ્ક પ્રદેશની ધાર પર આવેલું છે.

## પાકિસ્તાનમાં ૫.૫ની તીવ્રતાનો ભૂકંપ

ઇસ્લામાબાદ : શનિવારે પાકિસ્તાનના કેટલાક ભાગોમાં ૫.૫ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

અત્યાર સુધી કોઈ જાનમાલના નુકસાનના અહેવાલ નથી. રાષ્ટ્રીય ભૂકંપ દેખરેખ કેન્દ્ર અનુસાર, ૧૨ કિલોમીટરની ઊંડાઈ સાથેનો ભૂકંપ બપોરે ૧૨:૩૧ વાગ્યે દેશમાં ત્રાટક્યો હતો. ભૂકંપનું કેન્દ્ર રાવલપિંડીના ઉત્તરપશ્ચિમમાં ૬૦ કિલોમીટર દૂર હતું. ભૂકંપ પંજાબના અટોક, ચકવાલ અને મિયાંવાલી જિલ્લાઓ અને નજીકના વિસ્તારોમાં અનુભવાયો હતો. ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના પેશાવર, મરદાન, મોહમંદ અને શબકદરમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

## જમ્મુ અને કાશ્મીરમાં ૫.૮ની તીવ્રતાનો ભૂકંપ

શ્રીનગર : શનિવારે બપોરે એક વાગ્યે પાકિસ્તાનમાં કેન્દ્રબિંદુ ધરાવતો ૫.૮ની મધ્યમ તીવ્રતાનો ભૂકંપ જમ્મુ અને કાશ્મીરમાં અનુભવાયો હતો. ખીણના અનેક વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા, પરંતુ જાનમાલના નુકસાન કે અન્ય નુકસાનના કોઈ અહેવાલ નથી. અધિકારીએ જણાવ્યું હતું કે પાકિસ્તાનમાં ૩૩.૬૩ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૭૨.૪૬ ડિગ્રી પૂર્વ રેખાંશ પર ૧૦ કિલોમીટરની ઊંડાઈએ ૫.૮ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

## પહેલા પાનાનું ચાલુ

### પ. બંગાળના

વિસ્તારમાં નવેસરથી ફાટી નીકળેલી હિંસામાં એક વ્યક્તિ ગોળીથી ઘાયલ થઈ હતી.

પત્રકારોને સંબોધન કરતાં કોલકાતાના એડીજી ( કાયદો અને વ્યવસ્થા) જાવેદ શમીમે કહ્યું હતું કે ઘટનાની વિગતો હજુ ઉપલબ્ધ બની નથી.

તેમણે કહ્યું હતું કે ગોળીબારની ઘટનામાં સ્થાનિક પોલીસ સંડોવાયેલી હોવાની શક્યતા ઓછી છે અને બીએસએફ દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હોય તેવી શક્યતા છે.

શમીમે કહ્યું હતું કે હિંસાને રોકવા શુક્રવારે પોલીસ દ્વારા ચાર ગોળી છોડવામાં આવી હતી જેને કારણે બે વ્યક્તિ ઘાયલ થઈ હતી.

પોલીસના વાહન સહિત અનેક વાહનોને આગ ચાંપવામાં આવી હતી અને સુરક્ષાદળના જવાનો પર પથ્થર ફેંકવામાં આવ્યા હતા. રસ્તા રોકો આંદોલનને કારણે વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો.

હિંસામાં સંડોવાયેલાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે, એમ ડીજીપી રાજીવકુમારે કહ્યું હતું.

નાગરિકોના જાનમાલની સુરક્ષા માટે પોલીસ શક્ય તમામ પ્રયાસ કરશે, એમ તેમણે કહ્યું હતું. કાયદો હાથમાં ન લેવાની લોકોને તેમણે વિનંતી કરી હતી.

વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ ઘટનાને મામલે એનઆઈએ તપાસની માગણી કરી હતી.

ભાજપના રાજ્ય એકમના વડા સુકાન્તા મજુમદારે ટીએમસી સરકારને મુર્શીદાબાદમાં કાયદાનું કડક પાલન કરાવવાની માગણી કરી હતી. (એજન્સી)

### એઆઈએડીએમકે

આજે એઆઇએડીએમકે અને ભાજપના નેતાઓએ મળીને નિર્ણય કર્યો છે કે એઆઇએડીએમકે, ભાજપ અને તમામ પક્ષો આવતા વર્ષે યોજાનારી તમિળનાડુ વિધાનસભા ચૂંટણીમાં સાથે મળીને લડશે. તેમણે જણાવ્યું હતું કે, બેઠકો અને મંત્રાલય વહેંચણી આ બંનેનો નિર્ણય સરકારની રચના બાદ લેવામાં આવશે. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય સ્તરે વડા પ્રધાન મોદીના નેતૃત્વમાં અને તમિળનાડુમાં ઇપીએસ નેતૃત્વમાં ચૂંટણી લડવામાં આવશે. શાહે એ પણ સ્પષ્ટ કર્યું કે ઇપીએસ ગઠબંધનના મુખ્ય પ્રધાન પદના ઉમેદવાર હશે.

આ જાહેરાતની સાથે જ તમિળનાડુના નવા ભાજપ પ્રદેશ અધ્યક્ષની જાહેરાત કરવામાં આવી છે. નયનર નાગેન્દ્રનને પ્રદેશ અધ્યક્ષની કમાન સોંપવામાં આવી છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે નયનર નાગેન્દ્રનને નવી જવાબદારી મળવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. નયનર નાગેન્દ્રને આજે ભાજપના પ્રદેશ પ્રમુખપદ માટે ઉમેદવારી પત્ર ભર્યું હતું. બીજા કોઈએ ઉમેદવારી નોંધાવી ન હોવાથી, નયનર નાગેન્દ્રન બિનહરીફ પ્રમુખ તરીકે ચૂંટાયા.

અમિત શાહે કહ્યું હતું કે ભાજપ અને એઆઇએડીએમકે નેતાઓએ એનડીએ હેઠળ ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી લડવા માટે આ ગઠબંધન બનાવ્યું છે. તેમણે કહ્યું હતું કે વર્ષ ૧૯૯૮માં એનડીએના ગઠબંધન પક્ષમાં જયલલિતાની પાર્ટીનો સમાવેશ હતો. ભૂતકાળમાં નરેન્દ્ર મોદી અને જયલલિતાએ પણ સાથે કામ કર્યું હતું. અલબત્ત, જયલલિતાના નેતૃત્વમાં અમારું ગઠબંધન હતું. એક સમયે આ ગઠબંધને ૩૯માંથી ૩૦ લોકસભા બેઠકો જીતી હતી. મને વિશ્વાસ છે કે આ વખતે બહુમતી મેળવશે અને સત્તા કબજે કરશે. હાલના તબક્કે અમારું ગઠબંધન અતૂટ હશે, એમ અમિત શાહે જણાવ્યું હતું.

### હનુમાન જયંતીની

જરૂરિયાતમંદ લોકોને અપાતાં ભોજન માટે શાલીમાર બાગસ્થિત સિદ્ધ કાત્યાયની દેવી મંદિરમાં દૈનિક ધોરણે ચાલતી 'અન્ન સેવા'માં સહાયરૂપ થશે, એમ તેમણે કહ્યું હતું.

'વિકસિત દિલ્હી' માટેનાં અમારી સરકારનાં પ્રયાસોને આશીર્વાદ આપવાની તેમણે હનુમાનજીને પ્રાર્થના કરી હતી.

ગુપ્તાએ કારોલ બાગસ્થિત સંકટ મોચન હનુમાન મંદિરની પણ મુલાકાત લીધી હતી.

કાયદો અને વ્યવસ્થા તેમ જ નિર્માણ પામનારી સંવેદનશીલ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસે વિશ્વ હિન્દુ પરિષદ (વિહિપ)ને હનુમાન જયંતી નિમિત્તે દિલ્હીનાં જહાંગીરપુરી વિસ્તારમાં સરઘસ કાઢવાની પરવાનગી આપવાનું નકારી કાઢ્યું હતું.

ઉત્તર પ્રદેશના સંભલમાં હનુમાન જયંતીની ઉજવણીના ભાગરૂપ ભવ્ય સરઘસ કાઢવામાં આવ્યું હતું.

કડક સુરક્ષાવ્યવસ્થા વચ્ચે 'જય બજરંગબલી' અને 'જય શ્રીરામ'ના નારા સાથે હાલુ સરાઈસ્થિત બાલાજી મંદિર ખાતેથી સરઘસ કાઢવામાં આવ્યું હતું. વહેલી સવારે અનેક ભક્તિપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર શહેરમાં તેમ જ સરઘસના માર્ગ પર કડક સુરક્ષાવ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી.

વારાણસીમાં મંદિરોને રંગબેરંગી શણગારોથી સજાવવામાં આવ્યા હતા અને આરતી, પૂજા, મંત્રોચ્ચાર કરી હનુમાન જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

સંકટ મોચન મંદિર ખાતે વિશેષ સુરક્ષાવ્યવસ્થા કરવામાં આવી હતી. (એજન્સી)

### ત્રણ અઠવાડિયામાં

એમ એનપીસીઆઈએ કહ્યું હતું.

આઈએમપીએસ માળખાને આધારે યુપીઆઈનું નિર્માણ કરવામાં આવ્યું છે જે તમને કોઈપણ પ્રકારના યુઝર ચાર્જિસ વિના એક બૅન્ક ખાતામાંથી અન્ય બૅન્ક ખાતામાં તાત્કાલીક રૂપિયા ટ્રાન્સફર કરવાની પરવાનગી આપે છે.

નાની દુકાનોથી લઈને મોટા ટ્રાન્ઝેક્શન કરવા યુપીઆઈનો વ્યાપકપણે ઉપયોગ કરવામાં આવે છે કેમ કે તેનો ઉપયોગ સરળ છે અને તેમાં મીનીમમ ટ્રાન્ઝેક્શનની કોઈ જ મર્યાદા નથી. માર્ચમાં યુપીઆઈ ટ્રાન્ઝેક્શનનો આંક વિક્રમજનક ૨૪.૭૭ લાખ કરોડ પર પહોંચ્યો હતો જે અગાઉના મહિનાની સરખામણીએ ૧૨.૭ ટકાનો વધારો સૂચવે છે. ફેબ્રુઆરીમાં રૂ. ૨૧.૯૬ લાખ કરોડનાં યુપીઆઈ ટ્રાન્ઝેક્શન થયાં હતાં. (એજન્સી)

### મૂડીઝે

મોટાભાગના ટેરિફ પર ૯૦ દિવસનો મોરેટોરિયમ અને ૧૦ ટકાના રિપ્લેસમેન્ટ રેટને ધ્યાનમાં રાખીને જણાવ્યું હતું કે એપ્રિલની તેની બેઝલાઇન એ દર્શાવે છે કે ટેરિફ સંપૂર્ણ અમલમાં આવશે આર્થિક નુકસાન સહી શકે છે.

મૂડીઝ એનાલિટિક્સ દ્વારા કહેવામાં આવ્યું છે કે આ વર્ષની શરૂઆતમાં જાહેર કરાયેલા ટેક્સ બેનિફીટથી સ્થાનિક અર્થતંત્રને વેગ મળશે અને અન્ય જોખમ લેનારાં અર્થતંત્રોની તુલનામાં ટેરિફની અસર ઓછી થશે.

નોંધનીય છે કે એપીસીસીની બેઠક બાદ આરબીઆઇએ મોનેટરી પોલિસીમાં ફેરફાર કર્યો હતો. આરબીઆઇએ રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. આ પછી, હાલમાં આરબીઆઇ રેપો રેટ છ ટકા છે. આ સાથે, આરબીઆઇ એ નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે ફુગાવાનો અંદાજ ઘટાડીને ચાર ટકા કર્યો છે.

મૂડીઝે વધુમાં જણાવ્યું કે, એકંદર ફુગાવો સારી ગતિએ ઘટી રહ્યો હોવાથી, એવી અપેક્ષા છે કે ભવિષ્યમાં પણ આરબીઆઇ રેપો રેટ ઘટાડશે, જે કદાચ ૦.૨૫% ના ઘટાડાના રૂપમાં હશે. આનાથી વર્ષના અંત સુધીમાં પોલિસી રેટ ૫.૭૫% પર રહેશે.

### એનએસઈએ

ખાતાઓ નોંધાયા છે. આ રાજ્યો મળીને કુલ ખાતાઓનો લગભગ ૪૯ ટકા હિસ્સો બનાવે છે, જ્યારે ટોપ ૧૦ રાજ્યો મળીને લગભગ ૩/૪ ખાતાઓમાં યોગદાન આપે છે.

બેન્ચમાર્ક નિફ્ટી ૫૦ ઇન્ડેક્સે છેલ્લા પાંચ વર્ષોમાં સરેરાશ ૨૨ ટકા વાર્ષિક રિટર્ન આપ્યું છે, જ્યારે નિફ્ટી ૫૦૦ ઇન્ડેક્સે ૨૫ ટકા વાર્ષિક રિટર્ન આપીને આ અવધિમાં રોકાણકારો માટે શાનદાર સંપત્તિ નિર્માણ બતાવ્યું છે. સાથે જ, એનએસઈનો ઇન્વેસ્ટર પ્રોટેક્શન ફંડ આઇપીએફ પણ ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં વાર્ષિક ૨૩ ટકા વૃદ્ધિ સાથે ૨,૪૫૯ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો છે.

શ્રીરામ કૃષ્ણન, ચીફ બિઝનેસ ડેવલપમેન્ટ ઓફિસર, એનએસઈ,એ કહ્યું છે કે ભારતમાં રોકાણકારોની સંખ્યા ખૂબ જ ઝડપથી વધી રહી છે. માત્ર છ મહિનામાં જ બે કરોડથી વધુ નવા ખાતાઓનું જોડાવું એ વાતનો સંકેત છે કે ગ્લોબલ પડકારો પછી પણ રોકાણકારો ભારતની વિકાસ યાત્રા પર સંપૂર્ણ વિશ્વાસ કરી રહ્યા છે. આ ઝડપી વૃદ્ધિ પાછળનું મોટું કારણ ઝડપી ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને મોબાઇલ ટ્રેડિંગને અપનાવવાનું વધતું વલણ છે, જેના કારણે ટિયર બે, ત્રણ અને ચાર શહેરોના રોકાણકારો માટે પણ મૂડી બજારને પહેલા કરતાં વધુ સરળ અને સુલભ બનાવવામાં આવ્યું છે.

આ વૃદ્ધિથી એ પણ સ્પષ્ટ થાય છે કે રિટેલ રોકાણને પ્રોત્સાહન આપવા માટે ચલાવવામાં આવી રહેલી યોજનાઓ ખૂબ જ સફળ રહી છે, જેમાં વ્યાપક નાણાકીય સાક્ષરતા કાર્યક્રમો અને સરળ કેવાયસી પ્રોસેસનો સમાવેશ થાય છે. જેમ જેમ ઇક્વિટી, ઇટીએફ, આરઇઆઇટી, ઇનવીટ અને બોન્ડ જેવા વિવિધ રોકાણ સાધનોમાં લોકોની ભાગીદારી વધી રહી છે, આ સિદ્ધિ એક પરિપક્વ થઈ રહેલા નાણાકીય સિસ્ટમ તરફ ઈશારો કરે છે, જ્યાં ટેકનોલોજી રોકાણના મોકાઓને સૌ માટે સરળ અને સુલભ બનાવી રહી છે.

# હુમલો કર્યો ત્યારે મને એ સૈફ અલી ખાન છે એની જાણ નહોતીઃ આરોપી

મુંબઈઃ ફિલ્મ અભિનેતા સૈફ અલી ખાનના બાંદ્રાના ઘરમાં ઘૂસીને તેના પર હુમલો કરનારા મોહંમદ શરીફુલ ઇસ્લામ ફકીરે પોલીસને જણાવ્યું હતું કે ૧૬ જાન્યુઆરીએ તે જેના ઘરમાં ઘૂસ્યો હતો તે સૈફનું ઘર છે અને તેણે જેના પર હુમલો કર્યો તે પોતે સૈફ હતો, એની તેને જાણ નહોતી.

સૈફ અને જેકલીન ફર્નાન્ડિસ અભિનિત ફિલ્મ જોઇ છે, પરંતુ તે દિવસે રૂમમાં અંધારું હતું અને સૈફે ક્લીન-શેવ કર્યું હોવાથી પોતે સૈફને ઓળખી શક્યો નહોતો, એવું આરોપી શરીફુલે બાંદ્રા પોલીસને પૂછપરછમાં જણાવ્યું હતું. પોતે મોટા ભાગે તમિળ ફિલ્મ જુએ છે. યુટ્યુબ પર ન્યૂઝ જોયા બાદ જાણવા મળ્યું હતું કે તેણે જેના પર હુમલો કર્યો તે સૈફ હતો, એમ તેણે કહ્યું હતું.

પોલીસે તાજેતરમાં બાંદ્રા કોર્ટમાં આરોપી વિરુદ્ધ ૧,૬૧૨ પાનાંનું આરોપનામું દાખલ કર્યું હતું, જેમાં જે સાક્ષીદારો સામે આરોપીની પૂછપરછ કરાઇ તેમનાં નિવેદન આરોપનામાનો હિસ્સો છે. પોલીસે આ પ્રકરણમાં ૪૮ સાક્ષીદારનાં નિવેદન નોંધ્યાં છે અને પોલીસ, પંચ, ફોરેન્સિક નિષ્ણાતો વિગેરે સહિત ૧૧૧ સાક્ષીદારનાં વર્ઝન તેમાં જોડ્યા છે.

હુમલા બાદ હોસ્પિટલમાં ડોક્ટરો દ્વારા સૈફ પર સર્જરી હાથ ધરાઇ તેના ફોટા અને વીડિયો પણ પોલીસે આરોપનામા સાથે જોડ્યા છે. દરમિયાન તપાસમાં જાણવા મળ્યું હતું કે શરીફુલ મુંબઇથી સંબંધી થકી બાંગ્લાદેશમાં ગેરકાયદે તેના પરિવારને પૈસા મોકલતો હતો. દરેક મહિના આરોપી તેના મેનેજર અથવા સુપરવાઇઝર પાંડે મારફત અમુક નાણાં અબ્દુલ્લા આલીમને મોકલતો હતો, તેની બહેનનો પતિ છે.

પોલીસે આલીમના બેંગલુરુના એમજી રોડ પર ખાનગી બેંકની બ્રાન્ચમાંથી અકાઉન્ટની માહિતી મગાવી હતી, જેમાં જણાયું હતું કે કથિત અકાઉન્ટ થકી ભારતની બહાર ગેરકાયદે ભારતીય ચલણ મોકલવામાં આવતું હતું. આથી તેને ફ્રીઝ કરાયું છે. ■

# કૉંગ્રેસે ઇન્ડિ બ્લોકની સ્થિતિ વિશે વાત કરવી જોઈએઃ ઉદ્ધવ-સેના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી)એ શનિવારે કહ્યું હતું કે કોંગ્રેસે ઇન્ડિયા બ્લોકની સ્થિતિ વિશે વાત કરવી જોઈએ અને અમદાવાદમાં પાર્ટીની તાજેતરની બેઠકમાં વિપક્ષી જોડાણ વિશેના પ્રશ્નોના જવાબ શોધવા જોઈતા હતા.

પાર્ટીના મુખપત્ર 'સામના'માં એક તંત્રીલેખમાં સેના (યુબીટી)એ નિર્દેશ કર્યો હતો કે કોંગ્રેસે અમદાવાદની બેઠકમાં ફક્ત પોતાના વિશે જ વાત કરી હતી અને ઇન્ડિ ગઠબંધન ચર્ચામાં ક્યાંય નહોતું.

'લોકસભા ચૂંટણી પછી ઇન્ડિ બ્લોક ક્યાં છે તે અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. કોંગ્રેસે તેના અમદાવાદ સત્રમાં આનો જવાબ આપવાની જરૂર હતી,' એમ તંત્રીલેખમાં કહેવામાં આવ્યું છે.

'ગઠબંધનનું શું થયું? શું તે જમીનમાં દટાઈ ગયું કે હવામાં ગાયબ થઈ ગયું? આ પ્રશ્નનો જવાબ આપવાની જવાબદારી કોંગ્રેસ અધ્યક્ષની છે,' એમ તેમાં કહેવામાં આવ્યું છે.

કોંગ્રેસે ૮-૯ એપ્રિલે ગુજરાતમાં તેનું અધિવેશન યોજ્યું હતું, જ્યાં તે બે દાયકાથી સત્તાથી દૂર છે. કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સહિત વરિષ્ઠ કોંગ્રેસ નેતાઓએ પાર્ટી કાર્યકરોને સંબોધન કર્યું હતું.

સેના (યુબીટી) એ બિહાર, ગુજરાત અને પશ્ચિમ બંગાળ રાજ્યમાં ચૂંટણી માટે કોંગ્રેસનું વલણ જાણવાનો પણ પ્રયાસ કર્યો હતો. અથવા શું પાર્ટી ફરીથી હારનું સ્વાગત કરશે? એમ તેમાં પૂછવામાં આવ્યું હતું.

બિહારમાં, રાષ્ટ્રીય જનતા દળ એક વરિષ્ઠ ભાગીદાર છે, જ્યારે ગુજરાત અને પશ્ચિમ બંગાળમાં, ઈન્ડિ ગઠબંધનના ભાગીદારો આમ આદમી પાર્ટી અને તૃણમૂલ કોંગ્રેસ પણ ચૂંટણી મેદાનમાં હશે.

'કોંગ્રેસે ગુજરાતમાં તેનું અધિવેશન યોજ્યું હતું, પરંતુ તેનાથી લોકસભા ચૂંટણીમાં રાજ્યમાં કોઈ સફળતા મળી ન હતી, કારણ કે પાર્ટીએ ૨૦૧૪ પછી પશ્ચિમના રાજ્યમાં એક બેઠક જીતી હતી,' એમ સેના યુબીટીએ જણાવ્યું હતું.

તેમાં કહેવામાં આવ્યું હતું કે કોંગ્રેસને મધ્ય પ્રદેશ અને આંધ્ર પ્રદેશમાં પ્રયાસો કરવાની જરૂર છે. લોકસભા ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં પાર્ટીને સફળતા મળી હતી, પરંતુ રાજ્ય વિધાનસભા ચૂંટણીમાં તેનો શરમજનક પરાજય થયો હતો.

'ભાજપના કૌભાંડો આ હાર માટે કોંગ્રેસના આંતરિક મુદ્દાઓ જેટલા જ જવાબદાર છે. તેમણે આ અંગે વિચારણા કરવી પડશે,' એમ તંત્રીલેખમાં ઉમેર્યું હતું. કોંગ્રેસે સરમુખત્યારશાહી સામે લડવામાં આગેવાની લેવી પડશે, એમ સેના (યુબીટી) એ જણાવ્યું હતું.

દિલ્હી વિધાનસભા ચૂંટણીનો ઉલ્લેખ કરતા, જ્યાં આમ આદમી પાર્ટી (આપ) અને કોંગ્રેસને હારનો સામનો કરવો પડ્યો હતો, સેના (યુબીટી) એ કહ્યું કે કેટલાક કોંગ્રેસના નેતાઓને લાગ્યું કે રાષ્ટ્રીય રાજધાનીમાં પાર્ટી માટે રસ્તો સાફ છે.

જો કોંગ્રેસ અન્ય રાજ્યોમાં ઇન્ડિ બ્લોકના ભાગીદારો સામે લડવાની આ રણનીતિનો ઉપયોગ કરે છે, તો તે ફક્ત ભાજપને જ મદદ કરશે, એમ તેમાં જણાવ્યું હતું.

'આપણે ભાજપને હરાવવાનું છે, મિત્રોને નહીં,' એમ પાર્ટીએ જણાવ્યું હતું. સેના યુબીટીએ કહ્યું કે કોંગ્રેસ અને આપ વચ્ચેનું જોડાણ ફાયદાકારક સાબિત થયું હોત. ■




# બંગાળમાં હત્યા-લૂંટના કેસનો ફરાર આરોપી બાંદ્રાથી ઝડપાયો

મુંબઈઃ પશ્ચિમ બંગાળમાં સ્થાનિક બૂકીની હત્યા અને લૂંટના કેસમાં ફરાર આરોપીને મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે બાંદ્રાના ખેરવાડી વિસ્તારમાંથી ઝડપી પાડ્યો હતો. આરોપીની ઓળખ રબીઉલ મિયાં ઉર્ફે બાબુ (૩૪) તરીકે થઇ હતી, જેણે ગુનો આચર્યા બાદ લોનાવલામાં બે મહિના કન્સ્ટ્રકશન સાઇટ પર મજૂર તરીકે કામ કર્યું હતું અને ૧ જાન્યુઆરી, ૨૦૨૫માં તે મુંબઇ આવ્યો હતો. આરોપીને વધુ તપાસ માટે પશ્ચિમ બંગાળ પોલીસને હવાલે કરાયો હતો.

પશ્ચિમ બંગાળના બંસીહારી પોલીસ સ્ટેશનમાં ૧૪ ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ ગુનો દાખલ કરાયો હતો, જેમાં સ્થાનિક બૂકી મિથુન ચક્રવર્તીની હત્યા કરવામાં આવી હતી. આ ગુના પાંચ આરોપીઓ સામેલ હતા, જેમાંથી ત્રણ હજી ફરાર છે. તાબામાં લેવાયેલા આરોપીની આગોતરા જામીન અરજીને કોલકાતા હાઇ કોર્ટે ફગાવી દીધી હતી.

હત્યા અને લૂંટના ગુનામાં ફરાર આરોપી રબીઉલ મિયાં બાંદ્રા પૂર્વના ખેરવાડી વિસ્તારમાં ગણેશ મંદિર રોડ ખાતે રહેતો હોવાની માહિતી મુંબઈ ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૧ના અધિકારીઓને મળી હતી. આથી પોલીસ ટીમે તેના પર નજર રાખી હતી અને ત્યાર બાદ તેને તાબામાં લીધો હતો. પૂછપરછમાં આરોપીએ ગુનાની કબૂલાત કરી હતી. આરોપી રબીઉલ માલદા જિલ્લાના મોહંમદપુરનો રહેવાસી છે, એમ પોલીસે જણાવ્યું હતું. ■

# ઇસ્ટર્ન ફ્રી-વેથી ગ્રાન્ટ રોડ સુધીના ફ્લાયઓવરનો પ્રકલ્પ અભેરાઇ પર

મુંબઈઃ ઇસ્ટર્ન ફ્રી-વેથી ગ્રાન્ટ રોડના નાના ચોક સુધી ફ્લાયઓવર બાંધવા માટે રાજ્ય સરકાર તરફથી ઇનકાર કરવામાં આવ્યો હોવાનું કહેવાઇ રહ્યું છે. તેથી મુંબઈ પાલિકાને આ પ્રકલ્પ અભરાઇએ ચઢાવી દેવો પડશે. અંદાજે ૩,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવનાર આ ફ્લાયઓવરના બાંધકામ માટે પાલિકાએ કોન્ટ્રેક્ટરની પણ નિમણૂક કરી હતી.

એમએમઆરડીએ દ્વારા પહેલાથી ઇસ્ટર્ન ફ્રી-વેથી ગ્રાન્ટ રોડના નાના ચોક સુધી અંડરગ્રાઉન્ડ રોડ બનાવવામાં આવી રહ્યો છે. તેથી ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ એમ જ આવવાનો છે. તેથી આ માર્ગ પર ફ્લાયઓવર બનાવવાની જરૂર જ નથી, એમ રાજ્ય સરકારનું કહેવું છે.

ઇસ્ટર્ન ફ્રી-વેથી ઓરેન્જ ગેટથી ગ્રાન્ટ રોડના નાના ચોકને જોડનારા ફ્લાયઓવરના કામ માટે જાન્યુઆરી, ૨૦૨૪માં ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા તથા માર્ચમાં આ માટે પ્રશાસકીય મંજૂરી પણ આપવામાં આવી હતી, પરંતુ હવે રાજ્ય સરકારે આ ફ્લાયઓવર બનાવવાનો ઇનકાર કર્યો હોવાથી આ પ્રકલ્પ અભેરાઇએ ચઢાવી દેવાનો વારો આવ્યો છે. ■

## આવો હતો પ્રસ્તાવિત માર્ગ

ફ્લાયઓવરને કારણે ઇસ્ટર્ન ફ્રી-વેથી ગ્રાન્ટ રોડ સુધીનું અંતર ફક્ત સાત મિનિટનું થઇ જાત. હાલમાં આટલું અંતર કાપવા અડધો કલાક જેવો લાગે છે. આ ફ્લાયઓવર ઇસ્ટર્ન ફ્રી-વે ઓરેન્જ ગેટથી જે. રાઠોડ માર્ગ, હૅંકોક પુલ, જે. જે. ફ્લાયઓવર, એમ. એસ. અલી રોડ તથા પઠ્ઠે બાપુરાવ માર્ગથી પસાર થવાનો હતો.

## એક લાખ કરોડના પ્રકલ્પ

પાલિકાને હાલમાં આર્થિક કટોકટી છે. હાલમાં અંદાજે એક લાખ કરોડના પ્રકલ્પ હાથમાં લીધા છે અને તે માટે ભંડોળ ભેગું કરવામાં કમર કસવી પડી રહી છે. આ ખર્ચ ઉઠાવવા માટે ડિપોઝિટ વટાવવાની તૈયારી પણ પાલિકાએ કરી છે. આ પ્રકલ્પ રદ થવાને કારણે પાલિકાના ઘણા પૈસા બચવાની શક્યતા છે. ■



**ક્યારે પૂરી થશે હડતાળઃ** મુંબઈમાં પાણીનાં ટેન્કરવાળાઓ અત્યારે હડતાળ પર ઊતર્યા છે જેને કારણે લોકોને ઘણી તકલીફ પડી રહી છે. મેટ્રો પાસે લાઇનથી વોટર ટેન્કરો ગઈકાલે પાર્ક થયેલી શનિવારે જોવા મળી હતી. (અમય ખરાડે)

# કિંગ્સ સર્કલની ૫૦ વર્ષ જૂની ગાંધી માર્કેટનું સમારકામ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કિંગ્સ સર્કલ પર આવેલી મહાત્મા ગાંધી માર્કેટનું સમારકામ કરવાનો નિર્ણય મુંબઈ મહાનગરપાલિકાએ લીધો છે. માર્કેટની બિલ્ડિંગની હાલત ખરાબ હોવાથી લાંબા સમયથી તેના સમારકામની માગણી કરવામાં આવી રહી હતી. છેવટે પાલિકાએ આ કામ માટે કૉન્ટ્રેક્ટરની નિમણૂક કરી છે અને બહુ જલદી તેનું સમારકામ ચાલુ કરવામાં આવવાનું છે. કિંગ્સ સર્કલમાં પાલિકાની સ્વમાલિકીની એમ.કે. ગાંધી મહાપાલિકા માર્કેટનો પુનર્વિકાસ કરવામાં આવવાનો હોવાની ચર્ચા લાંબા સમયથી ચાલી રહી હતી પણ તેના બદલે હવે પાલિકાના જ બજાર વિભાગની ભલામણ મુજબ માર્કેટ બિલ્ડિંગનું સમારકામ કરવામાં આવવાનું છે. ગ્રાઉન્ડ પ્લસ એક માળની આ બિલ્ડિંગ લગભગ ૫૦ વર્ષ જૂનું હોવાનું કહેવાય છે. પ્રશાસને માર્કેટના સમારકામ માટે ટેન્ડર બહાર પાડ્યા હતા અને બાદમાં કૉન્ટ્રેક્ટરની નિમણૂક કરી હતી.

સમારકામ પાછળ લગભગ અઢી કરોડ રૂપિયાનો ખર્ચ અપેક્ષિત છે. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ માર્કેટની બિલ્ડિંગ સી-ટૂ શ્રેણીમાં આવતી હોવાથી તે મુજબના સમારકામ કરવામાં આવશે. મુખ્ય બજાર હોવાથી તેને બંધ નહીં કરતા તેનુ સમારકામ એકીસાથે કરવાને બદલે તબક્કાવાર કરવામાં આવશે. ■

# નાગપુરની એલ્યુમિનિયમ ફેક્ટરીમાં વિસ્ફોટઃ મરણાંક વધીને પાંચ

## સરકાર તરફથી મૃતકના પરિવારને પાંચ લાખ રૂપિયા

નાગપુરઃ નાગપુર જિલ્લાની એલ્યુમિનિયમ મેન્યુફેકચરિંગ ફેક્ટરીમાં થયેલા વિસ્ફોટના મરણાંક પાંચ પર પહોંચી ગયો છે. આ વિસ્ફોટમાં ગંભીર રીતે દાઝેલા બે કામગારનું શનિવારે મોત થયું હતું, એમ પોલીસે જણાવ્યું હતું.

આ દરમિયાન મહારાષ્ટ્ર સરકારે મૃતકના પરિવારને પાંચ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે જ્યારે કંપની તરફથી મૃતકના પરિવારને પંચાવન લાખ રૂપિયા આપવામાં આવશે, એમ નાગપુરના પાલકપ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ જણાવ્યું હતું.

હાલમાં વધુ પાંચ કામગારની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હોવાનું તેમણે કહ્યું હતું.

નાગપુર જિલ્લાની ઉમરેડ એમઆઇડીસીમાં એમએમપી એલ્યુમિનિયમ ઇન્ડસ્ટ્રીસ ખાતે શુક્રવારે સાંજે સાત વાગ્યે જોરદાર વિસ્ફોટ થયો હતો. મૃતકોની ઓળખ નિખિલ નિહારે (૨૪), નિખિલ શેંડે (૨૫), અભિષેક જનગડ (૨૦), પિયૂષ વાસુદેવ દુર્ગે (૨૧) અને સચિન પુરુષોત્તમ મસરામ (૨૬) તરીકે કરવામાં આવી છે.

મહેસુલ પ્રધાન બાવનકૂળેએ જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નિર્દેશ બાદ મેં ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને કંપનીના મેનેજમેન્ટ અને જિલ્લા વહીવટીતંત્ર સાથે ચર્ચા કરી હતી. સરકાર તરફથી મૃતકના પરિવારને પાંચ લાખ રૂપિયા તથા ઘાયલોને સારવાર માટેની સહાય પૂરી પાડવામાં આવશે. કંપનીએ મૃતકોના પરિવારને પંચાવન લાખ રૂપિયા, ઘાયલોને ૩૦ લાખ રૂપિયા આપવાનું નક્કી કર્યું છે જ્યારે તેમના પરિવારના એક સભ્યને નોકરી પણ આપવામાં આવશે.

'નાગપુરની ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલમાં દાખલ બે કામગારનું શનિવારે વહેલી સવારે મોત થયું હતું, જ્યારે આગ બુઝાવ્યા બાદ કંપનીમાંથી ત્રણ કામગારના મૃતદેહ મળી આવ્યા હતા. આ સાથે મરણાંક પાંચ થયો હતો', એમ પોલીસે જણાવ્યું હતું. મૃતક કામગારોની ઉંમર વીસથી પચીસ વર્ષની હતી અને તેઓ નાગપુરના જ રહેવાસી હતા. ■

સુરતી વિશા લાડ વણિક



અજય મનસુખલાલ ચોક્સી

ઉંમર વર્ષ 72

સ્વ. સુશિલાબેન તથા સ્વ. મનસુખલાલ ચોક્સીના પુત્ર, સ્વ. ચંદુલાલ જગજીવનદાસ મુચ્છાલાના જમાઈ, **શનિવાર તા. 12 એપ્રિલ 2025 ના** શ્રીજી ચરણ પામ્યા છે. પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

શોકાતુર

પત્ની : **રક્ષાબેન**

પુત્ર - પુત્રવધુ : **અંકુર- શીતલ**

પુત્રી- જમાઈ : **માનસી - વિરલ**

ભાઇ બહેન : **પ્રફુલભાઇ, કૌશિકભાઇ ચોક્સી અને અન્જનાબેન જીતેન્દ્ર મેહતા**

પૌત્ર : **ક્રીદાન**

No prayer meeting will be held.

Condolences over email only.

mansi2325@gmail.com

ankurchoksey@gmail.com

ચોક્સી પરિવાર ના જય શ્રીકૃષ્ણ

# પુણેમાં બે યુવક ગળાફાંસો ખાધેલી હાલતમાં મળ્યા

પુણેઃ પુણેના મોશી ખાતે બે યુવક વૃક્ષ સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા, એમ પોલીસે જણાવ્યું હતું. એમઆઇડીસી ભોસરી પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું કે ભારતમાતા ચોક ખાતે ખિરીડ વસ્તીમાં શુક્રવારે તુષાર ધાગે (૨૫) અને સિકંદર શેખ (૩૦)ના મૃતદેહ મળ્યા હતા. બંને યુવક અહિલ્યાનગરના જામખેડ તાલુકાના રહેવાસી હતા. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે બંને મિત્ર હતા. (પીટીઆઇ)■

# મલાડમાં ચોથા માળે પાઇપ વાટે ચડીને વેપારીના ફ્લેટમાંથી ઘરેણાં ચોરનાર જોગેશ્વરીથી ઝડપાયો

મુંબઈઃ મલાડ વિસ્તારમાં ઇમારતના ચોથા માળે પાઇપ વાટે ચડીને વેપારીના ફ્લેટમાંથી ૩૬.૪૦ લાખ રૂપિયાના દાગીના ચોરનારા પોલીસે પકડી પાડ્યો હતો. જોગેશ્વરીમાં રેલવે ટ્રેક નજીક દોઢ કિલોમીટર સુધી પીછો કરીને પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ સંતોષ સુરેશ ચૌધરી ઉર્ફે વૈતુ (૨૩) તરીકે થઇ હતી. આરોપી વિરુદ્ધ વિવિધ પોલીસ સ્ટેશનમાં ૩૦થી વધુ ગુના દાખલ છે, એમ પોલીસે જણાવ્યું હતું.

મલાડ પશ્ચિમમાં ઇમારતના ચોથા માળે રહેનારા વેપારીના ઘરમાં ૧૦ એપ્રિલે રાતે ચોરી થઇ હતી. ચોથા માળે પાઇપ વાટે ચડીને બારીમાંથી વેપારીના ફ્લેટમાં ઘૂસેલો ચોર કબાટમાં રાખેલા સોના-હીરાજડિત દાગીના ચોરી ફરાર થયો હતો. ચોરીની ઘટના પ્રકાશમાં આવ્યા બાદ વેપારીએ મલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરાયો હતો.

પોલીસે ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારમાંના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા, જેમાં આરોપીનો ચહેરો અસ્પષ્ટ નજરે પડતો હતો. આ ફૂટેજ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ)ના માધ્યમથી સુધારવામાં આવ્યું હતું. ફૂટેજમાં દેખાયેલો શખસ રેકોર્ડ પરનો આરોપી સંતોષ ચૌધરી હોવાનું તપાસમાં જાણવા મળ્યું હતું.

પોલીસે ત્યાર બાદ આરોપીના મિત્રોની પૂછપરછ કરી તેનો મોબાઇલ નંબર મેળવ્યો હતો, જેને ટ્રેસ કરાયો હતો. દરમિયાન વિવિધ સ્થળે શોધ ચલાવ્યા બાદ આરોપી જોગેશ્વરીમાં રેલવે ટ્રેકની નજીક નજરે પડ્યો હતો. પોલીસે દોઢ કિલોમીટર સુધી આરોપીનો પીછો કર્યો હતો અને આખરે તેને પકડી પાડ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

# શક્તિપીઠ એક્સપ્રેસ-વે ખેડૂતોના ભોગે થોડા લોકોને મદદ કરવા માટેઃ રાજુ શેટ્ટી

જાલનાઃ સ્વાભિમાની શેતકરી સંગઠનના પ્રમુખ રાજુ શેટ્ટીએ શનિવારે પ્રસ્તાવિત શક્તિપીઠ એક્સપ્રેસ-વેનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે સ્વાર્થી લોકો દ્વારા આ પ્રોજેક્ટ ચલાવવામાં આવે છે. ૮૬,૩૦૦ કરોડ રૂપિયાનો નાગપુર-ગોવા શક્તિપીઠ એક્સપ્રેસ-વે ૮૧૦ કિલોમીટર લાંબો છે અને મહારાષ્ટ્રના ૧૨ જિલ્લાઓમાંથી પસાર થશે.

શક્તિપીઠ એક્સપ્રેસ-વે પ્રોજેક્ટ કોઈ વિકાસની પહેલ નથી, પરંતુ સ્વાર્થી લોકો દ્વારા ચલાવવામાં આવતો પ્રોજેક્ટ છે. તે સામાન્ય લોકો અને ખેડૂતોના ભોગે પસંદગીના કેટલાક લોકોને લાભ અપાવવા માટે તૈયાર થઈ રહ્યો છે. પ્રોજેક્ટનો વાસ્તવિક ખર્ચ ૨૮,૦૦૦ કરોડ રૂપિયા હોવો જોઈતો હતો, પરંતુ તેમાં લગભગ ૫૮,૦૦૦ કરોડ રૂપિયાનો વધારો થયો છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે તે રાજકારણીઓ અને કોન્ટ્રાક્ટરોના લાભ માટે રચાયેલો પ્રોજેક્ટ છે, એમ શેટ્ટીએ જણાવ્યું હતું.

'એક્સપ્રેસવે માટે ૫૫,૦૦૦ ખેડૂતોની લગભગ ૨૭,૦૦૦ એકર જમીન સંપાદિત કરવામાં આવશે. આ વળતર પૂરતું નથી. તત્કાલીન ઉદ્ધવ ઠાકરે સરકાર હેઠળ જમીન સંપાદન, પુનર્વસન અને પુનર્વસવાટ અધિનિયમ ૨૦૧૩માં કરવામાં આવેલા સુધારાએ ખેડૂતોના રક્ષણ માટેની વાજબી વળતર અને પારદર્શિતાની જોગવાઈઓને નબળી પાડી દીધી હતી.' એવો દાવો તેમણે કર્યો હતો.

શેટ્ટીએ ધ્યાન દોર્યું કે નાગપુર-મુંબઈ સમૃદ્ધિ એક્સપ્રેસવે, જે આવા જ વિરોધ વચ્ચે બાંધવામાં આવ્યો હતો, તેનો ઘણો ઓછો ઉપયોગ થઈ રહ્યો છે. તેમણે કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાની પણ ટીકા કરી હતી.

'ખાનગી વીમા કંપનીઓને મદદ કરવાનું આ કૌભાંડ છે. છેલ્લા પાંચ વર્ષમાં, વીમા કંપનીઓએ આ યોજના હેઠળ દેશભરમાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયાનો નફો કર્યો છે. ફક્ત મહારાષ્ટ્રમાં જ તેમનો નફો ૧૦,૫૦૦ કરોડ રૂપિયા હતો,' એવો દાવો શેટ્ટીએ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર દ્વારા કૃષિ લોન માફ કરવાનો ઇનકાર 'વિશ્વાસઘાતથી ઓછો નથી.' (પીટીઆઈ)■

કચ્છી ભાટિયા



અ.સૌ. હેમંતી દિલીપભાઈ ભાટિયા (ઉં.વ. ૭૨)

તે સ્વ. વેલાબાઈ અને સ્વ. વલ્લભદાસ ભાટિયા ના પુત્રવધુ, દિલીપભાઈ ના ધર્મપત્ની, સ્વ. સુમતી સુંદરદાસ ભીમાણી ના પુત્રી, નીમેષ સુંદરદાસના ભીમાણી ના બહેન, ચિ. મૃણાલ, ચિ. અભય, ચિ. તપનના માતૃશ્રી, અ.સૌ. આસ્થા અને અ.સૌ. ખુશ્બુના સાસુ, ચિ. તનુષના દાદી. શુક્રવાર, તા.૧૧.૪.૨૦૨૫ના રોજ શ્રીજીના ચરણ પામ્યા છે.

પ્રાર્થના સભા

સોમવાર, તા. ૧૪.૦૪.૨૦૨૫

સમયઃ સાંજે ૪ થી ૬ કલાકે

સ્થળઃ આજીવાસન, પહેલે માળે, જુહુ તારા રોડ, સાંતાક્રુઝ (વે)

# ઉલ્હાસનગરમાં પાણીની કટોકટી માટે ગેરકાયદે કનેકશન જવાબદારઃ પાલિકા

થાણેઃ થાણે જિલ્લાના ઉલ્હાસનગર ટાઉનશિપમાં પાણી પુરવઠો બરાબર ન થતો હોવાની ફરિયાદો વચ્ચે પાલિકાના અધિકારીઓએ કહ્યું હતું કે પાણીની અછત કંઇ નથી, પરંતુ આ માટે ગેરકાયદે કનેકશન અને પાણીનો અસમાન વપરાશ જવાબદાર છે.

પાણી પુરવઠાની સ્થિતિમાં સુધારો લાવવા માટે ઉલ્હાસનગર પાલિકાએ પાણી વિતરણ સાથે જોડાયેલી સમસ્યાઓની ઓળખ કરી તેનો નિકાલ લાવવા માટે સર્વે કરવાની યોજના બનાવી છે.

પાલિકાના કમિશનર મનીષા આવ્હાલેએ પત્રકારોને જણાવ્યું હતું કે પાણી બરાબર ન મળતું હોવાની વારંવાર રહેવાસીઓ તરફથી ફરિયાદો આવી રહી છે. શહેરમાં પાણીની અછત જરાય નથી. ગેરકાયદે પાણીના કનેકશન અને ઘણા લોકો બીજા કરતા વધુ પાણીનો ઉપયોગ કરે છે આ કારણો સમસ્યાનું મૂળ કારણ હોઇ શકે છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

વધુ ક્ષમતાવાળા પમ્પનો ઉપયોગ કરવો અને ઇમારતોમાં ગેરકાયદે કનેકશન પાણીના કટોકટી માટેના કારણો છે, એમ તેમણે કહ્યું હતું.

આ સમસ્યાનો ઉકેલ લાવવા પાલિકા દ્વારા સર્વેક્ષણ કરાવવામાં આવશે અને દરેક ઘરમાં બરાબરથી પાણી મળે તેની ખાતરી કરાશે, એમ આવ્હાલેએ કહ્યું હતું.■

# ફિલ્મ 'છાવા' ઓનલાઇન લીકઃ વધુ એક આરોપીની નાશિકથી ધરપકડ

મુંબઈઃ મરાઠા રાજા છત્રપતિ સંભાજી મહારાજના જીવન પર આધારિત ફિલ્મ 'છાવા' ઓનલાઇન લીક કરવા બદલ સાઉથ સાયબર પોલીસે પુણેથી ૨૬ વર્ષના યુવકને પકડી પાડ્યા બાદ વધુ એક આરોપીની નાશિકથી ધરપકડ કરી હતી. આરોપીની ઓળખ વિવેક સ્નેહલ ધુમાળ તરીકે થઇ હતી, જે નાશિકમાં દત્તા મેટ્રિક કંપની કોલોનીનો રહેવાસી છે.

સાઉથ સાયબર પોલીસે આ અગાઉ પુણેના દૌંડના રહેવાસી સાગર રાઘવનની ધરપકડ કરી હતી, જેણે હોસ્ટિંગર પાસેથી ડોમેઇન ખરીદ્યું હતું. સાગરે એક ઍપ ડાઉનલોડ કરી હતી અને તેના થકી તેણે છાવા ફિલ્મ સહિત નવી રિલીઝ થયેલી ફિલ્મો અપલોડ કરી હતી. તપાસ દરમિયાન નાશિકના વિવેક ધુમાળનું નામ સામે આવ્યા બાદ તેને શુક્રવારે પકડી પાડવામાં આવ્યો હતો. ધુમાળે છાવા ફિલ્મ અપલોડ કરવા માટે હોસ્ટિંગર પાસેથી ડોમેઇન ખરીદ્યું હતું. તે છાવા સાથે અન્ય નવી રિલીઝ થયેલી ફિલ્મો પણ સ્ટ્રીમ કરતો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે મેડોક ફિલ્મ્સ પ્રા. લિ. દ્વારા નિયુક્ત એન્ટિ-પાયરસી એજન્સી ઓગસ્ટ એન્ટરટેઇનમેન્ટ પ્રા. લિ.ના સીઇઓ રજત હકસરની ફરિયાદને આધારે સાઉથ સાયબર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

ફરિયાદમાં આરોપ કરાયો હતો હતું કે ૧૪ ફેબ્રુઆરીથી ૨૦ માર્ચ દરમિયાન અજાણી વ્યક્તિ દ્વારા ફિલ્મ છાવાની ગેરકાયદે ૧૮૧૮ પાઇરેટેડ લિંક ડિસ્ટ્રિબ્યુટ કરાઇ હતી. આ લિંક વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરાઇ હતી. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મધમાખીઓનો હનુમાનભક્તો પર હુમલો

નાશિકઃ નાશિક જિલ્લામાં આવેલી અંજનેરી ટેકરી પર શનિવારે હનુમાન જયંતિ નિમિત્તે આવેલા શ્રદ્ધાળુઓ પર મધમાખીના ઝૂંડ દ્વારા કરવામાં આવેલા હુમલામાં અનેક લોકો ઘાયલ થયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

હનુમાન જયંતિ હોવાથી ટેકરી પર આવેલા હનુમાન મંદિરમાં સવારથી લોકોની ભીડ જામી હતી ત્યારે સવારે ૭. ૩૦ કલાકે મધમાખીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, એમ તેમણે કહ્યું હતું.

નાશિકથી વીસ કિલોમીટર દૂર આવેલું અંજનેરી પવનપુત્ર હનુમાનનું જન્મસ્થળ હોવાનું કહેવામાં આવે છે.

મધમાખીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, પરંતુ આ ઘટનામાં કોઇ ગંભીર રીતે ઘાયલ થયું નહોતું, કારણ કે ત્યાં ઉપસ્થિત પોલીસ, વન અને આરોગ્ય વિભાગના કર્મચારીઓએ પરિસ્થિતિ પર તાત્કાલિક કાબૂ મેળવ્યો હતો, એમ સૂત્રોએ જણાવ્યું હતું. જે લોકો ઘાયલ થયા હતા તેમને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ■

# જમણેરી પાંખ તરફથી હજી કોઇ મોટો કવિ વિશ્વને મળ્યો નથીઃ જાવેદ અખ્તર

મુંબઈઃ કવિતાને 'ન્યાયની ભાષા' અને 'સમાજની સ્વરગંજ' ગણાવતા જાણીતા ગીતકાર જાવેદ અખ્તરે કહ્યું હતું કે સંપૂર્ણ વિશ્વમાં જમણેરી પાંખથી કોઇ મોટો કવિ આવ્યો નથી.

સમસ્તી આર્ટ્સ એન્ડ લિટરેચર ફેસ્ટિવલ દરમિયાન 'નામદેવ ઢસાળ સમસ્તી અવોર્ડ' મેળવ્યા બાદ મધ્ય મુંબઈના ભાયખલામાં અન્નાભાઉ સાઠે ઓડિટોરિયમમાં યોજાયેલા સંમેલનને સંબોધતા જાવેદ અખ્તરે ઉક્ત નિવેદન કર્યું હતું. મરાઠી કવિ અને દલિત કાર્યકર નામદેવ ઢસાળની સ્મૃતિમાં ૧૧મી એપ્રિલથી બે દિવસ માટે આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

'જે લોકો પ્રેમ સંબંધિત કવિતાઓ સાંભળે છે તેઓને ખબર જ નથી હોતી કે કવિતા ફક્ત પ્રેમની ભાષા નથી, પરંતુ તે ન્યાયની ભાષા પણ છે. સંપૂર્ણ વિશ્વમાં કવિતાનું મુલ્ય સાંસ્કૃતિક રીતે સાચું છે. તેથી જ વિશ્વના ઇતિહાસમાં જમણેરી પાંખ દ્વારા કોઇ મોટો કવિ આપવામાં આવ્યો નથી', એમ જાવેદ અખ્તરે જણાવ્યું હતું. 'કવિતા સમાનતામાં માને છે, ન્યાયમાં માને છે અને આ મૂલ્યો સાથેની જ કવિતા વિશ્વમાં સ્વીકારવામાં આવે છે', એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. ■

# ઝાડો કપાયાઃ થાણેમાં હજારોનું વિરોધ પ્રદર્શન

થાણેઃ પાલિકા દ્વારા કોઇ પણ પ્રકારની તપાસ કર્યા વગર વૃક્ષો કાપણી માટે પરવાનગી આપવામાં આવે છે એવો આક્ષેપ કરી થાણેમાં હજારોની સંખ્યામાં વિવિધ સંસ્થાના કાર્યકરો અને નાગરિકો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. થાણેના માનપાડા જંકશન ખાતે બેનરો, પ્લેકાર્ડ્સ લઇને, સૂત્રોચ્ચાર કરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેઓ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે શહેરમાંથી લીલોતરી ગાયબ થઇ રહી છે અને પાલિકા આંખઆડા કાન કરી રહી છે. વિકાસના નામે કોઇ પણ તપાસ કર્યા વગર વૃક્ષોની કાપણી માટે પરવાનગી આપવામાં આવી રહી છે, એવો આક્ષેપ તેમણે કર્યો હતો. ■

# ચંદ્રપુર ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં ૧૭,૪૩૨ કરોડ રૂપિયાના સમજૂતીના કરાર

ચંદ્રપુરઃ મહારાષ્ટ્રના ચંદ્રપુરમાં ડિસ્ટ્રિક્ટ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં ૧૭,૪૩૨ કરોડ રૂપિયાના સમજૂતીના કરાર (એમઓયુ) કરવામાં આવ્યા હતા, એવી માહિતી એક અધિકારીએ આપી હતી.

નાગપુર ડિવિઝન જેનો ચંદ્રપુર એક ભાગ છે, તેને આપવામાં આવેલા ૧૪,૦૦૦ કરોડ રૂપિયાના લક્ષ્યાંક કરતાં આ આંકડો વધારે છે. એટલું જ નહીં, રાજ્યના કોઈપણ જિલ્લામાં આ આંકડો સૌથી વધારે છે.

શુક્રવારે સમિટમાં કુલ ૧૨ કરાર સહી કરવામાં આવ્યા હતા, જેમાંથી સાત સ્ટીલ સેક્ટર અંગેના હતા. નાગપુર જિલ્લો રાજ્યના મિનરલ્સમાં ૬૦ ટકા હિસ્સો ધરાવે છે. આમાંથી ૭૫ ટકા મિનરલ્સની સંપત્તિ ચંદ્રપુર અને ગઢચિરોલીમાં છે, એમ ભૂતપૂર્વ પ્રધાન સુધીર મુનગંટીવારે કહ્યું હતું.

ગ્રેટા એનર્જી સાથે (૧૦,૩૧૯ કરોડ રૂપિયા, ૭,૦૦૦ નોકરી), ગોવા સ્પન્જ એન્ડ પાવર લિ. (૨,૦૦૦ કરોડ રૂપિયા, ૧૫૦૦ રોજગાર) અને કાલિકા સ્ટીલ (૧,૧૦૦ કરોડ રૂપિયા, ૧૦૦૦ રોજગાર) તેમ જ ભાગ્યલક્ષ્મી સ્પન્જ પ્રા. લિ. (૧,૦૫૩ કરોડ રૂપિયા, ૭૫૦ રોજગાર) સાથે સમજૂતીના કરાર કરવામાં આવ્યા હતા, એમ તેમણે કહ્યું હતું. (પીટીઆઈ)■

# લોનની ચુકવણી માટે અપાતા ત્રાસથી કંટાળી શખસની આત્મહત્યા

થાણેઃ થાણે જિલ્લામાં કલ્યાણમાં લોનની ચુકવણી માટે વારંવાર અપાતા ત્રાસથી કંટાળીને ૪૮ વર્ષના શખસે આત્મહત્યા કરી હતી. તેને આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવા બદલ પોલીસ મહિલા સહિત બે જણ સામે ગુનો દાખલ કર્યો હતો. ખડકપાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે વિજય જીવન મોરેએ ૩૧ માર્ચે પોતાના ઘરમાં ગળાફાંસો ખાધો હતો. વિજયના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા બાદ પોલીસે આ પ્રકરણે તપાસ આદરી હતી.

તપાસમાં જાણવા મળ્યું હતું કે વિજયે એક વ્યક્તિ પાસેથી લોન લીધી હતી અને એ વ્યક્તિ તથા મહિલા તેને લોનની ચુકવણી માટે વારંવાર ત્રાસ આપતાં હતાં. આથી પોલીસે બંને વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. જોકે આ કેસમાં હજી કોઇની ધરપકડ કરાઇ નથી. (પીટીઆઇ)■

# ઝૂંપડપટ્ટીમાં ગાંજાના વેચાણનો વિરોધ કરનારી મહિલા, તેની દીકરી પર હુમલો

થાણેઃ થાણે જિલ્લામાં ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ગાંજાના વેચાણનો વિરોધ કરનારી ૩૮ વર્ષની મહિલા અને તેની પુત્રી પર પડોશીઓએ હુમલો કર્યો હતો.

ડોંબિવલીમાં સપ્તાહની શરૂઆતમાં આ ઘટના બની હતી અને મહિલા પર હુમલો કરવા બદલ ત્રણ જણ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર સિદ્ધાર્થનગર ઝૂંપડપટ્ટી વિસ્તારમાં આરોપીઓ ગાંજો સપ્લાય કરતા હોવાથી મહિલાએ વિરોધ કર્યો હતો. આથી રોષે ભરાયેલા આરોપીઓએ મહિલાને ગાળો ભાંડી હતી અને બાંબુ તથા સળિયાથી તેના પર હુમલો કર્યો હતો. મહિલાની દીકરીના પણ વાળ ખેંચી તેને ઘસડી હતી અને તેને માર માર્યો હતો.

આ ઘટના બાદ મહિલાએ પોલીસનો સંપર્ક સાધીને ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ત્રણ જણ સામે ગુનો દાખલ કરાયો હતો. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોવાથી હજી સુધી કોઇની ધરપકડ કરવામાં આવી નથી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) સીતારામ મંડળ | ૬૪ | ૫૦,૦૦૦ |
| ૨) રણજિત કુમાર | ૩૨ | ૪૦,૦૦૦ |
| ૩) રઘુનાથ ઘોષ | ૬૪ | ૧,૨૦,૦૦૦ |
| ૪) ઉર્મિલા સરકાર | ૫૧ | ૮૦,૦૦૦ |
| ૫) બુલુ ઘોષ | ૫૨ | ૩૫,૦૦૦ |
| ૬) છાયા રાની મૈજિ | ૭૧ | ૬૦,૦૦૦ |
| ૭) ગુરુપાડા મલ્લિક | ૫૪ | ૧૦,૦૦૦ |
| ૮) બ્રિન્દાબોન ઘોષ | ૬૦ | ૮૦,૦૦૦ |
| ૯) પ્રિણકા પોરીયા પાંજા | ૨૯ | ૬૦,૦૦૦ |
| ૧૦) મનોજ મુન્નલા તિવારી | ૧૭ | ૧,૫૦,૦૦૦ |
| ૧૧) હરેશ્વર નાથ તિવારી | ૬૫ | ૩,૦૦,૦૦૦ |
| ૧૨) શુભમ કુમાર રાજક | ૧૭ | ૧,૫૦,૦૦૦ |
| ૧૩) છોટી બહુ ખાન | ૫૨ | ૨,૦૦,૦૦૦ |
| ૧૪) અસ્તો ઘોષ | ૬૨ | ૩૨,૦૦૦ |
| ૧૫) રાજ કુમાર ઓઝા | ૫૧ | ૫૦,૦૦૦ |
| ૧૬) અમિત કુમાર | ૨ | ૬,૦૦,૦૦૦ |
| ૧૭) વિવેક કુમાર | ૩૧ | ૨૫,૦૦૦ |
| ૧૮) માનીક વિશ્વનાથ ગવાન્દે | ૪૭ | ૨૫,૦૦૦ |
| ૧૯) એનિમા કર્મકાર | ૬૮ | ૪૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

૨૦) આડવિત અશોક ભાદરાજાપૂણ ૫ ૩૫,૦૦૦ વાડિયા

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

છેલ્લા પાનાનું ચાલુ

## દુરાચારની ફરિયાદ

ટીમ સાથે પોલીસે શુક્રવારે સંસ્થામાં અચાનક દરોડા પાડીને તલાશી લીધી ત્યારે બાળકો સાથે વાતચીત કરતાં આરોપોમાં તથ્ય હોવાનું જાણવા મળ્યું હતું, એમ પોલીસે કહ્યું હતું. ઉગારી લેવાયેલા બાળકોને ચાઇલ્ડ વેલ્ફેર કમિટી સમક્ષ હાજર કરાયા હતા. અમુક બાળકો ખડવલી જિલ્લા પરિષદની શાળામાં ભણતા હતા. તેમની આગામી પરીક્ષાને ધ્યાનમાં લેતાં શિક્ષણ વિભાગ તેમની પરીક્ષા માટે વિશેષ વ્યવસ્થા કરવા શિક્ષણ અધિકારી કાર્યાલય સાથે સમન્વય સાથી રહ્યો છે. બીજી તરફ સંસ્થાના સંચાલક, તેના પરિવારના બે સભ્ય અને અન્ય બે જણ સામે ગુનો દાખલ કરાયો હોવાનું કલેક્ટર અશોક શિંગારેએ કહ્યું હતું.

બાળકોની સુરક્ષા અને કલ્યાણ હંમેશાં પ્રશાસનની અગ્રતા રહી છે. કસૂરવારો સામે કઠોર પગલાં લેવામાં આવશે, એમ શિંગારએ જણાવ્યું હતું. દરમિયાન જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારી સંતોષ ભોસલેએ તમામ નાગરિકોને આવી અનધિકૃત સંસ્થાઓ વિશે તાત્કાલિક ફરિયાદ કરવા અને બાળકોનું શોષણ અથવા અત્યાચાર થતાં હોય તો જાણકારી આપવા અનુરોધ કર્યો છે. (પીટીઆઇ) ■

## આઇટી પ્રોફેશનલ

દસ્તાવેજો સોંપી દેવા તેને ધમકી આપી હતી. આરોપીએ પીડિત પાસેથી ૧.૦૩ કરોડ રૂપિયાના સોનાના સિક્કા પણ લીધા હતા.

ફરિયાદ અનુસાર મોહિતેએ પીડિતના શરાબમાં ઘેનયુક્ત પદાર્થ ભેળવી દીધો હતો અને પોતાને નામે વિલ તૈયાર કરવા માટે મજબૂર કર્યો હતો. ફોરેન્સિક રિપોર્ટ જણાવે છે કે પીડિતને ઘેન અને ઝેરી અસર માટે ટ્રાયસાઇક્લિક એન્ટિડિપ્રેસન્ટ્સ અને બાર્બિચ્યુરેટ્સ આપવામાં આવ્યાં હતાં. અમે નાણાકીય વ્યવહારો, તબીબી અહેવાલો અને સાક્ષીદારોના નિવેદન તપાસી રહ્યા છીએ. હજી સુધી કોઇને કસ્ટડીમાં લેવામાં આવ્યો નથી, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

## મીરા-ભાયંદર

૧૦૦૦ જેટલા સલાહ-સૂચનો આવ્યા હતા અને તેના પરની સુનાવણી શુક્રવારે જ પાર પડી. વૃક્ષો કાપવાને કારણે અહીં ૪૦થી વધુ પક્ષીઓની પ્રજાતિ, દીપડાઓ, શિયાળો સહિતના વિવિધ પશુ-પક્ષીઓ સામે જોખમ ઊભું થશે. આ સિવાય અહીં લીલી ભાજીની ખેતી કરવામાં આવે છે તેને પણ નુકસાન પહોંચશે. વૃક્ષોને કાપ્યા બાદ તાપમાનમાં વધારો, ભૂજળ સ્તરમાં ઘટાડો, હવાની ગુણવત્તા બગડવી વગેરે જોખમ રહેશે. આ અગાઉ પાલિકાએ ૧,૪૦૦ વૃક્ષો કાપવા માટે પાલિકાએ પરવાનગી આપી છે ત્યારે સ્થાનિકોએ વૃક્ષો તોડવાની નોટિસ તાત્કાલિક રદ કરવાની માગણી કરી છે. ■

## એકનાથ શિંદેએ

અધૂરું આપ્યું હતું જેથી પગાર રખડી ગયા હતા. આ બાબતે એકનાથ શિંદેએ હસ્તક્ષેપ કરીને નાણાં સચિવને ફોન કર્યો ત્યારે સમસ્યાનું નિરાકરણ થયું હતું, પરંતુ આ મુદ્દે મહાયુતિમાં એકબીજા પર સરસાઈ કરવાની બાબત પ્રકાશમાં આવી હતી. હવે એકનાથ શિંદે દ્વારા આ મુદ્દે ભાજપના મોવડીમંડળને જ ફરિયાદ કરવામાં આવી હોવાથી આગળ શું થાય છે તે જોવાનું રહેશે.

એકનાથ શિંદેએ પોતાના ભાષણમાં અમિત શાહની છૂટા મોંએ પ્રશંસા કરી હોવાનું પણ જોવા મળ્યું હતું. દેશના ગૃહ પ્રધાન અમિત શાહ છત્રપતિ શિવાજી મહારાજની સમાધિ પર પુણ્યતિથિ નિમિત્તે અંજલિ આપવા આવ્યા હતા. મોદી સરકારે કલમ ૩૭૦ હટાવી, વક્ફ બોર્ડના ખરડા વખતે અમિત શાહનું ભાષણ રૂવાંડા ઊભા કરી નાખનારું હતું. સીમા પરના શત્રુઓ અત્યારે પોતાના દરમાં છુપાઈ ગયા છે કેમ કે અમિત શાહ અને મોદીજી બેઠા છે. દેશમાં હિંસા ફેલાવનારા લોકો આતંકવાદીઓ હોય તો તેમનો બંદોબસ્ત કરવાનું કામ તેમજ જ ૨૬/૧૧ના આતંકવાદી હુમલાના આરોપી તહવ્વૂર રાણાને દિલ્હીથી મુંબઈ લાવવામાં આવશે અને ફાંસી પર ચડાવવામાં આવશે. આ કામ આપણા ગૃહ પ્રધાન અને વડા પ્રધાનનું છે. ■

## પોતાને આલમગીર

(મોગલોના શાસન)ને હરાવ્યું હતું.

'જે શાસક પોતાને આલમગીર કહેતો હતો તે જીવતો હતો ત્યાં સુધી મરાઠાઓ સામે લડ્યો અને મહારાષ્ટ્રમાં પરાજિત થઈને મૃત્યુ પામ્યો. તેની (ઔરંગઝેબની) કબર (મકબરો) અહીંની ધરતી પર આવેલી છે,' એમ શાહે કહ્યું હતું.

નોંધનીય છે કે, છત્રપતિ સંભાજીનગર જિલ્લાના ખુલતાબાદમાં ૧૭મી સદીના મોગલ સમ્રાટની કબરને દૂર કરવાની જમણેરી સંગઠનોની માગણીને લઈને મહારાષ્ટ્રમાં ભારે રાજકીય વિવાદ થયો હતો.

'સુપ્રસિદ્ધ મરાઠા યોદ્ધા રાજાના આદર્શો ભારતને તેની સ્વતંત્રતાની શતાબ્દી ઉજવવા અને મહાસત્તા બનવાની યાત્રા દરમિયાન પ્રેરણા આપે છે. નરેન્દ્ર મોદી સરકાર શિવાજી મહારાજના આદર્શો પર કામ કરે છે,' એમ શાહે કહ્યું હતું.

ગૃહ પ્રધાને રાયગડ કિલ્લાનું વર્ણન કર્યું હતું કે જે મરાઠા રાજ્યની રાજધાની તરીકે સેવા આપતો હતો અને શિવાજી મહારાજની સમાધિ ધરાવે છે, તેને પ્રવાસન સ્થળ કરતાં ભવિષ્યની પેઢીઓ માટે પ્રેરણાનો સ્રોત ગણાવ્યો હતો.

તેમણે શિવાજી મહારાજની માતા જીજાબાઈને 'સ્વધર્મ'ના રક્ષણ અને 'સ્વરાજ્ય'ની સ્થાપના માટેના બીજ રોપવાનું શ્રેય આપ્યું હતું. ૨૦૪૭માં ભારત તેની સ્વતંત્રતાની શતાબ્દી તરફ આગળ વધી રહ્યું છે અને મહાસત્તા બનવાની ઇચ્છા ધરાવે છે, ત્યારે શિવાજી મહારાજ પ્રેરણાસ્થાન તરીકે સામે ઊંચા ઊભા છે, એમ તેમણે કહ્યું હતું.

તેમની 'રાજમુદ્રા' (શાહી ચિહ્ન) ભારતીય નૌકાદળના ધ્વજ તરીકે ઉપયોગમાં લેવાય છે, જે રાષ્ટ્ર પર તેમના કાયમી પ્રભાવનું પ્રતીક છે. શાહે 'સ્વધર્મ' માટે લડત ચાલુ રાખવા અને શિવાજી મહારાજના સુશાસન અને ન્યાયના ઉપદેશોને સમર્થન આપવાના મહત્ત્વ પર ભાર મૂક્યો.

શાહની સાથે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવાર તેમ જ ભાજપના સાંસદ ઉદયનરાજે ભોસલે અને રાજ્યના પ્રધાન શિવેન્દ્રસિંહ ભોસલે હતા, બંને મરાઠા યોદ્ધા રાજાના વંશજો છે. ફડણવીસે અરબી સમુદ્રમાં શિવાજી મહારાજના સ્મારકના નિર્માણ માટે તેમની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો, અને નોંધ્યું કે આ પ્રોજેક્ટ અંગેની એક અરજી બોમ્બે હાઈકોર્ટમાં પાછી મોકલવામાં આવી છે. આ અગાઉ અમિત શાહ અને અન્ય મહાનુભાવોએ રાયગડ કિલ્લા નજીક આવેલા પાછડ ખાતે જીજાબાઈને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ■

## અમિત શાહના

હાજરી આપ્યા બાદ શાહ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવાર સાથે રાયગડના ગીતાબાગ, સુતારવાડી ખાતે તટકરેના ઘરે પહોંચ્યા હતા. તટકરે રાયગડ લોકસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે. ડિસેમ્બર ૨૦૨૪માં સત્તામાં આવેલા મુખ્ય પ્રધાન ફડણવીસે આ વર્ષે જાન્યુઆરીમાં એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાના વિરોધને કારણે એનસીપીના સાંસદની પુત્રી અદિતિ તટકરે અને ભાજપના નેતા ગિરીશ મહાજનની અનુક્રમે રાયગડ અને નાસિક અને જિલ્લાઓના પાલક પ્રધાનો તરીકેની નિમણૂંક પર રોક લગાવી હતી. શાસક મહાયુતિમાં ભારતીય જનતા પાર્ટી, એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને અજિત પવારની એનસીપીનો સમાવેશ થાય છે.

દિવસની શરૂઆતમાં પત્રકારો સાથે વાત કરતા, સુનિલ તટકરેએ કહ્યું કે ભોજન માટેનો કાર્યક્રમ બિન-રાજકીય હતો. 'પાલક પ્રધાનપદનો મુદ્દો એજન્ડામાં નહોતો,' એમ તેમણે કહ્યું હતું. જોકે, શિવસેનાના પ્રધાન અને પાર્ટીના પ્રવક્તા સંજય શિરસાટે કહ્યું હતું કે જો શાહ તટકરે સાથે લંચ કરે તો પણ રાયગડ જિલ્લાના પાલક પ્રધાનનું પદ શિવસેનાને જ જશે. શિવસેનાના ભરત ગોગાવલે આ પદ પર નજર રાખી રહ્યા છે.

રાજ્યના પ્રધાન શિવેન્દ્રસિંહ ભોસલે, આશિષ શેલાર અને કેન્દ્રીય પ્રધાન મુરલીધર મોહોળે પણ લંચમાં હાજરી આપી હતી. (પીટીઆઈ) ■

## એકનાથ શિંદે વહાલાં

શાહની પ્રશંસા કરી અને કહ્યું કે વડા પ્રધાન મોદી અને અમિત શાહે કલમ ૩૦૭ દૂર કરી. દેશના સીમા પરના ઉપદ્રવીઓને ઠેકાણે લાવ્યા. દેશમાં હિંસા ફેલાવનારા લોકો, ભલે તે નકસલીઓ હોય તેની સામે ચુસ્ત બંદોબસ્ત ગૃહ પ્રધાને ગોઠવી દીધો છે. તહવ્વૂર રાણાની હવે મુંબઈમાં લાવી ફાંસી આપવામાં આવશે, એમ શિંદેએ વધુમાં જણાવ્યું હતું. ■

## જૂતામાં છુપાવીને

સોના સંબંધમાં કોઇ વિધિસર દસ્તાવેજો નહોતા. એ સિવાય તેણે અધિકારી સમક્ષ જાહેર કર્યું નહોતું. પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે તે સોનું ચિંતન સંઘવીને વેચતો હતો અને ચિંતન સોનાની ચુકવણી હવાલા મારફત કરતો હતો. દરમિયાન બંને જણની સઘન પૂછપરછ કરાઇ હતી, પણ સોનાની ખરીદી કરવા માટે ઉપયોગ કરેલા સ્રોત, દાણચોરીના સોનાના ખરીદદારો અને સિન્ડિકેટમાં સંકળાયેલા લોકો વિશે માહિતી મળી ન હતી. ભરત શેઠ સોનું લઇને આવ્યો તેના પર વિધિસર રીતે ૨.૪૨ કરોડ રૂપિયાની ડ્યૂટી લાગુ થતી હતી. ■

## મરીન ડ્રાઇવને

કરવામાં આવશે જેથી ૬.૫ કિલોમીટરની ઓરેન્જ ગેટથી મરીન ડ્રાઇવ સુધીને ટ્વિન ટનલ શરૂ થયા બાદ થનારા ટ્રાફિકના વધારાને તે સંભાળી શકે. આ સિવાય એનસીપીએ અને કફ પરેડને જોડતા પ્રસ્તાવતિ ૧.૭ કિમીના સી-બ્રિજને પણ આ નવા રોડ સાથે જોડવાની યોજના એમએમઆરડીએએ બનાવી છે.

ટ્વિન ટનલને કારણે ટ્રાફિકની સમસ્યા દૂર થવાની સાથે હવાનું પ્રદૂષણ પણ ઓછું થવાનો વિશ્વાસ ફડણવીસે વ્યક્ત કર્યો હતો. આ પ્રકલ્પનું કામ ડિસેમ્બર, ૨૦૨૮ સુધી પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. ■

# જૈન મરણ

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

કુંભારિયા પાડા નિવાસી (હાલ વસઈ), સ્વ. લિલાવતીબેન કાંતિલાલ મશરૂવાળાના સુપુત્ર પ્રમોદચંદ્ર કાંતિલાલ મશરૂવાળાના ધર્મપત્ની જ્યોત્સનાબેન (ઉં. વ. ૮૧) તે ઝવેરીવાડાના સ્વ. સુશીલાબેન કાંતિલાલ શાહના સુપુત્રી. તે આશિષ, દિવ્યેશ તથા ભાવેશના મમ્મી. સેજલબેન, ઝરણાબેન તથા મોનાબેનના સાસુ. સ્વ. નવીનભાઈ, હસમુખભાઈ, પ્રવીણભાઈ, મહેન્દ્રભાઈ, અશ્વીનભાઈ, ભરતભાઈ, સ્વ. ભગવતીબેન, સ્વ. હસુમતીબેન, ચંદ્રકળાબેન, કૈલાશબેન તથા મીતાબેનના ભાભી. વસઈ ખાતે તા. ૧૧-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ખરકવાડી, શ્રી નેમિનાથ જૈન દેરાસરની બાજુમાં, શક્તિ નગર, જે.બી. લુધાની સ્કૂલની સામે, એવરસાઈન સીટી, વસઈ (ઈસ્ટ). સોમવાર તા. ૧૪-૪-૨૫, ૪ થી ૬.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર રમેશભાઇ ગાંધી (ઉં. વ. ૭૯) તા. ૧૨-૪-૨૫ શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કૈલાસબેન કાંતિલાલ ગાંધીના સુપુત્ર. કુંદનબેનના પતિ. અપૂર્વ, પૂર્વાંગના પિતાશ્રી. તે સ્વ. પાર્શ્વીબેન, અ. સૌ. પ્રિતીબેનના સસરા. નિતીનભાઇ, ભારતીબેન ભૂપતરાય સંઘરાજકા, હર્ષાબેન રાજેશભાઇ દાણી, કાશ્મીરાબેન અશ્વીનભાઇ દેસાઇના ભાઇ. ધોલેરાવાળા મણીલાલ સુખલાલ ગાંધીના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧૩-૪-૨૫ના રવિવારના ૪થી ૫.૩૦. ઠે. પરમકેશવ બાગ, નવરોજી લેન, જૈન દેરાસરની સામે, ઘાટકોપર (વે). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જેસર નિવાસી હાલ મુલુંડ શામજી પિતાંબરદાસ દોશીના પુત્ર સ્વ. કુંવરજી દોશીના સુપુત્ર કિશોરભાઇ (ઉં. વ. ૭૭) તે પદ્માબેનના પતિ. તે પારસ તુષાર ભાવેશ, ધર્મા સીમાના પિતાશ્રી. ભાવિશા હેમલ, નીતીનકુમાર, સમીરકુમારના સસરા. સ્વ. હરિભાઇ, સ્વ. જયંતીભાઇ, જયસુખભાઇ, અશોકભાઇ, સ્વ. વસંતબેન અનંતરાય, ચંદ્રાબેન કૃષ્ણકાંત, જયાબેન નવીનચંદ્ર, રસીલાબેન ચીમનલાલના ભાઇ. તા. ૧૧-૪-૨૫ શુક્રવારના અવસાન પામેલ છે. પીયર પક્ષે દાઠાવાળા, હાલ મુંબઇ સ્વ. જયંતીલાલ ગોપાળજી દોશીના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. તુષાર કિશોરભાઇ દોશી, સી-૨૦૩, રવિ એપાર્ટમેન્ટ, વિઠ્ઠલ નગર મંદિરની સામે, એસ. એલ. રોડ, મુલુંડ (વેસ્ટ).

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

રણની ટીકર નિવાસી હાલ કાંદીવલી, સ્વ. ચીમનલાલ મણીલાલ મહેતા તથા સ્વ. રમાબેન મહેતાના સુપુત્ર સુધીરભાઈ (ઉં.વ. ૬૮) તે સરિતાના પતિ. ખ્યાતિ ગૌરવકુમાર, ખેવના નીલ પેસ, પ્રિયંકા કશ્યપ સુબ્રમણિયમના પિતા. સ્વ. અશોકભાઈ, રીટાબેન ભુપતભાઈ, નિકિતા મહેન્દ્રભાઈ, જયશ્રીબેન પ્રમોદભાઈના ભાઈ. સુદામડા નિવાસી સ્વ. મહાસુખભાઈ ભાઈલાલભાઈ તુરખીયાના જમાઈ તા.૧૧.૪.૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૩.૪.૨૫ના રવિવારે ૪.૦૦ થી ૫.૩૦, શ્રી સ્થાનકવાસી મોટા ઉપાશ્રય, પારેખ ગલીમાં, એસ.વી. રોડ, કાંદીવલી વેસ્ટ.

**મચ્છુકાંઠા વિશાશ્રીમાળી જૈન**

વાંકાનેર નિવાસી હાલ ભાયંદર, વનેચંદ પોપટલાલ શાહના સુપુત્રી નીતાબેન દિલીપકુમાર મહેતા (ઉં.વ. ૬૪) તે વિરલ-મીનલના માતુશ્રી. ગં.સ્વ.પારૂલબેન ભરતભાઈ મહેતાના જેઠાણી. સ્વ. ભરતભાઈ, ચી. જયેશ ભાઈ, ચી. પરેશભાઈ, સ્વ ભારતીબેન, અ.સૌ. ઉષાબેનના બહેન. ગુરુવાર તા.૧૦/૪/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા.૧૩/૪/૨૫ના ૦૪.૦૦ થી ૬.૦૦. રાજસ્થાન હોલ, ૬૦ ફીટ રોડ, ભાયંદર વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દાઠાવાળા હાલ ઘાટકોપર, સ્વ. કાંતિલાલ પ્રેમચંદ શાહના ધર્મપત્ની રસીલાબેન (ઉં.વ. ૯૪) શુક્રવાર, તા.૧૧/૦૪/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.ભુપતભાઈ, હર્ષદભાઈ, મીનાબેન, સુરેખાબેન, હર્ષાબેન, સ્વ.દિલીપભાઈના માતુશ્રી. તરુણાબેન, ઉષાબેન, સ્વ.ચંદ્રકાંતભાઈ, જવાહરભાઈ, શૈલેષભાઈ, વર્ષાબેનના સાસુ. તેજસ, દ્રષ્ટિ, મૈત્રી, અમિષા, ખુશ્બુ, ફેની, હીયાના દાદી. ડેલીના મોટાસાસુ. પિયરપક્ષે ભંડારીયાવાળા (બોરીવલી) કાલિદાસ માધવજી સલોતના દીકરી. લૌકિક વહેવાર રાખેલ નથી.

**ઘોઘારી વીસા શ્રીમાળી જૈન**

ઘોઘા નિવાસી હાલ ઘાટકોપર, મનહરલાલ ગુલાબચંદ ભાકાભાઈ શાહ (ઉં. વ. ૯૪) તે સ્વ.સુશીલાબેનના પતિ. મહેશ, રાજેશ, ભદ્રેશના પિતા. વર્ષા, ઈલા, છાયાના સસરા. સ્વ.પ્રતાપભાઈ, સ્વ. રજનીભાઈ, અનંતભાઈ, નિરંજનભાઈ, સ્વ. નિર્મળાબેન, સ્વ. જાસુદબેન, જ્યોતિબેન, મધુબેનના ભાઈ. જિતેન, રચના, પૂજા, રોનક, હિલોની, બસીના દાદા. ઠાકરશી પિતાબર વાસા (શિહોરવાળા)ના જમાઈ. ગુરુવાર તા. ૧૦-૪-૨૦૨૫ના અરિહંતશરણ પામ્યા છે. શ્રી શત્રુજય ગુણગુંજન તા. ૧૪-૪-૨૫ના સોમવારે ૪ થી ૫.૩૦. ઠેઃ જોલી જીમખાના, જાસ્મીન હોલ, ઘાટકોપર વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ચીયાસરના લક્ષ્મીબેન ઉમરશી ગોસરના પુત્રી અ.સૌ. ભાવના વૈશ (ઉં. વ. ૬૧) ૧૦-૪-૨૫ના અવસાન પામેલ છે. રમાબાઇ છોટેલાલ અશરફીલાલ વૈશના પુત્રવધૂ. રાજેન્દ્રના પત્ની. સોમીલ, શીબાનીના માતા. કસ્તુરી, જ્યોતિ, ભક્તિના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રાજેન્દ્ર વૈશ, કેતન એપાર્ટમેન્ટ, કાર્તક રોડ, વડાલા-૩૧.

સમાઘોઘાના જવેરબેન ઠાકરશી ગાલા (ઉં. વ. ૮૩) તા. ૧૧-૦૪-૨૫ના અરિહંત શરણ પામેલ છે. પુરબાઈ ડુંગરશી વેલજી ગાલાના પુત્રવધૂ ઠાકરશી ડુંગરશીના ધર્મપત્ની. રમણીક, દીપક, મનીષ, કાંતાબેન, મધુબેન, કલાબેનના માતાજી. લુણીના લાછબાઈ નાનજી લાલજી દેઢીયાના સુપુત્રી. પ્રવીણના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન-દેહદાન કરેલ છે. નિ. મનીષ ગાલા, ફ્લેટ નં ૨૦૧, પ્લોટ નં. ૧૨, સેક્ટર-૨૮, વાશી, નવી મુંબઈ-૪૦૦૭૦૩.

દેશલપુર (કંઠી)ના વિમળાબેન ધીરજ કુંવરજી દેઢિયાના પુત્રી બામણવાડના હીના પરમાર (ઉં. વ. ૪૯) તા. ૧૦-૪ના અવસાન પામેલ છે. પ્રશાંતના પત્ની. સવિતાબેન હરીશભાઈના પુત્રવધૂ. દક્ષના માતા. કપિલની બહેન. પ્રા. લોહાણા બાલાશ્રમ, મથુરાદાસ એક્સટેન્શન રોડ, અતુલ ટાવરની બાજુમાં, કાંદીવલી (વે). ટા. ૨ થી ૩.૩૦. નિ. પ્રશાંત પરમાર-૯૦૪, આદિત્ય પ્લાઝા, દાદી શેઠ રોડ, મલાડ (વે).

પત્રીના લક્ષ્મીચંદ કાકુ ધરોડ (ઉં. વ. ૮૨) તા. ૯-૪-૨૫ ના દેશમાં અવસાન પામેલ છે. દેવકાંબેન કાકુ ગંગાજરના પુત્ર. ગુણવંતીના પતિ. પ્રિતી, કોમલ, ભાવેશના પિતા. રાઘવજી, હિરજી, કેશવજીના ભાઇ. લાખાપરના સાકરબેન શીવજી મેઘજી શેઠીયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય.

ગેલડાના લક્ષ્મીચંદ હીરજી ગાલા (ઉં. વ. ૭૮) તા.૯-૪-૨૫ ના અવસાન પામેલ છે. રતનબેન હીરજીના પુત્ર. સુશીલાના પતિ. ધીરેન, હીના, અમીના પિતા. ઉમરશીના ભાઈ. ભાણબાઈ વલ્લભજીના જમાઈ. પ્રા. જાનકીબાઈ હોલ, પહેલે માળે, દાદાભાઈ રોડ, ભવન્સ કોલેજની બાજુમાં, અંધેરી (વે). ટા.૪ થી ૫.૩૦. નિ. લક્ષ્મીચંદ ગાલા.બી-૪૦૩, પર્લ આર્કેડ, દાઉદ બાગ રોડ, જે.પી. રોડ, અંધેરી (વે).

# પારસી મરણ

એરવદ બરજોર નસરવાનજી સીધવા તે મરહુમ ઓસતી નરગીશના ધની. તે મરહુમો ઓસતી રતનબાઇ એરવદ નસરવાનજી સીધવાના દીકરા. તે ઓસતી પરસી ને ફરીદા ગોવેકરના પપા. તે હોરમઝ ગોવેકરના સસરા. તે મરહુમો એરવદ જહાગી, એરવદ સાવક, એરવદ તેહમુલ અને ફેની નરીમાન સીગનપોરીયાના ભાઇ. તે મરહુમો ઓસતી આલામાય એરવદ દોરાબજી સીધવાના જમાઇ. (ઉં. વ. ૮૭) રે. ઠે. કરંજીયા બિલ્ડિંગ, બી-બ્લોક, ૧લે માળે, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૩-૪-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની વાડીયા બંગલીમાં છેજી.

# હિન્દુ મરણ

**કચ્છી ભાટિયા**

અ.સૌ. હેમંતી ભાટિયા (ઉં. વ. ૭૨) તે સ્વ.વેલાબાઈ અને સ્વ. વલ્લભદાસ ભાટિયાના પુત્રવધૂ. દિલીપભાઈના ધર્મપત્ની, સ્વ. સુમતી સુંદરદાસ ભીમાણીના પુત્રી. નીમેષ સુંદરદાસ ભીમાણીના બહેન. ચિ.મૃણાલ, ચિ.અભય, ચિ.તપનના માતુશ્રી. અ.સૌ. આસ્થા અને અ.સૌ. ખુશ્બુના સાસુ. ચિ.તનુષના દાદી. શુક્રવાર, તા.૧૧.૪.૨૫ના રોજ શ્રીજીના ચરણ પામ્યા છે. પ્રાર્થનાસભાઃ સોમવાર, તા. ૧૪.૪.૨૫, ૪ થી ૬. આજીવાસન, પહેલે માળે, જુહુ તારા રોડ, સાંતાક્રુઝ વેસ્ટ.

**કરાંચીવાળા હાલાઈ લોહાણા**

સ્વ. પરસોતમદાસ માધવજી મીરાણીના પુત્ર રમેશભાઈના ધર્મપત્ની જયશ્રીબેન (ઉં. વ. ૭૪) હાલ મુંબઈ કાંદીવલી તે તા. ૧૦-૪-૨૫ના ગુરુવારે નાસિક મુકામે શ્રીચરણ પામ્યા છે. તે માનસી સંકેત ખંડેલવાલના મમ્મી. સ્વ. કલીબેન લલિતભાઈ સોનપાલના દીકરી. અશોકભાઈ ને આશાબેન સુરેશભાઈ સાકરીયા તથા લતાબેન સોનપાલના નાના બેન. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

ગામ દેશલપર કંઠી, હાલે અમરાવતી, મંગલદાસ ત્રિકમજી ઠક્કર (પોપટ)ના ધર્મપત્ની વિજયાલક્ષ્મીબેન (ઉં. વ. ૮૯) તે કિશોર, કિરીટ, જીગ્નેશ, મનોજ તથા ભાવના નરેશભાઈ દેનાનીના માતુશ્રી. સ્વ. રમેશભાઈ, સ્વ. અરવિંદભાઈ, સ્વ. કસ્તુરબેન, સ્વ. ગુણવંતીબેન તથા લીલાબેનના ભાભી. સ્વ. દિપક, સ્વ. પ્રદિપ તથા નિતીન રમેશચંદ્ર ઠક્કરના મોટા બા. તે શિવજી રામદાસ બઢિયા સાભરાઈવાળાના પુત્રી. સ્વ. દેવકરણ, સ્વ. મંગલદાસ, સ્વ. વિઠ્ઠલદાસ, સ્વ. મોહનલાલ, સ્વ. શાંતાબેન, સ્વ. શારદાબેનના બહેન. અવસાન તા. ૧૧-૪-૨૫ના થયેલ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ઉસરડ - શિહોર નિવાસી સ્વ. કૃપાશંકર કાનજી જાનીના પુત્ર હર્ષદ (હસુભાઈ) (ઉં. વ. ૬૬) રવિવાર, તા.૬ એપ્રિલે દારેસલામ (તાંઝાનિયા) ખાતે સ્વર્ગવાસી થયા છે. તે રક્ષાના પતિ. સુરજના પિતા. સ્વ. નટવરલાલ હરિલાલ ત્રિવેદીના જમાઈ. ચંદ્રકાંત, પુનિતા ગૌતમકુમાર જોશી, મીના કિર્તીકુમાર જોશી, હર્ષા રાજેશકુમાર ઉપાધ્યાયના ભાઈ. ભારતીબેન હિતેશભાઈ ઠાકર, પરિમલભાઈ, કિરણબેન, ખુશ્બુ સમર્થભાઈ બધેકાના બનેવી. વૈભવ, જીત અને રિયાના કાકા-દાદા. ઉત્તરક્રિયા દારેસલામ (તાંઝાનિયા) ખાતે તથા સાદડી બંને પક્ષ તરફથી ટેલિફોનીક રાખવામાં આવી છે.

**નવગામ વિશાનગર વણિક**

બીલોદરા નિવાસી હાલ વિરાર, મુકુંદલાલ વૃજલાલ શાહ (ઉં. વ. ૮૫) ૧૦/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. શર્મિષ્ઠાબેનના પતિ. સ્વ. લીલાબેન નટવરલાલ, સ્વ. અમૃતલાલ વૃજલાલ, સ્વ. સીતાબેન નટવરલાલના ભાઈ. સ્વ.સીતાબેન અમૃતલાલના દિયર, ચિરાગભાઈ, અલ્પા જયેશકુમાર, વિલ્પા કમલેશકુમાર, કવિતા શૈલેષકુમારના પિતા. પીલવાઈવાળા સ્વ. બાબુલાલ અમથાલાલ શાહના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૩/૪/૨૫ના ૪ થી ૬. તેરાપંથી હોલ, કર્મભૂમિ એપાર્ટમેન્ટની બાજુમાં, જૈન દેરાસર રોડ, વિરાર વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

બીલખા નિવાસી હાલ કાંદિવલી, હસમુખભાઈ તારાચંદ વસ્તાણી (ઉં.વ. ૭૮) તે કલાબેનના પતિ. સુનિલ તથા અજયના પિતા. નેહા તથા ફાલ્ગુનીના સસરા. સ્વ. વૃંદાવનભાઈ, સ્વ.મગનભાઈ, સ્વ. બાલકૃષ્ણભાઈ, રમણીકભાઇ, મંજુબેન, સ્વ.કાંતાબેન, સ્વ. મુક્તાબેન, સ્વ. કિરણબેનના ભાઈ. સ્વ. પુરીબેન અમીચંદ ગાંધીના જમાઈ. ૧૦/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**વિસા સોરઠીયા વણિક**

ઓસા (ઘેડ) હાલ કાંદીવલી, હંસાબેન ઝવેરી (ઉં.વ. ૮૩) તા.૧૧/૪/૨૫ને શુક્રવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.કાન્તિલાલ હીરાચંદના ધર્મપત્ની, તેજસ, સ્વ.પ્રીતિ, જીગનાના માતુશ્રી. અ.સૌ.નિશા તેજસ, સ્વ. જીતેન્દ્ર, પરાગના સાસુ. ચિ.ભવ્યના દાદી. રહીજવાળા ગોકળદાસ માણેકચંદના દીકરી. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

મૂળ ભાવનગર નિવાસી હાલ કાંદીવલી, ભરતભાઈ અમીદાસ માલવીયાના ધર્મપત્ની કંચનબેન માલવીયા (ઉં.વ. ૭૧) તા.૧૧.૪.૨૦૨૫ અક્ષરનિવાસી થયેલ છે. કાંતાબેન અમીદાસ માલવીયાના પુત્રવધૂ. સંતોકબેન સુંદરજી માધાણીના દીકરી, નરેશ અને મેહુલના માતા. હેતલ અને ભાવિનીના સાસુ. કવિતા મુકેશ માલવીયાના ભાભી, લૌકિક વ્યવહાર બંધ છે.

**સુરતી વિશા લાડ વણિક**

અજય ચોક્સી (ઉં.વ.૭૨) તે સ્વ. સુશિલાબેન અને સ્વ. મનસુખલાલ ચોક્સીના પુત્ર. તે ચંદુલાલ જગજીવનદાસ મુચ્છાલાના જમાઈ, રક્ષાબેનના પતિ, અંકુર અને માનસીના પિતા. શીતલ અને વિરલના સસરા. પ્રફુલભાઇ, કૌશિકભાઇ તથા અન્જનાબેન જીતેન્દ્ર મેહતાના ભાઇ. રિદાનના દાદા, શનિવાર, તા. ૧૨ એપ્રિલ ૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠિયા વણિક**

ગં. સ્વ. જસવંતીબેન ધ્રુવ (ઉં.વ.૯૫) (ઊંટવડવાળા) તે સ્વ. હરજીવનદાસ દયાળ ધ્રુવના ધર્મપત્ની. સ્વ. મથુરાદાસ વલ્લભદાસ કાચલિયાના દીકરી, કૃષ્ણકુમાર (કિશોરભાઈ), હર્ષદભાઈ, નયનાબેન હરેશ પારેખના માતૃશ્રી. ભારતીબેન, અલકાબેન તથા હરેશકુમાર ગુલાબચંદ પારેખના સાસુ. વિશાલ, મિહિર, ઝંખના ઘનશ્યામ શર્મા, નેહા ચિરાગ ભૂપતાણી, હિરલના દાદી. ખુશ્બુ જતીન વખારીયા તથા અર્પિતના નાની ગુરુવાર, તા. ૧૦-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૪-૨૫ રવિવારના ૪:૩૦ થી ૬:૦૦. વનિતા વિશ્રામ, ૩૯૦, એસ. વી. પી. રોડ, રિલાયન્સ હોસ્પિટલ ગેટ નં. ૬ ની બાજુમાં, ચર્નિરોડ, મું.૪.

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# જમ્મુ અને કાશ્મીરમાં બે આતંકવાદી ઠાર, લશ્કરનો એક ઑફિસર શહીદ



**સર્ચ ઑપરેશનઃ** જમ્મુ-કાશ્મીરના વિસ્તારમાં શુક્રવારે એન્કાઉન્ટરમાં એક આતંકવાદી ઠાર મરાયા બાદ હાથ ધરવામાં આવેલા સર્ચ ઑપરેશન દરમિયાન સમગ્ર વિસ્તાર પર ચાંપતી નજર રાખી રહેલા સુરક્ષા દળના અધિકારીઓ. (એજન્સી)

જમ્મુઃ જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ જિલ્લાના હિમગ્રસ્ત વિસ્તારમાં ચાલતા ઓપરેશન દરમિયાન બે આતંકવાદીને ઠાર મારવામાં આવ્યા હતા. બીજી બાજુ અંકુશરેખાના અખનૂર સેક્ટરમાં આતંકવાદી અને સુરક્ષા દળો વચ્ચેની અથડામણમાં લશ્કરનો જુનિયર કમિશન્ડ ઑફિસર શહીદ થયો હતો. જોકે આતંકવાદીનો ઘૂસણખોરીનો પ્રયાસ વિફળ ગયો હતો. સત્તાવાર સાધનોએ કહ્યું હતું કે કિશ્તવાડમાં શુક્રવારે એક આતંકવાદીને ઠાર મારવામાં આવ્યો હતો. જે આતંકવાદીઓને મારવામાં આવ્યા છે તે પાકિસ્તાન સ્થિત જૈશે મોહમ્મદના હતા. આમાં ચેનાબ ખીણ વિસ્તારના ટોપ કમાન્ડર સૈફુલ્લાનો સમાવેશ થાય છે. સૈફુલ્લા છેલ્લા એક વર્ષથી ચેનાબ વિસ્તારમાં સક્રિય હતો.

લશ્કરના જમ્મુસ્થિત વાઈટ નાઈટ કોરે એક્સ પર એક પોસ્ટ મૂકીને કહ્યું હતું કે કિશ્તવાડના છતરુમાં હવામાન ખરાબ અને કાતિલ ઠંડું હોવા છતાં અમે બે વધુ પાકિસ્તાની આતંકવાદીને નાબૂદ કર્યા હતા. એક એકે અને એક એમફોર રાઈફલ સહિત મોટી સંખ્યામાં હથિયારો જપ્ત કરાયાં છે. શુક્રવારે સવારે સુરક્ષા દળોની આતંકવાદી સાથે અથડામણ થઈ હતી, ઉધમપુરના બસંતગઢ અને રામનગર વિસ્તારમાં બીજા ત્રણ આતંકવાદીઓને પકડવા એક ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

દરમિયાન અખનૂર સેક્ટરમાં સાબદા લશ્કરે હથિયારોથી સજ્જ આતંકવાદીના જૂથની કેરી ભટાલ એરિયાના જંગલમાં ઝરણાની નજીક હિલચાલ જોઈ હતી. આને લીધે સામસામો ગોળીબાર થયો હતો. આ અથડામણમાં જુનિયર કમિશન્ડ ઑફિસર ઘાયલ થયો હતો અને પછી મરણ પામ્યો હતો. (એજન્સી) ■

## આતંકગ્રસ્ત જિલ્લાઓમાં સુરક્ષા જડબેસલાક બનાવાઈ

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુ : ઘૂસણખોરી રોકવા ડ્રોન, ચહેરાની ઓળખાણ કરતી પ્રણાલી અને વાહન સ્કેનર જેવી ટેક્નિકનો ઉપયોગ કરવામાં આવે છે એવી જ ટેક્નિક આતંકગ્રસ્ત જિલ્લામાં અપનાવામાં આવશે એવી માહિતી સુરક્ષા અધિકારીઓએ આપી હતી. આ સાથે લશ્કરે કહ્યું હતું કે આતંકવાદને નાથવા શોધ અભિયાન અને કડક સુરક્ષા વ્યવસ્થાના ઉપાયો અપનાવામાં આવ્યા છે. સુરક્ષા દળોએ કિસ્તવાડ, ડોડા અને ઉધમપુર જિલ્લામાં ચોકીપહેરો અને ક્ષેત્રપ્રભુત્વના ઉપાયો અજમાવામાં આવ્યા છે. આતંકવાદીના આવાગમનની જાણકારી મેળવવા અને ડ્રોન, ચહેરા ઓળખવાની પ્રણાલી અને વાહન સ્કેનર જેવી ટેક્નિકોનો ઉપયોગ કરવામાં આવે છે. અધિકારીઓએ લોકોને સતર્ક રહેવા અને શંકાસ્પદ હિલચાલની માહિતી આપવાની અપીલ કરી હતી. ■

# સૉલ ઓફ ટૂર: હૉટેલ્સ તમારી ટૂરનો એક સૌથી મહત્ત્વપૂર્ણ ભાગ



ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

▶ **મુંબઈ સમાચાર - હેલો ધવલભાઈ. આજે, તમે કયાં નવાં સ્થળ વિશે વાત કરવા જઈ રહ્યા છો?**

ધવલઃ ના. આજે, હું તમને વેકેશનનું આયોજન કરતી વખતે ધ્યાનમાં લેવાના સૌથી મહત્ત્વપૂર્ણ અને મુખ્ય પરિબળમાંનાં એક વિશે જણાવવા જઈ રહ્યો છું.

▶ **મુંબઈ સમાચાર - ઓહ! તે શું છે?**

ધવલઃ હૉટેલ્સ.

મુંબઈ સમાચાર - મને સમજાયું નહીં. હૉટેલ રજાના સૌથી મહત્ત્વપૂર્ણ પરિબળમાંનું એ કઈ રીતે? તમે સ્થળની મુલાકાત લો છો. હૉટેલો તો ફક્ત રાત્રિ રોકાણ માટે હોય છે. હૉટેલ રજાનો આટલો મહત્ત્વપૂર્ણ ભાગ કેવી રીતે બની શકે?


ધવલઃ તમે એક સાચા ટ્રાવેલરની જેમ વાત કરી. મારા ગ્રાહકો મારી સાથે આ રીતે જ વાત કરે છે. તમારા પ્રવાસમાં હૉટેલોની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ હોય છે.

મને સમજાવવા દો, જ્યારે તમે વિયેતનામના હો ચી. મિન્હ જેવા ધમધમતા શહેરમાં હોવ ત્યારે તમારી હૉટેલ શહેરનાં કેન્દ્રમાં હોવી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. સિટી સેન્ટરમાં આવતી હૉટેલો પ્રવાસીઓને મુખ્ય આકર્ષણોની નજીક રહેવાની સુવિધા આપે છે, મુસાફરીનો સમય ઘટાડે છે. તેઓ જાહેર પરિવહનની સરળ ઍક્સેસ પ્રદાન કરે છે, જેનાથી શહેર અને આસપાસના વિસ્તારો એક્સપ્લોર કરવું સરળ બને છે. આ હૉટેલો ઘણીવાર રેસ્ટોરાં, શોપિંગ ડિસ્ટ્રિક્ટ અને મનોરંજનના સ્થળોની નજીક સ્થિત હોય છે, જે પ્રવાસીઓને તેમના ઘરઆંગણે જ પુષ્કળ વિકલ્પો આપે છે. સિટી સેન્ટરીક હોવાને લીધે મુલાકાતીઓ ફરવા માટે વધુ સમય અને મુસાફરીમાં ઓછો સમય વિતાવી શકે છે. પછી ભલે તમે નાઇટલાઇફ, ડાઇનિંગ અથવા શોપિંગમાં રસ ધરાવતા હોવ, તમારી પાસે બધું જ નજીકમાં હશે, જે તમારા રોકાણ દરમિયાન એક લાઈવ એક્સપિરિયંસ આપશે. આવી હૉટેલ્સની સિક્યોરિટી પણ સારી હોય છે, જે પ્રવાસીઓને એક્સપ્લોર કરતી વખતે માનસિક શાંતિ આપે છે. શહેરના કેન્દ્રમાં આવેલા લક્ઝરી ઓપ્શન્સ ઘણીવાર ઉચ્ચ-સ્તરીય સેવા અને આરામદાયક રહેઠાણ ધરાવે છે. કેન્દ્રમાં રહેવાથી પ્રવાસીઓને સ્થાનિક સંસ્કૃતિ અને લાઈવ સિટી લાઈફમાં ડૂબી જવાનો ચાન્સ મળે છે. સિટી સેન્ટર હૉટેલો ઘણીવાર મુખ્ય ડાઇનિંગ અને શોપિંગનાં વિસ્તારોથી ચાલીને જઈ શકાય એટલા અંતરે હોય છે, જે સ્થાનિક ભોજનનો અનુભવ કરવા અથવા શોપિંગ કરવા માટે યોગ્ય સાબિત થાય છે. એકંદરે, આવી હૉટેલ્સ મુશ્કેલી-મુક્ત અને આનંદપ્રદ સ્ટે આપે છે, જે નાની ટ્રીપ વખતે સમયનો મહત્તમ લાભ લેવા માટે આદર્શ છે.

▶ **મુંબઈ સમાચાર- તો તમે કહેવા માગો છો કે આપણે હંમેશાં શહેરના કેન્દ્રમાં હૉટેલ બુક કરવી જોઈએ ખરું ને?**

ધવલઃ ના. આ બાબત ડેસ્ટિનેશન પર પણ આધાર રાખે છે. જેમ કે જો તમે બીચ ડેસ્ટિનેશન પર રહો છો તો તમારે બીચની નજીકની હૉટેલ બુક કરવી પડશે. ઉદાહરણ તરીકે, તુર્કીના બોડ્રમમાં અમે જે હૉટેલ આપીએ છીએ તે બીચ અને નજીકના નાઇટક્લબ પણ સુંદર છે. બીચની નજીકની હૉટેલો રેતી અને સર્ફ સુધી સીધી પહોંચ આપે છે, જેનાથી કોઈપણ સમયે સમુદ્રનો આનંદ માણવાનું સરળ બને છે. આ હૉટેલ્સ અદ્ભુત વોટરફ્રન્ટનાં દૃશ્યો પ્રદાન કરે છે, જેનાથી ગેસ્ટ આરામ કરતા કરતા મનોહર સૂર્યાસ્ત અથવા સૂર્યોદયનાં દૃશ્યો માણી શકે છે. બીચની નજીક રહેવાનો અર્થ એ છે કે મુલાકાતીઓ દૂર મુસાફરી કર્યા વિના સ્વિમિંગ, સર્ફિંગ અથવા સ્નોર્કલિંગ જેવી વિવિધ પાણીની પ્રવૃત્તિઓનો આનંદ માણી શકે છે.

બીચની નજીકની હૉટેલોમાં ઘણીવાર પૂલ, વરાંડા અથવા બીચફ્રન્ટ બાર જેવી આઉટડોર જગ્યાઓ હોય છે જેથી ગેસ્ટ દરિયાકાંઠાના વાતાવરણનો આનંદ માણી શકે. એ સામાન્ય રીતે બીચસાઇડ રેસ્ટૉરન્ટની નજીક સ્થિત હોય છે, જે તાજા સીફૂડ અને મનોહર દૃશ્યો સાથે સ્થાનિક ભોજનનો આનંદ આપે છે. બીચફ્રન્ટ ડેસ્ટિનેશન્સ મોર્નિંગ વોક અથવા કિનારા પર જોગિંગ કરવાની ફેસેલિટી આપે છે, જેનાથી વેકેશન દરમિયાન એક્ટિવ રહેવાનું સરળ બને છે. બીચની





નિકટતા બોર્ડવોક, દુકાનો અને વોટર સ્પોર્ટ્સનાં રેન્ટલ સહિત સ્થાનિક આકર્ષણોની સરળ ઍક્સેસ પણ પૂરી પાડે છે. એકંદરે, બીચની નજીકની હૉટેલમાં રહેવાથી તમારા ઘરઆંગણે સુવિધા, આરામ અને કુદરતી સૌંદર્ય ત્રણેનો સહિયારો અનુભવ લઈ વેકેશનની મજા વધારી શકો છો.

▶ **મુંબઈ સમાચાર - હૉટેલ બુક કરતી વખતે આપણે અન્ય કયાં પરિબળો ધ્યાનમાં લેવાં જોઈએ?**

ધવલઃ કેન્દ્ર સ્થાને સ્થિત હૉટેલોમાં રોકાણ એક્સપ્લોરેશનને સરળ અને વધુ અનુકૂળ બનાવે છે. એ એકંદર મુસાફરીના અનુભવને વધારે છે, જે સરળ અને વધુ આનંદપ્રદ સફર સુનિશ્ચિત કરે છે. કલ્પના કરો કે મુંબઈની મુલાકાત લો છો, પરંતુ નાશિક અથવા બહારના વિસ્તારમાં રહો છો, પ્રવાસનાં સ્થળો સુધી પહોંચવા માટે દરરોજ બેથી ત્રણ કલાકની મુસાફરી કરવી પડે છે, જ્યારે સિટી-સેન્ટરીક હૉટેલનો ખર્ચ વધુ હોઈ શકે છે, પણ તે કિંમતી સમય બચાવે છે. દરરોજ લાંબા અંતરની મુસાફરી થકવી નાખે છે અને સમય લે છે. પરિણામે તમે ફરવાની જોઈએ એવી મજા લઈ શકતા નથી.

ઘણા દેશોમાં, હૉટેલના રૂમ નાના હોય છે, જેના કારણે મોટાં બાળકો સાથે મુસાફરી કરતી વખતે જગ્યા મર્યાદિત બને છે. આરામ સુનિશ્ચિત કરવા માટે અમે તેમના માટે અલગ રૂમ બુક કરવાની ભલામણ કરીશ. એક રૂમમાં સામાન અને વધુ લોકો હોવાથી, રૂમમાં ભીડભાડ અનુભવી શકાય છે. એક અલગ રૂમ વધુ જગ્યા અને વધુ સારો રહેવાનો અનુભવ પ્રદાન કરે છે. આ સમગ્ર પરિવાર માટે આરામદાયક અને મુશ્કેલી-મુક્ત સફર સુનિશ્ચિત કરે છે.

ટૂર બુક કરતી વખતે, હૉટેલનું સ્થાન, દૃશ્યો, રૂમની સાઈઝ અને અન્ય ઘણાં પરિબળો ખૂબ મહત્ત્વનાં છે.

હૉટેલ બુક કરતી વખતે સારા વ્યૂ પણ એક મહત્ત્વનું પરિબળ છે. અમે ખાતરી કરીએ છીએ કે અમારા પ્રવાસીઓ સારા વ્યૂ વિનાની ઇમારતોમાં ન રહે. એક મનોહર સ્થાન પ્રવાસનો એકંદર અનુભવને વધારે છે. સુંદર દૃશ્ય જોઈને જાગવાથી હૉટેલનો સ્ટે વધુ આનંદપ્રદ બને છે. તે સફરનાં આકર્ષણમાં વધારો કરે છે અને કાયમી યાદો બનાવે છે. અમારું લક્ષ્ય એવી હૉટેલો પૂરી પાડવાનું છે જે આરામ અને ઉત્તમ અનુભવ બંને પ્રદાન કરે.

▶ **મુંબઈ સમાચાર - પરંતુ શું આ બધાં પરિબળો પ્રવાસને વધુ ખર્ચાળ નહીં બનાવે?**

ધવલઃ હા, કદાચ તમે વધુ પૈસા ચૂકવશો, પરંતુ એ ખરેખર વેલ્યૂ ફોર મની હશે. મને સમજાવવા દો કે પ્રવાસ બુક કરતી વખતે સ્થાન, દૃશ્યો અને અન્ય પરિબળો શા માટે આટલાં મહત્ત્વપૂર્ણ છે. આ બધી બાબતો તમારા અનુભવને નોંધપાત્ર રીતે વધારે છે, અદ્ભુત દૃશ્યો અને અનોખાં સ્થળો પ્રદાન કરે છે જે અવિસ્મરણીય યાદો બનાવે છે, જ્યારે કિંમત વધારે હોઈ શકે છે, ત્યારે ધ્યાનમાં રાખો કે તમે એક સમૃદ્ધ અને વધુ લાભદાયી અનુભવ માટે ચુકવણી કરી રહ્યા છો જેમાં વપરાયેલ દરેક રૂપિયાનું મૂલ્ય છે, જ્યારે તમારી હૉટેલ શહેરના હૃદયમાં હોય છે, ત્યારે તમે સ્થાનના વાતાવરણને સમજી શકશો. તમે એક જગ્યાએથી બીજી જગ્યાએ દોડવામાં તમારો સમય બગાડતા નથી, તમે તમારી હૉટેલમાંથી બહાર નીકળો છો અને તમને ગમતી વસ્તુઓ કરવાનું શરૂ કરો છો. તમે ખરીદી માટે જઈ શકો છો અથવા સુંદર કૅફેમાં કૉફીનાં કપની લહેજત માણી શકો છો અથવા સ્પામાં તમારી જાતને તાજગી આપી શકો છો કે પછી સ્થાનિક લોકો સાથે વાતચીત કરી શકો છો વગેરે. એકવાર તમે કેન્દ્રીય સ્થિત હૉટેલમાં રોકાઈ જાઓ છો, પછી તમે સમજી શકશો કે શ્રેષ્ઠ મુસાફરી કરવાનો આ જ યોગ્ય રસ્તો છે.

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

# અમેરિકાના નવા ટૅરિફને લીધે વૈશ્વિક વેપારમાં ત્રણ ટકાના ઘટાડાની શક્યતા

સંયુક્ત રાષ્ટ્રસંઘઃ અમેરિકાના નવા ટેરિફને લીધે વૈશ્વિક વેપારમાં વાર્ષિક ત્રણ ટકાના ઘટાડાની તેમ જ અમેરિકા અને ચીનના બજાર ભારત, કેનેડા અને બ્રાઝિલ જેવા દેશોમાં ખસે તેવી શક્યતા છે, એમ સંયુક્ત રાષ્ટ્રસંઘના ટોચના અર્થશાસ્ત્રીઓનું માનવું છે.

અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ગયા અઠવાડિયે નવી મોટી ટૅરિફ યોજના જાહેર કરી હતી.

અમેરિકાએ જાહેર કરેલા ટૅરિફ વૉરના જવાબમાં ચીને પણ અમેરિકા પર ૧૨૫ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી હતી જેને કારણે વાઈટ હાઉસે બાદમાં સમાન કર લાદવાની યોજના ૯૦ દિવસ મુલતવી રાખવાની જાહેરાત કરી હતી.

જોકે ચીન પર નવી ટેરિફ તાત્કાલિક અસરથી લાગુ કરવાની અમેરિકાએ જાહેરાત કરી હતી.

અમેરિકાની ટૅરિફ વૉરને કારણે વૈશ્વિક વેપારમાં લાંબા ગાળે વાર્ષિક ત્રણ ટકાનો ઘટાડો થવાનો અંદાજ હોવા ઉપરાંત વેપારની રીતમાં ફેરફાર અને બજારો અન્ય દેશમાં સ્થળાંતર કરી જાય તેવી શક્યતા છે, એમ ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટરના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પામેલા કૉક-હૅમિલ્ટને કહ્યું હતું.


અમેરિકા દ્વારા જાહેર કરવામાં આવેલા ટૅરિફ વૉરની અસરને કારણે વર્ષ ૨૦૪૦ સુધીમાં વૈશ્વિક જીડીપીમાં ૦.૭ ટકાનો ઘટાડો થાય એવી શક્યતા છે. (એજન્સી)■

# સુખબીર સિંહ બાદલ શિરોમણી અકાલી દળના ફરી પ્રમુખ બન્યા

અમૃતસરઃ સુખબીર સિંહ બાદલ શિરોમણી અકાલી દળના પ્રમુખ તરીકે ફરી ચૂંટાયા હતા. પંજાબ સ્થિત આ પક્ષ હાલમાં નામોશીભર્યા પરાજય અને ઘટી રહેલા જનાધારનો સામનો કરી રહ્યો છે. પક્ષના ખુલ્લા અધિવેશનમાં ચૂંટણી થઈ હતી.

૬૨ વર્ષના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન સુખબીર પહેલાં ૨૦૦૮માં પક્ષપ્રમુખ બન્યા હતા. શિરોમણી અકાલી દળ (એસએડી)એ અને તેમની સરકારે ૨૦૦૭થી ૨૦૧૭ સુધી કરેલી ભૂલોને લીધે અકાલ તખ્તે ચાર મહિના પહેલાં સુખબીરને તન્ખૈયા ( ધાર્મિક ગેરવર્તણૂક માટે ગુનેગાર) ઠરાવ્યા હતા. આને પગલે સુખબીરે પક્ષપ્રમુખપદેથી રાજીનામું આપ્યું હતું. ગયા ડિસેમ્બરમાં પસ્તાવાના ભાગરૂપે સુખબીર સેવા આપી રહ્યા હતા ત્યારે અમૃતસરના સુવર્ણ મંદિરમાં ખાલિસ્તાની આતંકવાદીએ તેમની હત્યાનો પ્રયાસ કર્યો હતો. જોકે સુખબીર બચી ગયા હતા. પક્ષના નવા પ્રમુખ તરીકે સુખબીરનાં નામની જાહેરાત થઈ ત્યાર બાદ તેમણે કહ્યું હતું કે મને આ જવાબદારી આપવા બદલ હું બધાનો આભારી છું. હું પંજાબના લોકોને વચન આપું છું કે પંજાબ ફરીથી અવ્વલ નંબરનું રાજ્ય બનશે. (એજન્સી) ■

# હિમાચલ પ્રદેશમાં હાઈવે પર પુલ તૂટી પડતાં વાહનવ્યવહાર ખોરવાયો



**પુલ તૂટ્યોઃ** કુલુમાં શનિવારે સિમેન્ટ ભરેલી એક ટ્રક નેશનલ હાઈવે નં.૩૦૫ પર એક બ્રિજ પરથી પસાર થઈ રહી હતી ત્યારે પુલ તૂટી પડ્યો હતો. (એજન્સી)

શિમલાઃ હિમાચલ પ્રદેશમાં શનિવારે વહેલી સવારે કુલ્લુ જિલ્લાને મંડી સાથે જોડતો પુલ તૂટી પડ્યો હતો અને એ કારણે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૩૦૫ પર વાહનવ્યવહાર ખોરવાયો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, કુલ્લુ જિલ્લાના બંજરમાં ૧૯૮૦ની આસપાસ બાંધવામાં આવેલ પુલ અચાનક તૂટી પડ્યો હતો. તે સમયે પુલ પરથી પસાર થતી એક ટ્રક નદીમાં ખાબકી હતી, જેમાં ડ્રાઇવરને સામાન્ય ઇજાઓ થઈ હતી.

માહિતી મળતાં જ જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ઘાયલને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો અને તેની સારવાર ચાલી રહી છે, એમ તેમણે ઉમેર્યું હતું.

કુલ્લુના ડેપ્યુટી પોલીસ કમિશનર (ડીસીપી) તોરુલ એસ રવનીશે જણાવ્યું હતું કે સ્થળ પર મશીનરી તૈનાત કરવામાં આવી છે અને પુનઃસ્થાપન કાર્ય ચાલી રહ્યું છે.

તેમણે કહ્યું કે વૈકલ્પિક માર્ગો ઓળખવા અને શક્ય તેટલી વહેલી તકે હળવા વાહનોની અવરજવર ફરી શરૂ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

રવિનેશે ઉમેર્યું કે, શનિવારે સવાર સુધીમાં જનતા માટે એક કામચલાઉ રસ્તો ઉપલબ્ધ કરાવવામાં આવ્યો હતો અને મુસાફરોને અગવડ ઓછી થાય તે માટે ટ્રાફિકને પંડોહ તરફ વાળવામાં આવ્યો છે. ■

# તેલંગાણાના ‘ટ્રી મેન’ રામૈયાનું નિધન

હૈદરાબાદઃ પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત ‘વનજીવી’ રામૈયાનું શનિવારે તેલંગાણાના ખમ્મમ જિલ્લામાં અવસાન થયું હતું. આ માહિતી પરિવારનાં સૂત્રોએ આપી હતી.

પરિવારનાં સૂત્રોના જણાવ્યા અનુસાર તેમને રેડ્ડીપલ્લી ગામમાં તેમના ઘરે હૃદયરોગનો હુમલો આવ્યો હતો. તેઓ ૮૭ વર્ષના હતા. હરિયાળી ઝુંબેશ ચલાવનાર દરિપલ્લી રામૈયા ખમ્મમ જિલ્લામાં ‘ચેટ્ટુ(વૃક્ષ) રામૈયા’ અથવા ‘વનજીવી’ના નામથી જાણીતા હતા. છેલ્લા કેટલાક દાયકાઓમાં એક કરોડથી વધુ વૃક્ષો વાવવા બદલ તેમને ૨૦૧૭માં પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મુખ્ય પ્રધાન એ રેવંત રેડ્ડીએ રામૈયાના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે તેમનું નિધન સમાજ માટે ભરપાઇ ન થઇ શકે તેવું નુકસાન છે. મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું કે દરિપલ્લી રામૈયાને દ્રઢ વિશ્વાસ હતો કે પ્રકૃતિ અને પર્યાવરણ વિના માનવજાતનું અસ્તિત્વ અશક્ય છે.

રેવંત રેડ્ડીએ જણાવ્યું કે રામૈયાએ એક વ્યક્તિ તરીકે વૃક્ષારોપણની શરૂઆત કરી અને સમગ્ર સમાજને પ્રભાવિત કર્યો હતો. પદ્મશ્રી પુરસ્કાર વિજેતાએ પોતાનું સમગ્ર જીવન પર્યાવરણ સંરક્ષણ માટે સમર્પિત કરીને યુવાનોને પ્રેરણા આપી હતી. મુખ્ય પ્રધાને શોકગ્રસ્ત પરિવારના સભ્યો પ્રત્યે ઊંડી સંવેદના વ્યકત કરી હતી. ■






# ઝારખંડમાં છ નક્સલવાદી પકડાયા

લાતેહાર (ઝારખંડ): ઝારખંડના લાતેહાર જિલ્લામાં પ્રતિબંધિત તૃતીય સંમેલન પ્રસ્તુતિ કમિટી (ટીએસપીસી)ના છ નક્સલવાદીને પકડવામાં આવ્યા છે એવી પોલીસે માહિતી આપી હતી, જેમને પકડવામાં આવ્યા છે એમાં જાતે બની બેઠેલા ‘સબ-ઝોનલ કમાન્ડર’ નારાયણ ભોકતા ઉર્ફે આદિત અને અલોક યાદવ ઉર્ફે અમરેશ યાદવ ઉપરાંત ‘એરિયા કમાન્ડર’ અમિત દુબેનો સમાવેશ થાય છે. (એજન્સી)■

# બંગાળમાં બોટમાંથી ₹ એક કરોડની સોપારી જપ્ત

પારાદીપઃ ભારતીય કોસ્ટ ગાર્ડ(આઇસીજી)એ બંગાળની ખાડીમાં એક માછીમારી કરતી બોટ પકડી હતી. આ બોટ કોઇપણ માન્ય દસ્તાવેજો વિના એક કરોડ રૂપિયાની સોપારી લઇ જઇ રહી હતી. આ જાણકારી એક સત્તાવાર પ્રકાશનમાં આપવામાં આવી હતી. સત્તાવાર પ્રકાશનમાં જણાવ્યા અનુસાર આઇસીજીએ ૧૦ એપ્રિલના રોજ બંગાળની ખાડીમાં ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સામેલ એક ભારતીય માછીમારી બોટ ઝડપી લીધી હતી. બંગાળની ખાડીમાં આંતરરાષ્ટ્રીય દરિયાઇ સીમા પર નિયમિત પેટ્રોલિંગ દરમિયાન આઇસીજી જહાજ વરદે બોટને પકડી હતી. પ્રકાશનમાં જણાવાયું છે કે માછીમારી બોટમાંથી લગભગ ૪૫૦ થેલા ભરેલી સોપારી મળી આવી હતી. ■

# ત્રિપુરામાં વક્ફ ધારા સામેના વિરોધ પ્રદર્શનમાં હિંસાઃ ૧૮ પોલીસને ઈજા

અગરતલા (ત્રિપુરા) : ત્રિપુરાના ઉનાકોટી જિલ્લામાં વક્ફ (સુધારો) ધારાને પાછો લેવાની માગણીના સમર્થનમાં કરાયેલી વિરોધી રૅલી હિંસક બનતાં એક સબ-ડિવિઝનલ પોલીસ ફોર્સ ઓફિસર (એસડીપીઓ) સહિત ઓછામાં ઓછા ૧૮ પોલીસ ઘાયલ થયા હતા. પોલીસ પરના હુમલામાં સંડોવાયેલા આઠ દેખાવકારોની ધરપકડ કરાઈ હતી.

કૉંગ્રેસના ઉનાકોટી જિલ્લાપ્રમુખ મોહમ્મદ બદરુઝમાનની આગેવાની હેઠળ ‘જોઈન્ટ મુવમેન્ટ કમિટી’ના નામે કઢાયેલી રૅલીમાં ચાર હજાર લોકો જોડાયા હતા. ■











સાધારણ સભાની નોટીસ

## શ્રી લુહાર સુતાર જ્ઞાતિ હિતેચ્છક મંડળ, મુંબઇ

પબ્લીક ટ્રસ્ટ એકટ રજીસ્ટર નં એ -૧૦૬૮ (મુંબઈ) ૬૦, પહેલી સુતાર ગલ્લી, વેલ્ફેર સેન્ટર (બોરીવલી) ક્વાર્ટર રોડ નંઃ ૩, દત્તપાડા મેઇન રોડ, શ્રી વિશ્વકર્મા ચોક, બોરીવલી (ઇસ્ટ) મુંબઇ -૪૦૦૦૬૬. ફોન - ૦૨૨ ૨૮૦૬૪૧૭૧ / ૯૩૨૨૫૩૫૫૬૬

આપણી જ્ઞાતિની સાધારણ સભા શ્રી લુહાર સુતાર જ્ઞાતિ હિતેચ્છક મંડળ મુંબઈ વેલ્ફેર સેન્ટર (બોરીવલી ) ખાતે રવિવાર તા **૨૦/૦૪/૨૦૨૫** ના રોજ સાંજે **૬.૦૦** થી **૦૮.૦૦** કલાકે રાખવામાં આવેલ છે. જેમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવશે.

01) ગત સાધારણ સભા ની મીનીટ વાંચીને મંજુર કરાવવી.
02) વર્ષ તા. **૦૧/૦૪/૨૦૨૪** થી **૩૧/૦૩/૨૦૨૫** સુધીનું કાચું સરવૈયું રજુ કરવું. 03) કાર્યવાહક કમિટીના ઈલેક્શન બાબત.
04) વાડીમાં સાંજના સમયમાં શુભ અને અશુભ પ્રસંગ માટે વાડી આપવામાં ખુબજ અગવડતા પડતી હોવાથી વાડી બુકીંગ (પ્રસંગ) માં સમય મર્યાદા નક્કી કરવા બાબત.
05) તે દિવસ ના પ્રમુખ શ્રી ની મંજુરીથી અન્ય બાબત. જો કોઈ સભાસદ ને કોઈપણ પ્રશ્ન હોય તો તેની અરજી તા : **૧૮/૦૪/૨૦૨૫** થી **૧૯/૦૪/૨૦૨૫** સુધી વાડીની ઓફિસમાં અગાવથી લેખીતમાં આપવાની રહેશે.

અલ્પાહારની સુવિધા રાખેલ છે. મેમ્બર શીપ કાર્ડ સાથે લાવવું જરૂરી છે.

નોંધ: કોરમના અભાવે સભા મુલતવી રાખવામાં આવે તો અર્ધો કલાક પછી સભા ફરીથી શરુ કરવામાં આવશે. તેમાં થયેલ કાર્યવાહી સર્વેને મંજુર રહેશે.

નમ્ર વિનંતી: આપની હાજરી અનિવાર્ય છે. સર્વે મેમ્બરોને હાજર રહેવા ખાસ વિનંતી.

તા.ક. એજેન્ડા સિવાય બીજી કોઇ બાબત પર ચર્ચા કરવામાં આવશે નહિ તથા સભામાં સંયમ અને શાંતિ જાળવવા નમ્ર વિનંતી.

મંત્રી શ્રી સુનિલભાઈ પ્રવિણભાઇ કારેલીયા

# ગુજરાતમાં હનુમાન જયંતીની હર્ષોલ્લાસભેર ઉજવણી; સાળંગપુર સહિતનાં હનુમાન મંદિરોમાં ભક્તોનું ઘોડાપૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ચૈત્ર સુદ પૂનમ અને શનિવારના શુભ સમન્વયના અવસરે વીર બજરંગી ભગવાન હનુમાન દાદાની જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાતમાં આવેલા પૌરાણિક અને સુપ્રસિદ્ધ હનુમાનદાદાના વિવિધ મંદિરો ખાતે વહેલી સવારથી જ દાદાના દર્શન કરવા માટે ભાવિકોનું ઘોડાપૂર ઊમટી પડ્યું હતું. અમદાવાદના કેમ્પ હનુમાન, બોટાદ જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ કષ્ટભંજનદેવ સાળંગપુર, અરવલ્લીમાં આરામની મુદ્રામાં હનુમાનજી તેમજ અમરેલીનાં ભૂરખિયા હનુમાનજીના મંદિર ખાતે શ્રદ્ધાળુઓનું કિડીયારું ઊભરાયું હતું.

હનુમાનદાદાનાં મંદિરો ખાતે ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુંદરકાંડ પાઠ, હોમ હવન, સામૂહિક ભંડારા પ્રસાદી તેમ જ અનેક નાના મોટા ધાર્મિક કાર્યક્રમોના આયોજન કરવામાં આવ્યાં હતાં. અમદાવાદના કેમ્પ હનુમાન, કષ્ટભંજન દેવ સાળંગપુર અને અરવલ્લીમાં આરામની મુદ્રામાં હનુમાનજીના દર્શન કરવા માટે વહેલી સવારથી મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ આવી પહોંચ્યા હતા. વહેલી સવારથી જ ભગતોએ આરતીનો લહાવો લઇને દર્શન કર્યા હતા.

અમદાવાદમાં પણ હનુમાન જન્મોત્સવની ઉજવણી થઈ હતી. શહેરમાં આવેલા કેમ્પ હનુમાન મંદિરમાં દર્શન કરવા માટે વહેલી સવારથી મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ આવી પહોંચ્યા હતા. વહેલી સવારથી જ ભગતોએ આરતીનો લહાવો લઇને દર્શન કર્યા હતા. તે જ પ્રકારે સાળંગપુર મંદિરમાં પરોઢિયેથી ભક્તોનો ધસારો જોવા મળ્યો હતો. હનુમાન જયંતીના દિવસે સવારમાં મંગળા આરતીનો લહાવો લેવા માટે વહેલી સવારથી જ ભક્તો પહોંચી મંદિર પહોંચી ગયા હતા. સાળંગપુરમાં દાદાના સાંનિધ્યમાં મારુતિ યજ્ઞનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

ભક્તોને હાલાકી ન પડે તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. હજારો દિવડાઓથી કિંગ ઓફ સાળંગપુરની સંતો અને ભક્તોની ઉપસ્થિતિમાં આરતી તેમજ ઐતિહાસિક આતશબાજીથી દાદાનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

અમરેલીમાં હનુમાન જન્મોત્સવ નિમિત્તે ભક્તોનું ઘોડાપુર ઊમટ્યું હતું. લાઠીના ભુરખિયા હનુમાનજી મંદિરે મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી. મોડી રાત્રે લાખોની સંખ્યામાં પદયાત્રીઓ દર્શને પહોંચી ગયા હતા, સુપ્રસિધ્ધ ભુરખિયા હનુમાન મંદિરે ચાલીને જવાની પરંપરા છે. માન્યતા છે કે પગપાળા જવાથી હનુમાન દાદા કષ્ટોનું નિવારણ કરે છે. ■

# ગાંધીનગરના મકાનમાં સિલિન્ડરમાં આગ બાદ પ્રચંડ વિસ્ફોટઃ ચાર ફાયર ફાઈટર્સ દાઝ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરના સેક્ટર ચારમાં એક મકાનમાં ગેસ સિલિન્ડરમાં બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે, આગ બુઝાવવા આવેલા ચાર ફાયર ફાઈટર્સ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઇ ગયા હતા. જેમાંથી ત્રણ વધુ દાઝી જતાં સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. જ્યારે એકની ગાંધીનગર સિવિલ ખાતે સારવાર ચાલી રહી છે.

મળતી વિગતો અનુસાર ગાંધીનગરના સેક્ટર-૪માં મોડી રાત્રે ગાર્ડન નજીકના શુલભ શૌચાલય પાસેના ઝૂંપડામાં આગ લાગી હતી. આગની ઘટનાની જાણ ફાયર બ્રિગેડને કરતા ફાયર બ્રિગેડની ટીમ તરત જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયરબ્રિગેડના જવાનોએ ઘટનાસ્થળે પહોંચીને આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી રહ્યા હતા ત્યાં જ અચાનક બ્લાસ્ટ થયો અને ચાર ફાયરકર્મીઓ ગંભીર રીતે દાઝી ગયા હતા.

આ ઘટના અંગે ફાયર ફાઈટર્સ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, ગાંધીનગરના સેક્ટર ચારમાં રહેણાક વિસ્તારમાં આગ લાગી તેવી માહિતી આપતો એક કોલ આવ્યો હતો જેના પર ત્વરિત કાર્યવાહી કરતાં ટીમને રવાના કરવામાં આવી હતી. ઘટનાસ્થળે પહોંચતા જ ટીમ દ્વારા આગ ઓલવવા માટેના પ્રયાસો શરૂ કરવામાં આવતા જ મકાનમાં પ્રચંડ બ્લાસ્ટ થયો હતો. જેની લપેટમાં ફાયર ફાઈટર્સ ટીમના સભ્યો આવી ગયા હતા.

ઈજાગ્રસ્ત ફાયર કર્મચારીઓમાં મહાવીરસિંહ, રણજિત ઠાકોર, વિપુલ રબારી અને ભૂપેન્દ્રનો સમાવેશ થાય છે. તમામને તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ચારેયની હાલત અત્યારે ગંભીર જણાવાઈ રહી છે અને તેમની સારવાર કરવામાં આવી રહી છે. ■

# હથિયાર ખરીદી કૌભાંડ મામલે વધુ ૧૬ ઝડપાયાઃ તમામ પાસેથી ૧૫ હથિયાર અને ૪૯૮ રાઉન્ડ જપ્ત કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત એટીએસએ નકલી ડોક્યુમેન્ટના આધારે લાઇસન્સ મેળવીને હથિયાર ખરીદવાનું કૌભાંડ ઝડપ્યું હતું. અગાઉ ૭ એજન્ટ, ત્યાર બાદ હથિયાર ખરીદનારા ૧૬ આરોપી અને ૧૨ એપ્રિલના રોજ બીજા વધુ ૧૬ આરોપીની ધરપકડ કરી હતી. આ ઉપરાંત હથિયાર કેસમાં મુખ્ય આરોપી શોકત અલીની ધરપકડ કરી હતી.૧૬ આરોપી પાસેથી ૧૫ હથિયાર અને ૪૮૯ રાઉન્ડ કરવામાં આવ્યાં હતા.

એટીએસએ હથિયારના કેસમાં વધુ ૧૬ આરોપીની ધરપકડ કરી હતી. આ ઉપરાંત હથિયાર કૌભાંડના મુખ્ય આરોપી શોકત અલીની નાગાલેન્ડથી ધરપકડ કરવામાં આવી હતી. શોકત ગુજરાતના મુખ્ય સાત એજન્ટના સંપર્કમાં હતો. એજન્ટ દ્વારા અન્ય આરોપીઓને હથિયાર આપતો હતો. હથિયાર માટે ૧૯ લાખ રૂપિયા સુધીની રકમ વસૂલી છે. એટીએસએ ઝડપેલા ૧૬ આરોપી પાસેથી ૮ રિવોલ્વર, બે પિસ્તોલ, પાંચ બાર બોર ગન સહિત ૧૫ હથિયાર અને ૪૮૯ રાઉન્ડ કબજે કરવામાં આવ્યાં હતા.

અત્યાર સુધી આ કેસમાં ૪૦ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. શોકત પોતાનું ગન હાઉસ ચલાવતો હતો. તેની ગન વધુ વેચાય એ માટે ગુજરાતમાંથી જે ગ્રાહકો આવતા તેને બોગસ લાઇસન્સ અપાવતો હતો. આ કેસમાં શોકત સિવાય હજુ બે આરોપી સંડોવાયેલા છે, જેની તપાસ ચાલી રહી છે.

ઝડપાયેલા વધુ ૧૬ આરોપીમાં અનિલ રાવલ, અરજણ ભરવાડ, ભરત ભરવાડ, દેવલ ભરવાડ, જનક પટેલ, જય પટેલ, જગદીશ ભૂવા, લાખા ભરવાડ, મનીષ રૈયાણી, નિતેશ મેર, રમેશ ભરવાડ, રિશી દેસાઈ, સમીર ગધેથરિયા, વિરાજ ભરવાડ વિરમ ભરવાડના નામનો સમાવેશ થાય છે.■

# સી.આર. પાટીલની અધ્યક્ષતામાં ભાજપની બૃહદ બેઠક યોજાઈ

## રાજકીય નવાજૂનીના એંધાણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરસ્થિત ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે એક મહત્ત્વની બેઠક મળી હતી. આ બેઠકમાં કેન્દ્રીય જળશક્તિ પ્રધાન સી.આર. પાટીલ તથા અનુસૂચિત જાતિ મોરચાના લાલસિંહ આર્યાના નેતૃત્વ હેઠળ મહત્ત્વની બેઠક મળી હતી. તેમની સાથે સાથે તમામ ધારાસભ્યો, સાંસદો સહિત કેટલાક જિલ્લા અને તાલુકાના પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યભરના વિવિધ વિસ્તારોમાંથી ધારાસભ્યો અને પદાધિકારીઓ પાટનગર પહોંચી ગયા હતા. પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકથી રાજકીય માહોલ ગરમાયો હતો. આ મિટિંગથી પાટીલના ઉત્તરાધિકારી કોણ બનશે તેની ચર્ચાઓને વેગ મળ્યો હતો.

બેઠકનો વિષય ડોક્ટર ભીમરાવ આંબેડકર સન્માન અભિયાન રાખવામાં આવ્યો હતો, પરંતુ સૌ જાણે છે એમ છેલ્લા કેટલાક સમયથી મંત્રીમંડળના વિસ્તરણ અને પ્રદેશ પ્રમુખના નામની જાહેરાતની અટકળો ચાલી રહી છે, એટલે એ મુદ્દે પણ આ બેઠકમાં વાતચીત થઈ હોય એવું સંભવ છે, આ બેઠકમાં કેટલાક ધારાસભ્યો ગેરહાજર પણ હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, લાંબા સમયથી અટવાયેલી નવા પ્રદેશ અધ્યક્ષની નિયુક્તિ થઇ જાય એવી શક્યતા વ્યક્ત કરાઇ રહી છે. હાલ સૌરાષ્ટ્રના કોઇ નેતાને પ્રદેશ પ્રમુખની કમાન સોંપવામાં આવે એવી સંભાવનાઓ છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે સામાન્ય સંજોગોમાં પાર્ટીના પ્રદેશ પ્રમુખ તરીકે સિટિંગ સાંસદ કે ધારાસભ્ય પૈકી કોઇ નેતાને પસંદ કરવામાં આવે છે, જોકે ગુજરાતમાં આ શિરસ્તો પાળવો જ એવું જરૂરી નથી, તેથી પાર્ટી હાઇકમાન્ડ આશ્ચર્ય સર્જી શકે છે. પ્રદેશ પ્રમુખ પદ માટે આટલાં નામો ચર્ચામાં છે. જે તેમાં મયંક નાયક, જગદીશ વિશ્વકર્મા, વિજય રૂપાણી, અર્જુનસિંહ ચૌહાણ, કિરીટસિંહ રાણા, ઉદય કાનગડનો સમાવેશ થાય છે. ■

# આજે અમદાવાદ, સુરત, ભાવનગર સહિતના જિલ્લામાં માવઠાની આગાહી

## કેરીના પાકને નુકસાન થવાની આશંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. રાજ્યમાં અચાનક બદલાયેલા વાતાવરણને પગલે હવામાન વિભાગ દ્વારા આવતીકાલે સવાર સુધીમાં અમદાવાદ, આણંદ, સુરત, અમરેલી અને ભાવનગરસહિતના જિલ્લાઓમાં કમોસમી વરસાદની શક્યતા વ્યક્ત કરી હતી. તેમજ ૧૫થી ૧૭ એપ્રિલ દરમિયાન સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના અમુક ભાગોમાં હિટવેવની આગાહી કરી હતી. વાતાવરણના પલટાએ કેરી ઉત્પાદક ખેડૂતોની ચિંતા વધારી છે. માવઠું થવાની સ્થિતિમાં કેરીના પાકને નુકસાન થવાની આશંકા છે.

હવામાન વિભાગ દ્વારા આવતીકાલે સવાર સુધીની કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી હતી. હવામાન વિભાગની આગાહી અનુસાર અમદાવાદ, આણંદ, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, અમરેલી, ભાવનગર અને બોટાદ જિલ્લામાં છૂટોછવાયો કમોસમી વરસાદ થવાની શક્યતા છે.

રાજ્યમાં ઠંડા પવનો અને વાદળછાયા વાતવરણના કારણે ગરમીમાં આંશિક રાહત મળી હતી. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, આગામી ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં રાજ્યના મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાઈ શકે છે. મહત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી સુધીનો ઘટાડો થવાની શક્યતા છે. ત્યારબાદ તાપમાનમાં ૪ ડિગ્રી સુધીનો વધારો થઇ શકે છે. તેમજ ૧૫થી ૧૭ એપ્રિલ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાન ૪૦થી ૪૪ ડિગ્રી સુધી રહેવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી હતી.

આ દરમિયાન હવામાન વિભાગ દ્વારા ૧૫થી ૧૭ એપ્રિલ દરમિયાન હિટવેવની આગાહી કરવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તરગુજરાતનાં અમુક ભાગોમાં ઉષ્ણ લહેરો ફૂંકાઈ શકે છે. તેમજ દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજયુક્ત હવામાન રહી શકે છે. હવામાન વિભાગ અનુસાર, ૧૫ એપ્રિલે કચ્છ, બનાસકાંઠા અને સાબરકાંઠામાં હિટવેવના પગલે યલો એલર્ટ આપવામાં આવ્યું હતું. જ્યારે ૧૬ અને ૧૭ એપ્રિલના રોજ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા અને રાજકોટમાં હિટવેવની સંભાવનાના જોતા યલો એલર્ટ આપવામાં આવ્યું હતું. ■

# આજે બિનહથિયારી પીએસઆઈની ભરતી માટે લેખિત પરીક્ષાઃ ૪૭૨ જગ્યા માટે ૧,૦૨,૯૩૫ ઉમેદવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પોલીસ ભરતી માટે જાન્યુઆરી-ફેબ્રુઆરી-૨૦૨૫ દરમિયાન લેવામાં આવેલી શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારો પૈકી, બિનહથિયારી પોલીસ સબ ઇન્સપેક્ટરની ૪૭૨ જગ્યા માટે કુલ-૧,૦૨,૯૩૫ ઉમેદવારની લેખિત પરીક્ષા આવતીકાલે ૧૩ એપ્રિલ ૨૦૨૫ના રોજ અમદાવાદ, વડોદરા અને સુરત ખાતેની કુલ-૩૪૦ શાળાઓમાં યોજવામાં આવશે. જે માટેના કોલલેટર ડાઉનલોડ કરવાની પ્રક્રિયા ૧૩ એપ્રિલ ૨૦૨૫ સુધી ચાલુ રહેશે. એક લાખ જેટલા ઉમેદવારોએ પોતાના કોલલેટર ડાઉનલોડ કર્યા હતા. આ પરીક્ષામાં ૩-૩ કલાકના બે પેપર હશે.

આ પરીક્ષા પારદર્શક રીતે કોઇપણ ગેરરીતિ વગર યોજાય તે માટે ૮૦૦૦ થી વધુ પોલીસ તથા શિક્ષણ વિભાગના અધિકારી / કર્મચારીઓ પરીક્ષાલક્ષી કામગીરી કરશે. દરેક પરીક્ષા કેન્દ્ર ઉપર એક પીઆઈ / પીએસઆઈને ભરતી બોર્ડના પ્રતિનિધિ તરીકે નિમણૂક આપવામાં આવી છે.

લેખિત પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા માટે ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા વિવિધ પગલાઓ લેવામાં આવ્યા છે. તમામ પરીક્ષા કેન્દ્રો તથા વર્ગખંડમાં સીસીટીવી કૅમેરાથી લાઇવ મોનિટરિંગ કરવામાં આવશે. શારીરિક કસોટી દરમ્યાન ઉમેદવારોના મેળવવામાં આવેલ બાયોમેટ્રીક / ફોટોગ્રાફને લેખિત પરીક્ષાના બન્ને પેપર પહેલા વેરિફિકેશન કરવામાં આવશે તેમ જ પરીક્ષા સાહિત્ય માટે ઉપયોગમાં લેવાનાર તમામ વાહનોને જીપીએસ મારફતે મોનિટરિંગ કરવામાં આવશે.

અમદાવાદ શહેર, સુરત શહેર તથા વડોદરા શહેર ખાતેની આ લેખિત પરીક્ષા પોલીસ કમિશ્નરોના જનરલ સુપરવિઝન હેઠળ તેમજ આઈજીપી / ડીઆઈજીપી કક્ષાના સિનિયર પોલીસ અધિકારીઓની અધ્યક્ષતામાં પરીક્ષા સમિતિના સુપરવિઝન હેઠળ યોજવામાં આવશે. ૧૩ એપ્રિલ ૨૦૨૫ના રોજ યોજાનાર આ લેખિત પરીક્ષા કોઇપણ જાતની ગેરરીતિ વગર યોજાય તે માટેની તમામ તૈયારીઓ ભરતી બોર્ડ દ્વારા પૂર્ણ કરવામાં આવી છે. આ પરીક્ષામાં ગેરરીતિ કરનાર કે ગેરરીતિમાં મદદ કરનાર વિરુદ્ધ સખ્ત પગલાઓ ભરવામાં આવશે. ■

# જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશિપ માટે રાજ્યના ૨,૫૫૩ કેન્દ્ર પર છ લાખથી વધુ વિદ્યાર્થીની પરીક્ષા યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યભરમાં જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશિપ માટેની પરીક્ષા યોજાઈ હતી. રાજ્યના તમામ જિલ્લાના ૨,૫૫૩ પરીક્ષા કેન્દ્રોમાં કુલ ૬ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. અમદાવાદમાં ૯૨ કેન્દ્રોમાં ૨૪ હજારથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ પરીક્ષા ગુજરાતી અને અંગ્રેજી બે ભાષામાં લેવામાં આવી હતી. પરીક્ષાનું પ્રશ્નપત્ર ૧૨૦ માર્કસનું હતું અને તે લખવા માટે વિદ્યાર્થીઓને ૧૫૦ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો. પરીક્ષા બહુ વિકલ્પ સ્વરૂપની હતી, જેમાં વિદ્યાર્થીઓ હેતુલક્ષી પ્રશ્નો પણ પૂછવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા હવેથી મુખ્ય પ્રધાન જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશિપ પરીક્ષાના મેરિટના આધારે જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ તેમ જ આદિ જાતિ વિકાસ વિભાગ હેઠળની ૭૪ આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ ૯નો પ્રવેશ પણ પરીક્ષાના પરિણામના મેરિટના આધારે આપવામાં આવશે. સ્કૂલમાં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને મેરિટના આધારે સ્કોલરશિપ મળે અને સારી રીતે અભ્યાસ કરી શકે તે હેતુસર પ્રતિ વર્ષ રાજ્યમાં ૨૫ હજાર તેજસ્વી વિદ્યાર્થીઓને આ સ્કોલરશિપ આપવામાં આવે છે.

સ્કોલરશીપ માટે પસંદ થયેલા ધોરણ આઠના વિદ્યાર્થીઓને ધોરણ નવ અને ૧૦માં અભ્યાસ માટે વાર્ષિક બાવીસ હજાર અને તેમજ ધોરણ ૧૧-૧૨માં અભ્યાસ માટે પચીસ હજારની સ્કોલરશિપ આપવામાં આવશે. પરીક્ષામાં પાસ થઈને ખાનગી સ્કૂલમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને ૨૫૦૦૦ સ્કોલરશિપ, જ્યારે ગ્રાન્ટેડ સ્કૂલમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને ૭,૦૦૦ સુધીની સ્કોલરશિપ મળશે. ■

# સુરતમાં પાણીમાં ઝેર નાખી ૧૧૮ રત્નકલાકારોની હત્યાનો પ્રયાસ કરનારો કાવતરાખોર પોલીસના સકંજામાં

(અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદઃ સુરતમાં કાપોદ્રાની અનભ ડાયમંડમાં પીવાના પાણીના ફિલ્ટરમાં ૧૦ ગ્રામ વજનનું સેલ્ફોસનું પાઉચ ભેળવી સામૂહિક રીતે ૧૧૮ રત્નકલાકારોની હત્યાનો પ્રયાસ કરનાર આરોપી નિકુંજ હિતેશભાઈ દેવમુરારિને પોલીસે ઝડપી પાડ્યો હતો. કારખાના મેનેજરનો ભાણિયો નિકુંજ કે જે એડમિનિસ્ટ્રેશન વિભાગમાં નોકરી કરતો હતો તેણે જ પાણીમાં દુર્ગંધની જાણ કરી હતી અને એ જ આરોપી નીકળતા ખળભળાટ મચી ગયો હતો.

સમગ્ર મામલે જાણવા મળ્યું હતું કે, આરોપી નિકુંજના મામા અનભ જેમ્સમાં મેનેજર છે અને નિકુંજ પણ એડમિનિસ્ટ્રેશન વિભાગમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે નોકરી કરતો હતો. લક્ઝુરિયસ લાઈફ જીવતા નિકુંજે મિત્ર પાસેથી ૧૦ લાખ ઉધાર લીધા હતા. જે ચૂકવી ન શકતા તેણે આત્મહત્યા કરવાનો વિચાર કર્યો હતો. સવારે દુકાનમાંથી ઝેરી દવા સેલ્ફોસ ખરીદી હતી. ફિલ્ટર પાસે જઈને આ ઝેરી દવા પાણીના ગ્લાસમાં નાખીને પીવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ હિંમત ન થતાં તે ત્યાં ઊભો રહી ગયો હતો. જે બાદ લોકોની અવરજવરથી ભયભીત થઈ ગયો અને કોઈને ખબર ન પડે તે માટે સેલ્ફોસનું પાઉચ ફિલ્ટરમાં નાખી દીધું હતું. નિકુંજે જે વિગત આપી છે તે સાચી છે કે નહીં તેની તપાસ પણ હાલ કાપોદ્રા પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સુરતમાં કાપોદ્રા વિસ્તારમાં શામજીભાઈ ગાબાણીનું કારખાનું આવેલું છે. નવ એપ્રિલની રાત્રે સાડા નવ વાગ્યે રત્નકલાકારોને અચાનક ચક્કર આવવા લાગ્યા હતા, તબિયત લથડતાં તેઓને તાત્કાલિક હૉસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. એક સાથે ૧૧૮ રત્નકલાકારોને ઝેરી પાણીની અસર થતાં રાજ્યમાં ખળભળાટ મચી ગયો હતો. ૧૦ એપ્રિલની સવાર સુધી ઘણા કામદારોને તબિયત સ્થિર હતી તો છ લોકોને આઈસીયુંમાં દાખલ કરવામાં આવ્યા હતા. કાપોદ્રા પોલીસે આ મામલે હત્યાના પ્રયાસનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું હતું કે જે જગ્યાએ ફિલ્ટર લગાવવામાં આવ્યું હતું ત્યાં કોઈ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા ન હતા. ■

# કથક નૃત્યાંગના અને કોરિયોગ્રાફર કુમુદિની લખિયાનું ૯૫ વર્ષની વયે નિધનઃ ભારતીય કથકના એક યુગનો અંત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના પ્રખ્યાત કથક નૃત્યાંગના કુમુદિની લાખિયાનીનું ૯૫ વર્ષની જૈફ વયે અવસાન થયું હતું. નૃત્ય ક્ષેત્રમાં તેમના પ્રદાનને બિરદાવતા ભારત સરકારે તેમને પદ્મ વિભૂષણ પુરસ્કાર એનાયત કર્યો હતો. કુમુદિની લાખિયાને ભારત સરકારે ૧૯૮૭માં પદ્મશ્રીથી સન્માનિત કર્યાં હતાં ત્યાર બાદ તેમને ૨૦૧૦માં પદ્મભૂષણથી નવાજવામાં આવ્યાં અને વર્ષ ૨૦૨૫માં કળા ક્ષેત્રે તેમના પ્રદાન માટે તેમને પદ્મવિભૂષણથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. રવિવારે બપોરે અમદાવાદમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. તેમણે ૧૯૬૭માં અમદાવાદ ખાતે ભારતીય નૃત્ય અને સંગીતની સંસ્થા, કદમ્બ સ્કૂલ ઓફ ડાન્સ એન્ડ મ્યુઝિકની સ્થાપના કરી હતી. જેમાં હાજરો કલાકરો તાલીમ લઇ ચૂક્યા છે.

કુમુદિની લાખિયાનો જન્મ ૧૭ મે ૧૯૩૦ના રોજ થયો હતો. તેમણે સાત વર્ષની ઉંમરે બિકાનેર ઘરાનાના સોહનલાલ પાસેથી કથકની તાલીમ લેવાની શરૂ કરી હતી. આ પછી તેમણે બનારસ ઘરાનાના આશિક હુસૈન અને જયપુર સ્કૂલના સુંદર પ્રસાદ પાસેથી શિક્ષા મેળવી હતી. તેમના માતા લીલા શાસ્ત્રીય ગાયિકા હતાં. તેમના માતાએ તેમને રાધેલાલ મિશ્રા હેઠળ તાલીમ આગળ વધારવા માટે પ્રોત્સાહિત કર્યાં હતાં. તેમને લાહોરમાં શાળાકીય શિક્ષણ અને અલ્હાબાદમાં કોલેજનો અભ્યાસ પૂર્ણ કર્યો.

કુમુદિની લાખિયાએ રામ ગોપાલ સાથે નૃત્ય ક્ષેત્રે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. તેઓ પશ્ચિમના દેશોના પ્રવાસે ગયાં હતાં, આ દરમિયાન તેમણે ભારતીય નૃત્યને વિદેશમાં પ્રખ્યાત કર્યું હતું, ત્યાર બાદ તેમણે કોરિયોગ્રાફર તરીકે કારકિર્દી શરુ કરી હતી. તેમણે રજનીકાંત લાખિયા સાથે લગ્ન કર્યાં હતાં, જેઓ લિંકન્સ ઇનમાં કાયદાનો અભ્યાસ કરી રહ્યાં હતાં અને રામ ગોપાલ કંપનીમાં વાયોલિનવાદક હતા. ૧૯૬૦માં તેમણે અમદાવાદને કાયમી નિવાસસ્થાન બનાવ્યું હતું. તેમને એક પુત્ર શ્રીરાજ અને એક પુત્રી મૈત્રેયી છે.

તેમની કેટલીક સૌથી પ્રખ્યાત કોરિયોગ્રાફીઓમાં ધબકાર (પલ્સ), યુગલ (ધ ડ્યુએટ), અને અતાહ કિમ (વ્હેર નાઉ?) નો સમાવેશ થાય છે. તેમણે હિન્દી ફિલ્મ ઉમરાવ જાન (૧૯૮૧) ફિલ્મમાં ગોપી કૃષ્ણ સાથે કોરિયોગ્રાફર પણ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, તેઓ દેશમાં ઘણા જાણીતા ડાન્સર્સના ગુરુ છે, તેમના શિષ્યોમાં કથક નૃત્યકારો અદિતિ મંગળદાસ, વૈશાલી ત્રિવેદી, સંધ્યા દેસાઈ, દક્ષા શેઠ, મૌલિક શાહ, ઇશિરા પરીખ, પ્રશાંત શાહ, ઉર્જા ઠાકોર અને પારુલ શાહનો સમાવેશ થાય છે. ■

# અમદાવાદમાં ત્રણ હેલ્થ ઈન્શ્યોરન્સ કંપનીની કેશલેસ સુવિધા બંધ, ૧૨૦૦ જેટલી હૉસ્પિટલ કેશલેસ સારવાર નહીં કરે

અમદાવાદઃ ગુજરાતમાં અમદાવાદ હૉસ્પિટલ એન્ડ નર્સિંગ હોમ એસોસિએશન દ્વારા ત્રણ હેલ્થ ઈન્શ્યોરન્સ કંપનીની કેશલેસ સુવિધા બંધ કરવાનો નિર્ણય કર્યો હતો. એસોસિએશનના આ નિર્ણય બાદ શહેરની ૧૨૦૦ જેટલી હૉસ્પિટલ કેશલેસ સારવાર કરશે નહીં. જેમાં હવે આ ત્રણેય કંપનીના ગ્રાહકોને રિ-ઈમ્બરસમેન્ટ પ્રક્રિયાને અનુસરવી પડશે.

અમદાવાદ હૉસ્પિટલ એન્ડ નર્સિંગ હોમ એસોસિએશન દ્વારા ટાટા એઆઈજી, સ્ટાર હેલ્થ અને કેર હેલ્થ ઇન્શ્યોરન્સ કંપનીની કેશલેસ સેવા રદ કરવામાં આવી હતી. વીમો ધારક જ્યારે હૉસ્પિટલમાં દાખલ થાય બાદ ઓથોરાઈઝેશન લેટર આપે છે અને હૉસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયા બાદ રકમ કાપવામાં આવતી હોવાના આરોપ થયા હતા. આ અંગે મળતી માહિતી મુજબ, એસોસિએશન દ્વારા હેલ્થ ઈન્શ્યોરન્સ કંપનીની કેશલેસ સુવિધા બંધ કરી છે તે કંપનીઓ ન્યાયિક પ્રક્રિયા કર્યા વગર અમુક હોસ્પિટલોને ડિલિસ્ટ કરી હોવાથી ઈન્શ્યોરન્સ કંપનીઓ વિમાની રકમ આપવામાં આનાકાની કરતી હતી. જ્યારે ઈન્શ્યોરન્સ ક્લેઈમ પાસ ન કરતા અમદાવાદ હૉસ્પિટલ એન્ડ નર્સિંગ હોમ એસોસિએશને ત્રણ ઇન્શ્યોરન્સ કંપનીની કેશલેસ સુવિધા બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.■

# બંધારણ લખનારા મૂર્ખ હતા, સંવિધાન ધર્મના આધારે હોવું જોઇએઃ ઈસ્કોન કથાકારના બફાટથી વિવાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં યોજાયેલી કથામાં કથાકાર ઇસ્કોન મંદિરના કથાકાર ચંદ્રગોવિંદ દાસ ઉર્ફે ચેતન પટેલનો વ્યાસપીઠ પરથી બંધારણ અંગે આપેલા નિવેદનનો છ વર્ષ જૂનો વિવાદાસ્પદ વીડિયો વાઇરલ થતાં વિવાદ થયો હતો. તેમણે કહ્યું હતું કે, બંધારણ લખનારા મૂર્ખ હતા, સંવિધાન ધર્મના આધારે હોવું જોઇએ, જે બાપ દીકરીને નોકરી કરાવે તે એક રીતે તેને વ્યભિચારમાં ધકેલી દે છે. જો કે આ મામલે વિરોધ વધતા કથાકાર ચંદ્રગોવિંદ દાસે કથાકારે માફી માગી લીધી છે, પરંતુ આંબેડકરજયંતીના ગણતરીના દિવસો પહેલાં વિવાદાસ્પદ વીડિયો વાઇરલ થતાં દલિતો, મહિલાઓ અને સંવિધાન પ્રેમી જનતામાં ભારે રોષ જોવા મળ્યો હતો. ■

MUMBAI SAMACHAR

મુંબઈ સમાચાર ઉત્સવ રવિવાર

તા. ૧૩-૪-૨૦૨૫

કવર સ્ટોરી

વિજય વ્યાસ

feedback@bombaysamachar.com

# સુપ્રીમ કોર્ટ ગમે તે કરે કે કહે, પણ રાજ્યપાલો સુધરશે ખરા ?

**સુપ્રીમ કોર્ટે હમણાં બહુ જ કડક શબ્દોમાં ઐતિહાસિક ચુકાદો આપ્યો છે કે રાજય સરકારે પસાર કરેલાં બિલ્સ રોકી રાખીને રાજયપાલ જે મનમાની કરે છે એ બંધારણનું ચોખ્ખું ઉલ્લંઘન છે. જોકે, કેન્દ્ર સરકારના ઈશારે રાજયપાલો માત્ર આજે જ આવી ગેરકાયદે પ્રવૃત્તિ નથી કરી રહ્યા. અગાઉ પણ કૉંગ્રેસની સરકારો હતી ત્યારથી આ રીતે વર્તીને રાજયપાલ ખુદ પોતાના ગૌરવપૂર્ણ હોદ્દાને લાંછન લગાવી રહ્યા છે. આમ છતાં, સર્વોચ્ચ અદાલતની તાજી ટકોરથી રાજયપાલો સુધરી જશે એવી આશા રાખવી એ રણમાં દેખાતા મૃગજળ જેવી છે!**



**તાજેતરમાં** સુપ્રીમ કોર્ટે તમિળનાડુના રાજ્યપાલ આર.એન. રવિને ઝાટકી નાખ્યા એ સાથે જ રાજ્યપાલો પોતાના હોદ્દાનું ગૌરવ જાળવીને વર્તવાના બદલે રાજકીય દલાલો તરીકે વર્તે છે એ મુદ્દો ફરી ચર્ચામાં છે. સુપ્રીમ કોર્ટે રવિના તમિળનાડુ વિધાનસભાએ પસાર કરેલાં ૧૦ બિલોને મંજૂરી રોકવાના નિર્ણયને ગેરકાયદેસર અને મનસ્વી ગણાવીને પોતાની ખાસ સત્તાનો ઉપયોગ કરીને તમામ બિલોને મંજૂરી આપી દીધી. તેના પગલે બીજાં બિન ભાજપ શાસિત રાજ્યો પણ મેદાનમાં આવી ગયાં છે કેમ કે દેશના દરેક બિન ભાજપ શાસિત રાજ્યોમાં રાજ્યપાલો રવિની જેમ જ વર્તી રહ્યા છે. મતલબ કે, ‘ઉપર’થી થતા ઈશારે ભાજપ વિરોધી પક્ષોને હેરાન કરી રહ્યા છે.

તમિળનાડુની જેમ ઘણાં રાજ્યો સુપ્રીમ કોર્ટમાં પણ ગયાં છે. ઘણાં રાજ્યોએ માગણી પણ કરી છે કે તમિળનાડુનો ચુકાદો અમને પણ લાગુ પડવો જોઈએ અને રાજ્યપાલે રોકી રાખેલાં અમારાં બિલો પણ પસાર થયેલાં માની લેવાવાં જોઈએ. જોકે, સુપ્રીમ કોર્ટે હજુ તો કોઈ નિર્ણય લીધો નથી પણ ભવિષ્યમાં એવો નિર્ણય લઈ શકે કેમ કે બિન ભાજપ રાજ્યોમાં રાજ્યપાલો મનમાની કરીને વિધાનસભાએ પસાર કરેલાં બિલોને મંજૂર કરવાના બદલે તેમને રોકી રાખીને આડકતરી રીત લોકશાહીનાં સિદ્ધાંતોની ઐસીતૈસી કરી જ રહ્યા છે.

તમિળનાડુમાં જે ૧૦ બિલ રોકી રખાયાં તેમાંથી બે બિલ તો છેક ૨૦૨૦ના જાન્યુઆરીનાં છે. કેરળમાં પિનારાયી વિજયનની ડાબેરી સરકાર સામે રાજ્યપાલ આરીફ મોહમ્મદ ખાને આવું જ વલણ અપનાવ્યું તેના કારણે ૭ બિલ પેન્ડિંગ છે. આરીફ મોહમ્મદ ખાન સામેના વિવાદો વધતાં એમની બદલે નવા રાજ્યપાલ આવ્યા છતાં બિલોને મંજૂરી મળી નથી.

પંજાબમાં પણ આમ આદમી પાર્ટી (AAP)ની ભગવંત માન સરકારે વિધાનસભામાં પસાર કરેલાં પાંચ બિલ રાજ્યપાલે દબાવી રાખ્યાં છે. રાજ્યપાલ બનવારીલાલ પુરોહિત બિલોને મંજૂરી નહોતા આપતા તેથી બે વર્ષ પહેલાં પંજાબ સરકારે સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપની માગ કરી હતી. એ પછી સુપ્રીમ કોર્ટે ઝાટકી નાખતા રાજ્યપાલે ૧ બિલને મંજૂરી આપી, પણ બીજાં બિલ હજુ પેન્ડિંગ છે. તેલંગાણામાં પણ પહેલાંની ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ) સરકાર અને હાલની કૉંગ્રેસની રેવંત રેડ્ડીની સરકારના કાર્યકાળમાં વિધાનસભાએ પસાર કરાયેલાં ૧૦ બિલો રોકી રાખવામાં આવ્યાં છે.

પશ્ચિમ બંગાળમાં પણ સ્થિતિ સારી નથી.મમતા બેનરજીની સરકારે પસાર કરેલાં ૧૧ બિલ હજુ હવામાં ઝુલે છે. બંગાળમાં તો જગદીપ ધનખડ અને સી.વી. આનંદ બોઝ જેવા રાજ્યપાલોએ બંધારણની સાવ ઐસીતૈસી જ કરી નાખી છે. મમતા બેનરજી સરકારના વહીવટમાં અડચણ ઊભી કરવાથી માંડીને જાહેરમાં સરકાર વિરોધી વલણ લેવા સુધીની હરકતો કરીને બંનેએ રાજ્યપાલના પદની બંધારણીય ગરિમાના સાવ ધજાગરા ઉડાવી દીધા છે. રાજ્યપાલ બંધારણીય હોદ્દો ના હોય પણ કેન્દ્ર સરકારના નોકરિયાત હોય એ રીતે બંને વર્ત્યા છે. કર્ણાટકમાં પણ સિદ્ધરામૈયાની કૉંગ્રેસ સરકારે પસાર કરેલાં ૧૩ બિલને રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે મંજૂરી આપી નથી.

ભાજપની કેન્દ્ર સરકારના ઈશારે રાજ્યપાલો જે રીતે વર્તી રહ્યા છે તેના કારણે રાજ્યપાલના હોદ્દાને લાંછન લાગી રહ્યું છે તેમાં બેમત નથી, પણ માત્ર ભાજપના શાસન વખતે જ રાજ્યપાલો આ રીતે વર્તે છે એવું નથી. આપણે ત્યાં પહેલેથી રાજ્યપાલો બંધારણીય જોગવાઈઓનું પાલન કરવાના બદલે પોતે જે રાજકીય પક્ષની કંઠી બાંધી હોય તેનાં હિતો સાચવવા માટે વર્તતા રહ્યા છે. એ માટે બંધારણની ઐસીતૈસી કરવામાં પણ એમને છોછ નથી નડતો. બંધારણને બાજુએ મૂકીને કેન્દ્રમાં જેની સરકાર હોય તેના એજન્ટ તરીકે વર્તવામાં કોઈ પક્ષનો નેતા બાકી નથી. રાજ્યપાલોનો ઉપયોગ વિરોધ પક્ષની સરકારને કનડવામાં કરવામાં પણ કોઈ કેન્દ્ર સરકાર બાકી નથી.. આ અપકૃત્ય દરેક રાજકીય પક્ષે કર્યું છે.

બાકી ભૂતકાળમાં તો વિરોધ પક્ષોની સરકારોને ઘરભેગા કરવા રાજ્યપાલોને હાથો બનાવવામાં આવ્યા છે. બંધારણની કલમ ૩૫૬ પ્રમાણે કોઈ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બરાબર નથી તેવો રિપોર્ટ રાજ્યપાલ આપે તો એ રાજ્યની સરકારને બરતરફ કરીને ક્યાં રાષ્ટ્રપતિશાસન લાદી શકાય. કેન્દ્રમાં બેઠેલી સરકારોએ રાજ્યપાલો પાસે બંધારણની ૩૫૬મી કલમનો બેફામ દુરૂપયોગ કરાવ્યો છે. જવાહરલાલ નહેરુના વખતથી આ સિલસિલો શરૂ થઈ ગયેલો.૧૯૫૭ની ચૂંટણીમાંકેરળમાં સામ્યવાદી પક્ષ જીત્યો અને ઈએમએસનામ્બુદ્રીપાદ મુખ્યમંત્રી બન્યા એ સાથે જ કૉંગ્રેસના એકચક્રી શાસનના દિવસો સમાપ્ત થવાની શરૂઆત થઈ. તેના કારણે જવાહરલાલ નહેરુનો અહમ ઘવાઈ ગયો કેમ કે કૉંગ્રેસની સર્વોપરિતા આઝાદીનાં દસ વર્ષ પછી જ ખતમ થઈ ગઈ. નહેરુએ બે વર્ષ પછી બિનલોકશાહી રીતે નામ્બુદ્રીપાદની સરકારને ઘરભેગી કરાવી નાખી હતી. કૉંગ્રેસે પછીનાં વરસોમાં સંખ્યાબંધ વિપક્ષી સરકારોને આ રીતે સત્તાનો દુરૂપયોગ કરીને ઘરભેગી કરી હતી.

કૉંગ્રેસના એકચક્રી શાસનના દિવસો હતા ત્યાં લગી કૉંગ્રેસ વિપક્ષી સરકારોને રાજ્યપાલોના માધ્યમથી ઘર ભેગી જ કરી દેતી. રાજ્યપાલો કેન્દ્રના ઈશારે પોતાના પક્ષને સરકાર રચવા નિમંત્રણ આપે એ ખેલ પણ વરસોથી ચાલે છે.

બિહારમાં ૨૦૦૬માં રાજ્યપાલે બુટાસિંહ ભાજપ-જેડીયુ સૌથી મોટું જોડાણ હોવા છતાં તેને સરકાર રચવા નિમંત્રણ નહોતું આપ્યું ને વિધાનસભા ભંગ કરીને ફરી ચૂંટણી લાદી દીધી હતી. ઝારખંડમાં સૈયદ શિબ્તે રઝીએ ભાજપને બાજુ પર મૂકીને શિબુ સોરેનને મુખ્યમંત્રી બનાવી દીધેલા, પણ એ બહુમતી સાબિત નહોતા કરી શક્યા. આ તો બે ઉદાહરણ આપ્યાં પણ આવાં તો સંખ્યાબંધ દાખલા મળે.

કેટલાક રાજ્યપાલો તો એ હદે નફ્ફટાઈથી વર્ત્યા છે કે એમનાં અપકૃત્યોને કારણે રાજ્યપાલપદને લાંછન લાગી ગયું છે. ઉત્તર પ્રદેશમાં રોમેશ ભંડારી, બિહારમાં બુટાસિંહ, આંધ્ર પ્રદેશમાં રામલાલ ઠાકુર વગેરે આ રીતે કુખ્યાત થયેલા રાજ્યપાલ છે. ગુજરાતમાં રાજ્યપાલ રહેલા સરૂપસિંહને પણ આ કેટેગરીમાં મૂકવા પડે. ૧૯૯૬માં સરૂપસિંહે ભાજપની સુરેશ મહેતા સરકારે બહુમતી સાબિત કરી હોવા છતાં ગેરબંધારણીય રીતે રાષ્ટ્રપતિશાસન લદાવેલું ને પછી શંકરસિંહ વાઘેલાને ગાદી પર બેસાડી દીધેલા.

સુપ્રીમ કોર્ટે ઘણા રાજ્યપાલોને ખરાબ રીતે ઠપકાર્યા છે. બુટાસિંહે બંધારણની ઐસીતૈસી કરી પછી એમને હોદ્દો છોડવા ફરજ પાડવામાં આવેલી. કર્ણાટકમાં ૧૯૮૯માં રાજ્યપાલ પી. વેંકટસુબૈયાહે બોમ્માઈ સરકારને બરતરફ કરી નાંખી તેના કારણે તો સુપ્રીમે બંધારણની કલમ ૩૫૬ અંગે ઐતિહાસિક ચુકાદો આપ્યો. એ પછી આ કલમનો દુરૂપયોગ બંધ થયો.

સુપ્રીમ કોર્ટ પાસે રાજ્યપાલની સત્તાના દુરૂપયોગના કેસ આવે ત્યારે એ બંધારણીય અર્થઘટન કરીને નવા ચીલા ચાતરે છે, પણ રાજકારણીઓ જાડી ચામડીના હોય છે. સુપ્રીમ કોર્ટ વ્યક્તિગત રીતે ઠપકારે નહીં ત્યાં સુધી કેન્દ્ર સરકારના એજન્ટ તરીકે વર્ત્યા જ કરે છે. રાજ્યપાલો તરીકે મોટા ભાગે રાજકીય કારકિર્દી પતી ગયેલી હોય એવા લોકો હોય છે. કેન્દ્ર સરકારની મહેરબાનીથી બનેલા આ નેતાઓ બંધારણને વફાદાર રહે એવી શક્યતા નહિવત છે. સુપ્રીમ કોર્ટે અત્યારે ઐતિહાસિક ચુકાદો આપીને રાજ્યપાલોને એમની સાચી ઔકાત બતાવી, પણ તેના કારણે રાજ્યપાલો સુધરી જશે એવી આશા રાખવી એ રણમાં દેખાતા મૃગજળ જેવી છે ! ■



અરાઉન્ડ દ વર્લ્ડ

નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World

neil@veenaworld.com

# ભારતમાં ઓછી આંકવામાં આવેલી વાનગીઓ

**ભારત સ્થાનિક સામગ્રીઓ, અજોડ રસોઈની ટેક્નિકો અને સદીઓના સાંસ્કૃતિક પ્રભાવો દ્વારા આકાર પામેલી ખાદ્ય પરંપરાઓની અતુલનીય શ્રેણીનું ઘર છે.**









ગયા સપ્તાહમાં મને મુંબઈમાં ઓડિયા ક્યુઝિનમાં હાજરી આપવાની તક મળી. તે અસામાન્ય અને મજેદાર અનુભવ રહ્યો. મેં વાનગીઓ મન મૂકીને માણી ત્યારે મને એવો વિચાર આવ્યો કે આપણે આવી વાનગીઓ વિશે વધુ વાતો કેમ કરતા નથી?

ભારતમાં આપણે આપણને સૌથી ઉત્તમ રીતે જ્ઞાત છે તેવી વાનગીઓની મોટે ભાગે વાતો કરતા હોઈએ છીએ. ઉત્તર ભારતની મલાઈદાર ગ્રેવીઓ હોય, દક્ષિણના કરકરતા ડોસા હોય, સમૃદ્ધ બંગાળી મીઠાઈઓ હોય કે મસાલેદાર રાજસ્થાની થાળી હોય. જોકે આ ઉત્તમ જ્ઞાત ફેવરીટ્સની પારભારત સ્થાનિક સામગ્રીઓ, અજોડ રસોઈની ટેક્નિકો અને સદીઓના સાંસ્કૃતિક પ્રભાવો દ્વારા આકાર પામેલી ખાદ્ય પરંપરાઓની અતુલનીય શ્રેણીનું ઘર છે.

આ છૂપાં રત્નોની ખોજ કરવાની એક સૌથી ઉત્તમ રીત પ્રાદેશિક ક્યુઝિન ફેસ્ટિવલ થકી છે. જો તમારા શહેરમાં આવો કોઈ ફેસ્ટિવલ યોજાતો હોય તો ત્યાં અચૂક જજો એવી મારી સલાહ છે! અસલ સ્વાદ અનુભવવા, સ્થાનિક સામગ્રીઓ વિશે જાણવા અને આપણે ટેવાયેલા છીએ તે સામાન્ય વાનગીઓથી પાર જોવાની આ અતુલનીય રીત છે.

તો ચાલો આજે આપણે પરિચિત વાનગીઓની પાર જઈએ અને ભારતની સૌથી ઓછી આંકવામાં આવતી વાનગીઓ વિશે જાણીએ,જે ફ્લેવર તમે અજમાવી નહીં હોય, પરંતુ તમારે અચૂક અજમાવવી જોઈએ.

**1. ઓડિયા ક્યુઝિન:** લોકો ભારતના પૂર્વ કાંઠા ખાતેનાં ખાણો વિશે વાત કરે ત્યારે બંગાળી વાનગી મોટે ભાગે નજર સામે તરી આવે છે,પરંતુ ઓડિયા રાજ્યની ઓડિયા ક્યુઝિન ભારતની સૌથી ઓછી આંકવામાં આવેલી ખાદ્ય સંસ્કૃતિમાંથી એક છે.સાદગી અને નૈસર્ગિક ફ્લેવર્સમાં મૂળિયાં ધરાવતા ઓડિયા ખાદ્યમાં તેલ ઓછું હોય છે, પરંતુ પ્રાદેશિક સામગ્રીઓમાં સમૃદ્ધ હોય છેઅને મંદિર પરંપરાઓમાં ઊંડો પ્રભાવ ધરાવે છે. તે ઓછા મસાલા, રાયનું તેલ પર આધાર રાખે છે અને વાનગીઓનો સ્વાદબહેતર બનાવવા માટે ધીમા તાપે પકવવામાં આવે છે.

ઓડિયા ક્યુઝિનનું એક સૌથી દાખલારૂપ પાસું પુરીમાં જગન્નાથ મંદિર સાથે મજબૂત જોડાણ ધરાવે છે. મંદિરનો પ્રસિદ્ધ મહાપ્રસાદ માટીનામાટલામાં લાકડાના તાપણા પર પકવવામાં આવે છે અને ભક્તોને પીરસવા પૂર્વે ભગવાન જગન્નાથને ધરવામાં આવે છે,જે ઓડિયા ખાદ્ય સંસ્કૃતિનો પાયાનો પથ્થર છે.

ઓડિયા વાનગી સમુદ્રકાંઠાનો સ્પર્શ પણ ધરાવે છે, જેમાં વિવિધ પ્રકારની માછલીઓ, ઝીંગા અને ખેકડા રાય આધારિત ગ્રેવીમાં પકવવામાં આવે છે. શાકાહારીઓ માટે ઓડિશા અમુક અજોડ દાળ અને શાકભાજીની વાનગીઓ ઓફર કરે છે, જે મોટે ભાગે કોપરું, કાચી કેરી અથવા ગોળમાં પકવીને સ્વાદનું ઉત્તમ સંતુલન તૈયાર કરવામાં આવે છે.

**અવશ્ય અજમાવવા જેવી વાનગીઓ:** દાલમા - આ પોષક ખાદ્ય મસૂર અને શાકભાજીઓ સાથે તૈયાર કરાય છે. તેમાં પંચફોરન (પાંચ મસાલા)મિક્સ કરાય છે. છેનાપોડા ઓડિશાનું અત્યંત પ્રસિદ્ધ ડેઝર્ટ છે, જે બેક કરેલી મીઠી વાનગી તાજા છેના (કોટેજ ચીઝ), સાકર અને એલચી સાથેબનાવવામાં આવે છે, જે તેને કેરેમલાઈઝ્ડ, સ્મોકી ફ્લેવર આપે છે. માછા બેસારા રાયની પેસ્ટ, લસણ અને હળદર સાથે પકવવામાં આવતીક્લાસિક ઓડિયા ફિશ કરી છે, જે તેને તમતમતી તીખી ફ્લેવર આપે છે, જે સ્ટીમ્ડ રાઈસ સાથે ખાવાની મજા જ કાંઈક અલગ હોય છે.

**2. કુમાઉની ક્યુઝિન:** હિમાલયની તળેટીમાં વસેલું કુમાઉનીની વાનગી ઉત્તરાખંડના કુમાઉ પ્રદેશમાંથી આવી છે અને ભારતની સૌથી ઓછી સરાહના કરાયેલી પહાડી ખાદ્ય પરંપરામાંથી એક રહી છે. કુમાઉની ખાદ્ય સાદું, લિજ્જતદાર અને ખાસ ઠંડા, પહાડી વિસ્તારોમાં ખાવા માટે તૈયાર કરાય છે.તે સ્થાનિક અનાજ, કઠોળ અને ઓછામાં ઓછા મસાલા પર આધાર રાખે છે છતાં તેનો ઉત્તમ સ્વાદ પ્રદેશની નૈસર્ગિક ખૂબીઓ પ્રદર્શિત કરે છે.

કુમાઉની વાનગી ઉત્તરાખંડની ટેકરીઓ અને જંગલો સાથે ઊંડાણથી જોડાયેલી છે, જેમાં વાઈલ્ડ ગ્રીન્સ, મંડુઆ જેવા અનાજ (ફિંગર મિલેટ),ઝંગોરા (બાર્નયાર્ડ મિલેટ) અને ભાટ (બ્લેક સોયાબીન) જેવા કઠોળનો ઉપયોગ કરાય છે.

કુમાઉની વાનગીઓમાં તેલ બહુ ઓછું વપરાય છે. તેમાં મોટે ભાગે રાયનાં બી, જીરું, હળદર અને ધાણાનો સીઝનિંગ માટે ઉપયોગ કરાય છે.ડેરી નોંધપાત્ર ભૂમિકા ભજવે છે, જેમાં સ્થાનિક સ્તરે બનાવવામાં આવેલું ઘી, છાશ અને દહીં રસોઈ માટે વારંવાર ઉપયોગ કરાય છે.

**અવશ્ય અજમાવવી જેવી વાનગીઓ:** ભાટ કી ચુરકાની - ઘટ્ટ, પ્રોટીન યુક્ત કરી, જે બ્લેક સોયાબીન (ભાટ)થી બનાવવામાં આવે છે.તે સ્થાનિક મસાલાઓ સાથે ધીમા તાપે પકવવામાં આવે છે અને ભાત સાથે ખાવાની મજા આવે છે. આલૂ કે ગુટકે - આ મસાલેદાર, સ્ટિયર - ફ્રાઈડ બટેટાની સ્વાદિષ્ટ વાનગી રાયનાં બીજ અને સૂકાં લાલ મરચાં સાથે બનાવવામાં આવે છે. તે સ્થાનિક દાળ અને ભાત સાથેખાવામાં આવે છે. બાલ મીઠાઈ- આ ફજ- જેવું ડેઝર્ટ રોસ્ટેડ ખોયા (ઓછું દૂધ)માંથી બનાવવામાં આવે છેઅને બારીક સફેદ ખાંડથી કોટિંગ કરાય છે.

**3. મેપિલા ક્યુઝિન:** કેરળનો દરિયાકાંઠો સંસ્કૃતિઓ માટે લાંબા સમયથી મિલન સ્થળ રહ્યો છે અને મેપિલા ક્યુઝિન કેરળના મલાબાર પ્રદેશના મુસ્લિમ સમુદાયનું ખાદ્ય છે, જે આ સમૃદ્ધ ઈતિહાસનો દાખલો છે. આરબ, પર્શિયન અને સ્થાનિક કેરળ પરંપરાઓના પ્રભાવ સાથે મેપિલા ખાદ્ય મસાલાઓ, કોપરું, ભાત અને સુગંધી માંસનું ઉત્તમ સંમિશ્રણ હોય છે, જે એક્ઝોટિક અને બહુ આરામદાયક એવી અજોડ રસોઈકળા ઓળખ નિર્માણ કરે છે.

મેપિલા ક્યુઝિન મધ્ય પૂર્વીય અને દક્ષિણ ભારતીય ફ્લેવર્સનું ઉત્તમ સંમિશ્રણ છે, જે તેને અલગ તારવે છે. આરબ વેપારીઓ કેરળના દરિયાકાંઠે સદીઓ પૂર્વે આવ્યા ત્યારે તેઓ સૂકો મેવો, કેસર અને માંસ આધારિત વાનગીઓ જેવી સામગ્રીઓ તેમની સાથે લાવ્યા હતા, જે કેરળના કોપરાથી સમૃદ્ધ, ભાતયુક્ત વાનગીઓ સાથે સુંદર રીતે વિલીન થઈ. પરિણામ? સુગંધી અને લિજ્જતદાર ઘણી બધી વાનગીઓ બની, જેમાં ધીમેથી પકવવામાં આવતી બિરયાનીઓ, સ્ટફ્ફડ બ્રેડ્સ અને સીફૂડ કરીઓ પર વધુ ભાર આપવામાં આવે છે.

મુખ્ય પ્રવાહની કેરળના ખાદ્યથી વિપરીત મેપિલા ક્યુઝિન ખાટા-મીઠા સ્વાદ માટે આમલી ઓછી ઉપયોગ કરે છે અને દહીં અથવા કોપરુંવધુ ઉપયોગ કરે છે, જેથી તેને ક્રીમી, મધ્યમ મસાલેદાર રૂપરેખા આપે છે.

અવશ્યક અજમાવવા જેવી વાનગીઓ: પથીરી અને કોઝી કરી - પથીરી નરમ, પેપર જેવા પાતળા ચોખાના લોટના ફ્લેટબ્રેડ છે, જે પરંપરિક રીતે મસાલેદાર ચિકન કરી (કોઝી કરી) સાથે પીરસવામાં આવે છે. થાલાસેરી બિરયાની- હૈદરાબાદી અથવા લખનવી બિરયાનીથી વિપરીત થાલાસેરીબિરયાની નાના અનાજના જીરાકસાલા ભાત સાથે બનાવવામાં આવે છે. તેને સુગંધી મસાલાઓ અને નરમ મટન અથવા ચિકન સાથે લેયર કરાય છે,જે તેને સુગંધી, મધ્યમ મીઠી ફ્લેવર આપે છે. મીનમુલાકિતાથુ - કોકમ અને કોપરેલ તેલથી બનાવવામાં આવેલી તીખી રેડ ફિશ કરી છે,જે ખાટીમીઠી અને મસાલેદાર હોઈ સ્ટીમ્ડ રાઈસ સાથે ખાવાની મજા આવે છે.

**4. ગેરો ક્યુઝિન:** ઈશાન ભારતીય ખાદ્ય ધીમે ધીમે ધ્યાન ખેંચી રહ્યું છે, પરંતુ મેઘાલયની ગેરી હિલ્સની ગેરો ક્યુઝિન મોટે ભાગે પ્રદેશની અજ્ઞાત બાજુ છે. ગેરો ખાદ્ય સાદગી, તાજી સામગ્રીઓ અને સ્મોકી તથા આથેલી ફ્લેવર્સ માટે પ્રેમથી સમૃદ્ધ હોય છે. આ વાનગી ગેરો આદિવાસીના નિસર્ગ સાથે ઊંડા જોડાણને દર્શાવે છે, જેમાં તેઓ સ્થાનિક સ્રોત કરેલાં બાંબૂના અંકુર, સીસમ, સૂકી માછલી અને હિંસ્ર હર્બ્સનો ઉપયોગ કરે છે.

ગેરો ક્યુઝિનનું એક સૌથી દાખલારૂપ પાસું આથાનો ઉપયોગ છે. સૂકી માછલી (નાખમ), બાંબૂ અંકુર અને સ્થાનિક લીલોતરીજેવી સામગ્રીઓ આથીને તેમની ફ્લેવર બહેતર બનાવાય છે, જે તેમને પ્રોબાયોટિક્સમાં સમૃદ્ધ અને પાચન માટે ઉત્તમ બનાવે છે.

**અવશ્ય અજમાવવા જેવી વાનગીઓ:** નાખમબિચ્ચી - મસાલેદાર, ગરમ સૂપ સૂકી આથેલી માછલી, મરચાં અને ચોખાના પાણીથી બનાવવામાં આવે છે. ડો'ઓ કપ્પા- આ અજોડ ચિકન કરી કાળા સીસમ બીજ સાથે બનાવવામાં આવે છે, જે તેને ઘેરી, નટ્ટી ફ્લેવર આપે છે,જે ભારતમાં કોઈ પણ અન્ય ચિકનની વાનગીઓથી અનોખી છે. પુરા (સ્મોક્ડ મીટ્સ) - પોર્ક અથવા માછલી, કલાકો સુધી લાકડાંના તાપણા પરધીમેથી સ્મોક્ડ કરાય છે, જે તેને સમૃદ્ધ, સ્મોકી સ્વાદ આપે છે.

**5. કોડાવા ક્યુઝિન:** કર્ણાટકમાં કૂર્ગની હરિયાળી ટેકરીઓમાં છુપાયેલી કોડાવા ક્યુઝિન માટીદાર, મસાલા આધારિત અને માંસથી સમૃદ્ધરસોઈકળા પરંપરા છે, જેણે પ્રદેશના લડાકુઓના ભૂતકાળ અને સમૃદ્ધ નૈસર્ગિક વાતાવરણને આકાર આપ્યો છે. કોડાવા ક્યુઝિનમાં કાળા મરી,લીમડાનાં પાન અને કછમપુલી (સ્થાનિક ખાટું વિનેગર)ની બોલ્ડ ફ્લેવર હોય છે.

અવશ્ય અજમાવવી જેવી વાનગીઓ: પંડી કરી- દંતકથા સમાન કોડાવા પોર્ક કરી કાળી મરી, લીમડાનાં પાન અને કચમપુલી વિનેગરમાં ધીમેથી પકવવામાં આવે છે. નૂલપુટ્ટુ- સ્ટ્રિંગ હોપર્સ તરીકે પણ જ્ઞાત આ નાજુક રાઈસ નૂડલ્સ મસાલેદાર માંસ અથવા કોપરું આધારિત કરીઓ સાથે પીરસવામાં આવે છે.

એકંદરે ભારતની રસોઈકળા ક્ષિતિજ વ્યાપક છે અને ઓછી જ્ઞાત પ્રાદેશિક વાનગીઓનો ખોજ કરવાની વાટ જોઈ રહી છે.પ્રાદેશિક ફૂડ ફેસ્ટિવલ પર ધ્યાન રાખો, રેજિયોનલ રેસ્ટોરન્ટોની મુલાકાત લો અથવા આ વાનગીઓને ઘરે પણ અજમાવી શકો છો.તમે નવી ફેવરીટની ખોજ કરી શકો છો!

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઈટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.

તમારી પાસે વેલિડ યુએસએ વિઝા છે? લકી યુ! તેનો પૂરેપૂરો લાભ લો.
ચાલો, પોપ્યુલર અથવા ઓફબીટ અમેરિકા જોવા. વીણા વર્લ્ડ સ્ટાઈલમાં!

| | | | |
|---|---|---|---|
| યુએસએ ઈસ્ટ કોસ્ટ(7D) Apr 26, May 19, Jun 16 320000-330000 | અમેરિકન મેજિક (13D) May 19, Jun 25 560000-565000 | અમેરિકન વંડર્સ (15D) May 4, June 8, 22 600000-605000 | અમેરિકન ડિલાઈટ 9 Days - Sept 14 295000 (J&L) |
| અમેરિકન ડિસ્કવરી (15D) Sept 14 650000-660000 | અમેરિકન ડ્રીમ (19D) May 21,Jun 18,Jul 16 735000-740000 | અમેરિકન એક્સપ્લોરર 21 Days - Sept 8 760000 | બેસ્ટ ઓફ કેનેડા 10 Days - Sep 6 490000 - 510000 |
| કેલિફોર્નિયા કાર્નિવલ (10D) May 24, Sept 15 430000-440000 | બેસ્ટ ઓફ હવાઈ મેક્સિકો 13 Days - Oct 4 785000-800000 | વુમન્સ સ્પેશિયલ અમેરિકા 13 Days - May 19 565000-575000 | સિનિયર્સ સ્પેશિયલ અમેરિકા 7 Days - May 19 330000-340000 |

યુએસ ટુર્સ યુએસ વિઝા* ધારકો માટે જ.



Book Online 365 days 24x7 Visit veenaworld.com

વીણા વર્લ્ડ અમેરિકા
ચાલો, બેગ ભરો, નીકળી પડો!

VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

Email: travel@veenaworld.com | veenaworld.com | Toll-Free: 1800 22 7979

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# શિક્ષક એ નથી જે માહિતી આપે, શિક્ષક એ છે જે ડહાપણ આપે!



થોડા સમય પહેલાં દિલ્હીની હિંદુ કોલેજમાં ગુરુ-શિષ્ય સંવાદ યોજાયો હતો. તેમાં કોલેજના વરિષ્ઠ હિન્દી શિક્ષક રામેશ્વર રાય અને એમના વિદ્યાર્થી રહી ચુકેલા અને હવે પ્રસિદ્ધ કોચિંગ સંસ્થા ‘દ્રષ્ટિ આઈએએસ’ના સંચાલક ડો. વિકાસ દિવ્યકીર્તિ હાજર રહ્યા હતા.

દાયકાઓ પછી એ બન્ને ભેગા થયા હતા અને એમની વચ્ચે પોણા બે કલાક વાતચીત થઇ હતી. કોલેજના વિદ્યાર્થીઓ માટે તો આ ‘સોને પે સુહાગા’ જેવો અવસર હતો. બંનેએ એમની વચ્ચેના ગુરુ-શિષ્ય સંબંધ અંગે અને શિક્ષણમાં આજે કેમ તેની બહુ જરૂર છે તેના પર ગહન વિચારો રજૂ કર્યા હતા. કોઈને આ તે સંવાદ સાંભળવો હોય તો તે યુટ્યુબ પર છે.

ભારતમાં ગુરુ-શિષ્ય પરંપરાનું કેટલું પતન થયું છે અને વિદ્યાર્થીઓને સાચા શિક્ષકનો અભાવ કેટલો સાલે છે તેની સાબિતી આ કાર્યક્રમને માણનારા યુવાનોની ટીપ્પણીઓ પરથી મળે છે.

મેં આ કાર્યક્રમ જોયો/સાંભળ્યો હતો અને પ્રોફેસર રામેશ્વર રાયે તેમાં વર્તમાન ભારતમાં શિક્ષણ અને શિક્ષકની કથળેલી ગુણવત્તા અંગે અમુક નિરીક્ષણો કર્યાં હતાં તેના પર હું વિચાર કરતો હતો. એ પછી યુટ્યુબ પર મને અમુક વિદ્યાર્થીઓની પ્રતિક્રિયાઓ વાંચવા મળી તેના પરથી ખ્યાલ આવ્યો કે સાચા અને જ્ઞાની શિક્ષક હોય તો લોકો કેવા પ્રભાવિત થાય છે. એક વિદ્યાર્થીએ લખ્યું, ‘આજના અતિશય માહિતીવાળા અને ડિજિટલ યુગમાં આ પ્રકારનો સંવાદ મુશ્કેલ છે. મેં પહેલીવાર ગુરુ અને શિષ્ય બંનેને આટલી વિનમ્રતા, સ્નેહ, આદર અને સન્માન સાથે વાતચીત કરતા સાંભળ્યા.’

બીજા એક વિદ્યાર્થીએ લખ્યું, ‘આજે જ્યારે મેં વિકાસ દિવ્યકીર્તિ સરના ગુરુને સાંભળ્યા ત્યારે ખબર પડી કે જેના ગુરુ આવા હોય તો જ વિકાસ સર જેવા ગુરુ મળી શકે. સરે કહ્યું હતું કે ગુરુજીએ એમનામાં વાંચવાની જિજ્ઞાસા જગાડી હતી. આજે ડો. રામેશ્વર સરને સાંભળીને મારામાં પણ જિજ્ઞાસા જાગી છે. રામેશ્વર સર જેવા શિક્ષકો મળે તો વિકાસ સર જેવા શિષ્યો જન્મે.’

એક અન્ય શ્રોતાએ લખ્યું, ‘વિકાસ સર અને રામેશ્વર સરની વાત સાંભળીને લાગ્યું કે માત્ર ગુરુ-શિષ્ય પરંપરા જ સમાજને યોગ્ય દિશામાં દોરી શકે છે. યુવા પેઢીને આવા મૂલ્યવાન માર્ગદર્શનની સૌથી વધુ જરૂર છે.’

બીજા એકે લખ્યું, ‘યુવા પેઢીને તમારા માર્ગદર્શનની સૌથી વધુ જરૂર છે. તમારો વીડિયો જોઈને મેં નવું જીવન શરૂ કર્યું. વર્ષમાં આવા ચાર વીડિયો બનવા જોઈએ. યુવા પેઢીમાં બહુ બદલાવ આવશે.’

એક વિદ્યાર્થી ઘણા સમયથી તનાવની સ્થિતિમાંથી પસાર થઇ રહ્યો હતો. યુટ્યુબ પર એ નકામા વિડીયો જોઈને થાકી ગયો હતો. યુટ્યુબના અલગોરિધમે એને હિંદુ કોલેજના આ કાર્યક્રમનું સૂચન કર્યું. પહેલીવાર એને એવું લાગ્યું કે આટલો સારો વીડિયો પણ હોઈ શકે અને જીવન જીવવામાં મદદ મળી શકે છે.

એક અન્ય વિદ્યાર્થી આ સંવાદની ગુણવત્તાથી એટલો પ્રભાવિત થયો કે એણે લખ્યું, ‘આ એક કલાક ૪૦ મિનિટનો

એપિસોડ જેણે પણ સાંભળ્યો છે તે સાચે જ જ્ઞાનનો ભૂખ્યો છે, એનું માનસિક સ્તર નિશ્ચિતપણે સામાન્ય લોકો કરતાં ઉપર છે. જીવનની દોડધામમાં કોઈ આટલો લાંબો એપિસોડ જુએ/સાંભળે તેનો અર્થ જ એ થયો કે એને જ્ઞાની લોકોની સંગત ગમે છે.’

આ બધી ટિપ્પણીઓથી એક વાત સમજાય છે કે શિક્ષણ જગતમાં સારા ગુરુઓ રહ્યા નથી અને શિષ્યો એક તરસ્યા પ્રાણીની જેમ પાણી માટે અહીં તહીં ભટક્યા કરે છે. કોલેજનાં છોકરાઓમાં કેવી જિજ્ઞાસા હોય છે તેની સાબિતી આ ટિપ્પણીઓ છે. આ ટિપ્પણી વર્તમાન દૌર અંગે પણ છે જેમાં માહિતીઓ તો આપાર છે, પરંતુ જ્ઞાન નથી.

આ સંવાદમાં, રામેશ્વર રાયે પણ આ જ સંકટ તરફ ધ્યાન દોર્યું હતું. એમણે કહ્યું કે આજના સમયમાં ભરોસાની જેટલી જગ્યાઓ હતી તે ધ્વસ્ત થઇ છે. ધર્મમાં તે ધ્વસ્ત છે. રાજનીતિમાં તે ધ્વસ્ત છે. સંત-મહાત્મામાં ધ્વસ્ત છે. અને ૧૯થી ૨૨ વર્ષનાં જે બાળકો આંખોમાં સપનાં લઈને વિશ્વવિદ્યાલયોના દરવાજે આવે છે તે માત્ર જ્ઞાનની શોધમાં નહીં, પણ ભરોસાની ખોજમાં પણ આવે છે, કારણ કે રાજનીતિ, પ્રશાસન, ધર્મ જેવાં જિંદગીનાં જેટલાં પણ ક્ષેત્ર છે, તે એમનો ભરોસો ગુમાવી ચૂક્યાં છે.

એમણે ઉમેર્યું કે શિક્ષકનું કામ માત્ર જ્ઞાન આપવાનું નથી, પરંતુ વિદ્યાર્થીને એ ભરોસો આપવાનું છે કે જીવન સફળતાપૂર્વક અને સાર્થક રીતે જીવી શકાય છે

રામેશ્વર રાયે એક સરસ વાત કરી હતી કે, ‘શિક્ષક જ્ઞાનના કારણે મહત્ત્વપૂર્ણ નથી, બલ્કે ભરોસાના ખંડેરમાં તે એક મજબુત ઈંટની માફક બચેલો રહે છે અને ૧૮થી ૨૨ વર્ષ વચ્ચેના વિદ્યાર્થીને લાગે કે ના, ભરોસો કરવા જેવી હજુ એક જગ્યા બાકી છે.’

માતા-પિતા બાળકોને જન્મ આપે છે. એમનું સ્થાન કોઈ લઈ શકતું નથી અને આપણે કોઈ પણ સ્વરૂપમાં એમનું ઋણ અદા કરી શકતા નથી, પરંતુ શિક્ષકને ભારતીય સંસ્કૃતિમાં માતાપિતા તરીકે સમાન દરજ્જો આપવામાં આવે છે, કારણ કે શિક્ષક જ બાળકને સમાજમાં જીવવા યોગ્ય બનાવે છે. એટલા માટે શિક્ષકને સમાજના ઘડવૈયા કહેવામાં આવે છે.

શિક્ષક માત્ર વિદ્યાર્થીને પરીક્ષામાં પાસ કરાવવા માટે જ ચિંતિત નથી હોતો, પરંતુ તે જીવનના દરેક પડાવ પર એના વિદ્યાર્થીને માર્ગદર્શન આપવા અને એનો હાથ પકડવા માટે હંમેશાં તૈયાર હોય છે- ઉપસ્થિત હોય છે. વિદ્યાર્થીના મનમાં ઉદ્ભવતા દરેક પ્રશ્નનો એ જવાબ આપે છે અને વિદ્યાર્થીને યોગ્ય સલાહ આપે છે અને હંમેશાં એને જીવનમાં આગળ વધવા માટે પ્રેરણા આપે છે એટલા માટે શિક્ષકને ગુરુ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે આજીવન સંબંધ છે. હવે એવું રહ્યું નથી. આજે શિક્ષકનું કામ ૯ થી ૫ની બેંકની નોકરી જેવું થઇ ગયું છે. બેંક બંધ થઇ જાય પછી પૈસાની લેવડદેવડ બંધ થઇ જાય તેવી રીતે સ્કૂલ કે કોલેજ બંધ થઇ જાય પછી જ્ઞાનનું સિંચન પણ બંધ થઇ જાય છે. શિક્ષક એ નથી જે માહિતી આપે. શિક્ષક એ છે જે ડહાપણ આપે.

આઈન્સ્ટાઈને લખ્યું હતું, ‘ખબર તો બેવકૂફને પણ

હોય છે. મહત્ત્વની વાત સમજણની છે.’

જેને સમગ્રતા સાથેના જીવનની ગહેરાઈની સમજ નથી એ અભણ છે. શિક્ષક ટોર્ચબેરીયર છે. એ મગજમાં વસ્તુઓ ના ભરે, એ આગ લગાવે. તમને સારું લગાડે, પંપાળે એ શિક્ષક નથી, એ મનોરંજક છે.

શિક્ષણનો મુખ્ય હેતુ જ્ઞાન એકઠું કરવાનો નથી, કલ્પનાશક્તિને ઉત્તેજન આપવાનો છે, પરંતુ શિક્ષણ આપવાની આપણી મેથડ નવું વિચારવાની શક્તિને સીમિત કરે છે અને પૂર્વનિર્ધારિત જવાબો આપવાની ક્ષમતાને મજબૂત કરે છે. એટલા માટે, આપણી શિક્ષણ વ્યવસ્થામાંથી ભણેલા લોકો બહુ બહાર પડે છે, પરંતુ ક્રિએટિવ થિન્કિંગ કરવાવાળા ઓછા નીકળે છે. બાળકોમાં જન્મજાત જિજ્ઞાસાવૃત્તિ, ક્રિએટિવિટી અને કલ્પનાશક્તિ હોય છે પરંતુ સ્કૂલમાં બુદ્ધિનો ટેસ્ટ કરવાની મેથડના પગલે તે વૃત્તિઓ દબાઈ જાય છે. શિક્ષણ જ્યારે આપણી કલ્પનાશક્તિને રૂંધે, ત્યારે તેને ‘બ્રેનવોશિંગ’ કહે છે.

શિક્ષણ આપણને ‘શું’ વિચારવું એ શીખવાડે છે. વાસ્તવમાં તેનું કામ આપણે ‘કેવી રીતે’ વિચારવું તે શીખવાડવાનું છે. આપણને આવા શિક્ષકોની જરૂર છે. ■

વિશેષ

કીર્તિશેખર
feedback@bombaysamachar.com

# જો સફળ કારકિર્દી જોઈતી હોય તો ગંભીરતાથી કરો ઈન્ટર્નશિપ




જો તમારે સફળ કારકિર્દી જોઈતી હોય, તો તેની શરૂઆત નોકરીથી નહીં પરંતુ ઈન્ટર્નશિપથી કરો. વ્યક્તિની કારકિર્દીને વ્યવસ્થિત દિશા આપવામાં ઇન્ટર્નશિપ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેથી, પ્રથમ ઇન્ટર્નશિપ ખૂબ જ ગંભીરતાથી અને વ્યવસ્થિત રીતે કરવી જોઈએ. તે તમને માત્ર પ્રેક્ટિકલ અનુભવ જ નથી આપતી, પણ તમને ભવિષ્ય માટે વ્યવસ્થિત રીતે તૈયાર પણ કરે છે. તેથી, આ ઉનાળામાં તમારા માટે ઇન્ટર્નશિપનું આયોજન કરતી વખતે (કારણ કે મોટાભાગની ઇન્ટર્નશિપ ઉનાળામાં થાય છે), આ બાબતો પર ચોક્કસપણે ધ્યાન આપો.

## ઈન્ટર્નશિપનો અર્થ સમજો

સામાન્ય રીતે કહીએ તો, ઇન્ટર્નશિપ એટલે વેકેશન દરમિયાન ૮ થી ૧૦ અઠવાડિયા સુધી કોઈ કંપનીમાં કામ કરવું. જ્યાં વિદ્યાર્થીઓ પોતાની જાતને કામની વાસ્તવિક દુનિયા સાથે જોડી શકે છે, એટલે કે જ્યાં વાસ્તવિકતામાં એક ઓફિસ છે, જેમાં કોઈના માર્ગદર્શન હેઠળ અથવા મેન્ટરના માર્ગદર્શન હેઠળ તમે કામ સાથે જોડાઈ શકો છો. આ એક એવું માધ્યમ છે જેના દ્વારા તમને માત્ર નવી વસ્તુઓ જ શીખવા નથી મળતી, તમે પૈસા પણ કમાઈ શકો છો. ઇન્ટર્નશિપ એ વિદ્યાર્થીઓ માટે શીખવાની, પોતાનો વિકાસ કરવાની અને પ્રોફેશનલી પોતાને વધુ સારા બનાવવાની તક છે. જો કે, ઇન્ટર્નશિપ કોઈપણ પ્રકારની, પેડ અથવા અનપેડ, પાર્ટ ટાઈમ અથવા ફુલ ટાઈમ હોઈ શકે છે. ઇન્ટર્નશિપ દ્વારા, ક્લાસરૂમમાં શીખેલા જ્ઞાનને વ્યાવસાયિક દુનિયા સાથે જોડીને તેને નવી રીતે શીખવામાં આવે છે. ઇન્ટર્નશિપ એ એક એવું માધ્યમ છે જે વિદ્યાર્થીઓમાં નવા કૌશલ્યો વિકસાવવા અને તેને કાર્યમાં રૂપાંતરિત કરવાનું કાર્ય કરે છે. જેમાં કંઈક નવું શીખવાનો ઉદ્દેશ નક્કી કરવામાં આવે છે અને પ્રોફેશનલ કે એક્સપર્ટની દેખરેખ હેઠળ ફીડબેક આપવામાં આવે છે. ઇન્ટર્નશિપ દ્વારા વિદ્યાર્થીઓ આવનારા દિવસોમાં તેમની કારકિર્દીની સાચી દિશાને સાચી રીતે સમજી શકશે. તેમના માટે આ એક માધ્યમ છે જેના દ્વારા તેમનો ઇન્ડસ્ટ્રી, કંપની કે સંસ્થા સાથે પરિચય થાય છે. આના દ્વારા તેઓ તેમની કારકિર્દીની દિશા નક્કી કરી શકે છે કે, શું ખરેખર આ તેમના માટે યોગ્ય છે કે નહીં. એકંદરે, ક્લાસમાં શીખેલી થિયરીને પ્રેક્ટિકલમાં રૂપાંતરિત કરવાનું માધ્યમ એટલે ઇન્ટર્નશિપ.

## ઈન્ટર્નશિપથી દૂર થાય છે ઈન્ટરવ્યૂનો ડર

ઇન્ટર્નશિપ દ્વારા, વિદ્યાર્થીઓ ભવિષ્યમાં નોકરીના ઇન્ટરવ્યૂ માટે પોતાને તૈયાર કરી શકે છે. તેમના માટે તે એક એવું માધ્યમ પણ સાબિત થઈ શકે છે જેના દ્વારા તેઓ લોકો સાથે તેમનો પરિચય વધારી શકે છે અને આવનારા દિવસોમાં તેમની કારકિર્દી માટે વધુ સારું નેટવર્કિંગ કરી શકે છે અને ઈન્ટર્નશિપ દ્વારા વ્યાવસાયિક સંબંધોને વધારી શકે છે જે આવનારા દિવસોમાં તેમના માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. સામાન્ય રીતે, નાની અને મોટી કંપનીઓ ઉનાળાની રજાઓમાં ઇન્ટર્નશિપ માટે જાહેરાત કરે છે અને તેઓ ઉર્જા અને ઉત્સાહથી ભરેલા યુવાનોની શોધમાં હોય છે જે તેમના ઓફિસના વાતાવરણમાં થોડો ફેરફાર લાવી શકે. આ દ્વારા, વિવિધ કંપનીઓ નવા પ્રતિભાશાળી લોકોને શિક્ષિત કરવામાં, તેમને તાલીમ આપવામાં અને તેમના વ્યવસાયને આકાર આપવામાં મદદરૂપ સાબિત થાય છે. જેઓ ઈન્ટર્નશિપથી પરિચિત છે અને પહેલા ઈન્ટર્નશિપ કરી ચૂક્યા છે તેમના માટે અરજી કરવી સહેલી છે. તેઓ તેમની જૂની સંસ્થામાં ફરીથી ઇન્ટર્નશિપ કરી શકે છે. પરંતુ જે વિદ્યાર્થીઓને ક્યાંથી શરૂઆત કરવી તે અંગે મૂંઝવણમાં છે, તેમના માટે એ જાણવું અગત્યનું છે કે તેઓ આગામી દિવસોમાં પોતાના માટે કયો કારકિર્દી વિકલ્પ પસંદ કરવા જઈ રહ્યા છે અને તેઓ પોતાની જાતને કેવા પ્રકારની ચોક્કસ કાર્ય સંબંધિત પ્રવૃત્તિઓ સાથે જોડવા માગે છે. આ પછી, તેઓએ સંબંધિત નાની અને મોટી સંસ્થાઓ અથવા કંપનીઓમાં પોતાને માટે વિકલ્પો શોધવાના હોય છે. તેમણે પોતાની આવડતનો ઉપયોગ કેવી રીતે કરવો અને આવનારા દિવસોમાં તેનો વિકાસ કેવી રીતે કરવો તે પણ સમજવું પડશે.

## કાઉન્સેલરની સલાહ લો

જો કે આનું ચલણ ઓછું છે, પરંતુ જેમ ઘણીવાર આપણે કયા ક્ષેત્રમાં કારકિર્દી બનાવવી તે અંગે કાઉન્સેલર્સ પાસેથી સલાહ લેવી પડે છે અને તેનો ફાયદો પણ થાય છે. તેવી જ રીતે ઈન્ટર્નશિપ માટે પણ કાઉન્સેલરની સલાહ લઈ શકાય જેથી ઉનાળાની રજાઓમાં તમારી આયોજિત કારકિર્દી મુજબ કયા પ્રકારની ઇન્ટર્નશિપ માટે અરજી કરવી તે અંગે જાણી શકાય. આ માટે વિવિધ નાની-મોટી સંસ્થાઓ ન્યૂઝ પેપર અને વેબસાઈટોમાં ઈન્ટર્નશિપ માટેની જાહેરાતો આપે છે. આ ઉપરાંત ઘણા વિદ્યાર્થીઓ તેમના મિત્રો અને પરિવારના સભ્યોની ઓળખાણ દ્વારા પણ ઇન્ટર્નશિપ શોધે છે. એકંદરે, ઇન્ટર્નશિપ એ એક એવી ટેસ્ટ ડ્રાઇવ છે જે તમારી કારકિર્દીને આગળ લઈ જાય છે. તે કામ પ્રત્યે તમારા જુસ્સાને ઓળખવામાં પણ મદદ કરે છે અને માનસિક રીતે તેમાં કારકિર્દી બનાવવા માટે તમને પ્રોત્સાહિત કરે છે. ઇન્ટર્નશિપ દરમિયાન, તમે ઘણી નવી કુશળતા પણ શીખો છો જે સામાન્ય રીતે તમને ક્લાસમાં શીખવવામાં આવતી નથી. આના દ્વારા તમે થિયરીના જ્ઞાનને વાસ્તવિક જીવનમાં શીખી શકો છો. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# વિશ્વની સૌથી ધનવાન સ્ત્રી કંજૂસ પણ અધધ છે!

Harriet Robinson Green, નામ હેરિએટ રૉબિન્સન ગ્રીન પણ ઓળખાય હેટ્ટી ગ્રીન તરીકે શા માટે ઓળખાય? અને ક્યાં? અમેરિકામાં ઓળખાય અને બે તદ્દન વિરોધાભાસી કારણોસરઃ સૌથી ધનવાન સ્ત્રી અને સૌથી કંજૂસ સ્ત્રી! લાગે છે ને એકદમ જ વિચિત્ર?

અમેરિકાના મેસેચ્યુટ્સ સ્થિત ન્યુ બેડફોર્ડમાં હેટ્ટીનો જન્મ ૧૮૩૪ની ૨૧મી નવેમ્બરે. અત્યંત ધનવાન પિતાની એ એકની એક દીકરી. એનો એકનો એક ભાઈ બાળપણમાં સ્વર્ગે સિધાવી ગયો. આથી તે પરિવારની સંપત્તિની એકલી વારસ બનવાની હતી. આ બધી જવાબદારી એ બરાબર નિભાવી શકે એની પિતાને ચિંતા હતી. પરંતુ દાદા ગિડોજ હૉલેન્ડ તો હેટ્ટી છ વર્ષની હતી, ત્યારથી એને આર્થિક અખબારો વાંચવા પ્રોત્સાહન આપતા હતા. એટલું જ નહીં બચ્ચી સાથે આર્થિક વિષયોની ચર્ચા પણ કરતા હતા.

૧૮૬૭ની ૧૧મી જુલાઈએ હેટ્ટીએ કરોડપતિ એડવર્ડ હેન્રી ગ્રીન સાથે લગ્ન કર્યા. એ સમયની કાનૂની વ્યવસ્થા મુજબ પતિને પત્નીની બધી સંપત્તિ અને હક્ક મળી જતા. પરંતુ હેટ્ટીના પિતા અને દાદાની અદમ્ય ઈચ્છા કે પોતાના નાણાકીય વ્યવહાર ખુદ હેટ્ટી સંભાળે અને પૈસા ખાતર તેણે કોઈ પર અવલંબન રાખવું ન પડે. આથી નવોઢા હેટ્ટીએ પતિને એ સમયમાં અસાધારણ ગણાય એવી વિનંતી કરીઃ મારી સંપત્તિ પરના બધા હક તમે જતા કરો. પતિદેવ માની પણ ગયા.

સમયે સાબિત કર્યું કે હેટ્ટીએ સાચો નિર્ણય લીધો હતો. પતિના હાથ બેફામ છુટ્ટા. ઘણીવાર તો હેટ્ટી તેની વહારે આવતી હતી. પરંતુ ૧૮૮૫માં હેટ્ટીએ તેનું દેવું ચૂકવવામાં નનૈયો ભણી દીધો. એડવર્ડે સત્તાવાર રીતે નાદારી જાહેર કરવી પડી. આ ઘટના બાદ પતિ-પત્ની છૂટાં થઈ ગયાં.

આ તરફ હેટ્ટી સમજદારીપૂર્વક મૂડી રોકાણ કરતી ગઈ. ડૉલરમાં વધઘટ, મોર્ગેજમાં રોકાણ, રિયલ એસ્ટેટ અને રેલરોડ પ્રોજેક્ટમાં રોકાણ કરી એ પોતાની આવક - સંપત્તિ વધારતી ગઈ. ૧૯૫૦ના એક અહેવાલ મુજબ એનું સ્થાન બ્રિટનની સૌથી ધનવાન બે ડઝન વ્યક્તિઓમાં હતું. આ યાદીમાં એ એક મહિલા હતી અને એની સંપત્તિ બ્રિટનના રાજા એડવર્ડ સાતમા કરતાં વધુ હતી!



સ્વાભાવિક છે કે આટલી બધી સંપત્તિ અને દુનિયાના ટોચના ધનવાનોમાં માનભર્યા સ્થાનને લીધે મીડિયાની નજર એના પર રહેવા માંડી.

હેટ્ટી ગ્રીનનો ઝડપભેર આર્થિક વિકાસ થવાનું એક કારણ હતું. Geelded Age. આ ગિલ્ડેડ યુગ એટલે અમેરિકન ઈતિહાસનાં ૧૮૬૦થી ૧૮૯૦ સુધીનો ગાળો. આ તબક્કામાં અમેરિકામાં ઔદ્યોગિકરણ થયું. ટેક્નોલોજીનો વિકાસ નોંધાયો. સંપત્તિમાં અધધ અસમાનતા નોંધાઈ. આ શબ્દ ‘ગિલ્ડેડ એજ’ શોધ્યો માર્ક ટ્વેઈન અને ચાર્લ્સ ડુડલી વોર્નરે. બન્ને એ પોતાના પુસ્તક ‘ધ ગિલ્ડેડ એજઃ અ ટેલ ઑફ ટુડે’માં ધનવાન અને સંઘર્ષરત શ્રમિક વર્ગ વચ્ચેની ઊડીને આંખ વળગતા વિરોધાભાસ તથા કૃત્રિમ સમૃદ્ધિને વર્ણવતા આ શબ્દસમૂહનો ઉપયોગ કર્યો હતો.

તો ગિલ્ડેડ યુગમાં હેટ્ટી ગ્રીનના નામની બોલબાલા હતી. એની મૂડીરોકાણ સૂઝબૂઝ અને વધતી સંપત્તિને લીધે એને માન-સન્માન મળતા અને સૌની નજરમાં ય રહેતી હતી. એમાંય ૧૯૦૨માં છૂટા પડી ગયેલા પતિના અવસાન બાદ તો ભારે કાળા કપડાંથી માથું ઢાંકીને ફરવા માંડી. પછી એ ક્યારેય સામાન્ય વસ્ત્રોમાં શેરીમાં ન દેખાઈ. આને લીધે તેને ‘ધ વિચ ઑફ વૉલ સ્ટ્રીટ’ અર્થાત્ વૉલ સ્ટ્રીટની ડાકણનું બિરુદ અખબારોએ આપ્યું.

આ સાથે તેના અંગત જીવનની ઝીણી ઝીણી બાબતો જાહેરમાં આવવા માંડી. વીજળીનો ખર્ચ બચાવવા માટે ગરમ પાણીથી સ્નાન કરતી નહોતી. અંડરગારમેન્ટ સાવ ફાટી ન જાય ત્યાં સુધી બદલતી નહોતી. એક અફવા તો એવીય ચડી કે પોતે વરસો અગાઉ હાથે બનાવેલું અંડરગારમેન્ટ એ પહેરતી હતી. વાત તો ત્યાં સુધી આવી કે સોળ વર્ષની ઉંમરે સીવેલી અંડરપેન્ટ મરણ પર્યંત વાપરી હતી. એ ન્યુજર્સીની સાવ અસાધારણ લોજમાં રહેતી હતી. એક જગ્યાએ ઘર ભાડે લે અને ઓછા ભાડામાં બીજું ઘર મળે તો તરત જ ઘર બદલી નાખે. દીકરા એડવર્ડ વિશેના કિસ્સા ય બહાર આવવા માંડ્યા. ઍડવર્ડને દાંતમાં ખૂબ દુઃખાવો થતો હતો પણ પૈસા ચૂકવવા ન પડે એટલે ડેન્ટિસ્ટ પાસે ન લઈ ગઈ. આ ઍડવર્ડની સમયસર સારવાર ન કરાવતા તેનો પગ કપાવવો પડ્યો હતો.

સાબુનો ખર્ચ ન થાય એટલે હેટ્ટી ક્યારેય કપડા ધોતી નહોતી. તે કરિયાણાની દુકાનમાં વધેલી કેક અને બિસ્કિટના ટુકડા પણ ખરીદવાનું પસંદ કરતી હતી. પોતાના શ્વાન માટે મફત હાડકા માટે તે આકરી દલીલ કરતી હતી. માત્ર બે સેન્ટની પાઈ તે લંચ ને ડિનરમાં ખાતી હતી. નોકરે ઓછા પગારમાં વધારો માંગ્યો અને તેમાંથી થયેલા ઝઘડાને લીધે હેટ્ટીને હાર્ટઅટેક આવ્યો અને ૮૧ વર્ષની વયે ૧૯૧૬ની ત્રીજી જુલાઈએ અવસાન થયું.

અવસાન સમયે હેટ્ટી ગ્રીન પાસે દસ કરોડ ડૉલરથી વધુ સંપત્તિ હતી, પણ એક ખાસ કારણસર એણે અમેરિકાના ઈતિહાસમાં અનન્ય સ્થાન મેળવી લીધુ. ૧૯૦૭માં અફડાતફડીના માહોલમાં ન્યૂયોર્ક શહેરની તિજોરી તળિયાઝાટક થઈ ગઈ હતી. બૅન્કોએ પણ મદદ કરવાનો ઈનકાર કર્યો ત્યારે હેટ્ટી ગ્રીન વહારે આવી હતી.

પોતાની અદ્ભુત કોઠાસૂઝ અને વ્યાપારી કુશાગ્રતાથી પિતાની સંપત્તિમાં અધધ વધારો કરનારી હેટ્ટી ગ્રીન પુરુષોના વર્ચસ્વવાળા આર્થિક-નાણાકીય ક્ષેત્રમાં સિંહણની જેમ જીવી અને જીતી. અને હા, પોતાના સંતાન માટે એ માત્ર સંપત્તિનો વારસો જ છોડી ગઈ. કંજૂસીનો નહિ. સંતાનોએ મમ્મીની મિલકતમાંથી ગરીબો માટે મફત હૉસ્પિટલ બનાવી હતી. જો હેટ્ટી જીવતી હોત તો શું બોલી હોત?

# એક એવું મંદિર જ્યાં થાય છે પુસ્તકની પૂજા



શું તમે કદી સાંભળ્યું કે જોયું છે કે આપણા દેશમાં એક એવું મંદિર પણ છે જ્યાં ભગવાનને ભોગ તરીકે પુસ્તકો ધરવામાં આવે છે, સાથે જ પ્રસાદ તરીકે પુસ્તકો આપવામાં આવે છે. અમે વાત કરી રહ્યા છીએ કેરળના કન્નૂરથી લગભગ ૬૪ કિમી દૂર આવેલા એક નાનકડા ગામ પ્રપોયિલની. આ ગામમાં એક અસાધારણ મંદિર છે, જે પોતાનામાં જ એક અલગ છે. એનું નામ છે નવાપુરમ મથાથિયા દેવાલયમ, એનો અર્થ થાય છે ભગવાનનું ધર્મનિરપેક્ષ ગૃહ. આ મંદિરમાં ભગવાનને પુસ્તકની છબીમાં આકાર આપવામાં આવ્યો છે. ભક્તો મંદિરના ગર્ભગૃહમાં પૂજા કરી શકે છે, ભગવાનને પુસ્તકો અર્પિત કરીને પ્રસાદ તરીકે પાછાં પુસ્તકો લઈ શકે છે. સાથે જ આ મંદિરની ખાસ વાત એ પણ છે કે મંદિરમાં ના તો કોઈ પૂજારી છે, ના તો કોઈ જાતિ કે ધર્મનો ભેદ રાખવામાં આવે છે.

મંદિરનો પ્રવેશ હૉલ વિશાળ પુસ્તકાલય છે, જેમાં હજારો પુસ્તકો છે. હૉલની દીવાલોને કળાત્મક મૂર્તિથી શણગારેલી છે. ૩૦ ફૂટ ઊંચા પ્રાકૃતિક પથ્થર પર પુસ્તકને સ્થાપિત કરવામાં આવ્યું છે. આ પુસ્તકના પૃષ્ઠ પર ત્રણ વાક્યો કંડારેલાં છે- ઈશ્વર જ્ઞાન છે. ધર્મ વ્યાપર વિચારધારા છે. વિનમ્રતા બુદ્ધિમતાનો માર્ગ છે. આ કોમ્પ્લેક્સ બે એકરમાં ફેલાયેલું છે. એમાં કેટલીક ઝૂંપડીઓ છે, જેને એજુથુપુરા કહેવામાં આવે છે. એનો અર્થ થાય છે લેખન માટેની ઝૂંપડી. એમાં લેખકો રહી શકે છે.

આ એક અલગ પ્રકારનું મંદિર છે. જેને સાકાર કરવાનું સપનું નારાયણે અનેક વર્ષોથી જોયું હતું. તેમના પિતા જમીનદાર હતા. નારાયણ જ્યારે ૯ વર્ષના હતાં ત્યારે તેમના પિતાનું નિધન થયું હતું. ૧૫ વર્ષની ઉંમરથી જ નારાયણે પરિવારની જવાબદારી ઉપાડી લીધી હતી. તેઓ જ્યારે વીસ વર્ષના થયા ત્યારે તેમને પુસ્તકનું મંદિર બનાવવાની ઈચ્છા જાગી હતી. એના માટે તેમણે પૈસા જમા કરવાની શરૂઆત કરી અને તેઓ એક સન્માનનિય લેખક તરીકે પણ સ્થાપિત થયા છે. તેમણે ૨૬ પુસ્તકો લખ્યાં છે. તેઓ વિદ્યાર્થીઓને ટ્યૂશન પણ અપાવતા હતા. તેમની મહેનત અને ધગશનું પરિણામ છે કે તેઓ ચેરુપૂજામાં એક કૉલેજના માલિક છે. અહીં ડિગ્રી અને પોસ્ટગ્રેજ્યુએટનું શિક્ષણ આપવામાં આવે છે. નારાયણ પોતે પાંચ વિષયમાં પોસ્ટગ્રેજ્યુએટ છે અને હાલમાં અંગ્રેજી સાહિત્યમાં એમ.એ. કરી રહ્યા છે. કૉલેજમાંથી થતી આવકનો ઉપયોગ તેઓ મંદિર માટે કરે છે. અત્યાર સુધી તેમણે આ પુસ્તકના મંદિર માટે ૬૦ લાખ રૂપિયાથી પણ વધુનો ખર્ચ કર્યો છે. તેમને દાન પણ મળે છે. આ મંદિરમાં વર્ષ દરમ્યાન બે સાંસ્કૃતિક કાર્યક્રમ આયોજિત કરવામાં આવે છે. આ ઉત્સવમાં ભારે સંખ્યામાં લોકો હાજર રહે છે. એમાં સાહિત્યિક ડિબેટ્સ, શાસ્ત્રીય અને લોકનૃત્યનું પણ આયોજન થાય છે. તેમના આ નેક કામમાં ગ્રામજનો પણ મદદ કરે છે. નારાયણનો પ્રયાસ એ છે કે આ મંદિર આત્મ-નિર્ભર સંસ્થા બની જાય.

નારાયણ એક એવી વ્યક્તિ છે, જેમણે પોતાનું આયુષ્ય સાહિત્ય અને પુસ્તકો માટે સમર્પિત કર્યું છે. તેમનો ઉદ્દેશ છે કે આ પુસ્તક મંદિર પ્રેમ અને ભાઈચારાનું એક ઉત્તમ ઉદાહરણ સાબિત થાય. સાથે જ શિક્ષણ અને પુસ્તકોની અગત્યતા લોકો સમજે. આ જ કારણ છે કે કેરળનું આ નવાપુરમ મથાથિયા દેવાલયમ પર્યટનનું કેન્દ્ર બની ગયું છે. ■


ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com


# મન કહે માળિયે ચડું, કરમ કહે કાંટામાં પડું

**મન** છે તો બે અક્ષરનો નાનકડો શબ્દ. પણ એનો વ્યાપ ૧૪ લોક કરતાં વધુ ફેલાયેલો છે. શબ્દકોશ અનુસાર દિલ, હૈયું, કાળજું, ચિત્ત, અંતઃકરણ એના પર્યાયવાચી શબ્દો છે. આ એવી જગ્યા છે જ્યાંથી લાગણીઓનો જુસ્સો ઊભરાય છે અને બીજી ઇન્દ્રિયોને કાર્ય કરવાની પ્રેરણા મળે છે. આપણે જેને અંતઃકરણ કહીએ છીએ એમાં બુદ્ધિ, અહંકાર અને મનનો સમાવેશ થાય છે. ભાષામાં પણ મનનો વિસ્તાર મોટો છે અને મન મૂકી ટહેલ્યું છે. **મન મૂકી એટલે કોઈ પણ કપટ કે ભેદભાવ વિના.**

મનુષ્યના અરમાન - ઈચ્છા અને વાસ્તવિકતાનો મેળ નથી બેસતો. **મન કહે માળિયે ચડું, કરમ કહે કાંટામાં પડું** કહેવતમાં આ વાત સુપેરે પ્રગટ થાય છે. માળિયું ઊંચાઈનું - પ્રગતિનું પ્રતીક છે. મન કહે છે આકાશને આંબવું છે પણ કરમ એટલે કે નસીબ એવા મોળા છે કે કાંટામાં પડવાનો વારો છે. એટલે કે મુસીબતથી ઘેરાઈ રહેવું પડે છે. **મન હોય તો માળવે જવાય** કહેવતમાં અશક્યને શક્ય બનાવવાની વાત છે. **મન જાણે કોથળો** અત્યંત માર્મિક કહેવત છે. દરેક જણ પોતાની કિંમત બીજા કરતાં વધુ સમજે છે એ એનો ભાવાર્થ છે. મન મિનારા ચણે એ આપણે જાણીએ છીએ. ગુજરાતી વેપારીની ભાષામાં કહીએ તો પૃથ્વીની પરિક્રમાનો વિચાર કરવામાં એક પૈસાનો ખર્ચ નથી થતો તો પૃથ્વી જ શું બ્રહ્માંડમાં પણ કેમ ન ફરી વળવું? આ ભાવના કહેવતમાં સુંદર રીતે વ્યક્ત થાય છેઃ **મન કહે હું ઘોડે ચડું, મોતી પહેરું કાન, કાળને હાથ કમાન છે, ન છોડે વૃદ્ધ જવાન.** ઈચ્છાઓ રાખવાનો અધિકાર સહુ કોઈને છે, પણ વખત પૂરો થઈ જાય ત્યારે કાળદેવતા કોઈ પણ ભેદભાવ વિના જવાન હોય કે વૃદ્ધ સૌને ઉપાડી લે છે એ એનો ભાવાર્થ છે. મન અને શરીરનો સંબંધ દર્શાવતી એક અત્યંત મજેદાર કહેવત છે **મન જાય તો જાને દો, તું મત જા શરીર, બિના પણછ કી કામઠી કૈસે લગેગા તીર?** ભાવાર્થ સમજવા જેવો છે. અવલંબનની વાત છે. જેમ ધનુષ્યની દોરી - પણછ વિના તીરનો કોઈ અર્થ નથી રહેતો એવી જ રીતે શરીર નહીં રહે તો મનની ઈચ્છા કેવી રીતે પૂરી થાય? મન કરતાં શરીર માટે મનુષ્યમાં વધુ રહેલા મોહ પર આ કહેવત એક રીતે કટાક્ષ છે. ઘણીવાર તન અને મન વિરોધાભાસી હોય છે. એ દર્શાવતી કહેવત છે **મન મેલા તન ઉજલા, બગલા કપટી અંગ, ઈસસે તો કૌઆ ભલા, તન મન એકહી રંગ.** બગલો ને કાગડાના રૂપક તરીકે ઉપયોગથી બહુ માર્મિક વાત કહેવાઈ છે. બગલાનું અંગ શરીર કેવું દૂધ જેવું ધોળું - સફેદ હોય છે. શ્વેત પ્રમાણિકતાનું પ્રતીક છે. જોકે, બગલો સ્વભાવે કપટી ગણાયો છે. ટૂંકમાં એના બાહ્ય દેખાવ અને એના વિચાર - કર્મમાં વિરોધાભાસ રહેલો છે. એના કરતાં તો કાગડો સારો એમ કહેવાયું છે, કારણ કે એના તન અને મન બંને કાળા છે. જેવા વિચાર એવો જ આચાર. જરાય કપટ નહીં. બગલા જેવા મિત્ર કરતાં કાગડા જેવો દુશ્મન સારો એમ અમથું નથી કહેવાતું.



## ENગ્લિશ વિંGLISH: BEAUTY OF LANGUAGE



The Number 4: આંકડા અગણિત છે, પણ સંખ્યા અને શબ્દમાં મેળ પડતો હોય એવો એકમાત્ર અંક છે 4. અંગ્રેજીમાં 4 લખાય છે FOUR. આમ અંક છે એટલા જ અક્ષર એ શબ્દમાં લખાય ત્યારે જોવા મળે છે. બીજી તરફ 6 લખાય છે SIX. આમ અંક છ છે પણ એના અક્ષર ત્રણ જ છે, અડધોઅડધ.

Underground: અંગ્રેજી શબ્દોમાં A, I વિપુલ માત્રામાં જોવા મળે છે. બહુ ઓછા શબ્દ છે જેમાં આ બે અક્ષરની હાજરી નથી હોતી. એમાંય પાંચથી વધુ અક્ષરવાળા શબ્દમાં એ અને આઈની ગેરહાજરી હોય એવું તો જવલ્લેજ જોવા મળે છે. Underground શબ્દ ૧૦ અક્ષરનો છે પણ એમાં એ અને આઈ હાજર નથી. આ શબ્દની બીજી એક ખાસિયત એ છે કે એના પહેલા ત્રણ અને અંતિમ ત્રણ અક્ષર સરખા છે.

Uncopyrightable: લાંબા સ્પેલિંગ ધરાવતા અંગ્રેજી શબ્દોમાં અક્ષરનું પુનરાવર્તન સ્વાભાવિક ગણાય. જોકે, Uncopyrightable 15 અક્ષરનો મસમોટો લાંબો શબ્દ હોવા છતાં એક પણ અક્ષરનું એમાં પુનરાવર્તન નથી જોવા મળતું. અંગ્રેજીનું આ એકમાત્ર લાક્ષણિક ઉદાહરણ છે.

Rhythm: અંગ્રેજી વર્ણાક્ષરમાં પાંચ સ્વર A, E, I, O, U છે. મોટાભાગના શબ્દોમાં એમાંથી એકની હાજરી અચૂક જોવા મળે છે. Rhythm (લય અથવા તાલ) સૌથી લાંબો - છ અક્ષરનો - શબ્દ છે જેમાં એક પણ સ્વરની હાજરી જોવા નથી મળતી. બીજી તરફ EUOUAE (સંગીતનો એક વિશેષ પ્રકાર) માત્ર સ્વરની હાજરી ધરાવતો સૌથી લાંબો અંગ્રેજી શબ્દ છે.

Bookkeeper, Bookkeeping: અંગ્રેજીમાં બે સરખા અક્ષર ધરાવતા અનેક શબ્દ છે. બાજુબાજુમાં બે અક્ષર જોડી આવતી હોય (WOOLLEN, COFFEE) એવા પણ ઘણા શબ્દો છે. જોકે, Bookkeeper, Bookkeeping એક એવી વિશિષ્ટ જોડી શબ્દો છે જેમાં બે સરખા અક્ષર આજુબાજુમાં હોય એવી ત્રણ જોડી જોવા મળે છે.

The Quick Brown Fox Jumps Over The Lazy Dog: આ વાક્યની ખાસિયત એ છે કે એમાં A to Z સુધીના બધા જ અક્ષરનો સમાવેશ થાય છે. અમુક અક્ષર એકથી વધુ વાર આવતા હોવાના કારણે આખા વાક્યમાં કુલ ૩૫ અક્ષરનો સમાવેશ છે. અંગ્રેજી આલ્ફાબેટના બધા જ અક્ષર ધરાવતા અન્ય બે વાક્ય છે Pack My Box With Five Dozen Liquor Jugs અને The Five Boxing Wizards Jump Quickly.

## રાષ્ટ્ર ભાષા: नानी-दादी की कहवतें

આજનાં બાળકોને ઘરના વડીલો બે વાત સમજાવે, શિખામણ આપે એ જરાય નથી ગમતું. બહુ આકરું લાગે છે એમને આ બધું. જોકે, બાળકો એ વાત ભૂલી જાય છે અથવા સમજી નથી શકતા કે વડીલોની આ વાત જીવનમાં ઘણું શીખવી જાય છે, માર્ગદર્શન પૂરું પાડે છે. જીવનનો મર્મ એમાં છુપાયેલો હોય છે અને એને અનુસરવાથી ફાયદો થાય છે. **यह बात हम एक कहावत के जरिये समझते हैं, थोडे में ज्यादा कहनेवाली कहावत है ओछे की प्रीत, बालू की भीत. ओछे व्यक्ति का मतलब होता है जिस व्यक्ति में गहराई ज हो. यब शब्द संस्कृत के तुच्छ और प्राकृत के उच्छ से आया हो सकता है. बालू याने रेत.** કહેવતના માધ્યમથી આ વાત સમજવાની કોશિશ કરીએ. ઓછી વ્યક્તિ એટલે તુચ્છ અથવા મામૂલી વ્યક્તિ. બાલૂ એટલે રેતી. તુચ્છ માણસની પ્રીતિ, એના માટેનો લગાવ કે દોસ્તીને રેતીની ભીંત સાથે સરખાવી છે. **जैसे बालू की दीवार मजबूत नहीं होती, कभी भी गिर सकती है उसी तरह किसी भी रुप से गिरे हुए व्यक्ति की दोस्ती भी अधिक दिनों तक नहीं चलती है। व्यक्ति चरित्र, जुबान, विश्वास आदि किसी से भी गिरा हुआ हो सकता है।** જેમ રેતીથી ઊભી કરવામાં આવેલી ભીંત મજબૂત નથી હોતી તકલાદી હોય છે અને ગમે ત્યારે કડડભૂસ થઈ ધરાશાયી થઈ શકે છે એવી જ રીતે **तुच्छ आदमी का प्यार और रेत की दीवार बराबर होता है, न उसमें स्थिरता न उसमें पायदारी.** તુચ્છ વ્યક્તિ સાથેની મૈત્રી કે નિકટતા રેતીની ભીંત જેવા હોય છે જે ટકાઉ નથી હોતી કારણ કે એનો પાયો મજબૂત નથી હોતો. થોડું કહી ઝાઝું સમજાવવાની તાકાત હોય છે કહેવતમાં.

## સગ્ગી બહિણ: नाकांच्या म्हणी

નાક શબ્દ સ્થૂળ ભાવ સાથે તેમજ સૂક્ષ્મ ભાવ સાથે ભાષામાં સ્થાન ધરાવે છે. મરાઠી અને ગુજરાતી ભાષાના કેટલાક શબ્દ કોઈ પણ ફેરફાર વિના જેમના તેમ જળવાયા છે અને સચવાયા છે એમાં નાકનું સ્થાન પણ છે. નાક એટલે શરીરનો અવયવ જે સૂંઘવાનું અને વિશેષ તો શ્વાસ લેવાનું કામ કરે છે. શ્વાસ લેવાથી જ આપણે જીવતા રહીએ છીએ. જોકે, કોઈ વ્યક્તિનું અવસાન થાય ત્યારે એનું નાક બંધ પડી ગયું એમ નથી કહેવાતું પણ એના શ્વાસ થંભી ગયા એમ કહેવાય છે. સૂક્ષ્મ ભાવમાં નાકનો સંબંધ આબરૂ સાથે છે. હવે નાકની કેટલીક મરાઠી કહેવતો જાણીએ. **नाक कापते गेले** એટલે નાક કપાઈ જવું અથવા આબરૂ જવી. **'नाक घासणे' म्हणजे माफी मागणे, केलेली चूक मान्य असणे.** નાક ઘસવું એટલે માફી માગવી, થઈ ગયેલી ભૂલ સ્વીકારી લેવી. **आपली चूक लक्ष्यात आल्यावर नाक धासणे चुकीच नाही.** ભૂલ સમજાઈ ગયા પછી માફી માંગવી યોગ્ય છે. ગુજરાતીમાં નાક રગડવું કહેવત છે એનો પણ આ જ અર્થ છે. **नाक खुपसणे अशी पण म्हण आहें. म्हणजे नको त्या विषयात बोलणं, दोन व्यक्ती जर बोलत तर त्यांच्या विषयात आपलं मत मांडणं, गरज जसताना मध्ये बोलणं वा प्रवेश करणे.** નાક ખુપસણે એટલે બધી વાતમાં માથું મારવું. ખબર ન પડતી હોય એ વાતમાં કે ચર્ચામાં જોડાઈ જવું અને સમજ્યા વિના અભિપ્રાય આપવો, જરૂર ન હોવા છતાં વચ્ચે ટપકી પડવું એ એનો ભાવાર્થ છે. **नाक दाबले की तोंड उघडते.** આ કહેવત બંને રીતે સમજવી જોઈએ. નાક દાબીએ એટલે આપમેળે મોઢું ઊઘડી જાય એ એનો રૂઢ સ્થૂળ અર્થ છે. ક્યારેક કામ કઢાવવા માટે આડકતરો ઉપાય જરૂરી હોય છે એ આ કહેવતનો ભાવાર્થ છે. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# રાધારાણીને ક્યાં જવું હતું?



'ગિરધરલાલ' રાધારાણીએ રસોડામાંથી ટહુકો કર્યો. આમ તો રાધારાણી મોટેભાગે ઘાંટા પાડે છે. ક્યારેક ક્યારેક મૃદુ સ્વરે ટહુકો પણ કરે છે. અલબત, જ્યારે રાધારાણીને એનો ઉલ્લુ સીધો કરવો હોય ત્યારે.

'રાધુ બોલ મારી હની.. બેબી .. જાનું..' અમને પણ પાકા ઘડે કાંઠા ચડે તેમ યંગ કપલના આવા શબ્દો હોઠે ચડી જાય છે.

'તમે ડાઇનિંગ ટેબલ પર બેસી રહેજો. ઉતાવળે ઊભા થઇ ન જતા. હું તમારા માટે ચાનો બીજો ડોઝ અને મેથીના ગરમાગરમ ગોટા લઇને આવું છું.'

રાધારાણીએ મીઠી ચાસણી જેવી રસઝરતી ઓફર કરી. મેરે હજૂર- મેરે સરકાર કયું બદલે બદલે સે હૈ ઉનકા પતા નહીં લગ પાયા. હવે દેશ બદલતો હોય તો દેશવાસી પણ બદલે કે નહીં?

'આ લો ચા અને ગરમ ગરમ ગોટા.' રાધારાણીએ મલપતી ચાલે રસોડામાંથી આવી સાડીના છેડાથી હાથ અને ચહેરો લૂંછતા મારી પ્લેટ અને ચાનો કપ ભરી દીધો. 'ભોજયેસુ માતા'ની જેમ ઊભાં રહ્યાં. આપણા ઘરમાં મહેમાનની જેમ આપણી આગતાસ્વાગતા થાય એ થોડું નહીં પૂર્ણતઃ અજૂગતુ લાગે. હવે શું થશે એની આશંકામાં ડાબી જમણી બંને આંખ ફરકવા લાગે.!

'થેંકસ હની. તમારી માફક ચા સરસ છે. ગોટા તો લાજવાબ છે.' અમે પણ પાણી પહેલા પાળ બાંધવા પોલ્સનનો ડબ્બો ખુલ્લો મૂકયો. ખુશામત ખુદા તેમ જ ખાવિંદ અને પત્નીને પણ પ્રિય જ લાગે છે.

'ગિધુ, મેં તમારી પાસે કદી કાંઇ માંગ્યું નથી. મારી એક ઇચ્છા છે.' રાધારાણીએ મમરો મુકયો.

કાતિલની આ જ કરામત હોય. માસૂમિયતથી કતલ કરે અને હમ કો પતા ભી ન ચલે. રવિવારની રજાની દિવસે મારી આગતાસ્વાગતાનું આ જ રહસ્ય હશે?

'રાધુ, તે મારી પાસે કદી એકાદી માગણી કરી જ નથી. તે જથ્થાબંધના ભાવે માગણી કરી છે. તારી માગણી પૂરી કરતા હું માગણ થઇ જવાનું પણ પસંદ કરીશ.' મે પ્રગલ્ભ પ્રેમીની જેમ કહ્યું.

'મારે ગુજરી જવું છે.' રાધારાણીએ નિશ્ચયાત્મક અવાજે કહ્યું. સસલાની જેમ મારા કાન ચમકયા. હું આ વાકય સાંભળીને સોફા પરથી હેઠે પટકાઈ પડ્યો. માનો કે ધરતીકંપ થયો. મને દુનિયા ગોળગોળ ફરતી લાગી.

(આવું સાંભળીને કમબખ્ત પતિ ખુશીનો માર્યો છળી મરે કે નહીં? મનમાં તો લડુ તો ફૂટે જ. એવરેસ્ટ પરથી ભૂસ્કો મારવાનું મન થાય. આ તો ટાઢાપાણીએ ખસ ગઇ કહેવાય. જો કે, સ્માર્ટ પતિ આવા પ્રસંગે ખુશીનો ઇઝહાર ન કરે. પરંતુ, સો લિટર એરંડિયું પીધા જેવું સોગિયું મોઢું કરે.)

અમે પણ અમારી ખુશી પર પથ્થર મૂકીને કટાણું મોં કરીને પ્રતિભાવ આપ્યો

'તાવ બાવ છે, રાધુ ?' મેં રાધારાણીને આશંકિત અવાજે પૂછયું. મેં એના કપાળે ઉંધો હાથ અડાડ્યો. કપાળ તો બરફ જેવું ઠંડું હતું.

'ના મને તાવબાવ કશું જ નથી. મારે ગુજરી જવું છે. 'રાધારાણીએ તેનું વાક્ય દોહરાવ્યું. આમ, તો અમારો સંસાર પ્લેન અને બળદગાડાના પૈડા જેવો રગડદગડ ચાલે છે. અમે અમારા દામ્પત્યની તંદુરસ્તી માટે અઠવાડિયે લડીએ પણ ખરા.

'રાધુ, હું માનું છું કે હું તને સમય આપી શકતો નથી, તારો ખ્યાલ રાખી શકતો નથી. પણ હુંયે શું કરી શકુ? એક તો 'બખડજંતર' ચેનલની નોકરી. પાછો બાબુલાલ બબૂચક હિટલરનો સગો ભાઇ. નોકરીને લીધે નાટકસિનેમા જોવા લઇ જઇ શકતો નથી. મારો પગાર પછેડી જેટલો નહીં પણ હાથ રૂમાલ જેટલો છે. પછેડી હોય તેટલી સોડ તણાય એમ કહેવાય છે. હાથરૂમાલમાં તો સોડ પણ તાણી શકાય નહીં. સોનાનો ભાવ ટિંચર જેવો છે. હું તને નેકલેસ તો શું નાકની ચૂંક સુધ્ધાં અપાવી શક્યો નથી. એનો મતલબ એ નથી કે હું તને પ્રેમ કરતો નથી. હું તારા હાથણી જેવા ઠુમકા પર યુપી-બિહાર તો સમજ્યા. આખું યુરોપ પણ કુરબાન કરી શકું તેમ છું. દિલ અમીરનું છે અને ખિસ્સુ ફકીરનું છે. તું તારી મરજી મુજબ ન જીવી શકી તેનો તને અફસોસ હોય, પરંતુ એથી આવા આકરાપાણીએ થવાનું?' મેં રાધારાણીને સમજાવવાનું શરૂ કર્યું :

'એક કામ કર, તું આવા નકારાત્મક વિચારો મગજમાંથી દૂર કર. 'બખડજંતર' ચેનલના બોસ બાબુલાલ બબુચકને કરગરીને હાથપગ જોડી દસ દિવસની રજા લઇ આપણે ક્રૂઝમાં ફરવા જઇશું. રાધુ, પ્રોમિસ ફ્રોમ જેન્ટલમેન.' મેં રાધારાણીને હાથ-પગ જોડીને કહ્યું.

'ગિરધરલાલ, હું એકની બે થવાની નથી. હું ગુજરી જ જવા માંગું છું.' રાધારાણીએ તેનો ધોકો ફરી પછાડ્યો .

'રાધુ, બેવકૂફીની પણ હદ હોય. ગુજરી જવું ગુજરી જવું. ક્યારની એક રટ લગાવ્યે રાખે છે. તારો આ ડ્રામા બંધ કર.'

'જુવો ગિધુ, હું નાટક સિનેમા જોવા થિયેટરમાં ગઇ છું. જમવા માટે હોટલ રેસ્ટોરેન્ટમાં ગઇ છું. રૂપાળા થવા બ્યૂટી પાર્લર ગઇ છું. બેનપણીની સગાઇ, લગ્ન, સિમંતમાં ગઇ છું. બાગ બગીચા, મંદિર મસ્જિદ ગઇ છું. ડેમ જોવા ગઇ છું. સાડીના મહાસેલના સૈલાબમાં વહી ગઇ છું. વાવ, તળાવ,નદી, દરિયાકિનારે ગઇ છું. પેરા ગ્લાઇડિંગ કે બંજી જંમ્પિંગ કર્યુ છે. પરંતુ..' આમ કહીને રાધારાણીએ પોરો ખાધો.

'હઅમ્ પણ એટલે કે પરંતુનો શો મતલબ છે?' હું સખ્ત ગૂંચવાયેલ. મેં મૂંઝવણ કહી.

'ગિધુ, માય હબી, તમારા સગા ગળાના સમ. હું ક્યારેય ગુજરી બજાર ગઇ નથી. એટલે ગુજરી (બજાર )જવું છે. મારે તાવેથો, આડણી, ઢીંચણિયું, ખરલદસ્તો, ઘંટુલો, વલોણું લેવા જવું છું. આવી દુર્લભ વસ્તુઓ તો મોલ કે ઓનલાઇન મળે નહીં. આવું બધું અવનવું ખરીદ કરવાની મારી આ મહેચ્છા તમે ક્યારે પૂરી કરશો?'

રાધારાણી બોલતી રહી. હું મૂઢની માફક સાંભળતો રહ્યો. ખરેખર મારો તો ફયૂઝ ઊડી ગયેલ.


'ઓ તારી ભલી થાય. રાધારાણી ક્યારની ગુજરી જવું ગુજરી જવું એવું બોલતી હતી પરંતુ, મને તેની સમજ પડતી ન હતી કે એને ગુજરી બજાર જવું છે એવું બોલતી ન હતી. મારી તો મજા કિરકિરી કરી નાખી! જો કે રાધારાણીએ આ સ્પષ્ટતા ન કરી હોત તો મારું ગુજરી જવું નિશ્ચિત હતું.

'હવે વધુ વાત કર્યા વિના લૂગડાં બદલો, ઓલા-ઉબેર બુક કરો અને તમારી બેટરહાફને અમદાવાદની શાન સમાન ગુજરીબજાર લઇ જાવ.' રાધારાણીએ આંખ નચાવતા કુટિલ હાસ્ય સાથે ફરમાન કમ ફતવો જાહેર કર્યો. ■


વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# જાગીને જો 'તેજ', સુખ એટલે તારામાં તું



૧૬ એપ્રિલ ૨૦૨૧ એટલે કચ્છી મર્મી કવિ તેજપાલ ધારશી શાહ 'તેજ'ની પુણ્યતિથિ. તેમને યાદ કરવાની તક ઝડપું છું. થોડા સમય પહેલા અબડાસા તાલુકાના તેરા ગામે જવાનું થયું હતું. હેરિટેજ વિલેજ તરીકે જાહેર આ ગામની વાત જ નિરાળી છે. ગામડિયું જીવન શહેરીઓને તો આકર્ષે જ, પણ અહીંની સુવિધા જોઈને વિદેશીઓ પણ આકર્ષાય તેવું છે. જૂના ઘરનું નવીનીકરણ કરી વાંચન પ્રવૃત્તિને વેગ આપવા સોમૈયા ફાઉન્ડેશને ઊભું કરેલું વાંચનાલય, ગામના મોટાંમોટાં ત્રણ તળાવો, સદી પુરાણી શાળા, દરબાર ગઢ અને તેમાં પણ રાજાના શયનકક્ષમાં દોરેલા રામરાંધના ભીંતચિત્રો; આ બધાની સાથે શિલ્પ-સ્થાપત્ય, આધ્યાત્મ, કળા-કારીગરી વગેરે જોઈને ઉદગાર નીકળે- 'મેરા ગાંવ તેરા.' અહીં આવેલા જૈન દેરાસરમાં એક પ્રદર્શન હોલ છે જેમાં આ ગામની ખાસિયતોને તસવીરી ઝલક સાથે રજૂ કરવામાં આવ્યા છે, સાથે દરેક તસવીરની નીચે તે સ્થળ અનુસાર કવિ 'તેજ'ની પંક્તિઓ લખેલી જોવા મળી. જે લગભગ સ્થાનાનુસાર. નમૂના સ્વરૂપ- રાજાશાહી વખતની ગામની શાળાના ફોટો નીચે લખેલું હતું; ઉન ઇમારત કે 'તેજ' મેં જજો મિલે માન, જેમેં ભણીગણી જીયડો પામે તો જ્ઞાન. ત્યારે આવી એ પંક્તિઓએ સ્ફુરિત કર્યા કે એવું તો કવિએ કેવું લખ્યું જે સ્થળ કે વિષય અનુસાર સંદર્ભિત બની રહી છે. અને એ પછી 'તેજ'ના સાહિત્યથી પરિચય મેળવ્યો અને સમજાયું કે તે તો સહજતાના માણસ હતા! એમની જ પંક્તિઓમાં કહીએ તો 'ખોદું તો ખાણ ભરેલી છે 'તેજ', તેમાંથી ઓળખાણ આપું કેટલી?'




ધાણીફૂટ લખતાં કચ્છી કવિ અને પક્ષીવિદ તેજપાલ ધારશી શાહ. જન્મ ૧૩ જુલાઈ, ૧૯૩૭ના. 'કવિઓ જન્મે છે, બનાવી શકાતા નથી', આ ઉક્તિ 'તેજ'થી સાર્થક છે. એજ અબડાસા તાલુકાના નલિયા જૈન દેરાસરમાં ફરજ બજાવતા આ મહેતાજીએ પ્રાથમિક શિક્ષણ માંડ લીધેલું. છતાંય ૪૦ જેટલાં પ્રકાશિત પુસ્તકો અને નામી પુરસ્કારો તેમની શાન છે. રવિ પેથાણીએ એમના વિષે કહ્યું છે, 'તેમના સાહિત્યમાંથી પસાર થાઓ એટલે સમજાય કે અદ્ભુત નિરીક્ષણ શક્તિ, રમૂજભાવ, સરળતા તેમનાં લક્ષણો હશે. થોડા શબ્દોમાં ઘણુંબધુ કહી જવાની કવિઓની ખૂબી હોય છે અને 'તેજ' એમાં પાવરધા હતા.'

કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા 'ગૌરવ પુરસ્કાર' સહિત અનેક સામાજિક અને ધાર્મિક સંગઠનો દ્વારા ઘણાં માન-અકરામ તથા પુરસ્કાર તેમના નામે અંકિત છે. કવિએ પ્રકૃતિ, એકાંત, રખડવાનો આનંદ, કુદરત, માતૃભાષા તથા માતૃભૂમિ માટેના પ્રેમાદર, કચ્છી માડુ, વૃક્ષો, વિરહ અને પ્રેમ જેવા વિવિધ વિષયો પર ભાવિકોને સાદર કરી છે. મંચનો જરા પણ મોહ નહિ. પોતાની કૃતિઓ સાથી કવિ કે કલાકાર મારફત રજૂ કરાવે અને પોતે શ્રોતાઓના હાવભાવ ઝીલે પોતાનું માપદંડ પોતે જ નક્કી કરે.

મારા કચ્છી પુસ્તક 'મિઠે મુલકજ્યુ બાઈયું'ના વિમોચન વખતે તેમના કચ્છી મૌક્તિક સંગ્રહનો ગુજરાતી અને અંગ્રેજીમાં 'ત્રિનેત્ર' નામક પુસ્તિકા સાથે પરિચય ડો. કાશ્મીરાબેન મહેતાએ કરાવેલ. અંગ્રેજી અને ગુજરાતીકરણ બદલ સ્નેહીશ્રી કાશ્મીરાબેનને અલગથી બિરદાવવા ઘટે, સૌ વાચકો ખાસ કરી યુવાઓને વિનંતી કે બેનના આ 'ત્રિનેત્ર' સંગ્રહને અચૂક વાંચવું. ચાલો, ઉત્સુકતા વધારવા અમુક નમૂના રજૂ કરી દઉં છું.

***ઘડકી મિંજ લિંગરા સે બીં કે જાણ;***
***હિકડી જે ઊંઢઈ બિઇ સિભૈ જેં સુજાણ.***

અર્થઃ ગોદડીમાં ચીંથરા 'તેજ' તેની બેને જાણ, એક જેણે ઓઢી બીજી સીવી એ સુજાણ.

***સુક્કી ભઠ ભોમકા, સુકા નીર નવાણ;***
***તય અસાંજે મુલકમેં, નીલપજી નાંય તાણ...!***

અર્થઃ સૂકી ભઠ ભોમકા, સૂકા નીર નવાણ; તોય અમારા મુલકમાં લીલપની નથી તાણ...!

***સંસારીએંકે 'તેજ' ચેં કીં સંભરે શિવ,***
***વિઠાવેં મિંધરમેં ને જોડે મેં વે જીવ.***

અર્થઃ સંસારીઓને 'તેજ' કહે કેમ સાંભરે શિવ, બેઠા હોય મંદિરમાં ને જોડામાં હોય જીવ.

તેમનું સરળ-સહજ પદ્ય પળમાં સ્થૂળમાંથી સૂક્ષ્મમાં તેજના અજવાળે લઈ જાય છે.

***કો'પંઢ બુડીને બેંકે બોડીએં, કો' તરીને તારીંધા વિએતા,***
***કોક મરે તેર માડું ચેં છુટાસીં, કો' મરીને મારીંધા વિએતા!***

અર્થઃ કોઇક જાતે ડૂબીને બીજાને ડૂબાડે, કોઇ તરીને તારી જાય છે; કોઇક મરે તો માણસો કહે, 'છૂટ્યા', તો કોઇક મરીને મારી જાય છે...!

***કરમેં મીલે કિરતી, ને ધરમેં મિલે સુધ;***
***'તેજ' તત્ત્વકે સમજી ગિનો તાં પાણ થીયું બુદ્ધ...!***

અર્થઃ કર્મે મળે કીર્તિ 'તેજ' ને ધર્મે મળે સૂધ; તત્ત્વને સમજી લૈએ તો આપણે થઇએ બુદ્ધ...!

***ન ધનમેં, ન ધરમમેં, ન મોલાતમેં, ન મિંધરમેં,***
***માણે બુજો તાં 'તેજ' આય સુખ અંધરમેં.***

અર્થઃ નહીં ધન, ધર્મ, મહલયમાં કે મંદિરમાં તું, જાગીને જો 'તેજ' સુખ એટલે તારામાં તું.

અંતમેં કચ્છની વાત એમના જ સર્જનથી કરતા સાહિત્યાંજલિ અર્પું છું.

***કચ્છમેં બોરી હિકડી કજા બિઇ ધજા,***
***તેનું ૫ જજી આય ભાઇચારેજી મજા.***

અર્થઃ કચ્છમાં પુષ્કળ આપત્તિ અને ધર્મધજા; એનાથી પણ વધારે છે ભાઇચારાની મજા. ■

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com




'સીમાદેવી, રાત મેં પ્રિયા તુમસે મિલી થી યા કોઇ મિસ કોલ આયા થા.?' એસીપી મોરેએ પૂછ્યું. સીમાએ માથું હલાવીને ના કહી.

'અંગૂઠી કા બોક્સ કહાં હૈ?' એસીપી મોરેએ સીમાની આંખમાં આંખ નાખીને પૂછ્યું.

'પતા નહીં સા'બ.'

એસીપી મોરેએ સિનિયર ઇન્સ્પેક્ટર શિંદેને ઇશારો કર્યો. શિંદેએ બેડરૂમમાં જઇને બધે ચેક કર્યું....પછી જ્યાં મર્ડર થયું હતું એ બેડરૂમમાં ગયો. કબાટ ફેંદી કાઢ્યો....બાથરૂમમાં ગયો, પણ ક્યાંય બોક્સ નહતું. એણે લોન્ડ્રી બેગમાંથી કપડાં કાઢ્યા. પેન્ટના ખિસ્સામાંથી બોક્સ મળી આવ્યું.

'સર, બોક્સ મિલ ગયા.' એસીપી મોરેએ બોક્સમાંથી વીંટી કાઢીને ઝીણી નજરે જોતાં પૂછ્યુંઃ 'અભિનય ઔર પ્રિયા કા એન્ગેજમેન્ટ હુઆ થા.?'

'મુઝે પતા નહીં હૈ.' સીમાએ કહ્યું.

'ફિલ્મી લોગોં કા યહી તફલીક હૈ....લફડા એક કે સાથ, એન્ગેજમેન્ટ દૂસરે કે સાથ ઓર શાદી તીસરે કે સાથ,' શિંદે બોલ્યો.

'ફિલ્મ લાઇન મેં યે સબ ચલતા હૈ શિંદે. હાં તો બતાઓ અકબરભાઇ, અભિ ઔર પ્રિયા કા એન્ગેજમેન્ટ હુઆ થા?'

'મુઝે એન્ગેજમેન્ટ કે બારે મેં માલુમ નહીં હૈ.' અકબરે કહ્યું.

'તુમ તો અભિ કે પર્સનલ સેક્રેટરી હોના..'

'સા'બ, અભિ કૂછ પર્સનલ બાંતેં છૂપાતા ભી હોગા.' અકબરે કહ્યું.

'સીમા સે શાદી કરને જેસી પર્સનલ બાત તો ઉસને તુમસે નહીં છુપાઇ...તુમ્હારે ઘર મેં શાદી હુઇ થી ના ઉન દોનોં કી? શફીનાને પૂછતાછ મેં શિંદે કો બતાયા કી સબકૂછ તુમને અરેન્જ કિયા થા.'

'સા'બ વો એક નંબર કા ધૂની કલાકાર થા....ઉનકો બેન્ડબાજા બરાતવાલી શાદી નહીં કરની થી.'

'ઇસલિયે નહીં કરની થી....તાકી પ્રિયા જેસી લડકિયાં ઉનકી બેન્ડ બજાને બરાત લે કર ન આ જાયે. પ્રિયા કહાં મિલેગી.?' એસીપી મોરેએ પૂછ્યું.

અકબર ફોન નંબર બોલ્યો, સિનિયર ઇન્સ્પેક્ટરે નંબર ટપકાવ્યો.

******************

'પ્રિયા મેડમ, યે અંગૂઠી તુમ્હારી હૈ.?' એસીપી મોરેએ પૂછ્યું.

'હાં' પ્રિયા બોલી.

'તુમ દોનોં કી એન્ગેજમેન્ટ કબ હુઇ થી.?'

'એન્ગેજમેન્ટ નહીં હુઇ થી. અભિને મુજે એસે હી દી થી.'

'ઓહ....એક તરફા એન્ગેજમેન્ટ...જૈસે એક તરફ પ્યાર હોતા હૈ. મન હી મનમેં' એસીપી મોરેના શબ્દોમાં વ્યંગ હતો.

'હમદોનોં પ્યાર કરતે થે. ઉસને મુઝે ધોખા દિયા.' પ્રિયાના શબ્દોમાં રોષ હતો.

'ઇસલિયે તુમ આધી રાત કો અંગૂઠી વાપસ કરને ગઇ ઔર અભિ કા મર્ડર કર કે નીકલ ગઇ.'

'સર, મૈં અંગૂઠી વાપસ કરને ગઇ થી, મર્ડર કરને નહીં.'

'આઇ વિલ કિલ યુ... અભિ કો તુને હી કહા થા ના. મર્ડર તુને નહીં કિયા ઇસ બાત કા ક્યા સબૂત હૈ.?'

'અગર મર્ડર કરના હોતા તો મૈં અંગૂઠી વાપસ કરને નહીં જાતી.'

'તુમને સીમાદેવી ઔર બહાદુર કે સામને આઇ વિલ કિલ યુ કહા હૈ....મેરે પાસ યે દોનોં ગવાહ હૈ. તુમ બહાદુર કો અંગૂઠી દે કર....અભિ કા મર્ડર કિયે બિના વહાં સે નીકલ ગઇ ઇસકા તુમ્હારે પાસ ક્યા સબૂત હૈ.?'

'સર, મૈં અભિ સે પ્યાર કરતી હું...મૈં ગુસ્સે મેં ઝરૂર થી લેકિન મૈને અભિ કા મર્ડર નહીં કિયા.'

પ્રિયા સ્વાભાવિક રીતે જ શકના દાયરામાં આવી ગઇ હતી ને એણે મર્ડર ન કર્યું હોય એવું માની લેવાની મોરેને જરૂર પણ નહતી. આમેય એસીપી મોરેને અપ્પા સાહેબ સમક્ષ એક ગુનેગાર ઊભો કરીને ફાઇલ બંધ કરી દેવાની ઉતાવળ હતી.

'પ્રિયા મેડમ, મેરી પરમિશન કે બગૈર શહેર કે બાહર નહીં જાના. પૂછતાછ અભિ બાકી હૈ.'

'અગલી બાર સબૂત કે સાથે મિલના સા'બ, ગવાહોં કે સાથ નહીં.' પ્રિયાએ કહ્યું.

******************

અશોક ટંડન એસીપી મોરેની કેબિનમાં બેઠો હતો. પોતાની કેટલીક ફિલ્મોમાં પોલીસ સ્ટેશનનો સેટ લગાવી ચૂકેલા અશોક ટંડનને સાચા પોલીસ સ્ટોશનમાં બેસવાનો પહેલો અનુભવ હતો. એસીપી મોરેએ કેબિનમાં આવતા જ કહ્યુંઃ 'અસલી પોલીસ સ્ટેશન હૈ....ફિલ્મી નહીં.'

'સા'બ, હમ તો બસ, હમારી સોસાયટી મેં જો ભી બનતા હૈ, ઉસે ફિલ્મોં મેં દિખાને કી કોશિશ કરતે હૈ.'

> 'ફિલ્મી લોગોં કા યહી તફલીક હૈ....લફડા એક કે સાથ, એન્ગેજમેન્ટ દૂસરે કે સાથ ઓર શાદી તીસરે કે સાથ,' શિંદે બોલ્યો.

'મેરી ઇતની લંબી કરિયર મેં મૈંને શાયદ પહેલી બાર ટોપ પર પહોંચે હુએ કલાકાર કા મર્ડર દેખા હૈ.' એસીપી મોરેએ કહ્યું.

'સા'બ, અભિ એક્ટર બનને આયા તબ સે મૈં ઉનકો જાનતા હું....જો સોચા વો કર કે દિખાનેવાલા બંદા થા. ઉસકા એક તકિયા કલામ થા...જો હોગા વો દેખા જાયેગા. હાં, વો વ્હીમ્સિકલ થા....એકદમ અતરંગી. ધૂની ટાઇપ, મૂડી થા. ઉસને અપની લાઇફ કે ઉપર એક ફિલ્મ બનાઇ હૈ. જિસકા ડાયરેક્ટર મૈં હું. ફિલ્મ ઇન્ટરવલ તક હી બની હૈ. બાદ મેં અભિ બોલા કી પૈસા નહીં હૈ. ફાયનન્શિયર મિલેગા તો બાકી ફિલ્મ પૂરી કરેંગે. ક્યા બોલેગા એસે ધૂની આદમી કો સા'બ.'

'અભિને અપની લાઇફ પર ફિલ્મ બનાઇ હૈ.' એસીપી મોરેએ આશ્ચર્યથી પૂછ્યું.

'હાં સા'બ, ઉસી ફિલ્મ કા તો ઉસને પ્રાઇવેટ શો રખા થા, ફાયનન્શિયર ઢૂંઢને કે લિયે. વો ફિલ્મ કે બાદ પાર્ટી કે લિયે નહીં રુકા...ચલા ગયા. સા'બ, હમ કો ક્યા પતા, વો હમેં છોડ કર હમેંશા કે લિયે ઇસ તરહા ચલા જાયેગા.' ટંડન ગંભીર થઇ ગયો.

એસીપી મોરે થોડીવાર કંઇક વિચારતાં બેસી રહ્યા પછી અચાનક બોલ્યાઃ

'વો ફિલ્મ મુઝે દેખની હૈ.'

'આપકો ફિલ્મ દેખની હૈ. વો તો આધીઅધૂરી ફિલ્મ હૈ....ફિલ્મ કે ટુકડે ઇધરઉધર જોડ કે, એડિટિંગ કર કે બનાઇ હૈ.' અશોક ટંડનને ભારે આશ્ચર્ય થયું.

'મૈં ફિલ્મ દેખને કા બડા શૌકિન હું.' એસીપી મોરેએ કહ્યું.

'સર, સમજ ગયા લેકિન યે તો સિર્ફ ઇન્ટરવલ તક હી બની હૈ.'

'હાં લેકિન હૈ તો એક કલાકાર કી ઓટોબાયોગ્રાફી ના. તુમ શો કા એરેન્જમેન્ટ કરો.'

******************

'બહાદુર, તુમ પુરી રાત જાગતે રહેતો હો.?'

'હાં શાબ મેરા કામ હી જાગને કા હૈ,' બહાદુરે ખચકાતા જવાબ આપ્યો.

'તો ફિર તુમને કિસી કો ઘર મેં આતે ક્યું નહીં દેખા.?' એસીપી મોરેએ પૂછ્યું.

'શાબ કો અંગૂઠી કા બોક્સ દે કર શાયદ મેરી આંખ લગ ગઇ હોગી.'

'તુમ્હારે સા'બ કો કૌન કૌન મિલને આતે હૈ.?'

'શાબ કભી કિસી કો ઘર પે નહીં બુલાતે થે. ઉસકો પસંદ નહીં થા. પીછે નૌકરોં કા સર્વન્ટ રૂમ હૈ, લેકિન સબ દિન મેં કામ કર કે શામ કો વાપિસ અપને ઘર ચલે જાતે હૈ.'

'સીમાદેવી કો કોઇ મિલને આતા હૈ.?'

'હાં શાબ, એક આદમી આયા થા. અંદર જાને કે લિયે બહુત રિક્વેસ્ટ કર રહા થા. ક્યા નામ બતાયા થા ઉસને.' બહાદુર નામ યાદ કરવા લાગ્યો.

'હાં યાદ આયા...મોતીબાબુ નામ બતાયા થા અપના.'

'પહેચાન લોગે તુમ ઉસકો...?'

'હાં જરૂર પહેચાન લુંગા...દિન મેં આયા થા ઔર ઉસ વક્ત અભિ શાબ થે ઘર મેં.'

'ઠીક હૈ તુમ જાઓ ઔર જાગતે રહેના.' કહીને એસીપી મોરે બંગલાના મેઇન ગેટ પરથી અંદર ગયા.

******************

'સીમાદેવી, આપસે કૂછ સવાલ કરને હૈ.'

'જી....પૂછીએ,'

'મોતીબાબુ કૌન હૈ.?' સીમાને સહેજ આંચકો લાગ્યો.

'મેરી ટેક્સી ચલાતા હૈ...ભાડે પે.'

'આપકી ટેક્સી..? મૈં સમઝા નહીં.'

'મેરા હસબન્ડ ચંદન જો એક્સિડેન્ટ મેં ગુઝર ગયા...ઉસકી દુસરી ટેક્સી પહેલે સે હી મોતીબાબુ ચલાતા હૈ.'

'આપકા હસબન્ડ ક્યા કરતા થા.?'

'વો ભી ટેક્સી ચલાતા થા.'

'આપ અભિ કો કબ ઔર કહાં મિલી.?'

'ચંદન ઉસકો ઘર પે લાયા થા...વો નયા થા બમ્બઇ મેં. હમને બાજુ કી રૂમ ઉસકો ભાડે પે દી થી'

'ઓહ, તો વહીં સે આપ લોગોં કે બીચ..' એસીપી મોરે અટક્યા.

'તબ ચંદન, આપકા હસબન્ડ જિંદા થા.?'

'ચંદન કે મરને કે બાદ અભિ મેરા ખયાલ રખને લગા થા.'

'મોતીબાબુ કો યે સબ પતા થા. વો ઘર પે આતાજાતા થા.?' સીમાને ડર લાગવા માંડ્યો કે હવે એસીપી મોરેની સામે મોતીબાબુના એકતરફી પ્રેમ, ચંદનનો અસલી ધંધો, ચંદનનું બસ્તા શેઠ સાથેનું કનેક્શન...આ બધાં પ્રકરણો ખુલશે. એ સાવચેતી પૂર્વક જવાબ આપવા માંડી.

'નહીં, ચંદન કે એક્સિડેન્ડ કે બાદ મૈંને પહેલી બાર દેખા. ઇમાનદાર હૈ...હર હપ્તે મુઝે ટેક્સી કા હિસાબ દેતા હૈ.'

'લાસ્ટ કબ હિસાબ દેને આયા થા.?' એસીપીએ પૂછ્યું.

'તીન ચાર દિન પહેલે.'

'તીન યા ચાર..?'

'ચાર દિન પહેલે.'

'અબ કહા મિલેગા.?'

'જુહુ માચ્છીમાર કોલોની મેં રહેતા હૈ...પક્કા એડ્રેસ માલુમ નહીં.'

'ફોન નંબર હૈ.?'

'ફોન નંબર નહીં લિયા કભી.'

'જુહુ....માચ્છીમાર કોલોની' એસીપી મોરેએ શિંદેની સામે જોતાં બે ટુકડે બે શબ્દો ભાર મૂક્યો. બંને રવાના થયા.

'સર, જુહુ માચ્છીમાર કોલોની, જુહુ એરિયા, સાંતાક્રુઝ વેસ્ટ, જુહુ તારા રોડ, ખાર ડાંડા...યે સબ બસ્તા શેઠ કા ઇલાકા હૈ.' શિંદેએ જીપમાં બેસતાં કહ્યું.

'બસ્તા શેઠ, ચંદન ઔર મોતીબાબુ. યે તીનોં કા બડા ઇન્ટરેસ્ટિંગ ટ્રાયેંગલ લગતા હૈ......સવાલ યે હૈ કી ઇસ ત્રિકોન કા ચૌથા કોના કૌન હો સકતા હૈ. શિંદે, મોતી કો ઢુંઢને કે લિયે સમંદર મેં છલાંગ લગાઓ. હમકો શાયદ અસલી મોતી હાથ લગ જાએ.' મોરેએ કહ્યું. (ક્રમશઃ)■

ફોકસ
નીલમ અરોરા
feedback@bombaysamachar.com

# ટીનેજર્સ કેમ બની રહ્યાં છે અનિદ્રાનો શિકાર?



**કિશોરાવસ્થામાં** શરીરમાં અગત્યના ફેરફાર થાય છે. તેઓ વયસ્ક થવા તરફ આગળ વધી રહ્યા હોય છે. એને કારણે તેમની ઊંઘમાં બદલાવ આવે છે. એના કારણે પારિવારિક, શૈક્ષણિક અને સામાજિક સ્થિતિની તેમની ઊંઘ પર અસર થાય છે. તેમને ૯ કલાક નિંદરની જરૂર હોય છે, પરંતુ ૮૦ ટકા કિશોરની નિંદર પૂરી નથી થતી. તેઓ સરેરાશ ૭ કલાકની ઊંઘ લેતા હોય છે. આવી રીતે આખા અઠવાડિયા દરમ્યાન તેમની નિંદર પૂરી નથી થતી અને એથી તેઓ વીકએન્ડમાં વધુ સમય સુધી ઊંઘતા રહે છે.

**માતા-પિતાની અજ્ઞાનતા**

ટીનેજર બાળકો જ્યારે નિંદર પૂરી ન થવાને કારણે ચીડિયા સ્વભાવના થઈ જાય છે, તો માતા-પિતાને લાગે છે કે તેમની નિંદર પૂરી ન થવાને કારણે તેમનો સ્વભાવ આવો થઈ ગયો છે. સ્કૂલમાં જવાના બે કલાક પહેલા તેમને જાગવું પડે છે. સ્કૂલથી આવીને પણ તેમની નિંદર પૂરી ન થવાને કારણે તેઓ થાકીને લોથપોથ થઈ જાય છે. આ જ કારણ છે કે બાળક સક્રિય નથી રહેતું અને તેને ભણવામાં પણ તકલીફ થાય છે.

**અનિદ્રાનું કારણ**

કિશોરાવસ્થામાં પહોંચેલાં બાળકોમાં આવેલા હાર્મોનલ ચેન્જિસને તેમની અનિદ્રાનું કારણ ગણી શકાય. મેલાટોનિન હાર્મોનનો સંબંધ આપણી નિંદરથી હોય છે. ટીનેજમાં આ હાર્મોનનો સ્રાવ વધુ હોય છે. એથી એની સીધી અસર નિંદર પર પડે છે. રાતે મોડે સુધી સ્ટડી કરતા હોવાને કારણે સવારે વહેલા જાગી નથી શકતાં. ઋતુની પણ તેમની નિંદર પર અસર થાય છે. શિયાળાની ઋતુમાં કે પછી રજાના દિવસોમાં તેઓ ૧૨ વાગ્યા સુધી સૂતા રહે છે. એનાથી તેમની નિંદર પૂરી થાય છે.

**સ્કૂલનો સમય**

ટીનેજર્સ પાસે સ્કૂલ પછી પણ ઘણી બધી ઍક્ટિવિટીઝ કરવાની હોય છે. સવારે સ્કૂલ જવા માટે તેમને વહેલા જાગવાનું હોય છે. એથી બાળકો રાતે વહેલા ઊંઘી જાય એ જ હિતાવહ છે. અનિયમિત શેડ્યુલ તેમની નિંદરમાં ખલેલ પહોંચાડે છે.

**જલદી કેવી રીતે સૂવડાવવા**

મોબાઈલ, ટીવી, ગેમસ્ટેશન, કોમ્પ્યુટર, જેવી ચીજોને કારણે પણ તેમની નિંદર પૂરી નથી થતી. એથી રાતે આ બધા ગેજેટ્સને દૂર રાખવા જોઈએ. તેને નિંદરમાં કોઈ ખલેલ ન પડે એ માટે રૂમમાં શાંતિ અને આછો પ્રકાશ હોવો જોઈએ. સમયસર વહેલા જાગવા માટે રાતે વહેલા સૂવાની ટેવ પાડવી જોઈએ. રાતે ચા કે કૉફી ન પીવી જોઈએ.

**સકારાત્મક દૃષ્ટિકોણ**

પેરન્ટ્સને ટીનેજરની નિંદર પ્રત્યે સકારાત્મક અભિગમ કેળવવો જોઈએ. જો તેઓ ગાઢ નિંદ્રામાં હોય તો તેને ચીસો પાડીને કે પછી એકાએક જોરથી હલાવીને ન જગાડવા. જે રીતે ભોજનમાં દિશા-નિર્દેશની તેમને જરૂર છે ઠીક એ રીતે સારી નિદ્રા વિશે પણ તેમને માહિતી આપવી જરૂરી છે. વીકએન્ડ પર વધારે કલાકો ઊંઘતા રહેવાને બદલે દરરોજ ૮-૯ કલાકની નિંદર લેવી જરૂરી છે.

આમ, જો નિંદર પૂરી થશે તો સ્વાસ્થ્ય પણ જળવાશે. સાથે જ દિવસભર વિવિધ પ્રવૃત્તિઓમાં પણ જોશથી ભાગ લઈ શકાશે. ■

આકાશ મારી પાંખમાં
ડૉ. કલ્પના દવે
feedback@bombaysamachar.com

# એક દૂસરે સે કરતે હૈ પ્યાર હમ

**કારમી** મોંઘવારીમાં ૬૫વર્ષની વયે પણ મનસુખભાઈ એક ખાનગી કંપનીમાં એકાઉન્ટંટ તરીકે કામ કરતા હતા. સાઠીએ પહોંચેલા નિમુબેન ઘરકામના ઢસરડા ખેંચતા હતા. આજે નિમુબેન ભવિષ્યના મીઠા સપનાંમાં ખોવાઈ ગયાઃ- બસ, મારો દિનેશ એન્જિનિયરિંગ પૂરૂ કરી લે એને સારી નોકરી મળી જાય પછી મારે શું ચિંતા? દીકરી સોનાલી પણ ઠેકાણે પડી જાય પછી અમે બંને જાત્રાએ જઈશું, આ મારો ભાઈ લંડન બોલાવે છે, ત્યાં પણ બે મહિના જઈશું.

દિનેશે એન્જિનિયરિંગ કર્યું કે તરત જ એક મોટી કંપનીમાં એને જોબ મળી ગઈ. નિમુબેને પ્રભુને પ્રાર્થના કરતાં કહ્યુ- હે, પ્રભુ બસ, હવે કંકુવરણાં પગલાં પાડતી પુત્રવધૂ આવી જાય. સગાવહાલા અને મિત્રોમાં કન્યાની તપાસ આદરી.

બે મહિનામાં જ દિનેશે કહ્યુંઃ- મારી ઓફિસમાં કામ કરતી રૂપલ સાથે લગ્ન કરવા માગું છું.

પહેલાં જન્માક્ષર મેળવીએ, એનું ઘર જોઈએ, મા-બાપને મળીએ પછી જ નક્કી કરાય ને, મનસુખભાઈએ કહ્યું.

પપ્પા, હું જન્માક્ષરમાં માનતો નથી. અમે ત્રણ વર્ષથી કલોઝ ફ્રેન્ડ છીએ. મારે તો એની સાથે જ લગ્ન કરવા છે.

તો, તું જાણે પણ તું જ આ ઘરડા મા-બાપનો ટેકો છે. જો એ અલગ રહેવાનું કહેશે તો તું શું કરીશ? મનસુખભાઈએ પાયાની વાત માંડી.

પપ્પા, સંબંધો ટકાવવા આપણા હાથમાં છે. પણ,સમય મુજબ વડીલોએ વર્તવું જોઈએ. તમારા રૂઢીગત બંધનો આજના જમાનામાં તો નહીં જ ચાલે. રૂપલ પોતે ફેશન ડીઝાઈનર છે.

એકના એક દીકરાની જીદ, ન માને તો મા-બાપ કયાં જાય ?

પોતાના ગજા ઉપરાંત ખર્ચો કરીને મનસુખલાલ અને નિમુબેને દીકરાના લગ્ન ધામધૂમથી કર્યા. મનસુખલાલે પોતાની પાંચ લાખની ફીક્સ રકમ ઉપાડી જેથી દિનેશના લગ્નમાં કોઈ કસર ન રહે...

મોટા ઘરમાં ઉછરેલી રૂપલને લાગતુ હતું કે ટુ બેડરૂમ-કીચન વાળા આ ઘરમાં એને પ્રાયવસી મળતી નથી,વળી દિનેશની કમાણી પર હજુ પણ એના પપ્પાનો જ કમાંડ છે. અને લાઈફસ્ટાઈલ તો હજુ ચાલી સીસ્ટમ જેવી જ છે.

હું પોતે ૫૦ થી ૬૦ હજાર કમાઉં પણ મારે સાસુમાને હિસાબ આપવાનો- હું મારા માટે કંઈ ખરીદું તો સોનાલી માટે પણ લેવાનું?

લગ્નના માંડ આઠ મહિના થયા હશે અને દિનેશે વાત માંડી-

પપ્પા, રૂપલના પપ્પા કંસ્ટ્રકશનનો પોતાનો બિઝનેસ શરૂ કરે છે, નવી મુંબઈમાં- હું પણ એમાં એક પાર્ટનર તરીકે છું.

જો, બેટા સંબંધીઓમાં જોઈન્ટ ધંધો કરવામાં અંગત સંબંધો પર અસર પડે છે. તારા લગ્ન વખતે મેં ફીક્સ તોડી હતી હવે મારી સોનાલીના લગ્ન માટે પણ ખર્ચ થશે તેનું શું-

દિનેશે કહ્યું- પપ્પા, કંઈ પણ નવું કરવું હોય તો જોખમ લેવું જ પડે ને- તમારી જેમ આખી જિંદગી મારે નોકરીના ઘસરડા નથી કરવા.

જો, ભઈ હું કંઈ તારા જેટલું ભણ્યો ન હતો પણ મેં તમારા ઉછેરમાં કોઈ કચાશ રાખી ન હતી. અને વિરારથી નવીમુંબઈ કેવી રીતે અપડાઉન કરશો?

એટલે, અમે તો નવીમુંબઈમાં જ ઘર લઈશું. રૂપલે કહ્યું.



દિનેશ, તું અમારાથી જુદો રહીશ, નિમુબેને રડતા અવાજે કહ્યું.

પપ્પા, જો હું હમણાં ચેલેન્જ નહીં લઉં તો ક્યારે લઈશ.

જો દિનેશ-રૂપલ તમે બે જણે નક્કી જ કરી લીધું હોય તો મારે બોલવાનો કોઈ અર્થ નથી. પણ, અમારા માટે કે તારી બહેન માટે તારી કોઈ ફરજ છે કે નહીં? મનસુખલાલે આકરા થતાં કહ્યું.

પણ, મમ્મી-પપ્પા હું તમારી સાથે જ છું ને?

સાચું કહું છું, ભલે તને આકરું લાગે પણ બેટા, અન્ન જુદા એટલે મન જુદા.

તમે તમારી દ્રષ્ટિએ દુનિયા જુઓ,પણ મારે જીવનમાં સફળ થવું છે, તમે મને રોકો નહીં.

આખરે ત્રણ અઠવાડિયામાં જ દિનેશ અને રૂપલ નવી મુંબઈ રહેવા જતાં રહ્યા.

પ્રેમનો એ માળો વિખેરાઈ ગયો, નિમુબેન અને મનસુખભાઈ માટે દીકરાના વિયોગનો ભાર અસહ્ય થઈ પડ્યો.

તે દિવસે તાવમાં તરફડતા મનસુખભાઈ બબડી રહ્યા હતા- હવે,અમારા ઘડપણનો ટેકો કોણ? આખી જિંદગી ઘસરડા કર્યા કે કાલે દીકરો મોટો થાય અને અમને ટેકો આપે. આ મને કશું થઈ જાય તો મારી નિમુ અને દીકરી સોનાલીનું કોણ?

સફરજનનો ટુકડો પપ્પાને ખવડાવતાં સોનાલીએ કહ્યુ-પપ્પા, ભાઈને જુદા થયે છ મહિના થયા આમ ક્યાં સુધી જીવ બાળશો- હું છું ને તમારી સાથે- હું બધું સંભાળીશ. હું વેબકંપનીમાં પાર્ટ ટાઈમ જોબ કરું છું.

બેટા,દીકરીની કમાણી મારે ખાવાની, તને તો સારો મૂરતિયો જોઈ હવે સાસરે વળાવવાની છે. મનસુખભાઈ દીનસ્વરે બોલ્યા.

સોનાલી ગઈ કાલે જ દિનેશે ફોન કરીને કહ્યું- પપ્પા, મને પાંચ લાખ રૂપિયા આપો, હું છ મહિનામાં જ પરત કરીશ.

હું તે દિવસનો ઝઘડો ભૂલ્યો નથી,પણ એણે જીદ કરીને અમારા જોઈન્ટ અકાઉન્ટમાંથી પાંચ લાખના ચેક પર મારી સહી લીધી. મેં કહ્યું પણ ખરું કે આ મૂડી મારી સોનુના લગ્ન માટે છે.

એણે કહ્યું- પપ્પા મારો નવો ધંધો છે, પણ હું ત્રણ મહિનામાં પાછા મૂકીશ. તમને મારા પર ભરોસો નથી?

સોનાલી એ વાતને છ મહિના થયા એણે હજુ સુધી રકમ જમા નથી કરી.

શું તમે પણ, હવે કયાં સુધી હૈયાબળાપો કરશો? આપશે, પૈસા કયાં ભાગી જવાના છે- ખોટી ચિંતા કરીને -ટેન્શન રાખો છો તે આ ઉંમરે સારું નહીં. નિમુબેને કહ્યું.

એ જ રાતે એક વાગે મનસુખભાઈને છાતીમાં અસહ્ય દુખાવો ઉપડયો- સોનાલીએ ડો.જોશીને ફોન કર્યો.

જુઓ, એમને માસીવ હાર્ટએટેક હતો. પણ, ઈંજેક્ષનની અસર સારી થઈ છે, એટલે ઘરમાં જ ધ્યાન રાખજો. દર ત્રણ કલાકે એમના હાર્ટબીટસ ચેક કરજો. પણ, મને લાગે છે કે તેઓ કોઈ માનસિક ટેન્શનમાં છે.

હા, ભાઈ આ મારો દીકરો દિનેશ જુદો થયો ને એ ચિંતા જ કહેતાં નિમુબેનથી ડૂસકું દેવાઈ ગયું.

બેટા,સોનાલી હવે તારે જ મમ્મી-પપ્પાને જોવાના. ડોકટરે કહ્યું.

બીજે દિવસે દિનેશ અને રૂપલ આવ્યા- પણ એક મહેમાનની જેમ.

જતી વખતે દિનેશે ૨૫હજારનો ચેક આપતાં કહ્યું- મમ્મી, આ લે પપ્પાની દવા માટે કે બીજી કાંઈ જરૂરત હોય તો- રૂપલ તો કશું બોલી જ નહીં.

બેટા,તારી લાગણી હું સમજું છું. પણ, પપ્પા સાથે તું થોડા દિવસ રહે તો પપ્પાને સારું લાગે. નિમુબેને કહ્યું.

નિમુ, આમ પ્રેમની ભીખ શું કામ માગવાની ?એને કહી દે કે મારે દવા કરાવવા એના પૈસાની જરૂર નથી. પણ, એના ધંધા માટે મારા લીધેલા પૈસા પાછા આપી દે.

પપ્પા, તમને મારામાં વિશ્વાસ નથી? મેં લીધા છે તે આપીશ જ. નવો ધંધો છે તે જામતા વાર તો લાગે.

ભાઈ, પપ્પાને ટેન્શનને કારણે- અને તમે જુદા થયા એને લીધે જ એટેક આવ્યો છે. ડોકટરે કહ્યું છે કે તેમને કોઈ વાતનું ટેન્શન થવું ન જોઈએ.

સોનાલી, એનો ચેક પાછો આપ,મારે એના પૈસા ન જોઈએ. મનસુખલાલે કહ્યું.

પપ્પા, તમારે જરાય અકળાવવાનું નથી. જુઓ સાચે જ ભાઈને તમારી ચિંતા છે, એટલે તો ઠેઠ નવી મુંબઈથી તરત દોડીને આવ્યો. જો એ ચેક આપે છે, તો કેમ ન લેવાય?

એણે અમારા જોઈન્ટ એકાઉન્ટમાંથી ધંધા માટે ઉપાડ્યા છે ને, તેનું શું? મારી મહેનતની કમાઈ એમ જ વેડફાઈ જાય એ કેમ સહન થાય? મનસુખભાઈએ મોટા અવાજે કહ્યું.

પપ્પા, તમે શાંત થાઓ ભાઈ એની જવાબદારી સમજે છે. જો આ ચેક ન લો તો બીજા ચેક કેવી રીતે લેશો- સોનાલીએ કહ્યું.

દિનેશ, તું કહે તો સરપ્રાઈઝ વાત કહું? દિનેશે મંદસ્મિતે હકારમાં માથું ધૂણાવ્યું. એટલે સોનાલીએ વાત માંડી.

પપ્પાજી હું જાણું છું અમે નવીમુંબઈ ગયા અને ત્યાં મારા પપ્પા સાથે અમે કંસ્ટ્રકશન કંપની શરૂ કરી એટલે તમે ગુસ્સામાં છો. પણ, વી રીયલી વોન્ટ ટુ લીવ ટુગેધર. આપણે નવી મુંબઈમાં બાજુ-બાજુમાં બે ફલેટ લઈશું, ત્યાં આપણે સાથે જ રહીશું. મેં તો નાનપણમાં જ મારી માતાની ગોદ ગુમાવી છે, એટલે મમ્મીજીને જ મારાં મા સમજુ છું. સોનાલી તો મારી નાની બહેન છે. દિનેશ પણ તમને ખૂબ મિસ કરે છે. વી લવ યુ ઓલ કહેતા રૂપલનું હૈયું ભરાઈ આવ્યું.

મનસુખભાઈના હૈયે ટાઢસ વળી. નિમુબેને દિનેશ અને રૂપલને છાતીસરસા ચાંપી વહાલ કર્યું. કુટુંબમાં ખીલેલી આ વસંતને વધાવતા સોનાલીએ ગીત ઉપાડ્યું-

*એક દૂસરે સે કરતે હૈ પ્યાર હમ*
*એક દૂસરે કે લિયે બેકરાર હમ.* ■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

# વિનુભાઈએ નવી રંગભૂમિનું નાટક કર્યું

નાટ્ય સફર દરમિયાન અનેક નાટકોમાં વૈવિધ્યપૂર્ણ ભૂમિકા કરવાનો લ્હાવો મને મળ્યો છે. ક્યારેક હુરિયો બોલ્યો છે તો ક્યારેક હારતોરા પણ થયા છે. દરેક કલાકારને અભિનય યાત્રામાં આવા અનુભવ થાય અને એ સ્વાભાવિક કહેવાય. સાથે એવાં પણ કેટલાંક નાટકો - કેટલીક ભૂમિકાઓ એવી હોય જેને વ્યાવસાયિક સફળતા મળે કે ન મળે, એની સાથે સંકળાયા હોવા બદલ ગર્વનો અનુભવ થાય. કાંતિ મડિયાના નાટકો અને એ નાટકોના રોલ આ શ્રેણીમાં બિરાજે. મહેન્દ્ર જોશી દિગ્દર્શિત 'મોજીલા મણિલાલ' અને મરાઠી નાટકનું ગુજરાતી રૂપાંતર 'બેરિસ્ટર' પણ એવાં જ નાટક હતા. આ બંને નાટક ટિકિટબારી પર કમાલ નહોતા કરી શક્યા, પણ મારા જેવા કલાકારો તેમજ જેમણે પણ એ નાટકો જોયા હશે એ દર્શકોના ચિત્તનું વલોવવામાં જરૂર સફળ થયા છે. વલોવવાથી - મંથન કરવાથી જ મોતી મળે એ આપણે બધા જાણીએ છીએ. એમાંય જ્ઞાનના સાગરને વલોવવાથી જે મોતી હાથ લાગે એ તો અમૂલ્ય હોય છે.

'મોજીલા મણિલાલ' નાટક કેટલાક શો પછી બંધ પડી ગયું અને વિજયા મહેતાના 'બેરિસ્ટર' નાટકનું ગુજરાતી સંસ્કરણ પણ હાંફી ગયું. નવા નાટકની ઓફર જલદી આવે તો સારું એવું વિચારતી હતી. ત્યાં જ વિનુભાઈ (વિનયકાંત દ્વિવેદી)નું નવા નાટક માટે કહેણ આવતા હૈયું હરખાઈ ગયું. મારું મલકાતું મોઢું જોઈ દીકરા શાંગ્રિલએ 'મમ્મી લોટરી લાગી?' એવો સવાલ કર્યો હતો. આમ પણ કલાકાર માટે દરેક નવું નાટક એક લોટરી જ હોય છે. અલબત્ત કોઈ ટિકિટ ફેંકી દેવી પડે તો કોઈ ટિકિટમાં મામૂલી ઈનામ લાગે તો કોઈમાં બેડો પાર થઈ જાય એવુંય બને. જોકે, ઉપર જણાવેલા બંને નાટક કરવાથી એક કલાકાર તરીકે મને એક પગથિયું ઉપર ચડવા મળ્યું એ હકીકત છે.

વિનુભાઈ સાથે અગાઉ 'માલવપતિ મુંજ' કર્યું હતું. પ્રભુલાલ દયારામ દ્વિવેદીએ ઐતિહાસિક ત્રિઅંકી નાટક 'માલવપતિ મુંજ' ૧૯૨૪માં લખ્યું અને એ જ સાલમાં શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ દ્વારા એની ભજવણી થઈ હતી. આ નાટકના સંવાદો ખાસ્સા લોકપ્રિય થયા હતા. પ્રભુલાલ દ્વિવેદીએ આ નાટક લખતી વખતે કનૈયાલાલ મુનશીની નવલકથા 'પૃથ્વીવલ્લભ' અને અન્ય કૃતિઓનો આધાર લીધો હતો. નાટક પહેલી વાર ભજવાયું ત્યારે માસ્ટર અશરફખાનનો મુંજના પાત્રમાં અભિનય અને એમની ગાયકીનું નાટકની સફળતામાં મહત્ત્વનું યોગદાન હતું. નાટકના 'હૃદયના શુદ્ધ પ્રેમીને નિગમનાં જ્ઞાન ઓછાં છે' અને 'એકસરખા દિવસ સુખના કોઈના જાતા નથી' જેવાં ગીતો લોકજીભે રમતા થયાં હતાં. ગુજરાતી રંગભૂમિના ઇતિહાસમાં આ નાટકને સિદ્ધિ અને સન્માન મળ્યા તેમ જ આ નાટકે કંપની, લેખક અને નટને ખૂબ યશ અપાવ્યો. પ્રેક્ષકોના અપાર પ્રેમને પગલે નાટકના ૫૦૦થી વધુ શો થયા હતા.

આવા સમૃદ્ધ નાટક સાથે જોડાવાની અને એમાં સહભાગી થવાની તક મળી એનો મને હરખ થયો. 'માલવપતિ મુંજ'ના રિહર્સલ શરૂ થઈ ગયા. એ સમયે રંગભૂમિ તીવ્ર વિરોધાભાસમાંથી પસાર થઈ રહી હતી એમ કહી શકાય. આવી દલીલ કરવા પાછળનું કારણ એ છે કે એક તરફ 'મોજીલાલ મણિલાલ' જેવા આધુનિક શૈલીના નાટકની ભજવણી થઈ રહી હતી તો બીજી તરફ ૬૦ વર્ષ પહેલા મંચન થયેલા તેમજ ઐતિહાસિક પાર્શ્વભૂમિ ધરાવતા 'માલવપતિ મુંજ' જેવા નાટકની ભજવણી સુધ્ધાં થઈ રહી હતી. નાટક ઓપન થયું અને પહેલા શોમાં પ્રેક્ષકોનો પ્રતિસાદ જોતા નાટક ચાલશે એનો અણસાર આવી ગયો અને અમારી ધારણા સાચી પડી. નાટક જૂનું હતું, પણ મુંજની વીરતા અને વાક્પટુતા પર પ્રેક્ષકો ઓવારી ગયા હતા. વચ્ચે વચ્ચે 'સંભારણા'ના શો પણ થયા કરતા હતા. મારું ગાડું ગબડ્યા કરતું હતું. જોકે, એક વાત મને સમજાઈ ગઈ હતી કે જૂની રંગભૂમિના નાટકો હવે વધુ સમય રસિકોને જકડી નહીં રાખે. નાટકમાં કોઈ નવા તત્ત્વની જરૂરિયાત અંદરખાને બધાને લાગતી હતી.

મને આવ્યો એવો વિચાર કદાચ વિનુભાઈને પણ આવ્યો હોવો જોઈએ એવું મારું માનવું છે. એમણે મને એવું કહ્યું નહોતું પણ એમની કોશિશ પરથી મેં તારણ કાઢ્યું. વિનુભાઈનો ફોન આવ્યો પછી હું



મળવા ગઈ ત્યારે ખબર પડી કે જૂની રંગભૂમિના પિતાશ્રીએ (પ્રભુલાલ દ્વિવેદી) લખેલા નાટકો કે પછી 'સંભારણાં'ના શોને વધુ મહત્ત્વ આપતા વિનુભાઈએ નવી રંગભૂમિનું નાટક કરવાનું નક્કી કર્યું હતું. એ સમયે કલકત્તામાં 'મલ્લિકા' નામનું બંગાળી નાટક ચાલતું હતું, એના પરથી ગુજરાતીમાં 'પળના પ્રતિબિંબ' નામનું નાટક કરવાનો નિર્ણય વિનુભાઈએ લીધો હતો. એનું રૂપાંતર પણ તેમણે જ કર્યું અને ડિરેક્શનની જવાબદારી પણ તેમણે જ સંભાળી. મને નવાઈ તો લાગી, પણ મેં જાણવાની કોશિશ ન કરી. નાટકનો વિષય બહુ સારો હતો. અલગ જ હતો. ગામડાની એક કન્યાના લગ્ન થવાના હોય છે, પણ વિવાહ સંપન્ન થાય એ પહેલા વરરાજાનું મૃત્યુ થાય છે. લગ્ન માણવા આવેલો વરરાજાનો મિત્ર જ કન્યા સાથે પરણી જાય છે. વાર્તા વળાંક લે છે અને કન્યા પર બળાત્કાર થાય છે અને પછી એ બાળકને જન્મ આપે છે. સમસ્યા અને ગેરસમજનો ગુણાકાર થાય છે અને મનોરુગ્ણ બની ગયેલી કન્યા પોતાના જ સંતાનની હત્યા કરી નાખે છે. અનોખા વિષયની ટ્રીટમેન્ટ પણ સારી આપવામાં આવી હતી. મને નાટક કરવાની બહુ જ મજા આવી.

વિનુભાઈ નાટકમાં સરિતા જોશીને લેવા માગતા હતા. પણ મેં કહ્યું કે જો તમે સરિતા બહેનને લેશો તો માતાનો રોલ હું નહીં કરું. જોકે, છેવટે હિરોઈનનો રોલ મારે જ કરવાનો આવ્યો. નાટક ઓપન થયું અને પહેલો જ શો હાઉસફુલ. એટલે અમારા બધાનો ઉત્સાહ ખૂબ વધી ગયો. જોકે, પછી ખબર પડી કે આ નાટકનું રૂપાંતર અને દિગ્દર્શન કાંતિ મડિયા કરે એવી ઈચ્છા વિનુભાઈની હતી, પણ કોઈ કારણોસર કાંતિ ભાઈએ ના પાડી. કોણ જાણે કેમ પણ પહેલા શો પછી નાટક ધાર્યું ઉપડ્યું નહીં. પચાસ શો પછી બંધ થઈ ગયું. 'પળના પ્રતિબિંબ' પર પડદો પડી ગયો અને હવે શું? એવો વિચાર મનમાં ઘુમરાઈ રહ્યો હતો ત્યાં કાંતિ મડિયાનો મેસેજ આવ્યો કે... ■

## પંડિત ઓમકારનાથ ઠાકુર - કવિ શ્રી મનસ્વી 'પ્રાંતિજવાળા'

સંગીત સમ્રાટ, સંગીત માર્તંડ આદિ પદવી ધરાવતા તેમજ સંગીત કલા અને શાસ્ત્ર બંનેમાં નિપુણતા મેળવી પશ્ચિમના દેશોમાં પણ ભારતીય સંગીતનું ગૌરવ વધારનાર આપણા ગુજરાતના મહાન સંગીતકાર પંડિત ઓમકારનાથ ઠાકુરને આપણે વિસરી ગયા છીએ એની નવાઈ નથી લાગતી. આવા વિદ્વાન સંગીતજ્ઞને ગુજરાતી નાટક મંડળી સાથે સંકળાયેલા નાટ્યકાર - ગીતકાર માટે અહોભાવ જાગે એ બહુ મોટી વાત કહેવાય. એ નાટ્યકાર - ગીતકાર હતા ચીમનલાલ ભીખાભાઇ જોશી જે કવિ મનસ્વી 'પ્રાંતિજવાળા' તરીકે ઓળખાયા. આર્યનૈતિક નાટક સમાજથી તેમણે નાટ્ય લેખનની શરૂઆત કરી. ૧૯૨૭માં મંચસ્થ થયેલા 'વલ્લભીપતિ' નાટક માટે કવિ મનસ્વી લિખિત 'ઝટ જાઓ ચંદનહાર લાઓ' ગીત અફાટ લોકપ્રિયતાને વર્યું. મનહર નટકળા મંડળના નંદલાલ નકુભાઈ શાહ લિખિત 'માયા ને મમતા' નાટક માટે કવિશ્રી લિખિત ગીતોની ઓપેરા બુક એક દિવસ પંડિત શ્રી ઓમકારનાથ ઠાકુરના હાથમાં આવી. પાનાં ફેરવતા ફેરવતા પંડિતજીની નજર એક ગીતની પંક્તિઓ પર અટકી: વિષ પણ અમૃત બની શકે છે, શ્યામ હૃદયમાં હોય તો... પંડિતજીને આખું ગીત વાંચવાની ઈચ્છા થઈ. અંતિમ પંક્તિ 'મન મારુતિ લંકા બાળે, રામ હૃદયમાં હોય તો...' વાંચી પંડિતજીનું હૃદય પુલકિત થઈ ગયું અને પ્રશંસાના પુષ્પો સરી પડ્યા. એમાંય નાયક - નાયિકાનું વર્ણન કરતી પંક્તિઓ 'અભિસાર અભિનવ અંગ ધરી રસિકા રસપંથ જવા નિસરી, ગતિ ચંચળ છે, મન વિહ્વળ છે, રસધ્યાનમાં ભાન ગઈ વિસરી' વાંચતાની સાથે પંડિતજીના મુખમાંથી 'વાહ કવિ વાહ' ઉદગાર સરી પડ્યા. તરત પંડિતજીએ કહ્યું, કે 'આ કોણ કવિ છે? મારે મળવું છે. તેઓ ભારત નાટ્યશાસ્ત્રના અને કાવ્ય તત્વના પ્રખર જ્ઞાતા લાગે છે. કલ્પના અને શબ્દ લાલિત્ય એમને સહજ સાધ્ય છે.' નિરાભિમાની અને પ્રસિદ્ધિથી સદૈવ દૂર રહેલા કવિ શ્રી મનસ્વી પ્રાંતિજવાળાએ ૨૭ નાટક લખવા ઉપરાંત ૨૧ ચલચિત્ર અને અંદાજે ત્રણ હજાર ગીત લખ્યા છે. તેમના અનેક ગીતોની ગ્રામોફોન રેકોર્ડ પણ બહાર પડી છે. નાટ્ય વિદ્વાન પ્રાગજીભાઈ ડોસાએ તેમની પાસે નાટક માટે ગીતો લખાવ્યાં ત્યારે સહજભાવે સવાલ કર્યો કે 'કવિ, તમારા ગૃહ સંસાર વિશે જાણવું છે.' કવિએ ટૂંકમાં પરિચય આપતા જણાવ્યું કે 'પ્રાગજીભાઈ, સરસ્વતી મારી માતા, રંગભૂમિના કસબીઓ એ મારા ભાઈ-બહેન અને કલ્પના એ મારી વહુ, એને તો હું જોડે લઈને જ ફરું છું.' ■

કેન્વાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# ઉનાળાની ગરમીનો રંગ કેવો હોય છે?


**વર્ષો પહેલાં :** ડિસ્કવરી ચેનલ પર 'એક્સિડન્ટલ સર્વાઇવલ' નામની સાચી ઘટનાઓની સિરિયલમાં એક એપિસોડ જોયેલો હતો.

ચાલીસ વર્ષ પહેલાં એક ફેમિલી દરિયાની વચ્ચોવચ્ચ ફસાઈ ગયેલું. બનતા સુધી પ્લેનનો એક્સિડન્ટ થયેલો અને દરિયામાં સીધા ખાબક્યા. ચાર માણસ હતા. ચારેય પાસે લાઇફ જેકેટ હતું ... ચાર આખા દિવસ અને ચાર રાત સુધી એ દરિયામાં નિઃસહાય તરતા રહ્યા. પછી ચોથા દિવસે પાણીની ખૂબ છાલકો ઉડાડતા એક હેલિકોપ્ટરનું ધ્યાન ગયું અને બધાને રેસ્ક્યુ કર્યા, પણ એ ચાર દિવસ દરમિયાન બપોરે એ ચારેયને બહુ તડકો લાગતો. સૂરજ ધણ ધણ જેવા કિરણોનો જાણે માથા પર વાર કરતો હોય એવું લાગતું. આખું શરીર પાણીમાં હોય પણ માથું તો હવામાં હોય ને. સૂરજના સીધા કિરણોની ગરમીથી બચવા કરવું શું? એ ચારેયને લગભગ એક સમયે એકસરખો વિચાર આવ્યો. ચારેયે પોતાના અન્ડર પેન્ટ્સ કાઢ્યા અને એ ભીના કરીને માથે રાખવાનું શરૂ કર્યું. જીવ બચાવવા માટે અને ટકી રહેવા જોગ એ કુટુંબીજનો માટે અનાવૃત થવું આવશ્યક જ નહીં અનિવાર્ય હતું.

ઉનાળો બે-નકાબ કરવા માટે આવે છે. ગરમી નગ્નતાની પ્રેરક છે. લૂનો વાયરો મોહરા હટાવે છે. શિયાળામાં એક પછી એક લેયર શરીર ઉપર ચડાવ્યા હોય એ બધા સ્તરોને ઉનાળો બેરહમીથી કાઢે છે. ઉનાળો મૌલિકતામાં માને છે. ઉનાળાને જેવું છે તેવું જ જોવામાં અને એ જ બતાવવામાં રસ છે. શિયાળાની ઠંડી પાસે ગુલાબી રંગ છે. ચોમાસાના ઘનઘોર આકાશ પાસે કાજળઘેરો રંગ છે. ઉનાળા પાસે કોઈ રંગ નથી. ઉનાળો માણસના અસલી રંગ ઉજાગર કરે છે. માંહ્યલામાં પડેલા રંગોને સપાટી ઉપર લાવે છે. શિયાળાનો પોતાનો ધ્વનિ છે. શિયાળાની વહેલી સવારનો, શિયાળાની રાતનો અવાજ. શિયાળામાં સાઉન્ડ વધુ મોટેથી સંભળાતો હોય છે. ચોમાસાં પાસે તો ધબધબાટી અને ઘરઘરાટી અને તડાફડી છે. ચોમાસું થોડું વધુ ડ્રામેટિક છે. ઉનાળો સાઉન્ડ સિસ્ટમ વિનાનો છે. એ પોતાનું સ્પીકર સાથે લઈને ફરતો નથી. ગ્રીષ્મની મોસમને એમ્પ્લીફાયરની જરૂર નથી. ઉનાળાની બપોરે લીમડા નીચે બેસવાનો હવેની પેઢીને અનુભવ નથી. બાકી ખરા બપોરે આખું જગત શાંત થઈ જતું હોય છે. હવે તો એર કન્ડિશનરના કોમ્પ્રેસરના ઘોંઘાટમાં અને પંખાના પાંખીયાની રિધમમાં ઉનાળાનો સૂનકાર સંભળાતો હોતો નથી. આંબા ડાળે બેસીને કોયલ ગરમીની મોસમને વિનવી વિનવીને કંઈક બોલાવવાની કોશિશ કરતી હોય છે. પણ કોકિલના કંઠની અસર એ ડાળીના ફળથી વધુ દૂર પહોંચતી નથી. કવિઓએ કોયલ ઉપર લખવાનું બંધ કરી નાખ્યું છે, કારણ કે કવિતા વાંચનારાઓએ કાન દઈને કોયલનો કિલ્લોલ સાંભળ્યો હોય એને દાયકો થઈ ગયો છે.

માણસનો અસલી રંગ ધગધગતા વાતાવરણમાં જ બહાર આવે. કોઈ માણસની અસલિયત જાણવી હોય તો એ માણસ ભૂખ્યો હોય કે એને અત્યંત ગુસ્સો આવતો હોય ત્યારે એનું વર્તન અને વાણી ચકાસવા જોઈએ એવું મનોવિજ્ઞાન કહે છે.

ભૂખ માણસને રાક્ષસ પણ બનાવી શકે છે. વાસનાના ભૂખ્યા





માણસોમાં આસુરી શક્તિ આવી જતી હોય છે ને ભાભીનું ચીરહરણ કરવાની કુમતિ સુઝાડતી હોય છે. એવું જ ગરમીનું છે. ગરમી પાસે એ તાકાત છે કે મગજનું અસંતુલન પ્રેરી શકે. ગરમી અને ગુસ્સાની રાશી અમથી જ એક નથી. મગજ ગરમ, ખેલ ખતમ. ઉનાળો બધાને એકસમાન ગરમી આપીને એકસાથે પરીક્ષા લઈ લે છે. માણસના મનુષ્યત્વની સામૂહિક કસોટી આ મોસમમાં થઈ જતી હોય છે. ચાર રસ્તે સિગ્નલ તોડવાના બનાવો કે મારામારી-ઝઘડા આ સીઝનમાં વધે એ એકમાત્ર પરિણામ નથી. ગરમીના દિવસો તો દરેક માણસની માનવતાને કસોટીની એરણ પર ચડાવીને તેનો જીવનપથ નક્કી કરી નાખતી હોય છે. ગુસ્સો આવવાથી મોટો ગુનો હોય છે દૂર જવું, નિકટતાનો અભાવ સર્જાવો. શિયાળો ઘનિષ્ઠતા પ્રેરે છે. માણસ સ્વાર્થી છે. ઠંડીમાં નજીક આવવું ગમે પણ ઉનાળો એકલતાનો સાક્ષી બની રહે છે. એકમેકના તનથી અને પછી મનથી દૂર જવું એ ઉનાળાનું વધુ ક્રૂર પરિણામ છે. એપ્રિલ-મે-જૂન માણસના દિલની હારની ટકાવારી કાઢતા મહિનાઓ છે. આ ત્રણેક મહિનાના કેલેન્ડરનાં પાનાં ઉથલાતાં સૌથી વધુ વાર લાગતી હોય છે. ઉપર બેઠેલો સૂરજ દાદો દોરાવાર નજીક શું આવ્યો કે માણસનો દિવસ ખેંચાઈ જાય છે!?

માણસનો દિવસ જ નહીં, પણ સમય ખેંચાઈ જતો હોય છે. ઉનાળો માણસને તાલીમ આપે છે - મૂંઝવણનો સમય પસાર કઈ રીતે કરવો? સમસ્યામાં સલવાઈને રહેવું અને સમાધાનની તૈયારી કરવી - આ ગરમીની માણસને મળતી ટ્રેનિંગ છે.

આજથી બસ્સો-ત્રણસો વર્ષ પહેલાં ગરમીમાં રાહત આપતું એક પણ યાંત્રિક સાધન ન હતું. દર બીજા ઘરે વાતાનુકૂલનની વ્યવસ્થા તો છેલ્લા વીસ વર્ષથી થઈ. એની પહેલા પણ લોકો રહેતા હતા અને આવી જ ગરમીની સમસ્યાનો સામનો કરતા હતા. હજારો વર્ષથી ગરમીમાં શેકાઈને અહીં સુધી પહોંચેલી માનવજાતે અજાયબીઓ ઊભી કરી છે, આ મહાન દુનિયા બનાવી છે. સૃષ્ટિનો જાણે સંકલ્પ રહ્યો છે કે સમાધાન પહેલા આપવું પછી જ સમસ્યાને ઇન્ટ્રોડ્યુસ કરવી. સમાધાનના અવતરણ પછી સમસ્યાનો જન્મ થવો એ કુદરતની પરંપરા રહી છે.

ઉનાળો આ શીખવે છે, આ સિદ્ધાંતની અનુભૂતિ કરાવે છે. કઠિન સમયમાં ટકી જતા અને આગળ વધતા રહેવાની શિક્ષા આપે છે. ગરમીમાં થતો પરસેવો એ ચરબીનું ઓગળવું જ નથી, એ માણસ નામના નાચીઝનો બચ્યો કૂચ્યો અહમ્, અહંકાર કે અભિમાનને ઓગાળે છે.

ગરમીમાં પરસેવો થવો એ ખૂબ આહલાદક અનુભવ છે. ગળામાં તરસ અને ચામડીમાં ભીનાશ - કુદરતની આ વિરોધાભાસી કરામત ગ્રીષ્મનું કાવ્ય છે, એ પણ છંદમાં. એક નાટકનો ડાયલોગ સાંભળ્યો હતો - 'તરસ્યાની તરસ ન છીપાવી શકો તો કઈ નહીં, એની નજર સામેથી ઝાંઝવા તો ન હટાવો'.

મૃગજળ તો ભ્રમ છે. અમુક ભ્રમને જોવાની પણ મજા આવતી હોય છે. બસ ભ્રમને તાકી રહેવાની આદત ન પડવી જોઈએ, નહીંતર એવા દાઝી જવાય કે રાગ મલ્હાર પણ ટાઢા ન પાડી શકે.

હાંફવું, શ્વાસ ચડવો, પરસેવો થવો, શ્વાસોશ્વાસ સંભળાવા, કપડાં ચોંટી જવા, કંઈક અજીબોગરીબ લાગણીઓ થવી - આ લક્ષણો બહુ રોમેન્ટિક છે. આ વર્ષનો ડિક્શનરી વર્ડ ઓફ ધ યર છે 'ગિગિલ'. ગિગિલ એટલે પ્રેમની પરાકાષ્ઠાએ આવતી તીવ્ર લાગણી. નાના ક્યૂટ બાળકને જોઈને વહાલથી બટકું ભરવાની લાગણી માટેનો શબ્દ ગિગિલ છે. સૂરજને દર વર્ષે થોડો સમય માટે ધરતી માટે આવો ઇન્ટેન્સ પ્રેમ ઊભરાઈ જાય છે. પ્રેમીને આગોશમાં લઈને એમાં ઓગળી જવાનું મન થાય. પ્રિયજનનો પરસેવો ઉત્તમ અત્તર જ નહીં પણ શ્રેષ્ઠ ફેરોમોન પણ છે. સૂરજને ધરતીના આ પ્રેમ પ્રકરણમાં પીસાવાનું આપણે આવે છે, હે ને? ભડભડતી લૂ તો સીડકશન છે. જે તનથી જ નહીં મન મનથી પણ અનાવૃત કરે છે. જન્મ્યા ત્યારે તદ્દન નગ્ન હતા. પછી તો શરીર ઉપર કપડાં ચડતાં ગયાં, ક્ષણવાર માટે ઊતરતાં ગયાં અને ફરીફરીને કપડાં ચડતાં ગયાં. આ જાહોજલાલી મન પાસે નથી. જન્મતી વખતે જ મન અનાવૃત હતું. પછી તો પહેલા રુદન સાથે ને પ્રથમ હાસ્ય સાથે આજીવન એક પછી એક કપડાં ચડતાં જ ગયાં, ચડતાં જ ગયાં. સાલુ, મન આજીવન નગ્ન નથી થઈ શકતું. અને જો, ભૂલેચૂકે પણ, ચમત્કાર થાય તો, રેરેસ્ટ ઑફ ધ રેર ઇવેન્ટમાં, આ ભવમાં કોઈ એક બીજા ધડકતા હૃદય સામે મન સાવ અનાવૃત થઈ જાય તો એ ઘટના કેટલી અજોડ હશે? મનને ઉઘાડું કરવા માટે જોઈતી હૂંફની ઉષ્માની ગુણવત્તા કેવી દૈવી કક્ષાની હશે? અને આવો અનુભવ આ દુનિયાના કેટલા જૂજ ભાગ્યશાળીઓને થયો હશે? ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# બ્રાન્ડ રિફ્રેશિંગ બ્રાન્ડ રિપોઝિશનિંગ કે પછી રિબ્રાન્ડિંગ?



થોડા દિવસ પહેલાં એક નામી બ્રાન્ડના સિનિયર મેનેજમેન્ટના લોકોને મળવાનું થયું. ૨૫ વર્ષોથી બ્રાન્ડ માર્કેટમાં છે અને કોમર્શિઅલ વેહિકલ માટે લોઅર સેગમેન્ટમાં (ટ્રક, ઓટો વગેરે) એન્જિન ઓઇલ બનાવે છે. બ્રાન્ડનું લુક જૂનું છે અને આજની તારીખે ઑટોમોબાઇલ ઇન્ડસ્ટ્રી પણ નવી ટેક્નોલોજી સાથે સજ્જ છે. આવા સમયે બ્રાન્ડે શું કરવું તેના પર વિચાર ચાલી રહ્યો છે. શું બ્રાન્ડને એના ધરમૂળથી બદલાવવી, ફક્ત લેબલ બદલાવવું, પોઝિશનિંગ નવું લાવવું? આવા સવાલ ઊભા થાય તે સામાન્ય છે , કારણ કે કેટેગરી બદલાઈ રહી છે, સેગ્મેન્ટો નવા ઊભરી રહ્યા છે અને સૌથી મહત્ત્વનું સ્પર્ધા વધી રહી છે.

જો કે, માર્કેટ અને કન્ઝ્યુમર અર્થાત ઉપભોક્તાઓની પસંદગીઓ બદલાતી હોવાથી, સમયાંતરે તમારી બ્રાન્ડિંગ વ્યૂહરચનાઓનું પુનઃમૂલ્યાંકન કરવું જરૂરી છે. બ્રાન્ડિંગ બદલવાનો સમય આવ્યો છે તેના સંકેતોમાંનો એક એટલે જ્યારે તમારો લોગો, વેબસાઇટ અથવા માર્કેટિંગ સામગ્રી જૂની લાગવા લાગે છે. બ્રાન્ડ્સ ઝડપથી બદલાય છે, અને જે થોડાં વર્ષો પહેલાં જે અત્યાધુનિક હતું તે ઝડપથી જૂનું અને રસહીન બની શકે છે. વર્તમાનમાં રહેવા માટે તમારે એવી બ્રાન્ડની જરૂર છે જે ટ્રેન્ડી હોય અને દેખાવે સારી લાગે..

તમારી બ્રાન્ડ જૂની થઇ રહી છે તે જાણવાનો સરળ રસ્તો એટલે પ્રતિસ્પર્ધીની આધુનિક બ્રાન્ડિંગની તુલનામાં જો તે ઓછી આકર્ષક લાગે તો કંપની તેનું બ્રાન્ડિંગ જૂનું છે કે નહીં તે નિર્ધારિત કરી શકે.

આવા સમયે બ્રાન્ડ સાથે શું કરવું?

રિબ્રાન્ડિંગ- રિપોઝિશનિંગ કે બ્રાન્ડ રિફ્રેશિંગ ? આ ત્રણ વાત ને સમજવાનો પ્રયત્ન કરીયે. રિપોઝિશનિંગમાં તમારી કંપનીને તેના ઘરાકો અથવા સંભવિત ઘરાકો દ્વારા કેવી રીતે જોવામાં આવે છે તે બદલવાનો સમાવેશ થાય છે. આ વ્યવસાય અથવા માર્કેટિંગ વ્યૂહરચના, ઉત્પાદન અથવા સેવાની ઓફરિંગમાં અને ગ્રાહકની સાથેના કોમ્યુનિકેશનમાં ફેરફાર કરીને કરી શકાય છે. જો તમારી હાલની બ્રાન્ડ તમારા સંભવિત ઘરાકો સાથે સુસંગત નથી અથવા તમે નવાં બજારોમાં વિસ્તરણ કરવા માગો છો, તો રિપોઝિશનિંગ મદદ કરી શકે છે. આ શક્ય છે પણ તે ખર્ચાળ પણ છે અને સફળતાની કોઈ ગેરેન્ટી નથી હોતી.

આપણે જાણીયે છીએ કે બ્રાન્ડ ઇક્વિટી બનાવવા માટે ઘણો સમય, શક્તિ અને પૈસા લાગે છે, જેના કારણે રિપોઝિશનિંગ વિકલ્પ ખરેખર જરૂરી છે હાલની પરિસ્થિતિમાં તે જાણવું જરૂરી છે.

બીજી બાજુ, રિબ્રાન્ડિંગમાં બ્રાન્ડની આઇડેન્ટિટી અને બ્રાન્ડ મેસેજિંગ બદલવાનો સમાવેશ થાય છે. જો તમારી બ્રાન્ડ તેના વર્તમાન સ્વરૂપમાં ચાલુ ન રહી શકે (સામાન્ય રીતે બ્રાન્ડ ઇક્વિટીમાં સતત ઘટાડાના સંકેત મળે), તેના ગ્રાહકોના વ્યવસાય મોડેલ, દ્રષ્ટિકોણ અથવા વિકસિત જરૂરિયાતો સાથે સુસંગત ન હોય અથવા જ્યારે તમારા વર્તમાન બજારને જણાવવા માટે કે તમે તમારા વ્યવસાયમાં નોંધપાત્ર પુનર્નિર્માણમાંથી પસાર થયા છો, ત્યારે તમને રિબ્રાન્ડિંગની જરૂર છે.

ત્રીજુ, જો તમારી બ્રાન્ડ તેના લક્ષ્ય બજારમાં હજુ પણ મજબૂત સ્થિતિમાં છે, ગ્રાહકો દ્વારા સતત વફાદારી દાખવવામાં આવે છે અને જો વેચાણ પણ સારું એવું થાય છે તો બ્રાન્ડ રિફ્રેશ વિકલ્પ ધ્યાનમાં લેવા જેવો છે. બ્રાન્ડ રિફ્રેશમાં કંપનીનાં મુખ્ય મૂલ્યો, મિશન અથવા ઓળખ બદલ્યા વિના હાલની બ્રાન્ડને અપડેટ અથવા આધુનિક બનાવવાનો સમાવેશ થાય છે. બ્રાન્ડનો સાર અકબંધ રહે છે અને તમે બ્રાન્ડ ઇક્વિટી જાળવી રાખો છો. બ્રાન્ડ રિફ્રેશનો હેતુ બ્રાન્ડને વર્તમાન અને સુસંગત રાખવાનો અને બજાર, ગ્રાહકો અથવા ઉદ્યોગમાં થતા કોઈ પણ ફેરફારોને સંબોધવાનો છે. કેટલીક કંપની દર ત્રણથી પાંચ વર્ષે તેમની બ્રાન્ડને રિફ્રેશ કરે છે.

રિબ્રાન્ડિંગમાં બ્રાન્ડના દરેક પાસાને બદલવાનો વિચાર છે તેથી એ એક વ્યાપક કાર્ય છે. બીજી બાજુ, રિપોઝિશનિંગમાં બ્રાન્ડની ઓળખ બદલ્યા વિના બ્રાન્ડની બજાર સ્થિતિમાં વ્યૂહાત્મક ગોઠવણોનો સમાવેશ થાય છે. રિબ્રાન્ડિંગ અને રિપોઝિશનિંગ બંને સાથે પણ કરી શકાય જોકે તેમાં રિસ્ક વધી જાય છે. આવા સમયે વ્યવસ્થિત પ્લાનિંગ અને તેનું અમલીકરણ આવશ્યક છે આ બંનેની સરખામણીએ રિફ્રેશ ઓછું જોખમ ભરેલું છે. આથી મોટેભાગે લોકો આ વ્યૂહરચનાને વધુ પસંદ કરે છે.

બ્રાન્ડિંગમાં ફેરફાર માત્ર પરિવર્તન વિશે નથી, પણ આગળ વધવા વિશે પણ છે. આ ફેરફાર તમને નવા ગ્રાહકો, નવા સેગ્મેન્ટ સુધી પહોંચવામાં મદદ કરી શકે છે. તમારી બ્રાન્ડ કંટાળાજનક નહિ, પણ એક વિચારશીલ અને સમય સાથે ચાલતી બ્રાન્ડ છે તે સમજાવશે. તમે તમારા સ્પર્ધકો સાથે અથવા એમનાથી બેહતર છો ની છાપ ઊભી કરવામાં મદદ કરશે. આમ, સમય સાથે બ્રાન્ડમાં બદલાવ તમારા વ્યવસાયના સફળ ભવિષ્ય માટેનો માર્ગ મોકળો કરે છે.

આખરે, બ્રાન્ડ રિફ્રેશ- રિપોઝિશન અથવા રિબ્રાન્ડ એ તમારા વ્યવસાયને બદલાતી બજાર ગતિ મેળવવા માટે શક્તિશાળી વ્યૂહરચના છે. કઈ વ્યૂહરચના અપનાવવી તેનો નિર્ણય તમારા વ્યવસાયની જરૂરિયાતો, બજારની પરિસ્થિતિઓ અને ગ્રાહક થકી મળતી ઇન્સાઇટસ અને ધ્યેયો પર આધારિત હોવો જોઈએ. આમાંની કોઈપણ વ્યૂહરચના અપનાવતા પહેલા, ખાતરી કરો કે તમે બરાબર જાણો છો કે તમારો હેતુ શું છે, તમે શું પ્રાપ્ત કરવા માગો છો અને કયો અભિગમ તમને ત્યાં પહોંચવામાં શ્રેષ્ઠ મદદ કરશે. ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# હવે યુએસ-ચીન આમને-સામનેઃ આ વેપાર યુદ્ધમાં ભારતને લાભ થવાની કેટલી આશ...?

**ચીન કહે છે, વાટાઘાટ માટે પ્રયાસ કરીશું, પરંતુ બહુ સહન કરવાની તૈયારી નથી. બીજી તરફ, ભારત વાટાઘાટ મારફત વાજબી અને વ્યવહારું માર્ગ માટે પ્રયત્નશીલ છે. આ બન્ને વચ્ચે ટ્રમ્પના નવા નિર્ણયથી સમીકરણ બદલાઈ ગયા છે. હવે ત્રણ મહિનાનો સમય મળ્યો હોવાથી દરેક દેશ પોતાની નવી વ્યૂહરચના બનાવી શકશે...**

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે એની લાક્ષણિકતા મુજબ ટૅરિફને લઈને આખરે જબરદસ્ત ટર્ન માર્યો છે. પરિણામે, વિશ્વ વેપારમાં ૯૦ દિવસ બાદ ફરી શું થશે એ કહેવું કઠિન છે. આમ છતાં, હાલમાં જે થવા જઈ રહ્યું હતું તેવું નહી થાય એવી આશા પણ બધાને બંધાઈ છે. આ બધામાં ભારતની દ્રષ્ટિએ જોવા-સમજવાનો પ્રયાસ કરીએ ચીન સામે પડકાર વધ્યા તો ભારત માટે તક વધવાની શકયતા છે. અલબત્ત. ટ્રમ્પનું આ પરિવર્તન અમેરિકામાંથી પણ એના પર આવેલું દબાણ છે, કેમ કે અમેરિકાનું ભલું કરવા જતા બૂરું થાય તો એ ટ્રમ્પનો પરાજય જ ગણાય. હા, આ બધા વચ્ચે, વિશ્વ આખાને સબક મળ્યો કે શકિતશાળી બનો- આત્મનિર્ભર બનો. માત્ર સરકાર નહીં, ભારતીય પ્રજાએ પણ આ દિશામાં વિચારવું જોઈએ.

અમેરિકન પ્રેસિડન્ટ ડોનલ્ડ ટ્રમ્પના ટૅરિફ પોલિસી અંગે વિચિત્ર વલણ, દાદાગીરી, ડિકટેટરશીપ વિરુધ્ધ વિશ્વના વિભિન્ન દેશો વાટાઘાટ માટે સક્રિય થવાની પેરવી કરી રહયા હતા ત્યાં ચીનને કારણે બાજી ફરી ગઈ છે. ચીને અમેરિકાના આદેશને લલકારતા ટ્રમ્પની કૂકરી ફરી અને એણે ચીનને કહી દીધું, હવે ભરજો ૧૦૦ ટકાથી પણ વધુ ડયુટી! આમ કહી બીજી બાજુ ટ્રમ્પે અન્ય દેશોને ટૅરિફમાં ૯૦ દિવસ માટે રાહત આપી દીધી, અર્થાત, પોતે જાહેર કરેલા ટૅરિફના અમલને ત્રણ મહિના માટે હોલ્ટ ( સ્થગિત) પર મૂકી દીધો. આને પગલે જાણે શેરબજારોએ ઉછળી-ઉછળીને ટ્રમ્પના ટૅરિફ પોઝ (હોલ્ટ)ના નિર્ણયને વધાવી લીધો છે. આ જોઈ હાલ તો બધાં દેશોએ ચીનનો આભાર માનવો પડે એવો માહોલ રચાયો છે.

હા, અહીં એટલું યાદ રહે કે આ ૯૦ દિવસનો ટૅરિફ હોલ્ટ પિરિયડ માત્ર એ દેશો માટે રહેશે , જેમણે ટ્રમ્પનો વિરોધ નથી કર્યો. જોકે ત્યાં હાલ રેસિપ્રોકલ ટૅરિફ નહીં લાગે, દસ ટકા ફિક્સ ટૅરિફ રહેશે. બાકીના ચીન સહિતના ચોકકસ દેશો પર ઊંચી જકાત પાકકી છે. એમાં પણ હવે તો ચીન અને અમેરિકા વચ્ચે ગંભીર ટૅરિફ યુધ્ધ ચાલુ થઈ ગયું છે. આ બધાંની અસરથી ગ્લોબલ ઈકોનોમી




મુક્ત રહી શકશે નહીં.

બીજી તરફ, ટ્રમ્પને પોતાના નિર્ણય બદલવા પડ્યા તેનું કારણ અમેરિકાના વેપાર-ઉદ્યોગ તરફથી એમના પર આવેલું દબાણ છે અન્યથા અમરિકન ઈકોનોમીને પણ ભારે નુકસાન થઈ શકે એમ હતું અને છે.

**બે વિરાટ દેશ...**

આમ તો અમેરિકાના ટૅરિફ આક્રમણ સામે બે વિરાટ દેશ ઊભા હતા. એક દેશ ચીન ટ્રમ્પ સામે લડવાના મૂડમાં હતું, જયારે ભારત વ્યવહારું બનીને આગળ વધવાની વ્યૂહરચના અપનાવી રહયું હતું. લાંબે ગાળે કોણ કેટલું અને કઈ રીતે સફળ થશે એ તો હાલ કહી શકાય નહીં. આમ છતાં, હાલ તો ભારત સહિત તમામ દેશોને રાહત મળી ગઈ છે. ‘વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન’ (ડબલ્યુટીઓ) આમ તો વૈશ્વિક સંગઠન ગણાય, પરંતુ અમેરિકા સામે તેનું કેટલું ચાલે છે એ સૌ જાણે છે.

ટ્રમ્પ અત્યારે આક્રોશમાં છે - ચીન સામે જીદે ચઢ્યા છે અને લડી લેવાના મિજાજમાં છે. આ સંજોગોનો લાભ ભારતને મળવાની શક્યતા ઊંચી કહી શકાય.

આમ તો અમેરિકા ક્યારેય કોઈનું મિત્ર રહ્યું નથી, આ તો તેની ફિતરત પણ રહી નથી. તેમ છતાં અત્યારે ભારત માટે તક વધી છે. ભારતે આ સંજોગોને ધ્યાનમાં રાખી તેની થિન્ક ટેન્કને સજજ કરી પોતાની વિદેશ વેપાર નીતિને નવેસરથી ઘડવી જોઈએ. ભારત વિકસિત રાષ્ટ્ર બનવા જે રીતે આગળ વધી રહ્યું છે તે મુજબ આ સમયનો પડકાર ઉત્તમ સમય સાબિત થઈ શકે છે.

તાજતેરમાં વેપાર પ્રધાન પીયૂષ ગોયલે આ સંજોગોને ધ્યાનમાં રાખી ખાસ બેઠક યોજી હતી અને અમેરિકા સાથે ભારત ૫૦૦ અબજ ડૉલરનો દ્વિપક્ષી વેપાર કરવાની સંભાવના ધરાવે છે એવો આશાવાદ પણ દર્શાવ્યો હતો. વાટાઘાટ ને વિચારવા માટે વધુ સમય એક તરફ યુએસએ સામે યુરોપિયન દેશો છે, બીજી તરફ ભારત અને ચીન છે અને ત્રીજી તરફ અન્ય એશિયન રાષ્ટ્રો છે. બાકી વિયેતનામ સહિતના નાના દેશો પણ છે. શ્રીલંકા, પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા નબળા દેશો પણ છે. મેક્સિકો અને કેનેડા પણ છે. આ બધા વચ્ચે યુએસએની દાદાગીરી અકબંધ છે. ટ્રમ્પની સામે અમેરિકામાં પણ વિરોધ શરૂ થયો હતો, પણ સત્તા આગળ શાણપણ નકામું.

આ લખાય છે ત્યારે ૬૦ જેટલાં દેશો ટ્રમ્પ સાથે વાટાઘાટ માટે તૈયાર થયા હતા ત્યારે ચીન પણ લડવાના મિજાજ સાથે વાટાઘાટ માટે પણ માર્ગ શોધી રહ્યું હોવાના અહેવાલ ફરતા થયા હતા. જોકે ચીન તરત હાર માની લે એવું નથી. આમ છતાં ચીનની ગ્લોબલ બિઝનેસ પર પણ અસર થવાની શક્યતા ખરી.

**ચીનના વ્હાઈટ પેપર્સમાં શું છે?**

ચીનના વાટાઘાટના પ્રયાસના અહેવાલ સાથે વોલસ્ટ્રીટમાં સુધારો જોવાયો હતો, કારણ કે વાસ્તવમાં વેપાર યુદ્ધ કે વિવાદ લાંબે ગાળે કોઈના હિતમાં નથી અને એ કોઈને પણ પોષાય એમ નથી.

ચીનના પડકાર સામે યુએસ ૧૦૦ ટકા ઉપર ડ્યૂટી લાદવા તૈયાર થતા મામલો વધુ બિચકયો હતો. ચીને વ્હાઈટ પેપર્સ બહાર પાડીને પોતે ડ્યૂટી વધારવાની ફરજ કેમ પડી તેનો હેતુ જણાવ્યો છે અને યુએસ સાથે વાટાઘાટ મારફત સમસ્યાના નિરાકરણ માટે પોતે પ્રયત્ન કરવાનો ઈરાદો પણ વ્યકત કર્યો છે. અલબત્ત, ચીને ભલે વાટાઘાટનો પ્રયાસ કીધો, પરંતુ તે યુએસની દાદાગીરીને વધુ પડતી સહન કરવા પણ તૈયાર નથી એવો સ્પષ્ટ ઈશારો પણ તેણે કર્યો છે. દરમિયાન, ટ્રમ્પના નવા નિર્ણય બાદ ચીને નવેસરથી વિચારવાની ફરજ પડી છે. આ મામલે એક શકયતા એવી પણ છે કે ચીન તેનો વધુને વધુ માલ ભારતમાં ઠાલવે એવું બની શકે, ચીનની કરન્સીની વેલ્યુ ડાઉન થઈ છે, જેનું કારણ નિકાસને વધારવાનું છે, કિંતુ જો નિકાસ પર અમેરિકા ઊંચી ડયૂટી લાદીને વળગી રહેશે તો ચીને ભારતમાં અને અન્ય દેશોમાં ડમ્પિંગ કરવાનુ પગલું ભરવું પડે એમ જાણકારો કહે છે.

બીજીબાજુ યુએસના આક્રમક અભિગમને કારણે ચીને ભારત સાથે વેપાર માટે સંબંધો સુધારવાનો પ્રયાસ પણ દર્શાવ્યો છે. વાસ્તવમાં ચીનને આ સંજોગોમાં ભારત સાથે દુશ્મની કરવામાં શાણપણ નહીં લાગે.

અમેરિકાને પણ ભારે પડે, પરંતુ ટૅરિફ યુધ્ધને કારણે જે-તે દેશોમાં વેપાર-ઉદ્યોગની અને ઓવરઓલ અર્થતંત્રની ચિંતા વધી રહી હોવાથી વિશ્વ વેપારની ગાડી ખોરંભે ચઢવાનો ભય પણ વધી રહ્યો હતો. યુએસ લાલ ચીનને મહદઅંશે કટ્ટર હરીફ અને નક્કર દુશ્મન માને છે, જયારે ભારત પરનો ૨૬ ટકા ટૅરિફ દર બીજા મોટા ભાગના દેશોની સરખામણીમાં ઓછો છે.

ટ્રમ્પના આ ટૅરિફ આક્રમણ વિશ્વસ્તરે તેમજ અમેરિકાના જીડીપી વિકાસ પર પણ મોટા નકારાત્મક પરિણામો લાવી શકે. એટલું જ નહીં, આનાથી વિશ્વસ્તરે તેમજ અમેરિકામાં ફૂગાવાની આગ ભડકે, પણ ટ્રમ્પને શરૂમાં આવું કંઈ લાગતું નહોતું, પરંતુ પછીથી થયેલું ભાન આખરે કામ આવ્યું. દરમ્યાન ભારત મેક ઈન ઈન્ડિયાને વધુ વેગ આપવા સાથે ગ્લોબલ મેન્યુફેકચરિંગ હબ બનવા તરફ આગળ વધવાની ફરજ પડશે.

વિશ્વના અન્ય દેશોનો પણ ભારત તરફી ઝોક વધી શકે. ભારતે આત્મનિર્ભરતા તરફ આગળ વધવા જોર આપવાનું થશે. ભારતને અમેરિકાની જરૂર છે, તેમ અમેરિકાને પણ ભારતની જરૂર છે.

### શૅરબજારમાં હજી સાવચેત અને સિલેકટિવ રહેવું પડે.

ભારતીય શેરબજાર તુટવાનું કારણ ગ્લોબલ છે, સ્થાનિક નહીં, ઈન્ડિયન ઈકોનોમી બહેતર સ્થિતિમાં છે અને તેનો ગ્રોથ ચાલુ રહેશે એવી આશા વ્યકત થાય છે. તેમ છતાં રોકાણ બાબતે સાવચેતી જરૂરી છે. આમ હવે પછી શેરબજારનો ટ્રેન્ડ પણ બદલાઈ શકે, જોકે રોકાણકારો માટે સિલેકટેડ રહેવું પડે અને સાવચેત પણ. સેકટરવાઈઝ અસર પણ જોવી પડે. આગામી ત્રણ મહિના બાદ બધું સારું થઈ જશે એવા ભ્રમમાં પણ રહેવાય નહીં. આ ટ્રમ્પ સાહેબ છે, એ અનાડી નિર્ણયો લેવા કુખ્યાત છે : કુછ ભી હો સકતા હૈ. ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# ચેકમેટ જેવી સ્થિતિ પરિસ્થિતિમાં પણ કોઈક રસ્તો શોધી શકાય છે

**એક યુવતીએ અકાળે પિતા ગુમાવ્યા પછી કુટુંબને મદદરૂપ થવા માટે પ્રવૃત્તિ શરૂ કરી અને એમાં એને મળ્યો કાર્ય સામાજિક મીડિયાનો સાથ ...**

જામનગર નજીકના જામ ખંભાળિયાના એક વેપારી અમિત ગોકા પરિવાર સાથે શાંતિથી જીવન વિતાવી રહ્યા હતા, પરંતુ એક દિવસ એમને ખાવામાં તકલીફ થવા લાગી. ફેમિલી ડોકટર પાસે ગયા. એમણે બીજા ડોક્ટર પાસે મોકલ્યા એ કેન્સર સ્પેશિયાલિસ્ટ હતા. એમણે રિપોર્ટ્સ માટે કહ્યું. રિપોર્ટ્સ આવ્યા ને જાણ્યા કે એમને જીભનું કેન્સર છે અને એ પણ છેલ્લા સ્ટેજમાં! અમિતભાઈને લાગ્યું કે એમના પગ તળેથી ધરતી સરકી રહી છે. કુટુંબ માટે પણ એ સમાચાર પ્રચંડ આઘાત આપનારા હતા.

અમિતભાઈના પિતા નિવૃત્ત જીવન ગાળતા હતા અને માતાને પાંચ વર્ષ પહેલાં પેરેલિસિસનો અટેક આવ્યો હતો એટલે એ પથારીવશ હતાં.

અમિતભાઈ જામ ખંભાળિયામાં કરિયાણાની દુકાન ચલાવતા હતા. દુકાન છોડીને હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું. ખર્ચાળ સારવાર શરૂ થઈ અને પૈસા પાણીની જેમ વહેવા લાગ્યા. એમાં બચત ખલાસ થઈ ગઈ. એક બાજુ આવક બંધ થઈ ગઈ હતી અને બીજી બાજુ જાવક સતત ચાલુ હતી.

ડોકટરોએ એમને બચાવવા માટે ખૂબ કોશિશ કરી, પરંતુ અમિતભાઈ બચી ન શક્યા. પોતાની પાછળ વૃદ્ધ માતા-પિતા, પત્ની અને બે સંતાનને મૂકી ગયા. આ સ્થિતિમાં સ્વાભાવિક રીતે અમિતભાઈનાં માતા-પિતા જયસુખભાઈ અને કિશોરીબહેન, પત્ની આશાબહેન, પુત્રી વંશિકા અને સાંનિધ્ય ભાંગી પડ્યાં.

દીકરો કેન્સરનો ભોગ બન્યો એટલે પિતા જયસુખભાઈ પર તો જાણે વીજળી ત્રાટકી. એકબાજુ દીકરો ગુમાવવાનું દુઃખ હતું અને બીજી બાજુ એમના પર ઘરની જવાબદારી આવી પડી હતી. ૭૫ વર્ષની ઉંમરે નિવૃત્તિનો સમય ભૂલીને કરિયાણાની દુકાન સંભાળી લીધી. બીજી બાજુ અમિતભાઈનાં સંતાનો - ૨૧ વર્ષીય વંશિકા અને ૧૫ વર્ષીય સાંનિધ્ય હતપ્રભ



બની ગયાં હતાં. પુત્ર સાંનિધ્ય તો હજી એસએસસીમાં ભણતો હતો.

અમિતભાઈની દીકરી વંશિકા પણ માનસિક રીતે પડી ભાંગી હતી. જોકે પિતાના મૃત્યુના થોડા સમય પછી એ થોડી સ્વસ્થ થઈ પછી વિચાર્યું કે જો દાદા નિવૃત્ત થયા પછી પણ ૭૫ વર્ષની ઉંમરે ફરી સક્રિય થઈને દુકાન સંભાળી શકતા હોય તો મારે પણ કુટુંબને આર્થિક રીતે મદદરૂપ બનવા માટે કશીક પ્રવૃત્તિ કરવી જોઈએ એવા વિચારો શરૂ કર્યા. એ દિવસોમાં એ એક વખત કાકા-કાકી ભાવિશા ગોકાણી અને રૂપેશ ગોકાણી સાથે બેઠી હતી. એ બંને પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. વાત કરી રહ્યાં હતાં ત્યારે ભાવિશાએ વંશિકાને કહ્યું કે ‘તું કશુંક નવું વિચાર, બેટા.’

ભાવિશાને આયુર્વેદ પ્રત્યે રુચિ છે અને આયુર્વેદનું જ્ઞાન ખરું એટલે એણે વંશિકાને કેમિકલ-ફ્રી હર્બલ સાબુ બનાવવાનો આઈડિયા આપ્યો. વંશિકાના કુટુંબને આર્થિક ફટકો તો પડ્યો હતો. પિતા અમિતભાઈની સારવાર પાછળ ખૂબ જ ખર્ચ થઈ ગયો હતો એટલે કશું કરવા માટે પૈસા કાઢવાનું મુશ્કેલ હતું. ભાવિશાએ કહ્યુંઃ ‘તું પૈસાની ચિંતા ન કર. હું મારી બચતમાંથી પૈસાનું રોકાણ કરી આપું છું. તું હર્બલ સાબુ બનાવવાનું શરૂ કર.’

ભાવિશાની મદદ અને માર્ગદર્શનથી વંશિકાએ હર્બલ સાબુ બનાવવાનું શરૂ કર્યું. ‘શ્રી ગૃહ ઉદ્યોગ’ નામથી વાંશિકાએ ઘરે જ હર્બલ સાબુ બનાવવાનું શરૂ કર્યું. એ પછી એ સાબુનાં સેમ્પલ ભાવિશાએ એના પરિચિત એવા થોડા શિક્ષક અને શિક્ષિકાઓને આપ્યા અને સગાંવહાલાં તથા કેટલાંક ફ્રેન્ડસને પણ આપ્યા. એ બધાને એ સાબુ ગમી ગયા એટલે એમણે સાબુ માટે ઓર્ડર આપ્યા.

બીજી બાજુ ભાવિશાના ઘણા ફેસબુક ફ્રેન્ડ્સે એ સાબુ વિશે સોશિયલ મીડિયા પર પોસ્ટ્સ મૂકી એને કારણે પણ ઓર્ડર મળવા લાગ્યા. વંશિકાએ તેની કાકી ભાવિશા ગોકાણીની મદદથી હર્બલ સાબુનું ઉત્પાદન કરીને વેચાણ શરૂ કર્યું અને એમાંથી થોડી આવક શરૂ થઈ. અને બીજી બાજુ પિતાના અકાળ મૃત્યુને કારણે ભાંગી પડેલી વંશિકાને પ્રવૃત્તિ પણ મળી ગઈ.

વંશિકા હજી આર્થિક રીતે સંપૂર્ણપણે સ્વનિર્ભર થઈ શકી નથી, પરંતુ જે રીતે તેને લોકોની હુંફ અને મદદ મળી રહી છે એનાથી તેનામાં નવા આત્મવિશ્વાસનો સંચાર થયો છે.

દોસ્તો, કોઈ વ્યક્તિનાં જીવનમાં ચેકમેટ જેવી સ્થિતિ આવી પડે ત્યારે પણ એ ભાંગી પડવાને બદલે અલગ રીતે વિચારે તો એને કોઈ ને કોઈ રસ્તો મળી શકે છે એનો પુરાવો વંશિકા ગોકાણી અને ભાવિશા ગોકાણી છે.

નજીકની વ્યક્તિઓ હૂંફ અને મદદ આપે તો વિપરિત સંજોગોમાં પણ ઊભા થવા માટે નવું બળ મળી રહે. સોશ્યલ મીડિયાનો સદુપયોગ પણ થઈ શકે એનો પુરાવો ય આ કિસ્સો છે.

૧૯૫૭માં દિલીપકુમાર અને વૈજયંતી માલાની
‘નયા દૌર’ ફિલ્મ આવી હતી. એ ફિલ્મનું એક ગીત ખૂબ લોકપ્રિય થયું હતુંઃ ‘સાથી હાથ બઢાના સાથી રે, એક અકેલા થક જાયેગા મિલકર બોજ ઉઠાના...’ એ ગીત યાદ રાખવા જેવું છે.

આપણી આજુબાજુ પણ આવા કિસ્સાઓ બને ત્યારે કોઈનો બોજ ઉઠાવવા હાથ લંબાવવો જોઈએ અને આપણાથી શક્ય એટલી-એવી મદદ કરવી જોઈએ. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# જોક્સ કે જીવન... શાકાહાર એટલે શાકાહાર

*ટાઇટલ્સઃ*
*અતિમાં નહીં, ગતિમાં મજા છે. (છેલવાણી)*

**એક ચોખવટ :**

અમે જન્મથી ને બાય ચોઇસ, શાકાહારી છીએ અને શાકાહારનું સમર્થન કરીએ છીએ.

શાકાહાર કે માંસાહાર. એ સેન્સિટિવ સબ્જેક્ટ છે, જે ગાંધીથી લઇને ગુજરાતમાં નોન-વેજની લારી સુધી, કકળાટની કવ્વાલી રૂપે ચાલે જ રાખે છે.

અહીં મુદ્દો જીવદયાનો છે, જેને સો-સો સલામ, પણ અત્યારનાં સોશ્યલ મીડિયાનાં ઉગ્ર-વ્યગ્ર જમાનામાં પશુ-પંખીની જાનહાનિની ચર્ચાને ચ્યુંઇગમ જેમ ખાલીપીલી ખેંચીને, અમારે અમારી જાનહાનિનું જોખમ નથી લેવું. વળી ઘણા વખત પહેલાં એક ન્યૂઝ વાંચ્યાં હતા કે શાકાહારીઓને કારણે પૃથ્વીમાં પ્રદૂષણ વધે છે!

બોલો?!! પશુઓને સાચવવા કે ખેતીમાં પાણી ને કુદરતી સંપત્તિઓ વપરાય છે માટે નોન-વેજ ખાનારાઓ જ પર્યાવરણ માટે દુનિયાની સેવા કરે છે!

આમાં શું કહેવું? આપણે આઇસક્રીમ, રબડી કે ખીર છોડી દેવાની? હમણાં કોઇ ફૂડ ડિલિવરી એપમાં વેજ આઇટેમ માટે લીલાં ને નોન-વેજ માટે લાલ કપડાં પહેરવાની શરૂઆત થઈ તો ખરી,પણ પછી એનો વિરોધ થયો એટલે આઇડિયા પાછો ખેંચાયો.

બીજી બાજુ, અમુક તહેવારોએ નોનવેજની દુકાનો હોટલો બંધ રાખીને જીવહત્યા રોકવી એવા જીવહિંસા રોકવાના પ્રયાસ પછી એને માટે જ્યાં ત્યાં માનવ હિંસા શરૂ થવા લાગી છે!

શું છેક કોઇની જીવન પદ્ધતિ બીજા માટે હિંસા હોઇ શકે. મિઝોરમની શાળામાં બાળકોએ એક નાટકમાં અહિંસક ગાંધીજીને હાથમાં ભાલો લઇને બ્રિટિશરો સાથે લડતા દેખાડેલા. હવે ત્યાંના ભોળાં બાળકોનાં મનમાં ‘યોદ્ધા એટલે સશસ્ત્ર હિંસક માણસ જ હોય’-એવી વ્યાખ્યા. શત્રુ સામે અહિંસાથી પણ લડી શકાય એવી એમને ખબર ક્યાંથી હોય? બાળકો, ખોટાં નહોતાં, પણ આવા ‘હિંસક ગાંધીજી’ આપણને કોમેડી લાગે, પણ એમાં ત્યાંનાં બચ્ચાઓનું એ ભોળપણ છે.

ખોરાકનું પણ એવું જ છે. કોણ, કેવા દેશ-પ્રદેશ કે આબોહવામાં ઉછરે છે એના પર બધું નિર્ભર છે. શાકાહારીઓને નોન-વેજ ખાવામાં હિંસા કે પાપ દેખાય,પણ માંસાહારીઓ માટે મામલો અલગ જ છે. વેજિટેરિયનને જ્યાં સૂગ ચઢે ત્યાં કોઇને ટેસ્ટ મળે! જો કે આમાં ગલગલિયાં કરતા નોન-વેજ જોકસ પણ આવી જાય છે, જે કોઇને એ ગમે, કોઇ એમાં ભવા ચઢાવે.




આજન્મ વેજિટેરિયન હોવાથી ફિલ્મ શૂટિંગમાં અમને રોમાનિયા કે ચીનમાં વેજ ખાવાનું દિવસો સુધી મળતું નહીં. એવી પરિસ્થિતિમાં અમારી સ્થિતિ વિશ્વામિત્ર જેવી થતી. સામે મેનકા જેવી નોન-વેજ ડિશ લલચાવતી હોય ત્યારે પણ અમે ‘શાકાહારી’ સંયમ જ પાળેલો. વેલ, ખરેખર તો વેજિટેરિયનો માટે અમને પક્ષપાત છે. શાકાહારથી જીવહત્યા તો અટકે જ પણ રોગ ઓછા થાય, વળી ‘મનુષ્યનું પેટ જાનવરોનું કબ્રસ્તાન નથી!’ એ અમારું ફેવરિટ વાક્ય છે બટ, બટબાબુ મોશાય, એટલે અન્યના અધિકારો પર અહિંસા થોપવા માટે હિંસક હુમલો ના કરાય.

હમણાં વિદેશી વિદ્યાર્થીઓની હોસ્ટેલ-હિંસાનાં વિવાદમાં ગુજરાત વિદ્યાપીઠના વાઇસ-ચાન્સેલરે કહ્યું; ‘ગુજરાત તો શાકાહારી પ્રદેશ છે!’ વરસોથી અમને ય આ ભ્રમણા હતી, પણ આંકડા મુજબ, ગુજરાતમાં ૬૦%થી વધુ લોકો જાહેરમાં કે ખાનગીમાં નોન-વેજ વાનગી ખાય છે. એકચ્યૂલી, ‘ઇંડિયા ધેટ ઇઝ ભારત’ માં યાનેં કિ હિંદુસ્તાનમાં સરકારી આંકડાઓ મુજબ સૌથી વધુ શાકાહારીઓ હરિયાણામાં છે ને એના પછી પંજાબમાં છે!

કિં મૈં જૂઠ બોલિયાં?

*ઇન્ટરવલઃ*
*બચકે રહેના વો સાદગી સે ભી*
*બૈર હો જિસે ઝિંદગી સે ભી.*

વળી, શિદ્દતવાળા શાકાહારીઓ ઘણી ટાઇપનાં હોય છે. જેમ કે- ક્ટ વેજિટેરિઅન-’ કેકમાં પણ ઈંડાં તો નહીં જ! ’એવું ગર્વથી કહે.. એમ લાગે કે સ્ટ્રિક્ટ શાકાહારીઓ, એવા જ ઘઉંની રોટલી ખાતા હશે, જે ખેતરમાં બધાં ઘઉંના રોપાઓ,

શિસ્તબદ્ધ સ્ટુડન્ટની જેમ એક કતારમાં કે એક સાઇઝમાં ઉગતા હશે અથવા એવા ભાત કે ખીચડી જમતાં હશે, જેમાંનાં ચોખાને વર્દીધારી સૈનિકો માર્ચિંગ કરીને ખેતરમાં વાવતા હશે. કે એ જ ટામેટાં ખાતા હશે, જે સવારે એક્ઝેટ સાડા-છ વાગે ઊઠીને સૂર્યદેવતાને ‘ગુડ મોર્નિંગ’ કહેતાં હશે!

સરકાર હોય કે સમાજ,‘સ્ટ્રિક્ટ’ વિશેષણમાં જ તીખી તાનાશાહીની વાસ આવે છે. આવા શિસ્તાળુ શાકાહારીઓ પછીથી ઉગ્ર શાકાહારી બનવા માંડે. આસપાસનાં લોકો સાથે સવાર-સાંજ નોન-વેજ બદ્દલ બાખડે કે દોજખનાં દ્વારનો ભય દેખાડીને ડરાવે. આવા જિદ્દિ વેજિટેરિયનો ધીમે ધીમે ‘વિગન’ બની જાય. વિગન હોવું આજકાલ બહુ ફેશનમાં છે. વિગન એટલે પશુ-પંખી-માછલીનાં મટન-ચિકન-ઇંડાં તો છોડો પણ પશુજન્ય દૂધ કે ચામડી બધાંથી જ કિટ્ટા!

જાનવરની ત્વચાની ચપ્પલ કે પાકિટ-પર્સ પણ ‘નો,ના..નકો નકો રે બાબા ’ કહે. જો કે ઘણી દવાઓમાં પશુજન્ય પદાર્થો જ હોય છે, એમાં શું કરતા હશે? રબ જાને!

મનોચિકિત્સકો કહે છે-કેટલાંક હાઇપર વેજ કે અતિ-શાકાહારી હોય એવા મનુષ્યો એનિમલ જેવી દેખાતી ચીજથી જ મોં ફેરવી લે (કદાચ એ ‘એનિમલ’ ફિલ્મ પણ ન જુવે ! )

એ લોકો ફકત ‘કાચાં શાકભાજી’ જ આરોગે. જો આમ ને આમ જ ચાલશે તો એ લોકો, એ જ શાક-ફળ ખાશે, જે વૃક્ષ પરથી આપોઆપ ધરતી પર ખરશે! એમણે ઝાડ નીચે સૂઇને મોંમાં ફળ કે શાક ડાયરેક્ટલી મળે તો જ ખાવાનું?

જોક્સ અપાર્ટ, શાકાહારી હોવું એ ઉદાત વાત છે, લેકિન-કિંતુ-પરંતુ બીજાઓ જો શાકાહારી ના હોય તો એમને સમજાવી શકાય, પણ ધિક્કાર કે ટોંટ મારવાના?

અમારા મતે, લાઇફમાં બીજાનું લોહી ના પીને, કોઇના પૈસા ન ખાઇને કે અકારણ કોઇને ના નડીને, પારકી પંચાતમાં ના પડીને, શાંતિથી જીવવું અને જીવવા દેવું -એ પણ એક જાતની અહિંસા જ છેને?

બાય ધ વે, લાખો યહૂદીઓને રિબાવી રિબાવીને મારનારો જર્મન જુમલાબાજ વક્તા, નફરતી નેતા અને તાનાશાહ, હિટલર શુદ્ધ શાકાહારી હતો.

*એન્ડ-ટાઇટલ્સઃ*
*આદમઃ ખાવામાં શુ છે?*
*ઇવઃ મારો જીવ.* ■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# આજે પણ કેમ રપા...



આજે પણ રપા એટલા માટે કે મને, શોભિત દેસાઇને ઉર્દૂના સરસ શાયર ઝદીદ એટલે કે નવસંસ્કરિત શાયર મહમ્મદ અલ્વીનો એક શેર એટલો ગમી ગયો હતો આજથી ૪૬ વરસ પહેલાં દિલ્હી દૂરદર્શનનો એક બ્લેક એન્ડ વ્હાઇટ મુશાયરો જોતા/સાંભળતા.

*કી હૈ ખૈરાત ઇસી દર સે કભી*
*આજ ઇસી દર પે સદા દેતે હૈં*

કે મને આ આખો વિચાર બીજી રીતે ગુજરાતીમાં મુકવાનું મન થઇ આવ્યું. અને મેં એને આમ મુકયો.

*અહીં જ રહેતો હતો દાન આપવાનો સમય*
*મને અહીં જ લઇ આવ્યો માગવાનો સમય.*

એ વખતના અમારા એક વડીલ મિત્રની આવી હાલત પણ થઇ ગયેલી. પોતાના સમયમાં કૈં કેટલાયને પાળનાર/પોષનારને પોતાને પોષણ માટે ટહેલ નાખવી પડે એવી હાલત... પણ આ વિચાર મહંમ્મદ અલ્વીનો છે અને હું જે કરું એને તફડંચી (પ્રજ્ઞાચોરી મોરારિબાપુ)નું લેબલ ન લાગે એ બીકે આ ગઝલ આગળ વધારી જ નહીં. એક જ શેર એમનો એમ રાખી મુકયો છે. ઇમાનદારી વિશે એટલું જ જાણું છું કે રુશ્વત પાંચ રૂપિયાની હોય કે ૫ લાખની બન્નેને કાદવ સમજીને કમળવત રહેવું એ ઇમાનદારી.

તો રપા એટલે કે ગુજરાતીના મહાકવિ રમેશ પારેખે તો આલા ખાચરનું એક પાત્ર સર્જીને માગવાના સમયને આપવાનો સમય સમજીને જીવતા ખખડધજ રાજવંશીઓનું અભૂતપૂર્વ નિરુપણ કર્યું છે... એમાંની એક કવિતા આજે તમારા માટે ખાસ...

### બાપુનું હાં રે અમે ગ્યાતા..

*નવરાતરી આવી છ્.*
*બાપુ કહે ભગલા,*
*રામગર બાવો તો આરડે છ્.*
*ગરબી તો અમે ગવરાવતા.*
*ઈ ય એવી કે*
*જોગણિયું વાદાકોદ કરે*
*હું રમું ને તું નહીં; હું રમું ને તું નહીં.*
*ભગલે ઈ વાતનો ઢંઢેરો પીટ્યો*
*એટલે જુવાનિયાઉએ હઠ લીધી*
*બાપુ ગરબી ગવરાવે તો હા, નીકર ના.*
*આવા માતાજીના કામમાં*
*બાપુથી ના નો પડાણી કયે*
*ભલે ત્યારે, ગવરાવશું,*
*એક એકનું માથું ભાંગ એવી ગરબી.*
*હૂડૂડૂ કરતા સૌ થ્યાં ભેળાં.*
*રોશનિયું-બોશનિયું થઈ ગઈ છ્*
*હૈયેહૈયું દળાય છ્.*
*જુવાનિયા અમથાઅમથા*
*ડાંદિયા ઉલાળે છ્*
*સૌના પગમાં હરખ આંટો વાઢી ગ્યો છ્*
*વ્રેમાંડ લગી ઉતાવળ્યું આંબી ગૈ છ્*
*ઓહોહોહો, બાપ આજ તો ઘણી ગરબી ગવારે છ!*
*બાપુ મૂછ ઝાટકી*
*ખોંખારો ખાઈ ઉપાડે છ્ ગરબી*
*હાં રે મને ગ્યાતાં*
*ને શિવો ગોર ઓટલેથી બરાડ્યો*
*એલા અહૂરું ઘંટી કોણ ફેરવે છ્?*
*કિકિયારામાં કોઈને સંભળાણું નહીં.*
*ભગલો કયે*
*કોઈ સાંભળતું નથી, બાપુ,*
*સાવઝ જેવો અસલી અવાજ કાઢોને!*
*લે ત્યારે, એમ બોલી*
*બાપુએ મ્યાનમાંથી તલવાર્ય કાઢતા હોયએમ*
*ગળામાંથી આંતરડાતોડ હાંક કાઢી*
*હાં રે અમે ગ્યાતા*
*ને સરરર કરતું કાંક ફાટ્યું.*
*એકબે ધાવણાં બી ગ્યાં.*
*બાયું ભેરાંટી રહી.*
*જુવાનિયા ડાંડિયા ફેંકીને દોડ્યા શું થિયું, શું થિયું?*
*ભગલો કયે*
*થાય શું? ઈ તો બાપુએ ગરબી ગવરાવી.*
*ભગલાએ ફોડ પાડ્યો ને બાપુને પોરસાવ્યા*
*થાવા ઘો બાપ, થાવા ઘો.*
*બાપુએ છાતી ફુલાવી પોઝિશન લીધી.*
*એક હાથ લાંબો કર્યો.*
*બીજા હાથને કાન પર મૂક્યો.*
*પછી હોઠ હલ્યા.*
*જડબાં ઊઘડ્યાં.*
*છાતી ઊંચીનીચી થઈ.*
*આંખ્યું તગતગી.*
*મૂછો થથરી.*
*પરસેવા હાલ્યા.*
*ત્યારે ઊંદરડી મૂતરે એટલોક અવાજ નીસર્યો*
*હાં રે અમે ગ્યાતા*
*ભગલો બોલ્યો*
*અરેરે, તમારો અવાજ તો*
*સાવ બેસી ગ્યો, બાપુ*
*બાપુ મૂછે તાવ દઈને બોલ્યા*
*બેસે જ ને?*
*એક હાકે દુશ્મનની છાતીયું*
*બેસાડી દઈએ તો અવાજ તે શી વિસાતમાં?*

-રમેશ પારેખ

આજે આટલું જ... ■

# માઈક્રોસોફ્ટના ૫૦ વર્ષ: અપાર સફળતાઓ સાથે બેજોડ સિદ્ધિઓ

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

કોમ્પ્યુટર નવું નવું માર્કેટમાં આવ્યું એ સમયે સૌથી વધારે ચર્ચા જે કંપની અને વિષયની હતી એ હતી માઈક્રોસોફ્ટ. કોમ્પ્યુટર જગતમાં અને ખાસ કરીને ઑપરેટિંગ સિસ્ટમની દુનિયામાં જુદી જુદી એપ્લિકેશન તથા પ્રોગ્રામના અખતરા કરવામાં સૌથી વધારે જે કંપનીએ પ્રયાસો કર્યા એ હતી માઈક્રોસોફ્ટ. વિન્ડોઝનાં જુદા જુદા વર્ઝન આવ્યાં બાદ પોર્ટેબિલિટીનો પ્રયોગ સફળ રહ્યો. વિન્ડોઝના મોબાઈલ ભલે આપણે ત્યાં ન ચાલ્યા, પણ અમેરિકા જેવા મોટા દેશમાં એની રીતસરની માર્કેટ તોડી હતી.

આજે આવી આ કંપની વિશે વિગતવાર જાણીએ.

ન માત્ર સફળતા અને સંઘર્ષ પર પણ નિષ્ફળતા અને ખોટ અંગે પણ જાણીએ.

ઓફિસ હોય, ક્લાસરૂમ હોય, કોન્ફરન્સરૂમ હોય કે ખેતર-વાડી. વિન્ડોઝ ઑપરેટિંગ સિસ્ટમ મારફતે અનેક એવી પ્રોગ્રામિંગ ભાષાઓ વિકસી, વિસ્તરી અને વ્યાપક રીતે સ્વીકૃત પણ રહી. પર્સનલ કોમ્પ્યુટર હવે લેપટોપને માનવામાં આવે છે. એમાં પણ વિન્ડોઝ. જુદા જુદા અપગ્રેડેશન સાથે કંપનીએ પોતાના ઘણા ઉત્પાદનને પોર્ટેબલ કરી દીધા. ગૂગલ સર્વિસ સાથે હાથ મિલાવીને પોતાનું કંઈક અલગ કર્યું છતાં પ્રોડક્ટની પ્રાથમિકતા એન્ડ્રોઈડના યુગમાં પણ ઘટી નહીં. આ જ છે સફળતા.

સૌથી મોટો અને મહત્ત્વનો પ્રાઈમટાઈમ કંપની માટે રહ્યો કોરોના કાળ. જ્યાં દુનિયાના લોકો ટેન્શનમાં હતા એમાં કંપનીએ પોતાની તક શોધી. આ તકને તમામ પરીક્ષણ બાદ યુદ્ધના ધોરણે ઈન્ટરનેટના વિશાળ ફલક પર મૂકી. ટેક્નોલોજી પર થયેલો સર્વે એવું કહે છે કે, માઈક્રોસોફ્ટની જુદી જુદી સર્વિસ પર દૈનિક ધોરણે ૩૫ કરોડ લોકો કામ કરે છે. ૮૦ કરોડ લોકો એની રિમોટ સર્વિસ



ગરાજમાં બિલ ગેટ્સ અને એલન પોલ ૫૦ વર્ષ પહેલાં.

વાપરે છે. આમાંથી ૮૦ ટકા લોકો ભારતમાંથી છે. ક્લાઉડ કમ્પ્યુટિંગ, ઓપરેટિંગ સિસ્ટમ્સ અને ડેવલપમેન્ટ ટૂલ્સ જેવાં ક્ષેત્રોમાં શું માઇક્રોસોફ્ટ AIના યુગમાં તેની સક્રિયતા જાળવી રાખવામાં સક્ષમ હશે અથવા તેનો પ્રચંડ પ્રભાવ ચિંતાનું કારણ બનશે?

વર્ડ, એક્સેલ, પાવર પોઈન્ટ જેવા મહત્ત્વના ઓફિસટુલ્સમાં ઓનલાઈન સર્ચ આપવાના ફીચર્સમાં કંપનીએ ઘણોખરો સમય પસાર કર્યો, પણ ડિઝાઈનથી લઈને પ્રોગ્રામ સુધીમાં ખાસ કોઈ સફળતા મળી નહીં. પછી ઓફલાઈન મોડમાં પણ એક્સેસ કરી શકાય એવી સુવિધા આપીને કંપનીએ સંતોષ માની લીધો.

બીજી તરફ, માઈક્રોસોફ્ટની શરૂઆત વર્ષ ૧૯૭૫માં અમેરિકાના મેક્સિકો સિટી અબ્લુકર્કમના એક ઓટોગેરેજમાં થઈ હતી. અહીં બિલ ગેટ્સ અને એલન પોલ એક પ્રોગ્રામનું પરીક્ષણ કરવા માટે ભેગા થયા હતા. એ સમયે બન્નેની ઉંમર ૨૫ કરતાં પણ ઓછી હતી. એ સમયે એવો સંકલ્પ કર્યો હતો કે, એક એવી પ્રોડક્ટ બનાવવી છે,જે દુનિયાના દરેક ઘરમાં હોવી જોઈએ છે.

આજે ૫૦ વર્ષે આ સપનું સફળ છે અને સત્ય પણ છે. વર્ષ ૧૯૮૦માં જ્યારે આઈબીએમ કંપની સાથે એક ડિવાઈસ સેલિંગ માટે માઈક્રોસોફ્ટે હાથ મિલાવ્યા એ સમયે દુનિયાને આ કંપનીના ફળનો લાભ મળ્યો. એ પણ કરોડોમાં. એક સોફ્ટવેર કંપનીના સ્વરૂપમાં શરૂ થયેલી આ યાત્રા ટેક્નોલોજીની દુનિયામાં એક મોટું સામ્રાજ્ય બનાવશે એવું તો કોઈએ વિચાર્યું ન હતું.

૫૦ વર્ષમાં જે ફેરફાર થયા એમાં પોર્ટેબિલિટી, મોબિલિટી, ફોન્ટ સપોર્ટ, ઈઝી શેરિંગ, લિંક દ્વારા એક્સેસ, પાસવર્ડ પ્રોટેક્શન અને સરળતાથી એક રૂપમાંથી બીજા રૂપમાં ડેટાનું ફોર્મેટ બદલવું જેવા ફેરફાર મુખ્ય રહ્યા છે. જ્યારે કંપનીના દ્રષ્ટિકોણથી જોઈએ તો માઈક્રોસોફ્ટ વર્ડનું ડોક થયું. જ્યારે એક્સેલનું સ્પ્રેડશીટ બન્યું. માત્ર નામ જ નહીં એના સિમ્બોલ અને આઈકોન પણ બદલ્યા. કંપની એ વાત સ્વીકારે છે કે, હવે ભાવિ AI અને ડેટા સેન્ટરમાં છે. એક રિપોર્ટ એવું કહે છે કે, માઈક્રોસોફ્ટે પોતાનું ડેટાસેન્ટર તૈયાર કરી દીધું છે. પણ એ અંગે હાલ કોઈને વાત જાહેર કરી નથી. AIને સાથે રાખીને કંપની કોઈ મોટી યોજના દુનિયા સમક્ષ મૂકે એવા એંધાણ ચોક્કસ છે.

વર્ષ ૨૦૧૪માં જ્યારે સત્યા નડેલાએ કંપનીનું નેતૃત્વ સંભાળવાનું શરૂ કર્યું એ પછી કંપનીમાં ઘણું બદલાયું અને મોટા નિર્ણયો પણ લેવાયા. ડેટા એનાલિસીસથી લઈને કોન્ટેટ સુધીના દરેક માળખામાં સરળતા સાથે અપગ્રેડેશનનો શ્રેય નડેલાને જાય છે. ટેક નિષ્ણાતો ત્યાં સુધી કહે છે કે, ડેટા સેન્ટરથી અને ઓટોમેશનની કોન્ટેટ દુનિયામાં કંપની શું નવું લાવે છે એના પર સૌની નજર છે.

આજે દુનિયાના ૯૬ દેશમાં માઈક્રોસોફ્ટની ઓરિજિનલ પ્રોડક્ટનો ઉપયોગ થાય છે. એક એવી અપડેટ આપી શકે જે આ તમામ સર્વિસને અસર કરે. જેમ કે, રેઝ્યુમના ફોર્મેટ, પ્રોડક્ટના રિપોર્ટ, રિપોર્ટના ફોર્મેટ. જે અત્યારે છે પણ ખૂબ જ જૂના છે.

કોન્ટેટ અને ડેટા ફોર્મેટની દુનિયામાં હજુ કંપની શોર્ટટર્મ ઈમોજી કે ક્વિક નોટ શેરિંગ સુધી પહોંચી નથી. બની શકે કે, નવી અપડેટમાં વર્ડ કે ડોકનું મિની વર્ઝન આવી શકે. જે રીતે નોટપેડ છે, પણ ફીચર્સ કંઈક તો અલગ હશે. ઑપરેટિંગ સિસ્ટમની દુનિયામાં એપલ ભલે પાવરફૂલ હોય પણ માઈક્રોસોફ્ટનો વિકલ્પ જડે એમ નથી. એનાથી દૂર થઈ શકાય એમ નથી.૧ બિલિયનથી વધારે સોફ્ટવેર પ્રોગ્રામ અને સોફ્ટવેર સર્વિસને સરળતાથી રન કરતું માઈક્રોસોફ્ટ હવે ટચ ફ્રી થવાની દિશામાં છે. વોઈસ બેઝ બની શકે એમ છે. ■

**આઉટ ઓફ ધ બોક્સ**

*માઈક્રોસોફ્ટની પ્રથમ ઑપરેટિંગ સિસ્ટમ વિન્ડોઝ માત્ર ૩ કોમ્પ્યુટર પર જ રન થઈ હતી, કારણ કે, પ્રોગ્રામિંગ ટુલ્સમાં પોર્ટેબિલિટી ન હતી અને એમાં કરેલો ઓટોમેશનનો પ્રથમ પ્રોગ્રામ તદ્દન નિષ્ફળ ગયો હતો.*

# દુનિયા કેટલી પણ બદલાઇ ગઇ હોય લગ્નોમાં જાસૂસી હજુ પણ થાય છે

ફોકસ

લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

દુનિયા કેટલી પણ બદલાઇ ગઇ હોય, ભલે આજના ડિજિટલના જમાનામાં છુપાવવા માટે કાંઇ ના બચ્યું હોય પરંતુ સત્ય એ છે કે લગ્નોમાં વર-કન્યાની જાસૂસી અગાઉ પણ થતી હતી અને આજે પણ થઇ રહી છે અને જો માનવ મનોવિજ્ઞાન પર વિશ્ર્વાસ કરે તો ભવિષ્યમાં પણ આમ જ થતી રહેશે. આપણા દેશમાં લગ્ન અગાઉ વર અને ક્યારેક ક્યારેક કન્યાની જાસૂસી કરાવવાનો રિવાજ નવો નથી. હા, આ ડિજિટલ યુગમાં તેની રીતો અને જાસૂસીનો દાયરો ઘણો બદલાઇ ગયો છે. અગાઉ જ્યાં પારંપરિક જાસૂસ પરિવાર, પાડોશીઓ અને સગાસંબંધીઓ પાસેથી જાણકારી મેળવતા હતા જ્યારે હાલમાં ટેકનોલોજીની મદદથી ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે છે. જ્યાં સુધી ભાવિ વર અથવા કન્યામાં કોઇની વધુ જાસૂસી થાય છે. એ સવાલ છે કે નિ:સંદેહ અગાઉની જેમ હાલમાં જાસૂસી વરની વધુ થાય છે. જો દેશના ભૌગોલિક અનુપાતમાં વાત કરીએ તો ઉત્તર ભારતમાં સૌથી વધુ જાસૂસી થાય છે. ખાસ કરીને દિલ્હી, ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા અને બિહારમાં. અહીં લગ્નોમાં છેતરપિંડીના કેસ સૌથી વધુ હોય છે. એટલા માટે લગ્ન કરવા માગતો પરિવાર વરનું બેકગ્રાઉન્ડ ચેક કરાવે છે.

તેનો અર્થ એ નથી કે દક્ષિણ ભારતમાં લગ્નોને લઇને જાસૂસી થતી નથી. ઘણી થાય છે પરંતુ હાઇ પ્રોફાઇલ મામલામાં તો આ ચલણ ઝડપથી વધી રહ્યું છે. ખાસ કરીને ત્યારે જ્યારે છોકરો વિદેશમાં કામ કરતો હોય. મોટાં શહેરોમાં (મુંબઇ, બેંગલુરુ, ચેન્નઇ, હૈદરાબાદ)પણ આ ટ્રેડ ઓછો થવાને બદલે ઝડપથી વધી રહ્યો છે. જ્યાં છોકરાઓ પોતાને ઊંચા પગારવાળી નોકરી હોવાનું કહીને છોકરીઓને લગ્ન માટે ફસાવે છે.

## લગ્નની જાસૂસીમાં આવેલા નવા ફેરફારો

હવે જાસૂસ વર અને કન્યા અંગે તેમની ઓફિસ અથવા પાડોશીઓ પાસેથી જાણકારી એકઠી કરતા નથી પરંતુ તેમની ડિજિટલ દુનિયામાં તપાસ કરે છે. ખાસ કરીને વરની સોશિયલ મીડિયા પ્રોફાઇલ (ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, લિંક્ડઇન, ટ્વિટર)ને જોઇને તેની લાઇફસ્ટાઇલ, તેના મિત્રો અને વિચારધારાની જાણકારી મેળવી લે છે. તેની જૂની પોસ્ટ, લાઇક, કોમેન્ટથી એ સમજી શકાય છે કે તે કઇ વિચારો અથવા આદતો ધરાવે છે. તેની ઓનલાઇન ડેટા ટ્રેકિંગ કરે છે. મોબાઇલ નંબર અને ઇમેઇલ આઇડીમાંથી તેની ઓનલાઇન હાજરી (ઝોમેટો, સ્વિગી, અમેઝોન, ઓલા, ઉબેર)ની હિસ્ટ્રી જોવામાં આવે છે જેથી તેની રહેણીકરણી, ક્યાં આવે-જાય છે. તેની જાણકારી મેળવે છે. ડાર્ક વેબ અને ડેટા લીક વેબસાઇટો પર તેના નામ અને ઓળખની જાણકારીથી આર્થિક સ્થિતિ અને ગુનાહિત રેકોર્ડ કાઢી લે છે.

## વરની નકલી ડિગ્રી અને નોકરીનો પર્દાફાશ

લિંક્ડઇન અને જોબની બતાવવામાં આવેલી કંપનીની વેબસાઇટ પરથી ક્રોસ ચેક કરીને એ જોઇ શકાય છે કે છોકરો જ્યાં નોકરી કહેવામાં આવી છે ત્યાં વાસ્તવમાં કામ કરે છે કે નહીં. ડિગ્રીની પ્રમાણિકતા માટે યુનિવર્સિટી વેબસાઇટ અને સરકારી ડેટાબેઝથી વેરિફિકેશન કરવામાં આવે છે. ફાઇનાન્સિયલ સ્ટેટસ અને લોન હિસ્ટ્રી જાણવા માટે બેન્ક સ્ટેટમેન્ટ, ક્રેડિટ સ્કોર (સિબિલ) અને પ્રોપર્ટી રેકોર્ડ્સની તપાસ કરીને એ જાણી શકાય છે કે ક્યાંક છોકરો દેવામાં તો ડૂબ્યો નથી ને? કન્યાને સામાન્ય રીતે આ પ્રકારની તપાસમાંથી પસાર થવું પડતું નથી. પરંતુ તપાસમાં ઘણીવાર જાણવા મળે છે કે છોકરાએ મોટી લોન લીધી છે જેને તેણે છુપાવી હતી.

## સંબંધોની તપાસ

આ મામલામાં ભાવિ કન્યાના ફોન નંબર પરથી કોલ ડિટેઇલ્સ અને ચેટ હિસ્ટ્રી (વોટ્સએપ, ટેલિગ્રામ)ની તપાસ કરીને એ જોવામાં આવે છે કે તેનું કોઇ અન્ય સાથે કોઇ સિરિયસ અફેર તો નથી ને. ડેટિંગ એપ્સ (ટિંડર, બુમ્બલે) પર કોઇ જૂનું અથવા ગુપ્ત એકાઉન્ટ તો નથી ને. તેની પણ તપાસ કરવામાં આવે છે. વરની નશાની આદતોની પણ જાસૂસી કરવામાં આવે છે. બાર અને ક્લબની વિઝિટ હિસ્ટ્રી, દારૂ અથવા ડ્રગ્સના વ્યસનની જાણકારીઓ ક્લબ અને મિત્રો પાસેથી લેવામાં આવે છે. ડ્રગ્સ અથવા દારૂ પીવાના કેસમાં પોલીસ રેકોર્ડ અને ડોક્ટર સાથે જોડાયેલી ફાઇલો પણ જોવામાં આવે છે.

## નવા જમાનાના જૂઠ કેવા કેવા હોય છે?

અગાઉ જ્યારે ફક્ત સેલેરીમાં આંકડાઓ વધારવા સામાન્ય જૂઠ હતું પરંતુ આજકાલ વર પોતાના સ્ટાર્ટઅપ અથવા પોતાના બિઝનેસ અંગે ખોટું બોલે છે. ઘણીવાર પોતાને એન્ટરપ્રેન્યોર ગણાવનારા વ્યક્તિઓ પાસે વાસ્તવમાં કોઇ નિશ્ચિત અને સ્થિર આવક હોતી નથી. આવા મામલામાં તેમની કંપનીનો જીએસટી નંબર, રજિસ્ટ્રેશન અને ટેક્સ રિટર્ન ચેક કરવામાં આવે છે. અગાઉ બીજા લગ્નનું સત્ય મેળવવું ખૂબ મુશ્કેલ હતું, પરંતુ હવે આધાર, પાન કાર્ડ અને કોર્ટના મેરેજ રેકોર્ડ્સથી સરળતાથી જાણી શકાય છે કે વ્યક્તિ અગાઉથી પરિણીત છે કે નહીં. ખોટા પારિવારીક બેકગ્રાઉન્ડની જાસૂસી કરીને પર્દાફાશ કરવામાં આવે છે. કારણ કે અનેક ભાવિ વર પોતાને કોઇ મોટા બિઝનેસમેન અને સરકારી અધિકારીનો દીકરો ગણાવે છે, પરંતુ ડિજિટલ જાસૂસીથી જાણી શકાય છે કે દાવો ખોટો છે.

## વિદેશ જવા અને પીઆર હોવાની જાસૂસી

કેટલાક છોકરાઓ લગ્ન માટે ખોટું બોલે છે કે તેમની પાસે કેનેડા, અમેરિકા અથવા ઓસ્ટ્રેલિયાના પીઆર (પરમેનન્ટ રેસિડેન્સી) છે એટલા માટે તેની પાસપોર્ટ ટ્રાવેલ હિસ્ટ્રી અને વિઝા સ્ટેટસને સરકારી વેબસાઇટ પરથી વેરિફાઇ કરી શકાય છે. આ ડિજિટલ યુગમાં લગ્ન અગાઉ જાસૂસી કરવા માટેની રીતો આધુનિક અને સચોટ છે. હવે ફક્ત પારિવારિક પૂછપરછથી કામ ચાલતું નથી પરંતુ સોશિયલ મીડિયા, ફાઇનાન્સિયલ રેકોર્ડ, ડેટિંગ એપ્સ અને કાયદાકીય દસ્તાવેજોની પણ તપાસ કરાય છે. અગાઉ ફક્ત છોકરાની નોકરી અને પરિવાર જોવામાં આવતા હતા પરંતુ હવે ડિજિટલ ઓળખ, ફાઇનાન્સિયલ બેકગ્રાઉન્ડ અને પર્સનલ લાઇફની સંપૂર્ણ તપાસ કરવામાં આવે છે. ■



### ગ્લોબલ ફિનોમિના છે વરની જાસૂસી

ફક્ત આપણા દેશમાં લગ્ન અગાઉ જાસૂસીનું ચલણ નથી પરંતુ વિદેશોમાં પણ જાસૂસી થાય છે. હા રીતો અને જે મામલામાં જાસૂસી થાય છે તે આના કરતા અલગ હોય છે. જ્યાં સુધી એ સવાલ છે કે સૌથી વધુ કયા દેશોમાં વરની જાસૂસી કરવામાં આવે તો અમેરિકા, બ્રિટન, કેનેડા અને ઓસ્ટ્રેલિયા સૌથી ઉપર છે. અહીં બેકગ્રાઉન્ડ પ્રોફેશનલ એજન્સીઓ મારફતે ચેક કરવામાં આવે છે. ખાસ કરીને જ્યારે લગ્ન ઓનલાઇન ડેટિંગ એપ મારફતે નક્કી થયા હોય. લોકો ક્રેડિટ સ્કોર, જોબ સ્ટેટ્સ અને ક્રિમિનલ રેકોર્ડ ચેક કરાવે છે. જ્યારે આરબ દેશ (યુએઇ, સાઉદી અરેબિયા, કતાર)માં નિકાહ અગાઉ ખાસ કરીને એ જોવામાં કે છોકરો ધાર્મિક રીતે કટ્ટર છે કે નહીં અને તેની ફાઇનાન્સિયલ સ્ટેટસ કેવું છે. મુસ્લિમ નિકાહમાં છોકરાના પરિવારનો ઇતિહાસ અને ધાર્મિક વિચારોની વધુ તપાસ થાય છે.

ચીન, જાપાન અને કોરિયામાં પણ વર અને અનેકવાર કન્યાની જાસૂસી થાય છે. આ દેશોમાં પણ છોકરીવાળા લગ્ન અગાઉ છોકરાની આર્થિક પરિસ્થિતિ, પરિવારની સંપત્તિ અને ભવિષ્યની યોજનાઓની જાસૂસી કરાવે છે. જાપાનમાં તો છોકરાના કામની સ્થિરતાને જોઇને લગ્ન નક્કી થાય છે. આપણા પાડોશી દેશ પાકિસ્તાનમાં પણ લગ્ન અગાઉ વરની જાસૂસી કરવાનું ચલણ છે, પરંતુ આ ભારતની સરખામણીએ કાંઇક અલગ રીતે થાય છે. અહીં પણ છોકરાવાળા એ સુનિશ્ચિત કરવા માગે છે કે છોકરાની આર્થિક સ્થિતિ સારી છે કે નહીં. ચરિત્ર ઠીક છે કે નહીં, લગ્ન પછી દગો આપવાના ચાન્સ તો નથી ને. પાકિસ્તાનમાં નિકાહ છોકરા અને છોકરી વચ્ચેના નહીં પરંતુ બે પરિવારો વચ્ચેનું જોડાણ માનવામાં આવે છે. એટલા માટે પરિવારના લોકો છોકરાનાં માતા પિતા, દાદા-દાદી અને આખા પરિવારની જાસૂસી કરાવે છે. છોકરાની જાતિ અને સાંસ્કૃતિક બેકગ્રાઉન્ડ જોવામાં આવે છે. ખાસ કરીને સિંધ, પંજાબ, બલુચિસ્તાન અને ખૈબર પખ્તૂનખ્વામાં જ્યાં જાતિય ઓળખ મહત્ત્વપૂર્ણ છે.

### ઉત્તર હોય કે દક્ષિણ, બધા શોધે છે વરરાજાના જૂઠ

જો તમારા મનમાં એ જાણવાની સહજ જિજ્ઞાસા છે કે શું ઉત્તર ભારતની જેમ દક્ષિણ ભારતમાં પણ વરની જાસૂસી કરવામાં આવે છે તો એ સવાલનો જવાબ હા છે. લગ્ન અગાઉ વરની જાસૂસી ફક્ત ઉત્તર ભારત સુધી સીમિત નથી. દક્ષિણ અને મધ્ય ભારતમાં પણ આ ચલણમાં છે, પરંતુ ઉત્તર ભારતની સરખામણીમાં અહીં થનારી વરની જાસૂસીમાં અંતર છે.

#### અલગ અલગ વિસ્તારોમાં વરની જાસૂસી

ઉત્તર ભારત (દિલ્હી, ઉત્તર પ્રદેશ, પંજાબ, બિહાર, રાજસ્થાન, હરિયાણા, મધ્ય પ્રદેશ)માં સામાન્ય રીતે દહેજ અને સ્ટેટ્સની તપાસ કરાય છે.લગ્નમાં મોટા ખર્ચ થતા હોય છે એટલા માટે પરિવાર એ સુનિશ્ચિત કરવા માગે છે કે છોકરો આર્થિક રીતે સ્થિર છે કે નહીં અને દહેજને લઇને કોઇ લાલચ નથી ને. જાસૂસીમાં સરકારી નોકરી પણ ધ્યાનમાં રહે છે. સરકારી નોકરી ધરાવતા છોકરાઓની ડિમાન્ડ વધુ હોવાના કારણે તેમની નોકરી અને સેલેરીને લઇને ખોટું બોલવાના કેસ વધુ સામે આવે છે.

દક્ષિણ ભારત (તમિળનાડુ, કેરળ, કર્ણાટક, આંધ્ર પ્રદેશ, તેલંગણા)માં સૌથી વધુ વરની કુલ, રીતિ રિવાજો અને પરિવારની સામાજિક સ્થિતિની જાસૂસી કરવામાં આવે છે. વિદેશમાં નોકરી કરનારા પર વધુ ધ્યાન અપાય છે. ખાસ કરીને તેમના પર જે અમેરિકા, કેનેડા અથવા ઓસ્ટ્રેલિયામાં કામ કરવાનો દાવો કરતા હોય છે. અહીં આઇઆઇટી અને આઇઆઇએમ અને મેડિકલ પ્રોફેશન સાથે જોડાયેલા છોકરાઓની શાખને લઇને ખૂબ વેરિફિકેશનની જાસૂસી કરવામાં આવે છે કે તેમની ડિગ્રી અસલી છે કે નહીં.

મધ્ય ભારત (મહારાષ્ટ્ર, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, ઓડિશા)માં સૌથી વધુ એ જોવામાં આવે છે કે છોકરાની નોકરી સ્થિર છે કે નહીં. પ્રોપર્ટી અને લોન હિસ્ટ્રી પર ધ્યાન આપવામાં આવે છે. આ ક્ષેત્રમાં મિડલ ક્લાસ પરિવાર વધુ છે એટલા માટે એ પણ જોવામાં આવે છે કે છોકરો દેવામાં તો ડૂબેલો નથી ને. સાથે છોકરાના ક્રિમિનલ રેકોર્ડની પણ જાસૂસી કરવામાં આવે છે. જોકે એ જાણવું હોય કે દેશમાં ક્યા વિસ્તારોમાં સૌથી વધુ વર અને કન્યાની જાસૂસી કરવામાં આવે છે તો નિશ્ચિત રીતે ઉત્તર ભારતમાં સૌથી વધુ જાસૂસી કરવામાં આવે છે. ખાસ કરીને દિલ્હી, ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા અને બિહારમાં. કારણ કે અહીં લગ્નોમાં છેતરપિંડી થવાના કેસ સૌથી વધુ સામે આવે છે. એટલા માટે પરિવાર વરના બેકગ્રાઉન્ડને ચેક કરાવે છે.




# સમજદારીથી રમો અને પુષ્કળ રન બનાવો, મારે મોટી ભાગીદારીઓ જોઈએ છે: ધોની

## સીએસકે પહેલી વાર સીઝનમાં લાગલગાટ પાંચ મૅચમાં પરાજિત: હોમ-ગ્રાઉન્ડમાં પ્રથમ વખત સતત ત્રણ હાર

ચેન્નઈ: ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ની ટીમ આઇપીએલમાં ૨૦૦૮ના આરંભથી માંડીને ૨૦૨૪ સુધીમાં કુલ પાંચ ટાઇટલ જીતી હતી, પરંતુ વર્તમાન સીઝન એવી પહેલી સીઝન છે જેમાં સીએસકેએ કેટલીક અભૂતપૂર્વ નામોશી જોવી પડી છે જેને પગલે આ ટીમનો લેજન્ડરી કૅપ્ટન અને હાલમાં કાર્યવાહક સુકાની બનેલો મહેન્દ્રસિંહ ધોની પોતાના ખેલાડીઓથી નારાજ છે અને છૂપા ક્રોધ સાથેની એ નારાજગી તેણે શુક્રવારે ચેપૉકમાં કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) સામેની કારમી હારને પગલે શબ્દોમાં વ્યક્ત કરી હતી.

ધોનીએ ઇન્ટરવ્યૂમાં પોતાની ટીમ વિશે કહ્યું હતું કે 'અમારા ખેલાડીઓએ વધુ સમજદારીથી રમવું પડશે, પુષ્કળ રન તો કરવા જ પડશે. મારે હવે પછી મોટી ભાગીદારીઓ પણ જોઈએ છે.'

સીએસકેએ હવે પ્લે-ઑફમાં પહોંચવા બાકીની તમામ લીગ મૅચ જીતવી પડશે.

### સીએસકેના ખરાબ રેકૉર્ડ: નારાયણે તોડ્યો અશ્વિનનો વિક્રમ

(૧) સીએસકેની ટીમ પહેલી જ વાર એક સીઝનમાં લાગલગાટ પાંચ મૅચ હારી છે.

(૨) શુક્રવારે કેકેઆર સામેનો આઠ વિકેટના માર્જિનવાળો પરાજય સીએસકે માટે વધુ નાલેશીભર્યો હોવાનું કારણ એ છે કે ચેપૉકના હોમ-ગ્રાઉન્ડ એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં સીએસકેની ટીમ આ સીઝનમાં સતત ત્રીજી મૅચ હારી છે અને એક જ સીઝનમાં સીએસકેના કિસ્સામાં આવું પહેલી જ વાર બન્યું છે.



(૩) ઋતુરાજ ગાયકવાડ કોણીના ફ્રેક્ચરને કારણે આ સ્પર્ધાની બહાર થઈ ગયો છે. ધોનીની કૅપ્ટન્સીમાં સીએસકેની ટીમ બૅટિંગ મળ્યા બાદ નવ વિકેટે માત્ર ૧૦૩ રન કર્યા હતા. ચેપૉકમાં સીએસકેનું આ સૌથી નીચું ટોટલ છે. અગાઉનું લોએસ્ટ ટોટલ ૧૦૯/૧૦ હતું જે સીએસકેની ટીમ ૨૦૧૯માં મુંબઈ ઇન્ડિયન્સ સામે નોંધાવી શકી હતી.

(૪) સીએસકેના ૧૦૩ રન આઇપીએલના ઇતિહાસમાં એનું ત્રીજા નંબરનું સૌથી નીચું ટોટલ છે. એના પહેલા બે નંબરના સૌથી નીચા ટોટલ આ મુજબ છે: ૨૦૧૩માં વાનખેડેમાં મુંબઈ સામે ૭૯ રન અને ૨૦૨૨માં વાનખેડેમાં મુંબઈ સામે ૯૭ રન.

(૫) શુક્રવારે સીએસકેની ઇનિંગ્સમાં ૬૩ બૉલ સુધી એક પણ બાઉન્ડરી (સિક્સર કે ફોર) નહોતી ફટકારવામાં આવી. રાહુલ ત્રિપાઠીએ આઠમી ઓવરના પાંચમા બૉલમાં ફોર ફટકારી ત્યાર પછી છેક ૧૯મી ઓવરના ત્રીજા બૉલમાં શિવમ દુબે ચોક્કો ફટકારી શક્યો હતો.

(૬) ૧૬ મૅચમાં બોલર તરીકે સુનીલ નારાયણની એક પણ ઓવરમાં એક પણ બાઉન્ડરી (ફોર કે સિક્સર) નથી ગઈ. આઇપીએલમાં આ નવો વિક્રમ છે. તેણે આર. અશ્વિનનો આઇપીએલ રેકૉર્ડ તોડ્યો છે. અશ્વિનની ૧૫ મૅચમાં એક પણ ઓવરમાં એકેય બાઉન્ડરી નથી ગઈ. ■

### આઈપીએલ-૨૦૨૫માં કઈ ટીમ કેવી સ્થિતિમાં?

| ટીમ | મૅચ | જીત | હાર | પૉઇન્ટ | રનરેટ |
|---|---|---|---|---|---|
| દિલ્હી | ૪ | ૪ | ૦ | ૮ | +૧.૨૭૮ |
| ગુજરાત | ૬ | ૪ | ૨ | ૮ | +૧.૦૮૧ |
| લખનઊ | ૬ | ૪ | ૨ | ૮ | +૦.૧૬૨ |
| કોલકાતા | ૬ | ૩ | ૩ | ૬ | +૦.૮૦૩ |
| બેંગલૂરુ | ૫ | ૩ | ૨ | ૬ | +૦.૫૩૯ |
| પંજાબ | ૪ | ૩ | ૧ | ૬ | +૦.૨૮૯ |
| રાજસ્થાન | ૫ | ૨ | ૩ | ૪ | -૦.૭૩૩ |
| મુંબઈ | ૫ | ૧ | ૪ | ૨ | -૦.૦૧૦ |
| ચેન્નઈ | ૬ | ૧ | ૫ | ૨ | -૧.૫૫૪ |
| હૈદરાબાદ | ૫ | ૧ | ૪ | ૨ | -૧.૬૨૯ |

(તમામ આંકડા શનિવારની લખનઊ-ગુજરાત મૅચના અંત સુધીના છે)

# અભિષેક શર્મા સામે પંજાબ પરાજિત, આતશબાજીની હરીફાઈમાં હૈદરાબાદ જીત્યું

## સનરાઇઝર્સના ઓપનરના ૧૪૧ રન

હૈદરાબાદ: પંજાબ (૨૪૫/૬)ને અહીં હૈદરાબાદે (૧૮.૩ ઓવરમાં ૨૪૭/૨) હાઇ-સ્કોરિંગ મુકાબલામાં આઠ વિકેટથી હરાવી દીધું હતું. અભિષેક શર્મા (૧૪૧ રન, પંચાવન બૉલ, ૧૦ સિક્સર, ૧૪ ફોર) આખી મૅચનો સુપરસ્ટાર હતો. તેણે આઇપીએલમાં સૌથી વધુ વ્યક્તિગત સ્કોર નોંધાવનાર ભારતીયોમાં કેએલ રાહુલનો અણનમ ૧૩૨ રનનો રેકૉર્ડ તોડ્યો હતો. આઇપીએલના ઇતિહાસમાં તમામ બૅટ્સમેનોમાં ગેઇલના અણનમ ૧૭૫ રન હાઇએસ્ટ અને મૅક્લમના અણનમ ૧૫૮ રન બીજા સ્થાને છે. અભિષેકના ૧૪૧ રન આઇપીએલના શ્રેષ્ઠ બૅટ્સમેનોમાં ત્રીજા નંબરે છે.

અભિષેકે હૈદરાબાદના બૅટ્સમેનોમાં ભૂતપૂર્વ ખેલાડી ડેવિડ વૉર્નરનો ૧૨૬ રનનો રેકૉર્ડ પણ તોડ્યો હતો. અભિષેકની ઓપનર ટ્રૅવિસ હેડ (૬૬ રન, ૩૭ બૉલ, ત્રણ સિક્સર, નવ ફોર) સાથે ૧૭૧ રનની રેકૉર્ડ-બ્રેક ભાગીદારી થઈ હતી. અભિષેકે ૧૯ બૉલમાં હાફ સેન્ચુરી અને ૪૦ બૉલમાં સેન્ચુરી પૂરી કરી હતી. પંજાબના આઠ બોલર અભિષેકને અંકુશમાં નહોતા રાખી શક્યા.

અભિષેકની આતશબાજીથી ટીમની માલિક કાવ્યા મારન બેહદ ખુશ થઈ હતી.

એ પહેલાં, પંજાબના ઓપનર પ્રિયાંશ આર્યએ આ મૅચમાં (૩૬ રન, ૧૩ બૉલ, ચાર સિક્સર, બે ફોર) અને પ્રભસિમરન સિંહ (૪૨ રન, ૨૩ બૉલ, એક સિક્સર, સાત ફોર) વચ્ચેની ૬૬ રનની ઓપનિંગ ભાગીદારી પછી કૅપ્ટન શ્રેયસ ઐયરે (૮૨ રન, ૩૬ બૉલ, છ સિક્સર, છ ફોર) બાજી સંભાળી લીધી હતી.

હૈદરાબાદના ફાસ્ટ બોલર હર્ષલ પટેલે ૪૨ રનમાં ચાર વિકેટ લીધી હતી. ■

# કાર્લસનનું ગુકેશ-અર્જુન સામે બચવું મુશ્કેલ: વિશ્વનાથન આનંદ

મુંબઈ: ચેસમાં ભારતનો વર્લ્ડ ચૅમ્પિયન ડી. ગુકેશ અને બીજો ગ્રૅન્ડમાસ્ટર અર્જુન એરીગૈસી આવતા મહિને નૉર્વેમાં નૉર્વે ચેસ ટૂર્નામેન્ટમાં ભાગ લેશે એ દરમ્યાન તેમની સામે નૉર્વેના જ વર્લ્ડ નંબર-વન ખેલાડી મૅગ્નસ કાર્લસનને જીતવા માટે ભારે સંઘર્ષ કરવો પડશે, એવું ભારતનો ચેસ-લેજન્ડ વિશ્વનાથન આનંદનું માનવું છે.



કાર્લસનનું આવતા મહિને આવી જ બન્યું, સમજો એવા અર્થ સાથે આનંદનું દૃઢપણે માનવું છે કે કાર્લસનને હરાવવા માટે ગુકેશ અને અર્જુન કોઈ કસર નહીં છોડે એટલે કાર્લસન સામેની તેમની ગેમ ભારે રસાકસીભરી બની રહેશે.

આગામી ૨૬મી મેથી છઠ્ઠી જૂન દરમ્યાન નૉર્વેના સ્ટૅવેન્જર સિટીમાં યોજાનારી ચેસ ઇવેન્ટમાં ભારતની બે મહિલા ખેલાડીઓ પણ ભાગ લેશે. એમાં આર. પ્રજ્ઞાનાનંદની મોટી બહેન આર. વૈશાલી અને કૉનેરુ હમ્પીનો સમાવેશ છે.

વિશ્વનાથન આનંદે આ મંતવ્યો તાજેતરમાં મુંબઈમાં સ્પોર્ટ્સ જર્નલિસ્ટ્સ ઍસોસિયેશન ઑફ મુંબઈ (એસજેએએમ) દ્વારા આયોજિત સમારંભમાં વ્યક્ત કર્યા હતા.

આનંદે એવું પણ કહ્યું હતું કે 'ખુદ કાર્લસનને ગુકેશ-અર્જુન જેવા યુવાન ખેલાડીઓ સામે હરીફાઈમાં ઊતરવું ગમે છે. કોલકાતાની ઇવેન્ટ હોય કે વર્લ્ડ રૅપિડ બ્લિટ્ઝ, કાર્લસન ક્યારેય રસાકસીથી ડરતો નથી.'

આનંદે ભારતીય ચેસના મુદ્દે કહ્યું હતું કે 'નૉર્વેની આ મહત્ત્વની ઇવેન્ટમાં ભારતના ચાર ખેલાડી ભાગ લેશે એના પરથી જ સ્પષ્ટ થાય છે કે ભારતમાં ચેસની રમતનો કેટલો બધો વિકાસ થઈ ગયો છે. ખાસ કરીને પુરુષોની ચેસમાં અગાઉ કરતાં વધુ વ્યાપકતા અને સુદૃઢ સ્થિતિ જોવા મળી છે. કૉનેરુ હમ્પી હજી પણ અગાઉ જેવી જ સફળતાઓ સાથે હરીફાઈઓમાં ભાગ લઈ રહી છે એ જોઈને મને ખૂબ આનંદ થઈ રહ્યો છે.' ■

# સીએસકેના હાઈએસ્ટ ૬૧ ડૉટ-બૉલ, હવે બીસીસીઆઈ 30,૫00 છોડ રોપશે!

ચેન્નઈ: ચેન્નઇ સુપર કિંગ્સ (સીએસકે)ની ટીમ શુક્રવારે ચેપૉકના હોમ-ગ્રાઉન્ડ પર કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) સામે અનેક ખરાબ રેકોર્ડ સાથે હારી ગઈ એ પરાજયને સીએસકેના કરોડો ચાહકો ભૂલવાની કોશિશ કરશે, પરંતુ આ ટીમથી આડકતરી રીતે એક બહુ સારું કામ થયું છે. આ ટીમને કારણે હવે બીસીસીઆઈ ૩૦,૫૦૦ વૃક્ષ રોપશે.

વાત એવી છે કે કેકેઆર સામેની આ મૅચમાં સીએસકેની ઇનિંગ્સમાં હાઈએસ્ટ ૬૧ ડૉટ-બૉલ નોંધાયા હતા. બીસીસીઆઈનો ટાટા ગ્રુપ સાથે કરાર છે જે હેઠળ બીસીસીઆઈએ પ્રૉમિસ આપ્યું છે કે આઇપીએલમાં નોંધાતા પ્રત્યેક ડૉટ-બૉલ સામે તેઓ ૫૦૦ વૃક્ષનું રોપણ કરાવશે. બે વર્ષ પહેલાં શરૂ કરેલા આ હરિત અભિયાન બદલ બીસીસીઆઈની ખૂબ પ્રશંસા થઈ રહી છે.

આઇપીએલની દરેક મૅચમાં ડૉટ-બૉલ વખતે સ્ક્રીન ગ્રાફિક્સમાં ઝાડનું પ્રતીક બતાવવામાં આવે છે.

શુક્રવારની મૅચમાં સીએસકેના દાવમાં કુલ ૬૧ ડૉટ-બૉલ હતા. એ જોતાં, બીસીસીઆઈ આ ઇનિંગ્સને ધ્યાનમાં લઈને (૬૧X૫૦૦) કુલ ૩૦,૫૦૦ છોડ વાવશે.



ચેન્નઈની ટીમે સેલિબ્રિટીઝ સહિત અસંખ્ય ચાહકોને ખૂબ નિરાશ કર્યાં હતા. (બીસીસીઆઇ)

સીએસકે (૨૦ ઓવરમાં ૧૦૩/૯) સામેની આ મૅચમાં કેકેઆર (૧૦.૧ ઓવરમાં ૧૦૭/૨)ની ટીમે ૫૯ બૉલ બાકી રાખીને આઠ વિકેટના માર્જિનથી વિજય મેળવી લીધો હતો.

કેકેઆરના કૅરિબિયન ઑલરાઉન્ડર સુનીલ નારાયણ (૧૩ રનમાં ત્રણ વિકેટ અને પાંચ સિક્સર તથા બે ફોરની મદદથી ૧૮ બૉલમાં ૪૪ રન)ને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ■

# ટૉપ-ઑર્ડરની હરીફાઈમાં ગુજરાત ન ફાવ્યું, લખનઊએ વિજયરથ અટકાવ્યો

## માર્કરમ-પૂરનની જોડીએ ગિલ-સુદર્શનની ભાગીદારીને ઝાંખી પાડી

લખનઊ: લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)એ અહીં આજે ગુજરાત ટાઇટન્સ (જીટી) સામે રસાકસીમાં પરિણમેલી મૅચમાં અને ખાસ કરીને ટૉપ-ઑર્ડરના બૅટ્સમેનો વચ્ચેની હરીફાઈમાં ફક્ત ત્રણ બૉલ બાકી રાખીને છ વિકેટના માર્જિનથી વિજય મેળવ્યો હતો. લખનઊએ ૧૮૧ રનનો લક્ષ્યાંક મળ્યા બાદ ૧૯.૩ ઓવરમાં ચાર વિકેટે ૧૮૬ રન બનાવીને સતત ત્રીજો વિજય મેળવ્યો હતો. લખનઊએ આ સાથે, છેલ્લી પાંચમાંથી ચાર જીતી લીધી છે અને આ મૅચને અંતે પૉઇન્ટ્સ-ટેબલમાં ત્રીજું સ્થાન હાંસલ કર્યું હતું, જ્યારે ગુજરાતની ટીમ બીજા નંબર પર જ હતી.

લખનઊના મેદાન પર ૧૮૧ રનનો આ સફળ ચેઝ બીજા નંબરે છે. એઇડન માર્કરમ મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર જીત્યો હતો. તેણે બે કૅચ ઝીલ્યા બાદ ૫૮ રન કર્યા હતા.

ટૉપ-ઑર્ડરના બૅટ્સમેનોમાં ગુજરાતના શુભમન ગિલ અને સાઇ સુદર્શનની ૧૨૦ રનની ભાગીદારીને લખનઊની બે પાર્ટનરશિપે ઝાંખી પાડી દીધી હતી. પહેલાં ઓપનર અને કૅપ્ટન રિષભ પંત (૨૧ રન, ૧૮ બૉલ, ચાર ફોર) તથા બીજા ઓપનર એઇડન માર્કરમ (૫૮ રન, ૩૧ બૉલ, એક સિક્સર, નવ ફોર) વચ્ચે ૬૫ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી. ત્યાર બાદ પંતની વિકેટ પડ્યા બાદ માર્કરમ અને નિકોલસ પૂરન (૬૧ રન, ૩૪ બૉલ, સાત સિક્સર, એક ફોર) વચ્ચે બીજી વિકેટ માટે ૫૮ રનની ભાગીદારી થઈ હતી. લખનઊએ ગુજરાતનો વિજયરથ રોક્યો છે.

મિચલ માર્શ પુત્રીની તબિયત સારી ન હોવાને કારણે નહોતો રમ્યો અને તેની ગેરહાજરીમાં માર્કરમ અને પૂરને પૂરી જવાબદારી સંભાળી લીધી હતી. તેમની વિકેટ પડ્યા બાદ ડેવિડ મિલર (સાત રન) સસ્તામાં આઉટ થઈ ગયો હતો અને મૅચ છેલ્લી ઓવર સુધી લંબાઈ હતી. જોકે આયુષ બદોની (૨૮ અણનમ, ૨૦ બૉલ, એક સિક્સર, બે ફોર) એકલા હાથે બાજી સંભાળીને લખનઊને વિજય અપાવીને રહ્યો હતો. સ્પિનર સાઇ કિશોરની ૨૦મી ઓવરમાં લખનઊએ જીતવા છ રન બનાવવાના હતા. બદોનીએ બીજા બૉલમાં ફોર અને ત્રીજા બૉલમાં સિક્સર ફટકારીને સ્ટાઇલમાં લખનઊને જીત અપાવી હતી. સાઇ કિશોરના નવ બૉલમાં ૩૫ રન બનતાં તે ખૂબ ખર્ચાળ સાબિત થયો હતો. અબ્દુલ સામદ બે રને અણનમ રહ્યો હતો. ગુજરાતના બોલર્સમાં ઇમ્પૅક્ટ પ્લેયર પ્રસિદ્ધ ક્રિષ્નાએ સૌથી વધુ બે વિકેટ તેમ જ રાશીદ ખાન અને વૉશિંગ્ટન સુંદરે એક-એક વિકેટ લીધી હતી.



એ પહેલાં, ગુજરાતે પ્રથમ બૅટિંગ મળ્યા બાદ ધમાકેદાર શરૂઆત કરી હતી અને પહેલી વિકેટ માટે ૧૨૦ રનની ભાગીદારી કરી હતી, પરંતુ ત્યાર બાદ લખનઊના બોલર્સે એવી બ્રેક મારી કે ગુજરાતની ટીમનો સ્કોર ૨૦મી ઓવરને અંતે મર્યાદિત રહ્યો હતો. ગુજરાતે છ વિકેટે ૧૮૦ રન કરીને યજમાન લખનઊને ૧૮૧ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ગુજરાતે છેલ્લી છ વિકેટ ૬૦માં ગુમાવી દીધી હતી.

ગુજરાતના કૅપ્ટન શુભમન ગિલ (૬૦ રન, ૩૮ બૉલ, એક સિક્સર, છ ફોર) અને ઇન્ફૉર્મ બૅટ્સમૅન સાઇ સુદર્શન (૫૬ રન, ૩૭ બૉલ, એક સિક્સર, સાત ફોર) વચ્ચે ૧૨.૧ ઓવરમાં ૧૨૦ રનની ભાગીદારી થઈ હતી. ગિલ-સુદર્શનની વિદાય બાદ ગુજરાતનો બીજો કોઈ પણ બૅટ્સમૅન પચીસ રન સુધી પણ નહોતો પહોંચી શક્યો. લખનઊના શાર્દુલ અને બિશ્નોઈએ બે-બે વિકેટ તથા દિગ્વેશ રાઠી અને આવેશ ખાને એક-એક વિકેટ લીધી હતી. ■

# 'યુરોપમાં ક્રિકેટની મૅચો કોઈ નથી જોતું' ...બેલ્જિયમના ફૂટબૉલ ખેલાડીએ કર્યો બફાટ

લંડન: યુરોપમાં હાલમાં ક્રિકેટ બીજા નંબરની સૌથી લોકપ્રિય રમત છે, પરંતુ મૂળ બેલ્જિયમનો અને પ્રોફેશનલ ફૂટબૉલમાં મેન્ચેસ્ટર સિટી નામની ટોચની ટીમ વતી રમતો કેવિન ડિબ્રુઇની કહે છે કે આ વાત સાવ ખોટી છે.

ડિબ્રુઇનીએ બફાટ કરતા કહ્યું છે કે યુરોપ ખંડમાં ક્રિકેટની રમત લોકપ્રિય છે જ નહીં.

ડિબ્રુઇની અને મેન્ચેસ્ટર સિટી વતી તેની સાથે રમતા ખેલાડી જેમ્સ મૅકેટીએ એક કવીઝ શૉમાં ભાગ લીધો હતો જેમાં તેમને યુરોપમાં સૌથી લોકપ્રિય પાંચ રમત કઈ? એ સવાલ પૂછ્વામાં આવ્યો હતો.

બન્ને પ્લેયરના જવાબ પછી આ શૉના એન્કરે પાંચ રમતોની યાદી જાહેર કરી ત્યારે એમાં ક્રિકેટનું નામ વાંચીને ડિબ્રુઇનીને આંચકો લાગ્યો હતો.

એ લિસ્ટમાં સૌથી લોકપ્રિય પાંચ રમત આ મુજબ બતાવવામાં આવી હતી ફૂટબૉલ, ક્રિકેટ, બાસ્કેટબૉલ, ટેનિસ અને ફોર્મ્યુલા વન.



જોકે ડિબ્રુઇનીએ આ યાદી વાંચીને કહ્યું કે આ સાવ ખોટું છે. યુરોપમાં ક્રિકેટ કોઈ નથી જોતું અને આ લિસ્ટમાં ક્રિકેટને બીજા નંબર પર બતાવવામાં આવી છે એ પણ ઠીક નથી. સાચું કહું તો યુરોપમાં ક્રિકેટની મૅચો કોઈ જોતું હોય એવી કોઈ વ્યક્તિ મારા ધ્યાનમાં નથી આવી.'

ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)માં યુરોપમાંથી ૩૩ દેશો મેમ્બર તરીકે જોડાયેલા છે. ક્રિકેટની રમતના જનક ગણાતા ઇંગ્લૅન્ડ ઉપરાંત આયરલૅન્ડ વર્ષોથી ક્રિકેટની રમતમાં જાણીતો દેશ છે જ, સ્કૉટલૅન્ડ અને નેધરલૅન્ડ્સ સહિત અનેક યુરોપિયન દેશોમાં ક્રિકેટ હવે લોકપ્રિય થઈ ગઈ છે. ડિબ્રુઇની જે દેશ (બેલ્જિયમ)નો છે ત્યાં પણ હવે ક્રિકેટ ખૂબ રમાય છે અને બેલ્જિયમની ટીમ ક્રિકેટની સ્પર્ધાઓમાં ભાગ પણ લેતી હોય છે.

ટી-૨૦ ક્રિકેટની લોકપ્રિયતા વધી છે ત્યારથી હંગેરી અને સર્બિયા જેવા યુરોપિયન દેશો પણ રમતા થયા છે.

ક્રિકેટની રમત ભલે ફૂટબૉલ જેટલી વ્યાપક સ્તરે લોકપ્રિય નથી, પરંતુ 'જેન્ટલમેન્સ ગેમ' તરીકે જાણીતી આ રમતનો ફેલાવો વિશ્વભરમાં થઈ જ રહ્યો છે.ઑલિમ્પિક્સના ઇતિહાસમાં ૧૨૮ વર્ષ બાદ હવે ૨૦૨૮ની લૉસ ઍન્જેલસ ઑલિમ્પિક્સમાં ક્રિકેટને સામેલ કરવામાં આવી છે જેમાં પુરુષો અને મહિલાઓ બંનેની ટી-૨૦ ટૂર્નામેન્ટ રમાશે.

શૉના એન્કરે જ્યારે ડિબ્રુઇનીને કહ્યું કે જગતમાં ક્રિકેટની રમત બીજા નંબરની સૌથી લોકપ્રિય રમત છે જ.' એ સાંભળીને ડિબ્રુઇની બોલ્યો, શું? યુરોપના લોકો ક્રિકેટ જુએ છે? ના રે ના. હું જરાય નથી માનતો.'

ડિબ્રુઇનીએ એવું પણ કહ્યું હતું કે હું ઘણી રમતને ફૉલો કરું છું પણ ક્રિકેટ તો નહીં જ.'

ડિબ્રુઇનીની આ વાત સાંભળીને સ્ટુડિયોમાં બધા હસી પડ્યા હતા.

ડિબ્રુઇનીએ મૅન્ચેસ્ટર સિટીની ટીમ છોડી દીધી છે અને આ તેની છેલ્લી સીઝન છે. ■

# મિચલ માર્શ પુત્રી બીમાર હોવાને કારણે ન રમ્યો

લખનઊ: ગઈ કાલે લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)ને ગુજરાત જાયન્ટ્સ (જીટી) સામેની મૅચની શરૂઆત પહેલાં જ એક ઝટકો લાગ્યો હતો જેમાં લખનઊની ટીમના ઓપનર મિચલ માર્શે મૅચ અગાઉ થોડી વાર પહેલાં જ ન રમવાનો નિર્ણય ટીમ-મૅનેજમેન્ટને જણાવ્યો હતો. માર્શની છ મહિનાની દીકરી બીમાર છે અને તેની કાળજી લેવાના હેતુથી માર્શે ગુજરાત સામેની આ મૅચમાં રમવાનું ટાળ્યું હતું.

ટૉસ વખતે લખનઊના કૅપ્ટન રિષભ પંતને પૂછવામાં આવ્યું કે 'ટીમમાં કોઈ ફેરફાર કર્યો છે?'

પંતે જવાબમાં કહ્યું, 'મિચલ માર્શ નથી રમી રહ્યો, કારણકે તેની પુત્રીની તબિયત સારી નથી. તેના સ્થાને અમે ટીમમાં બૅટ્સમૅન હિમ્મત સિંહને સમાવ્યો છે.'

માર્શે આ વખતની આઇપીએલમાં ૭૨, ૫૨, ૦, ૬૦ અને ૮૧ રનના સ્કોર સાથે સારું પર્ફોર્મ કર્યું છે. તેણે પાંચ મૅચમાં કુલ ૨૪૫ રન કર્યા છે.

મિચલ માર્શની પત્ની ગ્રેટાએ નવેમ્બરમાં (ભારત સામેની ટેસ્ટ-સિરીઝના થોડા દિવસ પહેલાં) પુત્રીને જન્મ આપ્યો હતો. માર્શ-ગ્રેટાનું આ પહેલું જ સંતાન છે.

માર્શ-ગ્રેટાએ એપ્રિલ, ૨૦૨૩માં લગ્ન કર્યા હતા. ■





મિચલ માર્શની પત્ની ગ્રેટાએ નવેમ્બરમાં (ભારત સામેની ટેસ્ટ-સિરીઝના થોડા દિવસ પહેલાં) પુત્રીને જન્મ આપ્યો હતો. માર્શ-ગ્રેટાનું આ પહેલું જ સંતાન છે





(ઉપર) રાજકોટમાં હનુમાન જયંતી નિમિત્તે રામનાથ પરા પાસે આવેલા બડે બાલાજી મંદિરથી સાંજે ૫.30 વાગે શોભા યાત્રા નીકળી હતી જે શહેરમાં ફરી હતી. (ડાબે) હનુમાન જયંતી નિમિત્તે જૂનાગઢમાં ગિરનાર તળેટીમાં આવેલા લંબે હનુમાન મંદિરમાં મોટી સંખ્યામાં ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

(તસવીર-પ્રવીણ સેદાણી, હરેશ સોની)

# સાળંગપુરમાં ઉજવાયો ભવ્ય ગુજરાતનો સૌથી મોટો હનુમાન જન્મોત્સવઃ શ્રીકષ્ટભંજનદેવને દિવ્ય છપ્પનભોગ ધરાવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ સાળંગપુર ધામમાં શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે તારીખ ૧૧ અને ૧૨ એપ્રિલ-૨૦૨૫ને શુક્રવાર-શનિવારના રોજ દાદાના દરબારમાં શ્રીહનુમાન જયંતી મહોત્સવ ભવ્યાતિભવ્ય ઉજવણી થઈ હતી. સવારે મંગળા આરતી સમયે લાખો ભક્તો મંદિર પરિસરમાં ઉમટ્યા હતા. ભવ્ય આતશબાજી કરવામાં આવી હતી. પછી શણગાર આરતી કરવામાં આવી હતી જેમાં પણ લાખો ભક્તોદાદાની આરતીનો અનેરો લહાવો લીધો હતો. આ દરમિયાન હનુમાનજીએ સુવર્ણ વાઘામાં ભક્તોને દર્શન આપ્યા હતા. મહત્ત્વનું છે કે હનુમાન જયંતીના દિવસે સાળંગપુર હનુમાનજી મંદિરે કષ્ટભંજન દેવ દાદાના દર્શને ૭થી ૧૦ લાખ ભક્તો ઉમટ્યા હતા. હનુમાન જયંતીના દિવસે તા. ૧૨ને શનિવારે સવારે ૫ કલાકે મંગળા આરતી વખતે ભવ્ય આતશબાજીથી કષ્ટભંજનદેવનું સ્વાગત કરાયું હતું. ૭ કલાકે કષ્ટભંજનદેવ દાદા સુવર્ણ વાઘા ધારણ કરીને ભક્તોને દર્શન આપ્યાં હતાં. સવારે ૭.૩૦ કલાકે ૫૧,૦૦૦ બલૂનડ્રોપથી ભક્તોનું સ્વાગત કરાયું હતું. ૨૫૦ કિલો કેકનું કટીંગ કરી હજારો ભક્તો હનુમાન ભક્તિમાં ડીજેના તાલે ઝૂમી ઊઠ્યા હતા. બપોરે ૧૧:૩૦ કલાકે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને દિવ્ય છપ્પનભોગ અન્નકૂટ આરતી વડતાલ ગાદી પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય મહારાજ રાકેશપ્રસાદજી દ્વારા કરવામાં આવી હતી અને દાદાના દર્શને આવતા તમામ ભક્તો માટે ૧૦ કલાકે મહાપ્રસાદનો પ્રારંભ થયો હતો.

આ દરમિયાન હનુમાન જયંતીના દિવસે દાદાના દરબારમાં સવારે ૭ વાગ્યે સમુહ મારૂતિ યજ્ઞ યોજાયો હતો. જેમાં આચાર્ય મહારાજ રાકેશપ્રસાદજી દ્વારા બપોરે ૧૨:૦૦ કલાકે યજ્ઞમાં શ્રીફળ હોમી પૂર્ણાહુતી કરવામાં આવી હતી. સંતો અને ૧ હજારથી વધુ હરિભક્તો યજ્ઞમાં બેસવાનો લાભ લીધો હતો. દેશના વિવિધ પ્રાંતમાંથી આવેલા ૫૦થી વધુ બ્રાહ્મણો આ યજ્ઞ કરાવ્યો હતો. મંદિરની યજ્ઞશાળામાં શ્રી હનુમત બીજમંત્ર અનુષ્ઠાન,વેદ અનુષ્ઠાન, પંચમુખી સમૂહ મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ■

# હનુમાન જયંતી પર ભુરખિયા દાદાના દર્શને ઊમટ્યા ભક્તોઃ લાઠી તાલુકાના મંદિરે રાત્રે હજારો પદયાત્રીઓએ દર્શન કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં આવેલા ભુરખિયા હનુમાન દાદાના મંદિરે હનુમાન જયંતી નિમિત્તે ભવ્ય ઉજવણી કરવામાં આવી. મંદિરમાં ભજન-કીર્તન સાથે ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

રાત્રિ દરમિયાન હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓએ પદયાત્રા કરીને ભુરખિયા દાદાના દર્શન કર્યા. પદયાત્રીઓની સુવિધા માટે સામાજિક અગ્રણીઓ અને વિવિધ સંસ્થાઓએ માર્ગ પર અનેક સ્થળોએ પાણી, છાશ, શરબત અને ચાના સ્ટોલ ઊભા કર્યા હતા. આ વ્યવસ્થાથી પદયાત્રીઓને કોઈ મુશ્કેલી ન પડે તેની કાળજી રાખવામાં આવી હતી.

રાત્રિ દરમિયાન વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરિયા, સાંસદ ભરત સુતરિયા અને ધારાસભ્ય જનક તળાવિયા સહિતના રાજકીય નેતાઓએ પણ શ્રદ્ધાળુઓ વચ્ચે ફરીને વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. સાંસદ ભરત સુતરિયાએ વિવિધ સ્ટોલ પર જઈને પદયાત્રીઓને પાણી વિતરણમાં સહયોગ આપ્યો હતો.

આ વર્ષે પણ પરંપરા મુજબ રાત્રિના સમયે વધુ સંખ્યામાં શ્રદ્ધાળુઓએ પદયાત્રા કરી. રાજ્ય અને દેશભરમાં હનુમાન જયંતીની ભવ્ય ઉજવણી અંતર્ગત પ્રસિદ્ધ હનુમાન મંદિરોમાં ભક્તોની ભીડ જોવા મળી હતી. ■

# ઐતિહાસિક માધવપુર ઘેડના મેળામાં ૬.૭૬ લાખથી વધુ શ્રદ્ધાળુઓની મુલાકાત

અમદાવાદઃ ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ તેમજ રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સંયુક્ત ઉપક્રમે માધવપુર ઘેડ મેળાનું પોરબંદર ખાતે ગત તા. ૬ થી ૧૦ એપ્રિલ સુધી ૫ દિવસ માટે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ભગવાન શ્રી કૃષ્ણએ રાણી રૂક્ષ્મણી સાથે પોરબંદરના માધવપુરમાં લગ્ન કર્યા હતા તેની યાદમાં દર વર્ષે સાંસ્કૃતિક મેળાના સ્વરૂપમાં માધવપુર ખાતે ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે ગુજરાત સહિત દેશભરના ૬,૭૬,૩૦૮ જેટલા શ્રદ્ધાળુઓ માધવપુર ઘેડ મેળામાં સહભાગી થયા હતા. માધવપુર ખાતે દર રોજ સાંજે ગુજરાત તથા નોર્થ ઇસ્ટના કૂલ ૧૬૮૫ કલાકારો દ્વારા દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની ભવ્ય પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ વર્ષે માધવપુર ઘેડ મેળાની ઉજવણી સમગ્ર ગુજરાતમાં કરવામાં આવી હતી. ગુજરાત સહિત ઉત્તરપૂર્વના ૮ રાજ્યો - 'અષ્ટલક્ષ્મી' માધવપુર ઘેડ મેળામાં સહભાગી થયા હતા. ગુજરાત અને નોર્થ ઈસ્ટની વિવિધ ભવ્ય સાંસ્કૃતિક પ્રસ્તુતિઓએ અનોખું આકર્ષણ જમાવ્યું હતું. ■

# ગુજરાતના જૂનાગઢ જિલ્લાની થશે કાયાપલટ, સરકારે ૬૩૪ કરોડના વિકાસ કાર્યોની જાહેરાત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર દરેક જિલ્લાના વિકાસ માટે કટિબદ્ધ છે. જે અંતર્ગત આજે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જૂનાગઢ જિલ્લાના વિસાવદર માર્કેટ યાર્ડ ખાતેથી વિસાવદર સહિત જૂનાગઢ જિલ્લાના ૬૩૪ કરોડના કરોડના વિકાસ કામોની જાહેરાત અને ૯૪ કરોડના કામોની ભેટ આપી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે સરકાર વિકાસ માટે જોઈએ એટલાં નાણાં આપશે. સ્થાનિક ટીમ સંકલન કરીને નવાં વિકાસ કામોની પણ દરખાસ્ત મોકલી આપે.

મુખ્યપ્રધાને જૂનાગઢ જિલ્લામાં રૂ.૬૩૪ કરોડથી વધુના નવાં કામોની જાહેરાત કરી હતી. ૯૪ કરોડના ઇ - ખાતમુહુર્ત અને લોકાર્પણ સહિત વિકાસ કાર્યોની ભેટ આપી હતી. મુખ્યપ્રધાને જૂનાગઢ જિલ્લાની ૫ વિધાનસભા વિસ્તાર માટે રોડ રસ્તા સહિતના વિકાસકામો માટે અંદાજે રૂપિયા ૬૩૪ કરોડની ફાળવણીની જાહેરાત કરી હતી. જેમાં વિસાવદરમાં રોડ રસ્તા માટે અંદાજે રૂપિયા ૨૫૯ કરોડ ઉપરાંત રૂપિયા ૫૫ કરોડના ખર્ચે અધ્યતન સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના નિર્માણના કામનો સમાવેશ થાય છે.

મુખ્યપ્રધાને વિસાવદર માર્કેટિંગ યાર્ડ ખાતે રૂ. ૩૬.૯૫ કરોડના વિકાસ કાર્યોનું ઈ લોકાર્પણ કર્યું હતું. જેમાં વંથલી ખાતે ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડના ગોડાઉન કોમ્પલેક્ષ,જિલ્લા પંચાયત જૂનાગઢ સંચાલિત સ્પોર્ટ્સ કલબમાં બોક્સ ક્રિકેટ, ટેબલ ટેનિસ, જીમ,આર્ચરી જેવી સુવિધાઓના કામનું, જૂનાગઢ શહેર ખાતે બીઆરસી ભવનના બાંધકામ, કેશોદ ખાતે ગવર્મેન્ટ ગર્લ્સ હાઇસ્કૂલના કામનું અને વિસાવદર ખાતે જૂનાગઢ જિલ્લા સહકારી બેંકની બે શાખાઓનું નવીનીકરણ અને પાંચ મંડળીઓને માઇક્રો એટીએમ વિતરણ કર્યું હતું. મુખ્ય પ્રધાને રૂ. ૫૭.૧૩ કરોડના વિવિધ કામોનું ઈ ખાતમુહૂર્ત કર્યું હતું. જેમાં જૂનાગઢ શહેર ખાતે નવી આઈટીઆઈ બિલ્ડીંગના બાંધકામ, જૂનાગઢ શહેર ખાતે જિલ્લા પંચાયત જૂનાગઢ સંચાલિત સ્પોટ્ર્સ કલબમાં બેડમિન્ટન કોર્ટના કામનું, જૂનાગઢ શહેર ખાતે સબ રજિસ્ટ્રાર કચેરી, તથા સીટી સર્વે કચેરી અને માળિયાહાટીના ખાતે મામલતદાર કચેરીના બાંધકામનું, માર્ગ અને મકાન વિભાગ રાજ્ય અંતર્ગત રોડના રિસરફેસિંગના કુલ ચાર કામોનું, માર્ગ અને મકાન વિભાગ પંચાયત અંતર્ગત રોડના રિસર્ફેસિંગના કુલ છ કામોનું ઈ ખાતમુહૂર્ત યોજાયું હતું. ■

# ઝાલાવાડમાં માર્ચ મહિનામાં ઝાડાના ૪૦૧ અને શરદી-ઉધરસના ૩૧૫ કેસ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લામાં ગરમીમાં પણ લોકોને વિવિધ રોગોમાં સપડાઇ રહ્યા છે. જેની અસર આરોગ્ય પર પડતા જિલ્લાની સરકારી હૉસ્પિટલોમાં તા. ૧ થી ૩૧ માર્ચ-૨૦૨૫ સુધીમાં ઝાડાના ૪૦૧, શરદી-ઉધરસના ૩૧૫, ડેન્ગ્યૂના ૨, ચિકનગુનિયાના ૧ અને ઝેરી મેલેરિયાનો ૧, કમળાના ૪ તેમ જ ટાઇફોડના ૨ કેસ ધ્યાને આવ્યા હતા. જિલ્લાના શહેરી તેમ જ ગ્રામ્ય વિસ્તારોમાં ગંદા સહિતના પાણીના કારણે પણ મચ્છર સહિતના જીવજંતુઓનો ઉપદ્રવો વધી રહ્યો છે, પરંતુ હાલ લોકો વિવિધ રોગચાળાનો ભોગ બની રહ્યા છે. અને આથી જ ઠેર ઠેર માંદગીની ફરિયાદો ઊઠી છે. અને વાઇરલ ઇન્કેફકેશન સહિતના અનેક રોગોમાં લોકો સપડાઇ રહ્યા છે.

પરિણામે સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૧ થી ૩૧ માર્ચ સુધીમાં કુલ ઓપીડી ૧,૨૦,૫૨૪ની નોંધાઇ હતી. જેમાં ઝાડાના ૪૦૧, શરદી-ઉધરસના ૩૧૫ તેમ જ કમળાના ૪,ટાઇફોડના બે કેસ નોંધાયા હતા, જ્યારે મેલેરિયા, ડેન્ગ્યૂ, ચિકનગુનિયાના કેસો માટે કુલ ૪૨,૩૬૫ લોકોના લોહીના નમૂના લેવામાં આવ્યા હતા. જેમાં ૨ સાદા તેમજ ૧ ઝેરી મેલેરિયા ધ્યાને આવ્યો હતો.

આ ઉપરાંત ૩૧ લોકોના લોહીના સેમ્પલો લેતા તેમાંથી ૨ પોઝિટિવ ડેન્ગ્યૂ તેમજ ૯ લોકોના લોહીના નમૂનામાંથી ૧ ચિકનગુનિયા પોઝિટિવ આવ્યો હતો. જિલ્લામાં રોગચાળો વધુ ન ફેલાય તે માટે સીડીએચઓ ડૉ. બી.જી.ગોહિલ, ડીએમઓ ડો. જયેશભાઈ રાઠોડના માર્ગદર્શન નીચે ૬૫૦ સર્વેલન્સ તેમ જ ૨૦ વેક્ટરની ટીમ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં શહેરી તેમ જ ગ્રામ્ય વિસ્તારોમાં સર્વેલન્સ હાથ ધરાયો હતો. આરોગ્ય ટીમો દ્વારા લોકોને ક્લોરિન ટેબલેટો સહિતનું વિતરણ કરાયુ હતું. ■

# કચ્છ અને કચ્છના અખાતમાં આવેલા ચેરિયાનાં જંગલોના વૈજ્ઞાનિક સંશોધન માટે નારાયણ સરોવરમાં આધુનિક રિસર્ચ સેન્ટર બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગ્લોબલ વોર્મિંગ સામે ઢાલ બનીને વાતાવરણના રક્ષણ માટે મહત્ત્વનું યોગદાન આપનારા ચેરના જંગલોનો વિશાળ વિસ્તાર સમગ્ર ગુજરાતમાં એકમાત્ર કચ્છ અને કચ્છના અખાતમાં આવેલો છે, ત્યારે આ ચેરિયાનાં સંરક્ષણ અને સંવર્ધન માટે વૈજ્ઞાનિક ઢબે પહેલ કરવામાં આવે એ હેતુથી જાપાનની એજન્સીએ આ રણપ્રદેશમાં આવેલા પવિત્ર તીર્થધામ એવા નારાયણ સરોવરની પસંદગી કરી છે અને આગામી સમયમાં ગુજરાતમાં પ્રથમ મેન્ગ્રુવ રિસર્ચ સેન્ટર બનાવવાનો નિર્ણય લેવાયો હતો.

અફાટ સમુદ્ર વચ્ચે ચેરિયાના સંવર્ધન સેન્ટરનું નિર્માણ કરવામાં આવ્યું છે અને ભવિષ્યમાં કચ્છની પ્રવાસન સર્કિટમાં સમાવેશ કરી ખાસ બોટમાં પર્યટકોને લઇ જવાની યોજના છે ત્યારે કાંઠા પર પણ અભ્યાસ કેન્દ્ર બને તેવી યોજના અમલમાં મૂકવામાં આવી છે. કચ્છના કોરીક્રિક વિસ્તારમાં પડાણાબેર પર પશ્ચિમ વન વિભાગ દ્વારા ચેર સંવર્ધન કેન્દ્રનો પ્રારંભ થઇ ચૂક્યો છે, જયારે નારાયણ સરોવર વિસ્તારમાં ગીર જેવા સફારી માર્ગ બનાવવાનાં કાર્યની શરૂઆત થઇ ચૂકી છે. કચ્છના જગવિખ્યાત પ્રવાસનને વેગ આપવા માટે જાપાનની સંસ્થા આગળ આવી હોવાનું પશ્ચિમ વન વિભાગના ડી.એફ.ઓ. યુવરાજસિંહ ઝાલાએ જણાવ્યું હતું.

તેઓના જણાવ્યા પ્રમાણે, વિવિધ પ્રકારની ભૌગોલિક સ્થિતિ ધરાવનારા કચ્છના સમુદ્ર કિનારાના વિસ્તારોમાં આવેલાં મેન્ગ્રુવનાં ગાઢ જંગલ પર્યાવરણ, જૈવ વૈવિધ્ય અને આર્થિક વિકાસ માટે ઉપયોગી છે. ગુજરાતમાં મુખ્યત્વે કચ્છ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં ચેરનાં જંગલો જોવા મળે છે. ભારતમાં પશ્ચિમ બંગાળ બાદ ગુજરાતમાં સૌથી વધુ આવરણ આવેલું છે, જ્યારે ગુજરાતમાં જંગલોનો સૌથી મોટો વિસ્તાર કચ્છ જિલ્લામાં તથા કચ્છના અખાતમાં આવેલો છે.

કચ્છના અખાત તેમ જ કચ્છ જિલ્લામાં મુખ્યત્વે એવિશીનિયા મરીનાનાં જંગલો આવેલાં જોવા મળે છે.

ચેરિયા કાર્બનને શોષી લેવામાં અને સંગ્રહિત કરવામાં ખૂબ અસરકારક છે, જે વૈશ્વિક સમસ્યા બનેલાં ગ્લોબલ વોર્મિંગથી લડવા માટે મદદરૂપ થાય છે. તે અન્ય જંગલો કરતાં ચાર ગણો વધુ કાર્બન સંગ્રહ કરે છે. મેન્ગ્રુવ ત્સુનામી, ચક્રવાત અને સમુદ્રી લહેરો સામે રક્ષણ આપે છે તેમ જ દરિયા કિનારાના વિસ્તારોને ધોવાણ થતા અટકાવે છે અને દરિયાઈ વિસ્તારમાં ક્ષારને નિયંત્રણમાં પણ રાખે છે. ■

# ભુજ જ્યુબિલી ગ્રાઉન્ડ પાસે યુવકની હત્યાનો પ્રયાસ કરનાર આરોપી રાજકોટથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગત ૨૦ માર્ચની રાત્રે ભુજના જ્યુબિલી ગ્રાઉન્ડની સામે આવેલી બેંક પાસે અગાઉના ઝઘડાની અદાવતમાં થાર જીપમાં આવેલાં ચાર શખસે યુવકની હત્યા કરવાના ઈરાદે જીવલેણ હુમલાના ગુનામાં ફરાર થઇ ગયેલા મુખ્ય આરોપી ભાવેશગીરી રેવાગીરી ગોસ્વામી (રહે. સુખપર, ભુજ)ને રાજકોટના રૈયા રોડ પરથી સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે ઝડપી પાડ્યો હતો.

૧૦મી માર્ચના રોજ રાત્રે અગિયાર વાગ્યાના અરસામાં ચાર આરોપીઓએ ક્રિકેટ મેચ જોવા આવેલા યોગેન્દ્રસિંહ સોઢા અને તેના પિતરાઈ ભાઈ હરપાલસિંહ પર ધારિયા અને છરી સાથે ઘાતક હુમલો કરી, હત્યાનો પ્રયાસ કરનારા ચારે આરોપીએ ગુના બાદ થાર જીપમાં ફરાર થઈ ગયાં હતાં.

ચાર પૈકી જુવાનસિંહ બનેસંગ સોઢા (ઉં.વ. ૨૮, રહે. માધાપર) અને સત્યરાજસિંહ ઉમેદસંગ વાઘેલા (ઉં.વ. ૨૪, કેપિટલ પ્લાઝા, મહાદેવ નાકા, ભુજ મૂળ રહે. માંજુવાસ, રાપર)ને સ્થાનિક ગુન્હાશોધક શાખાએ રાજસ્થાનના ઝાલોરમાંથી ૨૪ માર્ચે ભુજ પકડી લાવી હતી, જયારે અત્યાર સુધી નાસતો ફરતો અને યોગેન્દ્રને છરી મારનારો મુખ્ય આરોપી ભાવેશ ગોસ્વામી રાજકોટથી પકડાઈ ગયો હતો.

હજુ ચોથા આરોપી અક્ષયરાજસિંહ વાઘેલાને ટ્રેસ કરવાની કામગીરી ચાલુમાં હોવાનું પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. ■

# પૂર્વ કચ્છ વિસ્તારમાં ફરી ચાલ્યું વહીવટીતંત્રનું બુલડોઝર

## રાપરના ગાવિંદપરમાં ગુનેગારોએ કરેલાં દબાણને જમીનદોસ્ત કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ પોલીસ દ્વારા ગુનાહિત ઈતિહાસ ધરાવનારા અસામાજિક તત્ત્વો દ્વારા સરકારી જમીનો ઉપર કરવામાં આવેલાં દબાણોને જમીનદોસ્ત કરી દેવા માટે શરૂ કરેલી ખાસ ઝુંબેશ અંતર્ગત સીમાવર્તી રાપર તાલુકાના ગાવિંદપર ગામમાં વધુમાં બે આરોપીઓના અતિક્રમણ ઉપર વહીવટી તંત્રનું બુલડોઝર ફરી વળ્યું હતું. રાજ્યના પોલીસવડા દ્વારા ગુનેગારોની યાદી તૈયાર કરી તેની સામે ધાક બેસાડતી કાર્યવાહી કરવા આદેશ અપાયા હતા, જેના ભાગરૂપે પૂર્વ કચ્છ પોલીસતંત્ર દ્વારા ગુનેગારો દ્વારા કરવામાં આવેલાં દબાણો દૂર કરવાની ગતિવિધિ ચાલી રહી છે. આ ઝુંબેશ તળે અનેક સરકારી જમીનો દબાણમુક્ત થઈ છે. આજે રાપર તાલુકાના ગોવિંદપર બસ સ્ટેશન બાજુમાં આવેલી સરકારી જમીન ઉપર મહેન્દ્રસિંહ અચુભા સોઢા અને નાગજી નોંધા ભરવાડ (રહે. ગોવિંદપર) દ્વારા બનાવાયેલી ૧૦ બાય ૧૦ની ગેરકાયદેસર દુકાનો ઉપર ચુસ્ત બંધોબસ્ત વચ્ચે 'સરકારી' બુલડોઝર ફેરવ્યું હતું. આ બંને આરોપી વિરુદ્ધ આડેસર પોલીસ મથકમાં શરીર સંબંધી, મારામારી, પશુ સંરક્ષણ ધારા તળે, દારૂના ગુના નોંધાયા હતા. ■

# સસરા સાથે આડાસંબંધના શકમાં વહુની તીક્ષ્ણ હથિયાર વડે હત્યાનો પ્રયાસઃ સાસુને પાંચ વર્ષની કેદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પોતાની યુવાન પુત્રવધૂને સસરા સાથે આડાસંબંધ હોવાનો વહેમ રાખીને નિદ્રાધીન વહુનું ગળું છરી વડે ચીરીને હત્યા કરવાનો પ્રયાસ કરવાના ગુનામાં સાસુને કોર્ટે હત્યાના પ્રયાસના ગુના બદલ સજા ફટકારી હતી. આ ચકચારી કેસમાં નજીકના આરોપીને બચાવવા ખુદ પતિ, સસરા અને દિયર વગેરે તેમની જુબાનીમાંથી ફરી ગયા હતાં, પરંતુ વહુએ અડગ રહીને આપેલી સમર્થનકારી જુબાનીને નિર્ણાયક માનીને કોર્ટે સાસુને સજા ફટકારી હોવાનું જાણવા મળ્યું હતું.

મળતી વિગત મુજબ, પુત્રવધુની કરપીણ હત્યાના પ્રયાસનો બનાવ ગત ૧૩-૦૧-૨૦૨૩ની ભાંગતી રાત્રે પોણા ચાર વાગ્યે બન્યો હતો. ભુજ તાલુકાના કેરા ગામે રહેનારી અનિતા દેવરાજ સથવારા ઘરમાં તેના પુત્ર, દિયર વગેરે સાથે નિંદ્રાધીન હતી. ત્યારે એકાએક સાસુ મંજુલા સથવારા (ઉ.વ.૪૪)એ અનિતાના ગળા પર છરી વડે આડેધડ ઘા મારવાનું શરૂ કરી દીધું હતું. અનિતાની રાડારાડ સાંભળીને ઘરમાં સૂતેલા સૌ સભ્યો જાગી ગયા અને અનિતાના દિયર દિનેશે માતાના હાથમાં રહેલી છરી ઝૂંટવી લેવા પ્રયાસ પણ કર્યો પરંતુ માતા છરી લઈને જતી રહી હતી. અનિતાને ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ અને ત્યારબાદ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાઈ હતી. બનાવ અંગે માનકૂવા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

આ મામલે સેશન્સ જજે જણાવ્યું હતું કે જુબાનીમાંથી ફરી જનાર લોકો આરોપીના પતિ, પુત્રો હોઈ તે ગુનાને સમર્થનકારી જુબાની ના આપે તે સમજી શકાય તેવી વાત છે. ગુનાનો ભોગ બનનાર વહુની જુબાનીને નિર્ણાયક ગણાવીને કોર્ટે મંજુલાને હત્યાના પ્રયાસના ગુના બદલ પાંચ વર્ષની સાદી કેદ અને એક હજારનો દંડ ફટકાર્યો હતો. તેમજ જીપી એક્ટની કલમ હેઠળ એક માસની સાદી કેદ ફટકારી હતી. ■

# મુંદરાના નાના કપાયામાં યુવકને બળાત્કારના કેસમાં ફસાવી

## બદનામ કરવાની ધમકી આપી ૩૫ લાખનાં કાર-મકાન પડાવાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મુંદરા તાલુકામાં હની ટ્રેપનો વધુ એક બનાવ બહાર આવ્યો હતો જેમાં પોલીસે તાત્કાલિક એક્શનમાં આવીને ભોગ બનનારા યુવકની પાંચ લાખની કાર અને ત્રીસ લાખના મકાનના અસલી દસ્તાવેજો બળજબરીપૂર્વક પડાવી લેનારા કહેવાતા પત્રકાર સહિત ચાર જણની ટોળકીની ધરપકડ કરી હતી.

મુંદરા તાલુકાના નાના કપાયામાં રહેતા ૩૭ વર્ષીય યુવક સામે મુંદરા પોલીસ મથકમાં એક યુવતીએ આપેલી અરજીની વિગત કોઈપણ રીતે સોશિયલ મીડિયામાં લીક થઈ ગઈ હતી. જેના આધારે 'કચ્છ ઉજાગર ન્યૂઝ' નામના સાપ્તાહિક અને યુ-ટ્યૂબ ચેનલના સહતંત્રી મુસ્તાક અલ્લારખિયાએ ફરિયાદીનો સામેથી સંપર્ક કર્યો હતો અને એ અરજીના સમાચાર પ્રગટ ના થાય તથા યુવક સામે પોલીસ બળાત્કારનો ગુનો દાખલ કરી શકે છે તેવી બીક બતાડી હતી.

આ મામલે સમાધાન કરવું હોય તો પોતે પાવાપુરી ચાર રસ્તા પાસે સહારા ફાયનાન્સ નામની નાણાં ધીરધારની પેઢી ચલાવતા મોહમ્મદ શકીલ યાકુબ ધુઈયા (રહે. બારોઈ, મુંદરા) અને એડવોકેટ એમ.એચ. ખોજાને વાત કરીને સમાધાન કરાવી આપશે તેમ જણાવ્યું હતું.

બળાત્કારનો કેસ થતાં પોતાની બદનામી થશે તેવા ડરથી ફફડતો યુવક શકીલની ઑફિસે મળવા ગયો ત્યારે ત્યાં હાજર મુસ્તાક, શકીલ ઉપરાંત મોહમ્મદ રફિક હાજી ખોજા (રહે. કામળિયા શેરી, મુંદરા. હાલ રહે. પ્રમુખસ્વામી નગર, ભુજ) તથા હિમાંશુ નવીન મકવાણાએ પૂર્વઆયોજિત ષડ્યંત્ર મુજબ યુવકને દુષ્કર્મના કેસની બીક બતાડીને તેની પાંચ લાખની સ્વિફ્ટ ડિઝાયર કાર તથા ત્રીસ લાખની કિંમતના મકાનના દસ્તાવેજો બળજબરીપૂર્વક કઢાવી લીધા હતા.

યુવકે આ અંગે પોલીસને માહિતી આપતાં મુંદરા પોલીસે ચારે આરોપીઓ સામે ગુનો દાખલ કરી ચારેયની ધરપકડ કરી હતી. પોલીસ સ્ટેશનમાં અરજી કરનાર યુવતીની ગુનામાં સંડોવણી સ્પષ્ટ થઈ નથી. ૨૫થી ૨૯ માર્ચ દરમિયાન આ ગુનો આચરાયો હતો. ■

# બામણબોર નજીકથી ₹ ૫૯ લાખનો વિદેશી દારૂ ભરીને લઈ જતો ટ્રક ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ-અમદાવાદ હાઈવે પર બામણબોર ચેકપોસ્ટ પાસેથી ક્રાઈમ બ્રાંચની ટીમે બાતમીના આધારે રૂપિયા ૫૯.૨૯ લાખનો ૮૩૬ પેટી વિદેશી દારૂ ભરેલો ટ્રક ઝડપી પાડી રાજસ્થાનના ટ્રક ચાલકની ધરપકડ કરી હતી. આ દારૂનો જથ્થો ભરેલો ટ્રક બેંગ્લોરથી રાજસ્થાનનો શખ્સ લઈને આવ્યો હતો અને તેને મોરબી તરફ કટીંગ કરવા પહોંચાડવાનો હતો તે પૂર્વે જ ક્રાઈમ બ્રાંચની ટીમે આ ટ્રક ઝડપી પાડ્યો હતો.

રાજકોટ-અમદાવાદ હાઈવે પર દારૂ ભરેલો ટ્રક આવવાનો હોવાની બાતમી ક્રાઈમ બ્રાંચના દિલિપભાઈ બોરીચા, દિપકભાઈ ચૌહાણ અને વિશાલભાઈ દવેને મળી હતી. જેના આધારે વોચ ગોઠવી હતી. આ દરમિયાન બામણબોર ચેક પોસ્ટ દરમિયાન ટ્રક ત્યાંથી પસાર થતાં તેને અટકાવી તલાશી લેતા ટ્રકમાંથી અલગ-અલગ બ્રાંડની વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. રૂ. ૫૯.૨૯ લાખની કિંમતની ૮૩૬ પેટી એટલે કે, ૧૬,૭૨૮ બોટલ વિદેશી દારૂ ટ્રકમાંથી મળી આવ્યો હતો. ટ્રકના ચાલક રાજસ્થાનના બાડમેરના રડવા ગામના પુરબસિંહ સુજાનસિંહ રાજપુરોહિતની ધરપકડ કરી દારૂ અને ટ્રક સહિત રૂ. ૬૯.૩૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ચાલક પુરબસિંહે જણાવ્યું કે, આ દારૂ ભરેલો ટ્રક તેને બેંગ્લોરથી આપવામાં આવ્યો હતો અને વોટ્સએપ ઉપર કોલ કરતા શખ્સના કહેવા પ્રમાણે આ ટ્રક રાજકોટથી મોરબી હાઈવે તરફ લઈ જવાનો હતો. આ મામલે પોલીસે વોટ્સએપ કોલ કરનાર શખ્સનું નામ પણ ખોલ્યું હતું. ■

### ૪. ધાર્મીક સંબંધી

**ચંડીપાઠ**

નવગ્રહ જાપ, લગ્ન, શ્રાદ્ધ વિધિ માટે સંપર્ક કરો 9820718979. (૧૫૩૩૮/એ)

### ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**

**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

### ૯. લગ્ન સંબંધી

**યુવક જોઈએ**

**મુંબઈ સ્થિત બિઝનેસ ફેમીલી ગુજરાતી દેખાવડી એજ્યુકેટેડ 1977 બોર્ન વેલસેટ અને ફ્રેશ યુવતી માટે એજ્યુકેટેડ નિર્વ્યસની વેજીટેરીયન વેલસેટલ 44 to 51 વર્ષના વચ્ચેના યુવક આવકાર્ય # 9969118823. (દહેજ નહીં). (બી-૧૫૭૭૩)**

■ પાર્લામાં 1978, બી.ઈ.એલ.એલ.બી., સ્માર્ટ કપોળને શિક્ષિત કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૧૮)

■ અમેરિકામાં 1992, બી.ઈ., એમ.એસ. હેન્ડસમ વૈષ્ણવને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૧૮)

### ૯. લગ્ન સંબંધી

■ બી.ઈ., એમબીએ., 1982, સ્માર્ટ ડાયવોર્સી બ્રાહ્મણને એજ્યુકેટેડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૧૮)

■ કોમર્શીયલ આર્ટ્સ 1981, ડાયવોર્સી બિઝનેસ ધરાવતીને વેલસેટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૧૮)

■ એમ.કોમ. 1989, વેલસેટ ડાયવોર્સીને બિઝનેસ ધરાવતાને સંસ્કારી કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૧૮)

■ માટુંગામાં 1981, ટેક્સટાઈલ બિઝનેસ, સ્માર્ટ ડાયવોર્સીને દેખાવડી કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૧૮)

ABROAD - INDIA - HIGHLY Qualified Lohana Cast Boys - Girls. Contact - 70210 63581. (No Dowry). (JP/4978-C)

### ૧૦. મહિલાઓ માટે

**જૈન ટિફિન**

મુંબઈમાં દરરોજ ૫૦૦ જૈન ટિફિન જોઈએ છે. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૯૮૩૩૩૫૭૭૮૦ ફક્ત વોટ્સએપ (ફોન નહીં). (એસડીબી-૨૫૦૩)

### ૧૨. યાત્રા સહેલગાહ

**કાર ભાડેથી મળશે**

**નવી જ ક્રિસ્ટા, કીયા, અર્ટીગા. ભાડેથી મળશે. દીપકભાઈ - 9322694599. (બી-૧૫૮૧૭)**

## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722

DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993

BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.

KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.

MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.

GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899

JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.

ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960

VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941

SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.

KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675

MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.

MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.

DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.

TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032

OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769

GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470

BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.

BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.

ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.

MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.

C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500

KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755

NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.

MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070

THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269

MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105

GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116

CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2

BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986

NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684

VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

### ૧૨. યાત્રા સહેલગાહ

**શ્રી ગણેશ યાત્રા**

(૧) દાર્જિલિંગ ગેંગટોક પેલિંગ (૨) નેપાળ, યુપી (૩) દક્ષિણ ભારત (૪) ચારધામ (૫) અષ્ટવિનાયક ડિલક્ષ હોટેલ. આપણું રસોડું તમારા બજેટમાં ગ્રુપ બુકિંગ આવકાર્ય. 9820164007, 9892268667. (૧૫૭૭૦-બી)

**''ચારધામ ચોઈસ''**

27000/=, 36000/=, 45000/=, 56000/=, 65000/=, 236000/=. 9960523040, 9833009445. (૧૫૩૩૬/ડી)

### ૧૪. નોકરી ખાલી છે

**''લેડી જોઈએ''**

**દહિસર (ઈસ્ટમાં) પાર્ટ / ફુલટાઈમ મહેનતું, સ્વતંત્રપણે હાર્ડવેર રીટેલ શોપ સંભાળી શકે - 9820120537. (૧૫૭૯૦-એ)**

EXCELLENT EARNING OPportunity working for Corporate, Flexible timings, Call 9920179179. (B-15799)

### ૧૭. જગ્યા આપવી છે

**સાયન - જૈન સોસાયટી**

લીવલાયસંસથી 2.5 BHK ફર્નીશ્ડ ફ્લેટ, 5 વર્ષ જુનુ બિલ્ડીંગ 1050' કાર્પેટ + બાલ્કની + લોબી, ફૂલ હવા ઉજાસ - 24 કલાક સેક્યુરીટી - 1 પાર્કીંગ - ટેરેસ પર બેંન્કવેટ હોલ - ફક્ત શાકાહારી માટે, ભાડુ 1.50 લાખ, ડેપોઝીટ 3 લાખ. (વિડીયો મળશે). પ્રકાશ ''વીનસ એસ્ટેટ'' 9821230938 / 8169022419. (૧૫૮૧૭-એ)

**કિંગસર્કલ - કર્મક્ષેત્ર**

વિશાળ 2 BHK - ફર્નીશ્ડ ફ્લેટ - હાયર ફ્લોર (પાર્કીંગ નથી). ભાડુ 90000/-, ડેપોઝીટ 3 લાખ. પ્રકાશ ''વીનસ એસ્ટેટ'' 9821230938 / 8169022419. (૧૫૮૧૭-સી)

**ઘાટકોપર ઈસ્ટ / વેસ્ટ**

1/2/3/4 બેડરૂમના ફ્લેટો Live and License થી આપવાના છે. હિતેશ હરીભાઈ દક્ષિણી 9920927958 / 9820008003. (૧૫૮૦૧-બી)

**ઘાટકોપર ઈસ્ટ**

ઓડીયન નજીક સ્પેશીયસ 3 બેડરૂમના ફ્લેટ તથા વલ્લભબાગ લેન/ 90 ફીટ / 60 ફીટ / પંતનગર હિતેશ હરીભાઈ દક્ષિણી 9920927958 / 9820008003. (૧૫૮૦૧-સી)

**ઘાટકોપર ઈસ્ટ / વેસ્ટ**

1/ 2/ 3/ 4 બેડરૂમના ફ્લેટો તૈયાર તથા બંધાતામાં આપવાના છે. હિતેશ હરીભાઈ દક્ષિણી 9920927958 / 9820008003. (૧૫૮૦૧-ઈ)

**ઘાટકોપર ઈસ્ટ**

નીલકંઠ વેલી નજીક, સોમૈયા કોલેજ 1/2/3/4 બેડરૂમના ફ્લેટો તૈયાર કબ્જાથી આપવાના છે. હિતેશ હરીભાઈ દક્ષિણી 9920927958 / 9820008003. (૧૫૮૦૧-એફ)

**કાંદિવલી (વેસ્ટ):**

સ્ટેશનની નજીકઃ 2 બેડરૂમ 720' કાર્પેટ, ફુલ્લી ફર્નિશ્ડ, ગાર્ડન ફેસિંગ, ઓપન પાર્કિંગ, વેલ મેન્ટેન સોસાયટી, વેચાણ માટે. ફક્ત ખરીદદારોજ સંપર્કઃ 'ઓનર' 9136294441. (૧૫૭૭૨-સી)

**બોરીવલીમાં / કાંદિવલીમાં**

**કલ્પતરુમાં/ લોઢામાં/ રીવાલી પાર્કમાં/ ઓબેરોયમાં/ ચાંડકમાં/ સેઠિયામાં/ શાપુરજીમાં/ વાધવામાં/ ગોદરેજમાં/ મહિન્દ્રામાં. લેવા/ વેચવા/ ભાડેથી ''શ્રીજી'' 9820045571. (જેપી/૪૯૮૧-ડી)**

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**

ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી / વેચાણથી લેવા - વેચવા ''પંકજ નરેન્દ્રભાઈ વોરા'' ૯૩૨૧૧૦૩૨૪૯. (૧૫૮૦૦-એ)

**વિલેપાર્લા (પૂર્વ)**

૨ બેડરૂમ હોલ કીચન ૨,૨૫,૦૦૦,૦૦/- થી ૨,૭૫,૦૦૦,૦૦/- બજેટમાં નવા જુના બિલ્ડિંગમાં રેડી પઝેશનમાં મળશે. ''સંજય પટેલ'' ૯૮૨૦૨૯૨૩૮૧. (બી-૧૫૭૪૮)

**પાર્લા પૂર્વ**

2 બેડ વેચાણથી, 875 યુઝેબલ કાર્પેટ, સારી સોસાયટીમાં, વાસ્તુ પ્રમાણે, 3.05 Cr. 9820526023. (૧૫૩૪૧/એ)

**સુરેન્દ્ર ગાલા**

સાંતાક્રુઝ (ઈસ્ટ/વેસ્ટ) 1/2/3 બેડરૂમ રેડી-બંધાતામાં, ભાડેથી / વેચાણથી, લેવા-આપવા. 9870026887, Paras - 8879989196. (૧૫૭૬૯-એ)

**બોરીવલી (વેસ્ટ) હરિદાસ નગર**

**3 બેડરૂમ Luxurious Amenities, 1283' Rera કારપેટ, હાયર ફ્લોર, રેડી, OC સાથે. 9819810215, 9769622033, 02228995592. (સમય 11 થી 6). (૧૫૮૧૫-એફ)**

**ઘાટકોપર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016-9082933313. (૧૫૭૨૭-એ)

**કેમ્પ્સકોર્નર**

2 બેડરૂમ - 850' - કાર્પેટ - ગેરેજ - પાર્કીંગ - 4,50,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૪૦/સી)

### ૧૭. જગ્યા આપવી છે

**નાનાચોક**

1 બેડરૂમ - 400' - કાર્પેટ - પાર્કીંગ - 1,50,00000/= શાહ 9820068382. (૧૫૩૪૦/એ)

**વાલ્કેશ્વર**

રીઝ રોડ 3500' - 6 - બેડરૂમ - સી.ફેસીંગ - પાર્કીંગ શાહ 9820068382. (૧૫૩૪૦/બી)

■ વિરારમાં. ફ્લેટ, શોપ, બંગલો ખરીદવા 30 લાખથી શરૂ લોન - 8806349777. (૧૫૭૭૦-ડી)

**કાંદિવલી (વેસ્ટ)**

**પારેખ લેન ''તન્ના હાઈટ્સમાં'' દેરાસર/ હવેલીની બાજુમાં હાયરફ્લોરમાં 2 બેડરૂમ (જોડી ફ્લેટ) 725'+725' (જોડી અથવા સિંગલમાં ઉપલબ્ધ). OC RECEIVED. ઈસ્ટ-વેસ્ટ ઓપન, પાર્કિંગ, વેંચાણથી આપવાનો. 9819880247. (૧૫૭૯૪-એ)**

**ઘાટકોપર વેસ્ટ**

કામા ગલ્લી 1 રૂમ કિચન અને 1 બેડરૂમ હોલ કિચન જોડી ફ્લેટ, જુના મકાનમાં, ફર્નિશ્ડ તૈયાર, વેચાણથી હિતેશ દક્ષિણી 9920927958/ 9820008003. (૧૫૮૦૧-એ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

સ્ટેશન, દેરાસર, માર્કેટ નજીક, નવા બંધાતા બિલ્ડીંગમાં 2/3 બેડ હોલ કિચન ટેરેસ સાથે / વગર વેચાણથી. 6 મહિનામાં પઝેશન. Maharera No. P51800055563, Contact- "Aadhya Skyvista Builders & Developers"- 9820785555. (૧૫૭૩૨-એ)

**ભીવંડીમાં ઈન્વેસ્ટરોને**

**માનકોલી નાકા, પ્રાઈમ લોકેશનમાં ભાડેથી લાગેલા ફ્લેટસ (૧૦% રિટર્ન) ઓફિસ / દુકાન વેચાણથી. લેવા 93216 90977. (૧૫૮૦૦-બી)**

**કાંદિવલી (વેસ્ટ)**

**૧ બેડરૂમ '૧૯ નોર્થ' લીવલાયસન્સથી આપવો છે. ફુલ્લી ફર્નિશ્ડ, હાયર ફ્લોર, એમ. જી. રોડ - લીંક રોડ કોર્નર. સોલ એજન્ટઃ હિરેન મેહતા 8828821314. (એસડીબી-૨૫૪૧)**

**મલાડ (વેસ્ટ)**

લીંક રોડ, Auris Serenity, 2/3/3.5/4 BHK, મોર્ડન એમેનીટીઝ. 804' થી 1650', 2.30 Cr. થી 6 Cr. 8877505505 / 9819475006. (જેપી/૪૯૮૧-એફ)

**KDI GROUP**

**OC સાથે ચંદાવરકર રોડ, બોરીવલી વેસ્ટ ખાતે ''* બેલા વિસ્ટા* '' 17 માળનો ટાવર ખરેખર* આલીશાન અને પ્રીમિયમ * 2 BHK, ઉત્તમ આયોજન, જૈન મંદિર પાસે, પોડિયમ પાર્કિંગ, જિમ, બધી જ સુવિધાઓ, રૂફટોપ ગાર્ડન, સાઈટ વિઝિટ માટે કૉલ કરો ''મનોજ'' - 9967296550 (દલાલ આવકાર્ય) મહારેરા નંબર P51800031740. (બી-૧૫૮૦૨)**

**૨ બેડરૂમ**

પાર્લા (વેસ્ટ) - ફર્નિશ્ડ - 3 બાજુ ખુલ્લો - લિફ્ટ - કાર પાર્કિંગ - રેડી પઝેશન. (3,10,00,000/-) હિના પ્રોપર્ટીઝ - 9322274791. (એસડીબી-૨૫૪૭)

**PARLA WEST**

2300', 4 BHK, Luxurious Flat, Lower Floor, Near Station, Near Possession. Contact: Vinodbhai - 8097960449, Bhavesh - 9324001110. (15336/B)

**"KANDIVALI (WEST)"**

"Shankar Lane - 8 B H K Ensuite Luxurious Fully Furnished Bungalow for Sale, Near Derasar, Haveli, Market & School / Colleges" :- 9892503558. (15747-A)

**VILE PARLE (W)**
**DADABHAI CROSS ROAD NO.3**

| 1 BHK | 3 BHK |
|---|---|
| 2.26 Cr. ++ | 3.45 Cr. ++ |
| Ready Possession | O.C Received |

**Excellent Planning | Gated Society**
**Close to School, College, Temple, Derasar**
**Mob : 9987464111**

(B-15830)

**TARDEO, BIG LAUNCH**

**Prime Location Reputed Builder Pay only 40 now Bal on possn. Pool, Gym Roftop 2, 3 Bed 3.99 to 6.5 Cr. Best yr end discounts - 8450997242. (B-15618)**

2 BHK LALUBHAI PARK RD, Andheri W, 2.40 Cr. Negotiable, 9820517509. No Broker. (B-15816)

**RAJASTHAN ESTATE AGENCY**

Nepeansea, Peddar Walkeshwar Marine Drive Churchgate Cuffe Parade Breach Candy Altmount Tardeo Govalia Tank Sales and Purchase. Commercial with Leave License. Contact Gopalbhai Jaipurvala 9322898994, Mukesh Mehta 9967502537. Office Bhavanse College (Bharat Juice Centre) Bhartiya Vidhya Bhavan Girgaon Chowpati. (264)

### ૧૭. જગ્યા આપવી છે

**SALE VILE PARLE (WEST)**

S.V. Road, Near Jain Mandir, 3 BHK, 1050 sq. ft., 2 Car Park, 4.30 Cr. Owner: 9820912133. (SDB-2540)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

ગૌરાઈપાડા, ચીંચપાડા, બોઈદાપાડા, સાતીવલી, વાલીવ, કામણ, નાયગાંવ, વિરાર - ઈન્ડસ્ટ્રીયલ ફેક્ટરી માટે નાના-મોટા ગાળા, પ્લોટ, ઈન્ડિવિસૂઅલ શેડ/ બિલ્ડિંગ, લેવા વેચવા ભાડેથી - રાશી રીયલટર્સ - રાહુલ નાગડા - 9821306110. (જેપી/૪૯૮૧-સી)

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**કાંદિવલી (ઈસ્ટ)**

**800' કાર્પેટ + 800' Loft, ગ્રાઉન્ડ ફ્લોરમાં ભાડેથી / વેચાણથી. 9821477751 / 9892843773. (૧૫૭૭૬-એફ)**

**ભીવંડીમાં ઈન્વેસ્ટરોને**

**સમૃધ્ધિ હાઈવે ટચ, MMR APPROVED PROJECT, BRANDED COMPANY ને ૧૦ વર્ષ ભાડેથી લાગેલા વેરહાઉસ (AVERAGE 9.50 ROI) વેચાણથી લેવા - 9321690977. (૧૫૮૦૦-ડી)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર ઈસ્ટ**

એમ જી રોડ / તીલક રોડ /60 ફીટ /90 ફીટ રોડ / પંતનગર ઓફિસ વેચાણથી તથા લીવ એન્ડ લાઈસન્સથી આપવાની છે. હિતેશ હરીભાઈ દક્ષિણી 9920927958 / 9820008003. (૧૫૮૦૧-ડી)

■ તાત્કાલિક વેચવાની છે ચાલુ ભાડાની 3000 Sq. ft. ગ્રાઉન્ડ ફ્લોરની જગ્યા ડ્રાઈવઈન સામે અમદાવાદ 9825734518. (બી-૧૫૮૩૨)

**''ચર્નીરોડ''**

સ્ટેશન પાસે 312' ઓફિસ, ગોડાઉન, લેબ, કલાસીસ લાયક બેઝમેન્ટ : 9867222020. (૧૫૮૦૬-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**કૈલાસ પ્લાઝામાં ૨૭૭' ફુલ્લી ફર્નિશ્ડ ઓફિસ ભાડેથી / વેચાણથી લેવા ઓનર - 9321690977. (૧૫૮૦૦-સી)**

**PRE LEASED BANKS**

**ROI 6% (6 to 15 Cr.) C J Consultancy: 8657192709. (15803-A)**

**REQUIRED**

For The Client Office Premises on Ownership Approx 2000 sq ft Carpet at Nariman Point / Marine Drive, or Lower Parel, Prabhadevi, Worli. Good Bldg, Furnished, 2 Car Parking. Contact 9820094585 / 9821053128. (15772-B)

**ANDHERI EAST**

MIDC Available 1) Industrial Building 1500 Sq Meter Plot, Construction 22000' + 5000' FSI Balance. Sale Price 50 Cr. 2) Industrial Building for Rent (40000') Suitable for Manufacturing Products. Vaibhavlaxmi Realtors. 7047156786. (B-15835)

**REQUIRED**

Commercial Premises at Andheri West Appx 5000 sqft - Gr. Floor - on LL for Diagnostic Center - Prime Location. Contact: Shobhna Enterprises 9820094585 / 9821053128. (15772-A)

### ૨૩. મનોરંજન

**પ્રતીક મહેતા**

સંગીતસંધ્યા, લગ્નગીત, એનીવર્સરી, પ્રાર્થના, ભજન, ડાયરો, બર્થડે. 9821153026. (૧૫૮૧૪-બી)

**''પ્રાર્થના - 6500/-''**

દાંડિયા, સંગીત સંધ્યા, લગ્ન ગીત, બર્થ ડે, એનીવર્સરી, ડીજે :- 9820889938. (૧૫૭૭૦-ઈ)

**વિનોદ શાહ**

ભાવયાત્રા સાંજી પ્રાર્થનાસભા બજેટ હોય તોજ ફોન કરશો 9821540500. (૧૫૭૩૮-સી)

### ૨૭. ઔષધ ઉપચાર

**કેબી ધોરમનો ધોરમ મલમ**

**ગુદાના ગુમડા, હરસ, ખસ, દાદર, ખરજવું, વાઢીયા, કરોળિયાનો આયુર્વેદિકમાં ઉપલબ્ધ. કેબીધોરમ વાંચી ખરીદવું. બોરીવલી 9820756510, દહિસર 9321611838, કાંદિવલી 7506655512, મુંબઈ 9820040824, મુલુંડ 9029676712. (૧૫૬૫૮-બી)**

# અષ્ટવિનાયકનાં ત્રણ મંદિરમાં ટૂંકાં વસ્ત્રો પહેરીને જવા પર બંધી

મુંબઈઃ પ્રખ્યાત અષ્ટવિનાયક ગણપતિમાંથી મોરગાવના મોરેશ્વર, થેઉરના ચિંતામણી, સિદ્ધટેકના સિદ્ધિવિનાયક સહિત ચિંચવડના મોર્યા ગોસ્વામી સંજીવન મંદિર અને ખાર નારંગી મંદિરમાં દર્શન કરવા આવનારા ભક્તો માટે વસ્ત્રો સંબંધિત અમુક નિયમો જાહેર કરવામાં આવ્યા છે. ઉક્ત પાંચેય મંદિરનું સંચાલન ચિંચવડ દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે અને ટ્રસ્ટ દ્વારા વસ્ત્રસંહિતા લાગુ કરવામાં આવી છે. આ નિયમ ફક્ત મંદિરનું પવિત્ર વાતાવરણ ખરાબ ન થાય તથા ભક્તો ટૂંકા વસ્ત્રો પહેરી ન આવે તે માટે જ બનાવવા આવ્યા હોવાનું ટ્રસ્ટનું કહેવું છે. હવેથી આ પાંચેય મંદિરમાં દર્શન કરવા માટે સંપૂર્ણ શરીર ઢંકાય એવાં વસ્ત્રો જ પહેરવાનાં રહેશે.

અષ્ટવિનાયક ગણપતિમાં સૌથી પહેલા મોરેશ્વરનું મંદિર આવે ત્યાર બાદ આગામી ચાર મંદિર પુણેથી બહુ દૂર છે. મોરેશ્વર મોરગાવ, સિદ્ધટેક, પાલી, મહાડ, થેઉર, લેણ્યાદ્રી, ઓઝર અને સૌથી છેલ્લા એટલે કે પુણેના રાંઝણગાવના ગણપતિ.

ટ્રસ્ટ તરફથી જણાવવામાં આવ્યું છે કે આ મંદિરો ફક્ત કોઇ સ્થળ નથી, પરંતુ સંસ્કૃતિ અને ભક્તિનું કેન્દ્ર છે તેથી પુરુષોએ પારંપરિક અને સભ્ય પોશાક પહેરવો. શર્ટ, ટી-શર્ટ અને પૂર્ણ પેન્ટ અથવા ધોતી, કુર્તા-પાયજામો પહેરવો.

મહિલાઓએ સાડી, સલવાર કમીઝ, પંજાબી ડ્રેસ અથવા પારંપરિક વસ્ત્રો પહેરવા. કોઇએ પણ આધુનિક, પારદર્શક, સ્લીવલેસ, ફાટેલા, શરીરપ્રદર્શન કરનારાં વસ્ત્રો પહેરવા નહીં, એમ ટ્રસ્ટ તરફથી જણાવાયું છે. ■

# વિદ્યાર્થિનીની જાતીય સતામણીઃ એન્જિનિયરિંગના સ્ટુડન્ટની ધરપકડ

થાણેઃ થાણેમાં શાળામાં નવમા ધોરણમાં ભણતી વિદ્યાર્થિનીની જાતીય સતામણી કરવા પ્રકરણે એન્જિનિયરિંગના ૧૮ વર્ષના સ્ટુડન્ટની ધરપકડ કરવામાં આવી હતી.

વિદ્યાર્થિની બુધવારે સવારે ઘરે જઇ રહી હતી ત્યારે આ ઘટના બની હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

વિદ્યાર્થિનીને રસ્તામાં આરોપી ભેટ્યો હતો અને તેને અયોગ્ય સ્પર્શ કર્યો હતો. વિદ્યાર્થિનીએ ઘરે ગયા બાદ બનાવની જાણ માતાને કરી હતી. આથી માતાએ વાગલે એસ્ટેટ પોલીસ સ્ટેશનમાં જઇ આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે આ ફરિયાદને આધારે એન્જિનિયરિંગના સ્ટુડન્ટ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૫ (જાતીય સતામણી), ૭૮ (પીછો કરવો) તેમ જ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. વાગલે એસ્ટેટ પોલીસ સ્ટેશનના સબ-ઇન્સ્પેક્ટર અતુલ જગતાપે જણાવ્યું હતું કે ઇન્ટર્નશિપ કરી રહેલા આરોપીની અમે ધરપકડ કરી હતી. (પીટીઆઇ)■

### ૩૧. નાણાંકીય

**FUNDING / LOAN**

Non Performing Assets, One Time Settlement, Stuck Real Estate Project, Difficult Cases, Unsecured, Structured, Order Finance. 24 years experience. 9819878744. (15808-A)

### ૩૨. જમીન-મિલકત

**રાજકોટમાં જમીન**

રાજકોટ તથા આજુબાજુનાં ગામમાં નાના-મોટા પ્લોટ લેવા-વેચવા દિલીપ ઠક્કર - 93240 76621. (૧૫૮૧૨-એ)

**અમદાવાદ - ગાંધીનગર**

આજુબાજુ વિસ્તારમાં જમીન 25થી 30 કિ.મી.માં વેચાણથી આપવાની છે. 9773467834. (૧૫૮૧૨-સી)

**શીલજ અમદાવાદમાં**

વેચવાનો છે મોકાનો પ્લોટ સુરમ્ય-3, 573 વાર. કલબ હાઉસની સામે. ઈસ્ટ ફેસિંગ બે રોડ કોર્નર. શીલજ પાસે અમદાવાદ, 9106278116. (Owner). (બી-૧૫૮૩૩)

**જમીન વેચાણ**

હાઈવે રોડ ટચ, પ્રાઈમ લોકેશન, મોટી જમીન, ખેતી - રહેણાક પ્લોટીંગ - ઈન્ડસ્ટ્રીયલ પાર્ક - સોલાર પાર્ક માટે, અમદાવાદ, હિમ્મત નગર, બેચરાજી, વિરમગામ, કડી, ધોલેરા. - 8140008685. (સમય 10 થી 6). (બી-૧૫૭૫૯)

TWO NA PLOTS IN DEOLALI Contonment on Barnes School Road for Sale. Plot area 264 & 268 sq. Yards 2376 & 2412 Sq. Ft., Air Pollution free Deolali station 4.2 km (10 min drive) Lam Road 2 kms, Temple Hill 3.7 kms (5 min Drive) Leevitt Market Deolali 3 kms (10 min Drive) in each Plot can build 2 B/R, Hall, Kitchen 2 Car parking with open space on all 4 sides for plants & trees. For details contact 9822015710, alutube@gmail.com (B-15800)

### ૩૩. ધંધાદારી

**કબુતરની જાળી**

ફીટીંગ સાથે 3 વર્ષની ગેરંટી, ઓલ બર્ડ નેટ સર્વીસ, મચ્છર જાળી, નાયલોન નેટ લોંગટાઈમ લાઈફ. ''જીતુભાઈ'' - 7900191232. (બી-૧૫૮૨૦)

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

**''પાણીની ટાંકીઓ''**

''મશીનથી કુવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ''. ''યોગી એન્ટરપ્રાઇઝ'' - 9820776583 / 9892298963. (૧૫૭૧૮-એ)

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૫૭૮૪)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીજી જ્યોતિષ**

અશક્યને શક્ય કરનાર સચોટ નિવારણ જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન. પ્રેમીમિલન (લવપ્રોબ્લેમ, પર્સનલ પ્રોબ્લેમ સ્પેશીયાલીસ્ટ) 9372024547 (ઘાટકોપર). (બી-૧૫૭૩૯)

**મહાલક્ષ્મી જ્યોતિષ**

**તાત્કાલિક સમાધાન, પ્રેમ સમસ્યા, લગ્નજીવનમાં સમસ્યા, પતિ-પત્નીમતભેદ, સાસુ-વહુનો ઝઘડો, સંતાન પ્રાપ્તિ, વિદ્યામાં/વિદેશમાં રૂકાવટ, ધંધામાં નુકસાન. ફીસ કામ પછી. 9321554879. (૧૫૮૦૪/એ)**

**જન્મ તારીખ ડાયલ કરો**

**લગ્ન, ભાગ્યોદય ક્યારે? દામ્પત્ય જીવન કેવું? ભવિષ્ય જાણવા રૂબરૂ પધારો - 9987998235. (જેપી/૪૯૭૮-એ)**

### ૪૬. વોટર પ્રુફિંગ

**વોટર પ્રુફિંગ**

**ટેરેસ, છજ્જા, પેઈન્ટિંગ, રીપેરીંગ, ક્રેક ફિલિંગ, આઉટસાઈડ વૉલ. DR. FIXIT /ASIAN PAINTS. (AUTHORISED APPLICATOR) 9987651755/ 7021765031.** (૧૫૭૯૪-ઈ)

**Swaminarayan Waterproofing**

ટેરેસ, છજ્જા, બાથરૂમ, ક્રેક ફિલિંગ, પ્લાસ્ટરીંગ, પેઈન્ટિંગ, વોટરપ્રુફિંગ. 7900063270, 9136961872. (૧૫૩૩૮-સી)

**શિવશક્તિ**

વોટર પ્રુફિંગ, ટેરેસ, છજીયા, આઉટસાઈડ વોલ, ક્રેક ફીલિંગ, પેન્ટિંગ, પ્લાસ્ટરિંગ, બિલ્ડિંગ, રીપેરીંગ. 7208719414/ 8454847542. (૧૫૭૯૪-સી)

**લીકેજ બંધ**

સ્પેશિયાલીસ્ટ વોટરપ્રૂફિંગ, ટેરેસ, આઉટસાઈડ ક્રેક, છજ્જા, ટાંકી, બિલ્ડીંગ રીપેરીંગ, પેન્ટીંગ. 9594599769. (૧૫૩૪૧/બી)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## મુંબઇ સમાચાર ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે

૧લી મે, ૨૦૨૪ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૫ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# રેસિપ્રોકલ ટૅરિફના અમલમાં ટ્રમ્પના યુ-ટર્ન સાથે ડૉલર ઈન્ડેક્સ તૂટતાં વૈશ્વિક સોનામાં સાપ્તાહિક છ ટકાનો ઉછાળો

### અમેરિકા-ચીન વચ્ચેનું ટ્રેડ વૉર વૈશ્વિક આર્થિક મંદી નોતરે તેવી ભીતિ

**કૉમોડિટી**

**રમેશ ગોહિલ**

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે અગાઉ બીજી એપ્રિલના રોજ ભારત અને ચીન સહિતનાં વિવિધ દેશો પર અલગ અલગ દરથી રેસિપ્રોકલ ટેરિફ લાદી હતી અને તેનો અમલ નવમી એપ્રિલથી થશે એવી જાહેરાત કરી હતી. અમેરિકાની આ જાહેરાત પશ્ચાત્ ચીને વળતા જવાબરૂપે અમેરિકાથી થતી આયાત સામે ૮૪ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી હતી. જોકે, ગત નવમી એપ્રિલનાં રોજથી ટૅરિફના મુદ્દે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે યુ ટર્ન લેતાં ચીન સિવાયના દેશો પર લાદવામાં આવેલી ટૅરિફનો અમલ ૯૦ દિવસ સુધી મોકૂફ રાખ્યો હતો, જ્યારે ચીનથી થતી આયાત સામે ૧૪૫ ટકા ટૅરિફ લાદી હતી. અને ચીને અમેરિકાથી થતી આયાત સામે ૧૨૫ ટકા ટૅરિફ લાદવાનો નિર્ણય લીધો હતો. આમ એક તરફ વિશ્વ બજારમાં ટ્રેડ વૉર વકરે તેવી ભીતિ અને ટ્રમ્પના યુ ટર્ન સાથે અમેરિકાની આર્થિક વૃદ્ધિની ચિંતા હેઠળ ગત સપ્તાહે ડૉલર ઈન્ડેક્સ ત્રણ વર્ષનાં લાંબા સમયગાળા પછી ઘટીને ૧૦૦ની સપાટીની અંદર ઊતરી ગયો હતો. તેમ જ અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ પણ વધી આવતાં વિશ્વ બજારમાં સોનામાં રોકાણકારોની સલામતી માટેની આક્રમક માગને ટેકે ભાવ ઔંસદીઠ ૩૨૦૦ ડૉલરની સપાટી કુદાવી ગયા હતા. તેમ જ ભાવમાં સાપ્તાહિક ધોરણે છ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો.

વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં સોનામાં તેજીનું તોફાન જોવા મળ્યું હતું અને ભાવમાં ઝડપી તેજી આવી હતી. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભ હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના સ્થાનિક વેરા રહિતના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૪ માર્ચનાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૧,૦૧૪ના બંધ સામે નરમાઈના અન્ડરટોને રૂ. ૮૮,૪૦૧ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ૮૮,૩૦૬ અને સપ્તાહના અંતે સૌથી ઊંચી રૂ. ૯૩,૩૫૩ની સપાટીએ બંધ રહ્યા હતા. આમ ભાવમાં સાપ્તાહિક ધોરણે ૨.૫૬ ટકાનો અથવા તો ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩૩૯નો ઉછાળો આવ્યો હતો. જોકે, તેજીની આ રમઝટમાં સ્ટોકિસ્ટો અને રોકાણકારો સહિત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ અત્યંત શાંત રહી હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

એકંદરે ગત સપ્તાહે રેસિપ્રોકલ ટૅરિફનો અમલ સ્થગિત થયો હોવાથી ઘણાં દેશોને અમેરિકા સાથે વેપાર કરાર કરવા માટેનો અવકાશ મળ્યો છે. જોકે, અમેરિકા-ચીન વચ્ચેનું ટ્રેડ વૉર વકરતાં આર્થિક વૃદ્ધિની ચિંતા સપાટી પર આવી હોવાથી સોનામાં સલામતી માટેની પ્રબળ માગ ઉપરાંત ડૉલર ઈન્ડેક્સમાં ત્રણ ટકા જેટલો ઘટાડો થવાથી સોનાની તેજીને ઈંધણ મળ્યું હતું અને વૈશ્વિક ભાવ સાપ્તાહિક ધોરણે છ ટકા જેટલાં ઉછળીને સૌપ્રથમ વખત ઔંસદીઠ ૩૨૦૦ ડૉલરની સપાટી કુદાવી ગયા હતા. નોંધનીય બાબત એ છે કે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ ચીનથી થતી આયાત સામેની ટેરિફ વધારીને ૧૪૫ ટકા કરી હતી અને અન્ય દેશો પરની રેસિપ્રોકલ ટૅરિફનો અમલ ૯૦ દિવસ મુલતવી રાખ્યો હતો. જોકે, ચીને તેનાં વળતા જવાબરૂપે અમેરિકાથી થતી આયાત સામે ૧૨૫ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરતાં વૈશ્વિક ટ્રેડ વૉરની ભીતિ નિર્માણ થઈ હતી અને સોનામાં સલામતી માટેની માગ નીકળી હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે સોનામાં આર્થિક વૃદ્ધિની ચિંતા ઉપરાંત રાજકીય-ભૌગોલિક તણાવને કારણે સલામતી માટેની માગ ઉપરાંત કેન્દ્રવર્તી બૅન્કો તથા એક્સ્ચેન્જ ટ્રેડેડ ફંડોની સોનામાં માગનો તેજીને ટેકો મળ્યો હતો.

ગત માર્ચ મહિનામાં અમેરિકાના ફુગાવામાં અપેક્ષા કરતાં વધુ ઘટાડો જોવા મળ્યો હોવા છતાં રેટ કટનો આશાવાદ વધ્યો છે તેમ છતાં ડૉનલ્ડ ટ્રમ્પની વેપાર નીતિને ધ્યાનમાં લેતા ભવિષ્યમાં ફુગાવો વધવાની અને આર્થિક વૃદ્ધિ મંદ પડવાની આશંકા પણ સેવાઈ રહી હોવાનું તેમણે જણાવતાં ઉમેર્યું હતું કે વર્તમાન વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં સોનામાં સલામતી માટેની માગ ઉપરાંત કેન્દ્રવર્તી બૅન્કો તથા એક્સ્ચેન્જ ટ્રેડેડ ફંડોની લેવાલીને ટેકે ભાવમાં લગભગ ૨૦ ટકા જેટલો ઉછાળો આવી ગયો છે. અમારા મતે આગામી સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૩૧૯૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી અને ઔંસદીઠ ૩૨૮૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થઈ શકે છે અને જો આ સપાટી પાર થઈ જાય તો ૩૩૪૦ ડૉલરની બીજી પ્રતિકારક સપાટી પુરવાર થઈ શકે છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં સપ્તાહ દરમિયાન ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૯,૦૦૦થી ૯૬,૦૦૦ની રેન્જમાં જોવા મળી શકે છે.

દરમિયાન ગત સપ્તાહના અંતે શુક્રવારે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર ખાસ કરીને અમેરિકા-ચીન વચ્ચેનું ટ્રેડ વૉર વૈશ્વિક આર્થિક મંદી નોતરે તેવી ભીતિ સપાટી પર આવતા હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે બે ટકા ઉછળીને ઔંસદીઠ ૩૨૩૫.૮૯ ડૉલર આસપાસના મથાળે અને વાયદામાં ભાવ આગલા બંધ સામે ૨.૧ ટકા ઉછળીને ૩૨૪૪.૬ ડૉલર આસપાસના મથાળે રહ્યા હતા. વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉરને કારણે સલામતી માટેની માગ, ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને અમેરિકી ટ્રેઝરીમાં વેચવાલીના દબાણને કારણે યિલ્ડમાં વધારો જેવા વિવિધ કારણોસર સોનામાં તેજીનું વલણ જોવા મળી રહ્યું હોવાનું વિઝ્ડમ ટ્રીનાં કૉમૉડિટી સ્ટ્રેટેજિસ્ટ નિતેશ શાહે જણાવ્યું હતું. ગત શુક્રવારે ચીને અમેરિકાથી થતી આયાત સામે ૧૨૫ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરતાં બન્ને મોટા અર્થતંત્રો વચ્ચે ગજગ્રાહ વધી રહ્યો છે. તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને કેન્દ્રવર્તી બૅન્કો તથા ફંડોની લેવાલીથી સોનાની તેજીને ટેકો મળી રહ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

વધુમાં ગત સપ્તાહના અંતે અમેરિકાના માર્ચ મહિનાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં અનપેક્ષિતપણે ઘટાડો જોવા મળ્યો હતો, પરંતુ આયાત પર લાદવામાં આવેલી ટૅરિફને કારણે આગામી મહિનાઓમાં ફુગાવામાં વૃદ્ધિ જોવા મળે તેવી શક્યતા ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા છે. તેમ છતાં અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી જૂન મહિનાથી વ્યાજદરમાં કાપ મૂકવાની શરૂઆત કરશે અને વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં વ્યાજદરમાં ૯૦ બેસિસ પૉઈન્ટનો ઘટાડો કરે તેવી ધારણા ટ્રેડરો મૂકી રહ્યા છે.

તાજેતરમાં સોનામાં જોવા મળેલી એકતરફી તેજીને કારણે ભાવમાં સાધારણ કરેક્શન જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતાં વિશ્લેષક તાઈ વૉન્ગે જણાવતાં ઉમેર્યું હતું કે તાજેતરમાં ફુગાવામાં અને પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં જોવા મળેલા ઘટાડાને કારણે સપાટી પર આવેલો રેટકટનો આશાવાદ સોનાને અમુક અંશે ટેકો પણ આપી શકે છે. ■

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૧૦.૮૭૨ અબજ ડૉલરનો ઉછાળો

મુંબઈ: ગત ચોથી એપ્રિલના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણોમાં મુખ્યત્વે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં ઉછાળો આવતાં કુલ અનામતો ૧૦.૮૭૨ અબજ ડૉલર વધીને ૬૭૬.૨૬૮ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. આ પૂર્વેના સપ્તાહે અનામત ૬.૫૯૬ અબજ ડૉલર વધીને ૬૬૫.૩૯૬ અબજ ડૉલરના સ્તરે રહી હતી.

નોંધનીય બાબત એ છે કે અગાઉ સપ્ટેમ્બર, ૨૦૨૪ના અંતે વિદેશી હૂંડિયામણની અનામત વધીને ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની સપાટીએ પહોંચી હતી, પરંતુ ત્યાર બાદ ડૉલર સામે રૂપિયામાં રિવેલ્યુએશન તથા સ્થાનિક બજારમાં ડૉલર સામે રૂપિયાને ગબડતો અટકાવવા માટે રિઝર્વ બૅન્ક દ્વારા બજારમાં હસ્તક્ષેપ કરવામાં આવતો હોવાથી અનામતમાં ઘટાડો થઈ રહ્યો હતો. જોકે, છેલ્લાં પાંચ સપ્તાહથી અનામતમાં વૃદ્ધિ જોવા મળી રહી છે.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ અનામતમાં મુખ્ય હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૯.૦૭૪ અબજ ડૉલર વધીને ૫૭૪.૦૮૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે. વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૧૫.૬૭ લાખ ડૉલર વધીને ૭૯.૩૬ અબજ ડૉલર, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૧૮.૬ કરોડ ડૉલર વધીને ૧૮.૩૬૨ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૪.૬ કરોડ ડૉલર વધીને ૪.૪૫૯ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું. ■

# ડૉનલ્ડ ટ્રમ્પ સામે ઈનસાઈડર ટ્રેડિંગના આક્ષેપો

વૉશિંગ્ટન: અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે રેસિપ્રોકલ ટૅરિફના અમલ બાબતે યુ ટર્ન લીધો તે પહેલા લોકોને બજારમાંથી ખરીદી માટે પ્રોત્સાહિત કર્યા હોવાથી ઘણાં અમેરિકી સાંસદોએ પ્રમુખ ટ્રમ્પ ઈનસાઈડર ટ્રેડિંગમાં અથવા તો તેઓ બજારની હેરાફેરીમાં સંડોવાયેલા છે કે નહીં તે અંગે તપાસ કરવાની માગણી કરી છે. કેલિફોર્નિયાના ડેમોક્રેટિક સાંસદ એડમ સ્કિફે એક્સ પ્લેટફોર્મ પર જણાવ્યું હતું કે ટ્રમ્પની ટૅરિફ યોજનાના યુ ટર્ન અંગે વહીવટીતંત્રમાં અગાઉથી કોણ માહિતગાર હતું ? જનતાના ખર્ચે શું કોઈએ શેર ખરીદીને નફો કર્યો ? જનતાને આ બાબતે જાણવાનો હક છે, એમ તેમણે ઉમેર્યું હતું.

તે જ પ્રમાણે હાઉસ ફાઈનાન્સિયલ સર્વિસીસ કમિટીનાં ડેમોક્રેટિક સભ્યએ એક્સ પ્લેટફોર્મ પર આક્ષેપ મૂકતા કહ્યું હતું કે અમેરિકી પ્રમુખ વિશ્વની સૌથી મોટી બજારમાં હેરાફેરીની યોજનામાં સંડોવાયેલા છે. અત્રે નોંધનીય બાબત એ છે કે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે રેસિપ્રોકલ ટૅરિફનો અમલ ૯૦ દિવસ મુલતવી રાખવાની જાહેરાતનાં થોડા કલાકો પૂર્વે એવું જણાવ્યું હતું કે સ્ટોકમાં ખરીદી માટેનો આ સમય છે. તેમના આ નિવેદનનાં થોડા કલાકો પછી ચીન સિવાયના દેશો માટે રેસિપ્રોકલ ટૅરિફનો અમલ ૯૦ દિવસ માટે સ્થગિત કરવામાં આવ્યો હોવાની જાહેરાત કરી હતી અને શૅરબજારમાં ઉછાળો આવ્યો હતો. ઘણાં દિવસો સુધી ડાઉ જૉન્સમાં પીછેહઠ જળવાઈ રહ્યા બાદ ગત બુધવારે આ જાહેરાત પશ્ચાત્ વર્ષ ૨૦૦૮ પછીનો સૌથી મોટો ૭.૮૭ ટકાનો ઉછાળો આવ્યો હતો અને નાસ્દેકમાં વર્ષ ૨૦૦૧ પછીનો સૌથી મોટો ૧૨.૧૬ ટકાનો ઉછાળો આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ટ્રમ્પે તેનાં સોશિયલ મીડિયાનાં ડીજેટી અક્ષર ધરાવતા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર પણ ખરીદીનો આ સમય છે એવી પોસ્ટ મૂકી હતી અને તે દિવસે ટ્રમ્પ મીડિયા ઍન્ડ ટેક્નોલૉજી જૂથના શૅરના ભાવ ૨૧.૬૭ ટકા ઉછળીને બંધ રહ્યા હતા. વધુમાં વ્હાઈટ હાઉસ કમ્યુનિકેશન એડવાઈઝર માર્ગો માર્ટિને ગત બુધવારે એક્સ પ્લેટફોર્મ પર એક એવો વીડિયો મૂક્યો હતો જેમાં ટ્રમ્પ તેની ઓવલ ઓફિસમાં સ્કવેબ એસેટ મેનેજમેન્ટ કંપનીનાં સ્થાપક અને કૉ ચેરમેન ચાર્લ્સ સ્કવેબને આવકારી રહ્યા છે અને ચેમ્પિયન કાર રેસર્સ સાથે સરખાવીને પરિચય આપતા કહે છે આ ચાર્લ્સ સ્કવેબ છે, જે ઉંમર ૮૭ વર્ષીય બિલિયોનેર છે અને તેમણે આજે ૨.૫ અબજ ડૉલર બનાવ્યા છે. આ સંદર્ભે વ્હાઈટ હાઉસનાં ભૂતપૂર્વ નૈતિક વકીલ રિચર્ડ પેઈન્ટરે જણાવ્યું હતું કે આ તપાસ માટેનો મજબૂત કેસ બને છે અને પ્રમુખ રોકાણ માટેના સલાહકાર ન હોવા જોઈએ. નોંધનીય બાબત એ છે કે રિચર્ડ પેઈન્ટરે ભૂતપૂર્વ પ્રમુખ જ્યોર્જ ડબ્લ્યુ બુશના વહીવટીતંત્રમાં સેવા બજાવી હતી. દરમિયાન વ્હાઈટ હાઉસનાં પ્રવક્તા કુશ દેસાઈએ વૉશિંગ્ટન પોસ્ટને જણાવ્યું હતું કે મીડિયા દ્વારા સતત ભય ફેલાવવામાં આવી રહ્યા હોવા છતાં બજારો તથા અમેરિકનોને તેમની આર્થિક સુરક્ષા અંગેની બાંયધરી આપવાની જવાબદારી અમેરિકાનાં રાષ્ટ્રપતિની છે.

# મથકોથી વિપરીત નિરસ માગે સ્મોલ ગ્રેડની ખાંડમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૭૭૦થી ૩૮૧૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ પાંખી રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ચારથી ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગ મર્યાદિત રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. પાંચથી ૧૫નો ઘટાડો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટો નવી લેવાલીથી દૂર રહ્યા હતા અને રિટેલ સ્તરની માગ પણ છૂટીછવાઈ રહી હોવાથી ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચાર અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૩૨થી ૩૯૯૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૧૨થી ૪૧૦૨માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોનો લેવાલીમાં નિરુત્સાહ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. પાંચ અને ઉપલા મથાળેથી રૂ. ૧૫ના ઘટાડા સાથે રૂ. ૩૮૫૦થી ૩૮૯૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૫ અને ઉપલા મથાળેથી રૂ. પાંચના ઘટાડા સાથે રૂ. ૩૯૩૦થી ૩૯૯૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ખાદ્યતેલમાં નિરસ કામકાજે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૦૩ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના અંત અને બૅન્કો બંધ રહી હોવાથી હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે બજારમાં મુખ્યત્વે રવાનગીનાં કામકાજો થયાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે વિવિધ ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં ઈમામીના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૩૧૦ અને રૂ. ૧૩૯૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૦થી ૧૩૨૦, રિલાયન્સ રિટેલ અને એએનએના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૩૨૫ અને રૂ. ૧૩૧૫ તથા રૂચીના આરબીડી પામોલિનના જેએનપીટીથી ડિલિવરી શરતે રૂ. ૧૩૨૦ અને પાતાળગંગાથી ડિલિવરી શરતે રૂ. ૧૩૨૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

દરમિયાન આજે સ્થાનિકમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૦૦, સિંગતેલના રૂ. ૧૩૮૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૦ અને સરસવના રૂ. ૧૩૬૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે તેલિયા ટીનમાં વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૭૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**જાહેર સૂચના**

તાલુકા શહાપુર અને જીલા થાણેમાં નોન-એગ્રીકલ્ચરલ જમીન જે રેવેન્યુ વિલેજ પુણધેના (૧) સબ-રજીસ્ટ્રાર, શહાપુર પાસે નં.૧૦૧/૨૦૦૮ હેઠળ નોંધાએલ તા. ૧૦-જાન્યુ-૨૦૦૮ના કન્વેયન્સ ડીડ દ્વારા હરીશ શ્યામલાલ જોતવાણી પાસેથી ખરીદ કરાએલ ૪,૦૭૦ ચો. મી. ક્ષેત્રફળવાળા સર્વે (ગટ) નં. ૮૦|૧૩/૩ તથા ૫૩૦ ચો. મી. ક્ષેત્રફળવાળા સર્વે (ગટ) નં.૯૯/૧, અને (૨) સબ-રજીસ્ટ્રાર, શહાપુર પાસે નં. ૩૫૩૪ ૨૦૦૮ હેઠળ નોંધાએલ મુંબઇ ડેલ્ટસ્ રીકવરી ટ્રાયબ્યુનલ નં.૨ પાસેથી તા. ૨૮-ઓગસ્ટ-૨૦૦૮ના સેલ સર્ટીફિકેટ દ્વારા ખરીદ કરાએલ ૭,૭૬૦ + ૫૦૦ ચો. મી. ક્ષેત્રફળવાળા સર્વે (ગટ) નં. ૮૦/૭/૧ ધરાવે છે તેમ જ તેની ઉપરના ફેક્ટરી બિલ્ડીંગ + લેબર ક્વાર્ટર્સ સાથે (સંયુક્તપણે **'મિલકત'**) તેનો વાજબી કબજો ભોગવટો ધરાવનાર **સ્પાર્ટન એન્જિનીઅરીંગ ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ** તમામ પ્રકારના બોજા, દાવા અને માગણીઓથી મુક્તપણે મારા અસીલને વેંચાણ અને ટ્રાન્સફર કરવા કબૂલ થયેલ છે.

જો કોઇ શખ્સ, પાર્ટી સદર મિલકત કે તેના કોઇપણ ભાગની બાબતમાં વેંચાણ, અદલાબદલી, ગીરો, ચાર્જ, લીઝ, લીઅન, લાયસન્સ, ઇઝમેન્ટ, ભેટ, વારસો, નિભાવ, ટ્રસ્ટ યા અન્ય કોઇપણ રીતે કાંઇપણ હક્ક, હિત, હિસ્સો, બોજો, દાવો, માગણી કે ટાઇટલ ધરાવતા હોય તો તેની જાણ મને લેખિતમાં દસ્તાવેજી પુરાવા સાથે આની તારીખથી દિવસ ૧૪માં કરે. અન્યથા તેવા સઘળા દાવા, માગણી, વિરોધ, હરક્ત કે ખલેલ નિરર્થક, ત્યજી દીધેલ ગણાશે અને મારા અસીલ પર બંધનકર્તા થશે નહીં તથા તદ્અનુસાર સદર મિલક્તની તબદીલી પૂર્ણ કરાશે.

મુંબઇ,
તા.૧૧મી એપ્રિલ, ૨૦૨૫.

**ધીરેન હેમેન્દ્ર નંદુ**
**એડવોકેટ અને સોલીસીટર**
૫૧૫, સર વિઠલદાસ ચેમ્બર્સ, ૧૬,
મુંબઇ સમાચાર માર્ગ, મુંબઇ ૪૦૦૦૦૧.


# સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ધાતુમાં જળવાતી આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાએ ચીન સિવાયના દેશો પર લાદવામાં આવેલી રેસિપ્રોકલ ટેરિફ ૯૦ દિવસ સ્થગિત કરવાની સાથે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં ધાતુ સહિતની તમામ કૉમોડિટીનાં ભાવમાં ઘટયા મથાળેથી સુધારો જોવા મળી રહ્યો છે. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ આજે માત્ર નિકલ અને ઝિન્ક સ્લેબમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦ અને રૂ. એકનો ઘટાડો આવ્યો હતો અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં કિલોદીઠ રૂ. એકથી ૨૮ની આગેકૂચ જળવાઈ રહી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૮ વધીને રૂ. ૨૭૮૩ અને રૂ. ૧૧ વધીને રૂ. ૮૬૩ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૮૨૯, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને અનુક્રમે રૂ. ૮૧૯ અને રૂ. ૮૧૦, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૫૪૦, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને અનુક્રમે રૂ. ૭૪૨ અને રૂ. ૫૮૨, લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૧૮૪ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૪૧ના મથાળે રહ્યા હતા.

જોકે, ગઈકાલે નિકલમાં કિલોદીઠ રૂ. ૫૧નો ઉછાળો આવ્યા બાદ આજે સ્ટોકિસ્ટોની વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ અને વપરાશકાર ઉદ્યોગની માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૩૩૩ના મથાળે અને નિરસ માગે ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૫૮ના મથાળે રહ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૯૦ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા. ■

# ઊંચા ટેરિફને કારણે ભારતની અમેરિકા ખાતે નિકાસ ૫.૭૬ અબજ ડૉલર ઘટવાની શક્યતા: જીટીઆરઆઈ

નવી દિલ્હી: વર્તમાન નાણાકીય વર્ષમાં ખાસ કરીને દરિયાઈ ઉત્પાદનો, સોનું, ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ સામાનોની અમેરિકા ખાતેની નિકાસમાં ઘટાડો થતાં અમેરિકા ખાતેની મર્કન્ડાઈઝ નિકાસમાં ૫.૭૬ અબજ ડૉલરનો ઘટાડો થવાની શક્યતા આર્થિક થિન્ક ટૅન્ક જીટીઆરઆઈ (ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટીવ)ના વિશ્લેષકે વ્યક્ત કરી હતી.

જોકે, અમુક ઉત્પાદનોના સેગ્મેન્ટમાં ભારતની સ્પર્ધાત્મકતા વધુ હોવાથી અમુક અંશે રાહત મળશે. ખાસ કરીને ટેક્સ્ટાઈલ્સ, મેડ અપ્સ, એપરલ, સિરામિક્સ, ઈનઓર્ગેનિક કેમિકલ્સ અને ફાર્માસ્યુટિકલ્સમાં નિકાસમાં સુધારો થવાની શક્યતા છે.

નોંધનીય બાબત એ છે કે અમેરિકાએ ફાર્મા, સેમિકન્ડક્ટર, અને અમુક એનર્જી ઉત્પાદનોને બાદ કરતાં ભારતીય ઉત્પાદનો પર આગામી નવમી એપ્રિલથી રેસિપ્રોકલ ટેરિફ લાદવાની અને આગામી પાંચથી આઠમી એપ્રિલથી ૧૦ ટકા બેઝ લાઈન ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. વેપારના ડેટાની માહિતી અને વિશ્લેષકોના અંદાજો અને ભારત પર લાદવામાં આવેલ ટેરિફનાં શિડ્યુઅલને જોતા વર્ષ ૨૦૨૫માં ભારતની અમેરિકા ખાતેની નિકાસમાં ૫.૭૬ અબજ ડૉલરનો અથવા તો ૬.૪૧ ટકાનો ઘટાડો થવાની શક્યતા જીટીઆરઆઈએ વ્યક્ત કરી છે. નોંધનીય બાબત એ છે કે વર્ષ ૨૦૨૪માં ભારતની અમેરિકા ખાતેની નિકાસ ૮૯.૮૧ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

વર્ષ ૨૦૨૫માં માછલી-કરચલાની નિકાસ ૨૦.૨ ટકા, આયર્ન અને સ્ટીલની નિકાસ ૧૮ ટકા, હીરા-સોનાના ઉત્પાદનોની નિકાસમાં ૧૫.૩ ટકા, વાહનો અને પાર્ટસની નિકાસમાં ૧૨.૧ ટકાનો તથા ઈલેક્ટ્રિકલ, ટેલિકોમ, અને ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનોની નિકાસમાં ૧૨ ટકા જેટલો ઘટાડો થવાની શક્યતા છે. આ ઉપરાંત પ્લાસ્ટિક્સ, કાર્પેટ, પેટ્રો પેદાશ, ઓર્ગેનિક કેમિકલ્સ તથા મશીનરીની નિકાસ પર પણ નકારાત્મક અસર થવાની શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. દિલ્હીસ્થિત થિન્ક ટૅન્કના જણાવ્યાનુસાર પેટ્રોલિયમ અને સોલાર પેનલ સહિતના એનર્જી ઉત્પાદનો તેમ જ ફાર્માસ્યુટિકલ્સ અને કોપરને દેશો આધારિતની ટેરિફમાંથી મુક્તિ આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૪માં આ ઉચ્ચ મૂલ્ય ધરાવતા ઉત્પાદનોની અમેરિકા ખાતે નિકાસ ૨૨.૭ ટકાના હિસ્સા સાથે ૨૦.૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. ■


**પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન**

W/623/5/1/NIT તારીખ ૧૦.૦૪.૨૦૨૫

**ઈ-ટેન્ડરીંગ નોટીસ**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી વેબસાઈટ **www.ireps.gov.in** પર ઈ-ટેન્ડર દ્વારા ***ઓપન ટેન્ડર*** મંગાવે છે વિગતો નીચે મુજબ છે:-

| ક્ર. નં. | ઈ-ટેન્ડર નં. & કામનું નામ | અંદાજિત મૂલ્ય ₹ | રૂ.માં બારડી | પૂર્ણતાનો સમયગાળો |
|---|---|---|---|---|
| ૧ | RTM-૨૦૨૫-૨૬-૩૧ | ૧,૮૬,૫૭,૮૮૯.૯૮ | ૨,૪૩,૩૦૦/- | ૧૨ મહિના |
| | RTM-રેલવે લેન્ડમાં જૂના ટેડોરીએટેડ વોટર પાઈપનું રિપ્લેસમેન્ટ અને શિફ્ટિંગ. | | | |

અંદા.જથ્થો: ટેન્ડર શેડ્યૂલ મુજબ. કામનો સમાન પ્રકાર: NA. વેબસાઈટ પર અપલોડિંગની તારીખ: ૧૦.૦૪.૨૦૨૫. ટેન્ડરની ખોલવાની તારીખ: ૦૫.૦૫.૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટીસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ **www.ireps.gov.in** પર ઉપલબ્ધ છે.

DE/5/1/487 **DRM (W/A), રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવે**

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# એકનાથ શિંદેએ અજિત પવારની ફરિયાદ કરી અમિત શાહને

## નાણાં ખાતું ફાઈલ ક્લિયર કરવામાં સતત વિલંબ કરે છે એવી રાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શુક્રવારે રાત્રે મહારાષ્ટ્રની મુલાકાતે આવેલા કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથે ચર્ચા કરી હતી અને શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાના પ્રધાનો દ્વારા મોકલવામાં આવેલી ફાઇલોને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના નેતૃત્વ હેઠળના મહારાષ્ટ્રના નાણા મંત્રાલય દ્વારા સમયસર મંજૂરી અને ક્લિયરન્સ ન મળવાનો મુદ્દો ઉઠાવ્યો હતો.

સૂત્રોએ જણાવ્યું હતું કે શિંદેએ શુક્રવારે રાત્રે શાહને ફરિયાદ કરી હતી કે મહારાષ્ટ્રના નાણા મંત્રાલય દ્વારા સેનાના વિધાનસભ્યો અને પ્રધાનોની ફાઇલોને ઝડપથી ક્લિયર કરવામાં આવી રહી નથી.

એકનાથ શિંદેએ અમિત શાહને વિનંતી કરી હતી કે શિવસેનાની ફાઇલોને મહારાષ્ટ્રના નાણા મંત્રાલય દ્વારા સમયસર મંજૂરી આપવામાં આવે અને રાયગડ અને નાશિક જિલ્લાઓના પાલક પ્રધાનપદ અંગેના વિવાદનો જલદી ઉકેલ લાવવામાં આવે.

તેમણે એમ પણ કહ્યું હતું કે મહાયુતિમાં છીએ તો ભંડોળની વહેંચણી અને ફાઈલ ક્લિયરન્સ એકસમાન ધોરણે થવી જોઈએ. ખાસ તો બે દિવસ પહેલાં પ્રધાન પ્રતાપ સરનાઈકના એસટી કોર્પોરેશનના કર્મચારીઓનું વેતન નાણાં ખાતાએ

(જુઓ પાનું ૪) ▸▸




# ‘પોતાને આલમગીર કહેવડાવનાર ઔરંગઝેબ મહારાષ્ટ્રમાં થયો દફન’

આવું કહ્યું ગૃહ પ્રધાન અમિત શાહે રાયગડ પરથી છત્રપતિ શિવાજી મહારાજને શ્રદ્ધાંજલિ આપતા

રાયગડ: કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે છત્રપતિ શિવાજી મહારાજની બહાદુરીની પ્રશંસા કરીને ભારપૂર્વક જણાવ્યું હતું કે ઔરંગઝેબ, જેણે પોતાને આલમગીર ગણાવ્યો અને જીવનભર મહારાષ્ટ્રમાં મરાઠાઓ સામે લડ્યો, તે એક પરાજિત માણસ તરીકે મૃત્યુ પામ્યો અને અહીંની માટીમાં તેને દફનાવવામાં આવ્યો હતો.

અમિત શાહે છત્રપતિ શિવાજી મહારાજની ૩૪૫મી પુણ્યતિથિ નિમિત્તે રાયગડ કિલ્લા પર તેમને શ્રદ્ધાંજલિ આપી હતી.

તેમણે કહ્યું હતું કે શિવાજી મહારાજના ‘સ્વધર્મ અને સ્વરાજ્ય’ના આદર્શો ભારતની સ્વતંત્રતાના ૧૦૦મા વર્ષ સુધીમાં મહાસત્તા બનવાની મહત્વાકાંક્ષાને પ્રેરણા આપે છે.

‘હું મહારાષ્ટ્રના લોકોને હાથ જોડીને વિનંતી કરું છું કે છત્રપતિ શિવાજી મહારાજને ફક્ત રાજ્ય પૂરતા મર્યાદિત ન રાખો. તેમની પ્રચંડ ઇચ્છાશક્તિ, દૃઢ નિશ્ચય અને હિંમત દેશને પ્રેરણા આપે છે કારણ કે તેમણે સમાજના તમામ વર્ગોને વ્યૂહાત્મક રીતે એક કર્યા હતા,’ એમ શાહે એક સભાને સંબોધતા કહ્યું હતું. શાહે કહ્યું કે શિવાજી મહારાજે ‘મોગલ શાહી’

(જુઓ પાનું ૪) ▸▸

## એકનાથ શિંદે વહાલાં, અજિત પવાર દવલાં?

### શિંદેસાહેબને ભાષણની તક અપાઇ પણ અજિતદાદાનો નંબર ન લાગ્યો

મુંબઈ: રાયગઢ કિલ્લા પર શ્રી છત્રપતિ શિવાજી મહારાજની ૩૪૫મી પુણ્યતિથી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે પણ હાજરી આપી હતી. આ નિમિત્તે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવાર પણ ઉપસ્થિત હતા. આ કાર્યક્રમમાં એકનાથ શિંદેન ભાષણ આપવાની તક મળી પણ અજિત પવારને નહીં.

કાર્યક્રમના આયોજકોએ ફડણવીસને ભાષણ આપવા માટે આમંત્રણ આપ્યું, પણ તેમણે શિંદેને ભાષણ કરવા કહ્યું. અજિત પવારને ભાષણ આપવાની તક મળી જ નહીં. આ કાર્યક્રમમાં ઉદયનરાજે ભોસલેનું પણ ભાષણ થયું તેથી રાજકીય વર્તુળોમાં નવી જ અટકળો વહેતી થઇ છે.

એકનાથ શિંદેએ પોતાના ભાષણમાં અમિત

(જુઓ પાનું ૪) ▸▸

**એક દૂર ને બીજા પાસે...:**

બે નાયબ મુખ્ય પ્રધાનની આ વાત છે. રાયગડ પરના શનિવારના કાર્યક્રમમાં અમિત શાહથી અજિત પવાર દૂર બેઠા હતા જ્યારે એકનાથ શિંદેને બાજુમાં બેસાડાયા હતા. (પીટીઆઇ)

# જૂતામાં છુપાવીને લવાયેલું દાણચોરીનું ૬.30 કરોડનું સોનું એરપોર્ટ પર જપ્ત

### દિવ્યાંગ પ્રવાસી સહિત બે ગુજરાતીની ધરપકડ: પ્રવાસીનો એક પગ કપાયેલો છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિદેશથી જૂતામાં છુપાવીને લવાયેલું દાણચોરીનું ૬.૩૦ કરોડ રૂપિયાનું સોનું ડિરેક્ટોરેટ ઓફ રેવન્યૂ ઇન્ટેલિજન્સે (ડીઆરઆઇ) મુંબઈ એરપોર્ટ પર પકડી પાડ્યું હતું અને આ પ્રકરણે દિવ્યાંગ પ્રવાસી સહિત પરેલના ગુજરાતી રહેવાસીની ધરપકડ કરી હતી.

ડીઆરઆઇ દ્વારા ધરપકડ કરાયેલા બંને જણની ઓળખ શિવડીના ભરત ચમનલાલ શેઠ (૭૧) અને પરેલના ચિંતન વિરેન્દ્ર સંઘવી (૩૬) તરીકે થઇ હતી. ભરત શેઠ દાણચોરીનું સોનું ચિંતનને વેચતો હતો અને ચિંતન હવાલા મારફત એ સોનાની ચુકવણી કરતો હતો, એવું ડીઆરઆઇની તપાસમાં સામે આવ્યું હતું. દરમિયાન ધરપકડ બાદ બંનેને સ્થાનિક અદાલતમાં હાજર કરાયા હતા. ભરત શેઠના વકીલ તરીકે રવિ હિરાણી હાજર રહ્યા હતા અને તેમણે દલીલ કરી હતી. કોર્ટે બાદમાં બંનેને જુડિશિયલ કસ્ટડી ફટકારી હતી.

ડીઆરઆઇના અધિકારીઓએ વિશ્વસનીય માહિતીને આધારે શુક્રવારે બેંગકોકથી થાઇ એરવેઝની ફલાઇટમાં છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવેલા પ્રવાસી ભરત શેઠને એક્ઝિટ ગેટ નજીક આંતર્યો હતો. ભરત શેઠ વ્હીલચેર પર હતો અને તેનો જમણો પગ કપાયેલો હતો. ભરત શેઠની તલાશી દરમિયાન તેના એક જૂતાના સોલમાં છુપાવેલું સોનું મળી આવ્યું હતું, જેની કિંમત ૬.૩૦ કરોડ રૂપિયા થાય છે. ભરત શેઠ પાસે આ

(જુઓ પાનું ૪) ▸▸

## અમિત શાહના ભોજન સમારંભના યજમાન એનસીપી સાંસદ...

### .. ને શિવસેનાની પાલક પ્રધાનપદાની માગણી

રાયગડ: કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે રાયગડ જિલ્લાની મુલાકાત દરમિયાન રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના સાંસદ સુનીલ તટકરેના ઘરે આયોજિત ભોજન સમારંભમાં હાજરી આપી હતી.

રાયગડ અને નાશિક જિલ્લાના પાલક પ્રધાનોની નિમણૂંક અંગે મહાયુતિના સાથી પક્ષોમાં રહેલા મતભેદોને ધ્યાનમાં રાખવામાં આવે તો આ ભોજન બેઠક મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. જોકે, તટકરેએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કોઈ રાજકીય એજન્ડા નથી.

મરાઠા સામ્રાજ્યના સ્થાપક છત્રપતિ શિવાજી મહારાજની ૩૪૫મી પુણ્યતિથિ પર રાયગડ કિલ્લાની ટોચ પર એક કાર્યક્રમમાં

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## મરીન ડ્રાઈવને સમાંતર છ લેનનો રોડ બનાવવાની તૈયારી

### ઓરેન્જ ગેટથી મરીન ડ્રાઈવ સુધીની ટ્વિન ટનલ શરૂ થયા પછી વધેલા ટ્રાફિકને પહોંચી વળવા માટે આ યોજના

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ લાવવા મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ (ઓથોરિટી)એ મરીન ડ્રાઇવ ખાતે કોસ્ટલ રોડ અને એનસીપીએની વચ્ચે છ લેનનો રોડ બનાવવાની યોજના તૈયાર કરી છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતા હેઠળ શુક્રવારે ઓરેન્જ ગેટ-મરીન ડ્રાઇવ ટ્વિન ટનલ પ્રોજેક્ટ પર હાઇ-લેવલની સમીક્ષા બેઠકમાં આ યોજના અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આ પ્રસ્તાવિત માર્ગ મરીન ડ્રાઇવને સમાંતર રહેશે. મરીન ડ્રાઇવ અને અરબી સમુદ્રના ભાગ એક કરી તેને કોતરવામાં આવે એવી શક્યતા છે.

આ બેઠકમાં સામેલ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે છ લેનના રોડ સિવાય કોસ્ટલ રોડ પરના જેવો જ કન્ટીલિવર બ્રિજ બનાવી શકાય છે, ખાસ કરીને એવી જગ્યાએ જ્યાં વિસ્તાર મોટો હોય.

આ રોડની ડિઝાઇન એ રીતે તૈયાર

(જુઓ પાનું ૪) ▸▸

## દુરાચારની ફરિયાદ: થાણેની હોસ્ટેલમાંથી ૨૯ બાળકને ઉગારાયાં

થાણે: થાણે જિલ્લામાં દુરાચારની ફરિયાદ બાદ સંસ્થા દ્વારા સંચાલિત અનધિકૃત હોસ્ટેલમાંથી ૨૯ બાળકોને ઉગારી લેવામાં આવ્યા હતા.

થાણે જિલ્લાના ખડવલી ખાતે નિવાસી સંસ્થા પયાસદન વિકાસ સંસ્થામાંથી પોલીસે શુક્રવારે ૨૦ છોકરી અને નવ છોકરાને ઉગારી લીધા હતા. આ પ્રકરણે પાંચ જણ વિરુદ્ધ જુવેનાઇલ જસ્ટિસ એક્ટ, ૨૦૧૫ અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

ચાઇલ્ડ હેલ્પલાઇન પર ગુરુવારે ફરિયાદ પ્રાપ્ત થઇ હતી, જેમાં હોસ્ટેલમાં બાળકોની મારઝૂડ કરવા સાથે જાતીય શોષણ કરવામાં આવી રહ્યું હોવાનું જણાવવામાં આવ્યું હતું. બાદમાં જિલ્લા મહિલા અને બાળ વિકાસ કાર્યાલયની

(જુઓ પાનું ૪) ▸▸

## આઈટી પ્રોફેશનલ સાથે ૧.૯૬ કરોડની છેતરપિંડી

### ઝેર આપી તેની હત્યાનો પ્રયાસ કરવા બદલ સાયનના રહેવાસી સામે ગુનો

થાણે: આઇટી પ્રોફેશનલ સાથે ૧.૯૬ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરાયા બાદ ઝેર આપી તેની હત્યાનો પ્રયાસ કરવા બદલ સાયનના રહેવાસી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

આ પ્રકરણે નોંધાયેલી ફરિયાદને આધારે સાયનમાં રહેતા અજિંક્ય અશોક મોહિતે વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૯ (હત્યાનો પ્રયાસ), ૧૨૩ (ઝેર આપી મારવાનો પ્રયાસ), ૩૧૮ (૪) (છેતરપિંડી) અને અન્ય સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરાયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ જુલાઇ, ૨૦૨૨થી ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન આ ઘટના બની હતી. થાણેના ૪૩ વર્ષના આઇટી પ્રોફેશનલ સાથે મોહિતેએ મિત્રતા કરી હતી અને બાદમાં રત્નાગિરિના ચિપલૂણમાં જમીનમાં રોકાણ કરવા માટે તેને મનાવી લીધો હતો.

મોહિતેએ પીડિત પાસેથી ૯૨.૭ લાખ રૂપિયા લીધા હતા. બાદમાં તેને ભાવનાત્મક રીતે ભોળવી દીધો, બ્લેકમેઇલ કર્યો અને મિલકતના

(જુઓ પાનું ૪) ▸▸

## મીરા-ભાયંદર મેટ્રો કારશેડ સામે વધતો વિરોધ

### હજારો ઝાડ કાપવા પડે એમ હોવાથી સ્થાનિકો કહે છે કે લીલોતરીના ભોગે અમને મેટ્રો કારશેડ નથી જોઇતો

ભાયંદર: મીરા-ભાયંદરની મેટ્રો લાઇન માટે ભાયંદર નજીક ડોંગરી ગામની સરકારી જમીન પર મેટ્રો કારશેડ બનાવવામાં આવનાર છે. આ કારશેડ બનાવવા માટે અનેક વૃક્ષો કાપવા પડશે તેથી તેનો વિરોધ થઇ રહ્યો છે. પર્યાવરણના ભોગે અમને આ મેટ્રો કારશેડ નથી જોઇતો એવું સ્થાનિકોનું કહેવું છે.

દહિસર ચેકનાકાથી મીરા-ભાયંદરમાં પ્રવેશ કરનારી મેટ્રો માટે ડોંગરી ગામની સરકારી જમીન પર મેટ્રો કારશેડ બનાવવામાં આવનાર છે. આ શેડ બનાવવા ૯,૯૦૦ વૃક્ષો કાપવાની ફરજ પડશે. તેમાંથી અમુક વૃક્ષોનું ફરી રોપણ કરવામાં આવશે. આ સિવાય તેના બદલે અન્ય જગ્યાએ વૃક્ષારોપણ પણ કરાશે. આ કારશેડ માટે વૃક્ષો કાપવા અંગે સલાહ-સૂચનો મીરા-ભાયંદર પાલિકાએ મગાવ્યા હતા જેમાં

(જુઓ પાનું ૪) ▸▸



DEFECTIVE SALE
13 - 20 APRIL 2025 | 11 AM - 7.30 PM
BANDHEJ | PATOLA | SAREES | DUPATTAS | CHOLI
Shop 2, Jahangir Bldg., J. M. Street, Parel T.T., Mumbai - 400012
+ 91 72087 61864 chheda_bandhej_bandhani | Monday Open

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1689/1957. ‘‘મુંબઈ સમાચાર સાપ્તાહિક’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1689/1957.